હે ભવ્યજનો! ધર્મથી સુખસંપત્તિ, સૌભાગ્યપણું, રોગરહિતપણું, આપત્તિનું નિવૃત્તિપણું અને દીર્ઘ આયુષ્ય એ સઘળું આલોકને વિષે પ્રાપ્ત થાય છે. વળી ઉત્તમકુળમાં જન્મ, દિવ્યરૂપ, અપૂર્વ યૌવન, શરીરમાં શક્તિ અને મનુષ્યોની મધ્યે કીર્ત્તિ એ સઘળું પણ આજ લોકમાં ધર્મના પસાયથી પ્રાપ્ત થાય છે; તેમજ સ્વર્ગ અને મોક્ષની સંપત્તિ પણ ધર્મથીજ મળે છે; માટે તમે ધર્મ આદરો." આ પ્રમાણે સૂરિની ધર્મદેશના સાંભળીને પછી આરામશોભા રાણીએ ગુરૂને પૂછ્યું.-"હે ભગવન્! મેં પૂર્વભવને વિષે કેવું કર્મ કર્યું હતું, અને મ્હારા ઉપર ઉદ્યાન છત્રરૂપે શામાટે રહ્યું હતું?" તે કહો. ત્યારે સૂરિએ કહ્યું. "હે ભદ્રે! તે ત્હારા પૂર્વભવનું કર્મ છે. તે તારો પાછલો ભવ હું કહું છું માટે સાવધાન મનથી સાંભળ.

આ ભરતક્ષેત્રને વિષે ઇંદ્રપુરીને પણ સમૃદ્ધિના બળથી જીતનારી ચંપાનગરીમાં કુબેરના સરખો ધનવંત કુલધર નામે શેઠ વસતો હતો, તેને ઉત્તમ ગુણોથી પોતાના કુળને આનંદ પમાડનારી કુલાનંદા નામની સ્ત્રી હતી; તેઓને અનુક્રમે ઉત્તમ રૂપવાળી સાત પુત્રીઓ હતી; તેમનાં નામ. ૧ કમલશ્રી. ૨ કમળવતી. ૩ કમળા, ૪ લક્ષ્મી, ૫ કામભોગવતી, ૬ યશોદેવી. ૭ [illegible] એ રીતે હતાં. તે સાતે પુત્રીઓને માતપિતાએ શેઠોના પુત્રોની સાથે પરણાવેલી હતી, તેથી તેઓ ઇચ્છિત સુખને ભોગવતી હતી. હવે સાત પુત્રીઓ ઉપર એક આઠમી પુત્રી થઈ તે પુણ્યરહિત હોવાથી તેના જન્મને અવ-

થવે માતા પિતા બહુ દુઃખી થયાં. તેથી તેનું નામ પણ પાડયું નહીં. અનુક્રમે તે પુત્રી વૃદ્ધિ પામતી યૌવનાવસ્થા પામી, પરંતુ શેઠે તેને પરણાવી નહીં. તેથી સ્વજનોએ ભેગા થઇ શેઠને કહ્યું,-"હે શેઠ! આ પુત્રી યૌવનાવસ્થા પામી છે, માટે તેને વર પરણાવો. વળી તમ મૂર્ખપણાને ત્યાગ કરી મનમાં વિચાર કરો, કેમકે નહીં પરણાવેલી કન્યા કુળને મલીન કરે છે." સ્વજનોનાં આવાં વચન સાંભળી કુલધર શેઠ પુત્રીને પરણાવવાનો વિચાર કરી મનમાં ચિંતવવા લાગ્યો કે, "પુત્રીના સરખા આચારવાળો કોઇ વણિકપુત્ર અહિં આવી ચડે તો આ નિર્ભાગ્ય એવી આકરી પુત્રી તેના ગળે વળગાડી દઉં."

એક દિવસ કુલધર શેઠ પોતાની દુકાને બેઠો હતો, તેવામાં મલીન વસ્ત્ર અને મલીન શરીરવાળો કોઇ પરદેશી વણિકપુત્ર તેમની દુકાને આવ્યો, તેને શેઠે પૂછ્યું. "તું કોણ છે? ક્યાંથી આવ્યો છું? ત્હારો દેશ કયો? અને ત્હારે અહિં શું કામ કરવાનું છે?" ત્યારે વણિકપુત્રે કહ્યું. "હું કોશલાપુરના રહેવાસી નંદિ નામના વણિકનો પુત્ર છું, મ્હારી માતાનું નામ સોમા છે. મ્હારું નામ નંદન છે, હું ધનરહિત થઇ જવાને લીધે ધનને અર્થે ઉડદેશમાં ગયો હતો, ત્યાં પણ દારિદ્ર મ્હારી પાછળ આવ્યું: કારણ કે, પૂર્વે કરેલું કર્મ હમેશાં સાથેજ આવે છે. તેથી હું ત્યાં પણ ધનરહિત થયો; તથાપિ અભિમાનપણાને લીધે સ્વદેશમાં ગયો નહીં. હવે આજ દેશમાં બીજાની સેવાથી આજીવિકા કરી નિર્વાહ કરીશ. આ દેશના રહિશ વસનદેવ નામના શેઠે મને તે ઉડદેશથી કાગળ લખી આપી અહિં શ્રીદત્ત નામના શેઠની પાસે મોકલ્યો છે. માટે હે મહાભાગ! તે શ્રીદત્ત શેઠનું ઘર ક્યાં છે? તે મને કહો કે, જેથી હું તેમને કાગળ આપું." વણિકપુત્રનાં આવાં વચન સાંભળી કુલધર શેઠ વિચાર કરવા લાગ્યો કે, "આ વણિકપુત્ર મ્હારી પુત્રીને યોગ્ય વર છે. કારણ કે, આ તો તે દરિદ્રી વણિકપુત્ર અને પરદેશી છે. બીજું ન ઓળખાણનો પણ છે. માટે પુત્રીને તેની સાથે પરણાવી વિદાય કરી દઇશ કે, જેથી તે પાછી આવશે નહીં." શેઠ આ

પ્રમાણે વિચાર કરી વણિકપુત્રને કહ્યું.-" ત્હારો પિતા મ્હારો મિત્ર થાય છે, માટે તું શ્રીદત્ત શેઠને કાગળ આપી ઝટ મ્હારે ઘેર પાછો આવજે." એમ કહી કુલધર શેઠે એક માણસ મોકલી તેને શ્રીદત્ત શેઠનું ઘર બતાવ્યું. વણિકપુત્ર નંદન પણ શ્રીદત્તશેઠને કાગળ આપી પાછો કુલધર શેઠને ઘેર આવ્યો. પછી કુલધર શેઠે તેને સ્નાન કરાવી, મનોહર વસ્ત્ર પહેરાવી ભોજન કરાવીને કહ્યું કે, "હે નંદન! તું આ મ્હારી પુત્રીને પરણ." નંદને કહ્યું. "મ્હારે આજે ઉડદેશ જવું છે તો હું શી રીતે પરણું ?" ત્યારે શેઠે કહ્યું. "હે નંદન! મ્હારી પુત્રીને સાથે લઈ તુ ઉડદેશ જા; હું તને આજીવિકા માટે ત્યાં ધન મોકલાવીશ." પછી નંદને પરણવાની વાત કબુલ કરી એટલે કુલધર શેઠે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી દીધી.

એક દિવસ શ્રીદત્તશેઠે નંદને કહ્યું.-" જો તું અહિં રહે તો ત્હારી જગ્યાએ બીજા માણસને મોકલું." ત્યારે નંદને કહ્યું. "હુ પોતે ત્યાં જઈશ." એમ કહી નંદન પોતાના સસરા કુલધર શેઠ પાસે આવી કહેવા લાગ્યો.-" હે તાત! હું ઉડદેશ જઈશ, માટે મને રજા આપો." ત્યારે કુલધર શેઠે કહ્યું. "હે વત્સ! ત્હારી ઇચ્છા પ્રમાણે કર, પરંતુ પોતાની સ્રીને સાથે લઇ સુખેથી જજે." પછી નંદન, શ્રીદત્ત શેઠનો કાગળ લઈ સસરાએ આપેલું ભાતું બાંધી પોતાની સ્રી સહિત ત્યાંથી વિદાય થયો, અને અનુક્રમે ઉજ્જયિની નગરીની પાસે આવી પહોંચ્યો; ત્યાં તે રાત્રીએ એક દેવમંદિરમાં સૂતાં સૂતાં વિચાર કરવા લાગ્યો કે, "સ્રીની સાથે ધીમે ધીમે ચાલવાથી સઘળું ભાતું ખૂટી ગયું. હું શું કરૂં ? હવે પાછી મ્હારે ભિક્ષા માગવી પડશે, માટે આ સ્રીને અહિં જ સૂતી મૂકી ઉડદેશ પ્રત્યે ચાલ્યો જાઉં." આ પ્રમાણે વિચાર કરી તે વણિકપુત્ર નંદને પોતાની સ્રીને કહ્યું.-" પ્રિયા! આજે આપણું ભાતું ખૂટી ગયું છે, તેથી હવે નિશ્ચે મ્હારે ભિક્ષા માગવા જવું પડશે." ત્યારે સ્રીએ કહ્યું. "સ્વામીનાથ! કુલ સ્રીઓનો એવો ધર્મ છે કે, 'જેવી ગતિ પતિની, તેવી ગતિ સ્રીની.' માટે હું પણ આપની સાથે ભિક્ષા માગવા આ-

વીશ." આ પ્રમાણે વાતો કરતાં સ્ત્રી નિદ્રાવશ થઇ એટલે નંદન સઘળું ભાતું લઇ ચાલી નિકળ્યો. પ્રભાત થયો એટલે સ્ત્રી જાગી, તેણે આમ તેમ જોયું પણ પતિને તથા ભાતાને દીઠાં નહીં, તેથી તેણે ધાર્યું કે, "હાય હાય! પતિ મને ત્યજી કઇ ચાલ્યો ગયો. હું પિતાને ઘેર જઇશ, તો ત્યાં પણ મ્હારો આદર થનો નથી, પતિ રહિત હું શું કરૂં? ક્યાં જાઉં? અને કોનું શરણ લઉં?" આ પ્રમાણે વિવિધ વિલાપ કરતી તે કન્યા ધીરજ ધરી પોતાના શીળનું રક્ષણ કરવા માટે તે મહા વિશાળ એવી ઉજ્જયણ નગરીમાં ચાલી, ત્યાં નગરીમાં ભમતી એવી તે કન્યા કોઇ એક દુકાન ઉપર બેઠેલા માણિભદ્ર નામના ઉત્તમ શેઠના પગમાં પડીને કહેવા લાગી કે, "હે તાત! દીન, અનાથ અને દુઃખી એવા માણસોના તમે શરણ છો." શેઠે કહ્યું. "હે બાળા! તું કોણ છે?" કન્યાએ કહ્યું. "સ્વામિન્! ચંપા નગરીમાં કુલધર શેઠ રહે છે, તેમની હું પુત્રી છું; હું મ્હારા પતિની સાથે ઉજ્જેશમાં જતી હતી, પરંતુ સાથથી ભૂલી પડવાને લીધે તમારા શરણે આવી છું." માણિભદ્ર શેઠ તેનાં વિનયયુક્ત મધુર વચનથી સંતોષ પામીને બોલ્યો. "હે પુત્રી! તું મ્હારા ઘેર સુખેથી રહે." કન્યા તેથી તે માણિભદ્રના ઘરનું કામ કરતી છતી તેના ઘરને વિષે રહેવા લાગી.

પછી માણિભદ્ર શેઠે પોતાના માણસો મોકલી સાથની શોધ કરાવી, પણ કોઇ ઠેકાણેથી તેની વાત સાંભળવામાં આવી નહીં, તેથી ફરી તે શેઠે પોતાના એક માણસને કુલધર શેઠ પાસે મોકલ્યો. તે માણસે ત્યાં જઇ કુલધર શેઠને કહ્યું કે, "હે શેઠ! આપને કેટલી પુત્રીઓ છે? તેમાં કેટલી પરણાવેલી છે? અને કેટલી પરણાવ્યા વિનાની છે? મને માણિભદ્ર શેઠે મોકલ્યો છે, માટે તમે પોતાની પુત્રીઓની વાત કહો." તેવારે કુલધર શેઠે કહ્યું. "હે ભદ્ર! મ્હારે આઠ પુત્રીઓ છે, તેમાં સાત પુત્રીઓને આ ચંપાનગરીમાં પરણાવી છે, અને આઠમી પુત્રીને એક વણિકપુત્રની સાથે પરણાવી હતી, તે તેના પતિ સાથે ઉજ્જેશ ગઇ છે; તે વિના મ્હારે બીજી પુત્રી નથી. તેથી હું માણિભદ્ર

શેઠની સાથે શી રીતે સંબંધ કરૂં?" પછી તે સેવકે પાછા આવી આ સઘળી વાત માણિભદ્ર શેઠને કહી. માણિભદ્ર શેઠ પણ તે કન્યાને નિશ્ચયથી કુલધર શેઠની પુત્રી માની બહુ આદર કરવા લાગ્યો; વળી કન્યાના વિનયથી પણ શેઠનું સર્વ કુટુંબ ખુશી થવા લાગ્યું, એવી રીતે કુલધર શેઠની પુત્રી ત્યાં સુખે દિવસ નિર્ગમન કરવા લાગી.

પછી માણિભદ્ર શેઠે એક મનોહર જિનમંદિર કરાવ્યું; કુલધરપુત્રી પણ પોતાના આત્માને કૃતાર્થ માનતી ઉત્તમ ધર્મ વાસનાથી હમેશાં ચંદન પુષ્પ વિગેરેથી જિનરાજની સેવા કરવા લાગી; સાધ્વીઓના સમાગમથી જીવાજીવાદિ નવ પદાર્થોને જાણી પાપથી નિવૃત્ત થએલી તે કુલધર શેઠની પુત્રી સુલસાની પેઠે ઉત્તમ શ્રાવિકા થઇ; શેઠ તેને જે જે દ્રવ્ય આપતો, તે તે દ્રવ્યથી તે કન્યાએ જિનમંદિરને વિષે ઉત્તમ વાજીત્રો કરાવ્યાં; વળી બહુ દ્રવ્ય એકઠું થયું, ત્યારે પણ મુક્તાફળથી સુશોભિત એવા સુવર્ણનાં ત્રણ છત્રો શ્રી જિનરાજના ઉપર કરાવ્યાં; અનશનાદિ બાર પ્રકારનું તપ અને ભાવથી ઉજમણાંદિ વિગેરે પણ કર્યાં, તેમજ [illegible] બાર પ્રકારના સંઘનું વાત્સલ્ય પણ કર્યું.

એક દિવસ માણિભદ્ર શેઠને ચિંતાતુર જોઇ તે કન્યાએ પૂછ્યું.-"હે તાત! આજે તમે કેમ ચિંતાતુર દેખાઓ છો?" ત્યારે શેઠે કહ્યું.-"હે પુત્રી! ભૂપતિએ કૃપા [illegible] મનોહર એવું એક ઉદ્યાન મને જિનરાજની પૂજા માટે આપ્યું હતું, તેમાંથી હું હમેશાં પુષ્પાદિક વસ્તુઓ લાવી પ્રભુની પૂજા કરતો હતો, તે ઉદ્યાન આજે અકસ્માત્ સુકાઇ ગયું, મેં બહુ બહુ ઉપાય કર્યા પણ તે ફરી નવપલ્લવ થયું નહીં. હવે ન જાણે મન શું કરે! તે હું સહી શકતો નથી, તેની મને મ્હોટી ચિંતા થઇ છે." શેઠનાં આવાં વચન સાંભળી કન્યાએ કહ્યું.-"હે તાત! તમે ખેદ ન કરો, અને મ્હારૂં એક વચન સાંભળો. તે ઉદ્યાન મ્હારા શીયળના પ્રભાવથી જ્યાં સુધી ફરી નવપલ્લવ ન થાય ત્યાં સુધી મેં ચાર પ્રકારના આહારનો ત્યાગ કરેલો છે." શેઠે બહુ વારી, પણ તે કન્યાએ આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. પછી તે કુલધર શેઠની પુત્રી

કે, જેમણે વિષયના સુખને ત્યજી દઇ તપ તથા સંયમયુક્ત થઈ શ્રી જિનરાજે કહેલા ચારિત્રને અંગિકાર કર્યું છે; કામભોગના સુખને વિષે આસક્ત થઇ રહેલી હું જ અધન્ય છું, એ કામભોગો તો મને મળ્યા નહીં, પરંતુ વિવિધ પ્રકારનું દુઃખ તો ભોગવવું પડયું; વળી હું એટલીતો પુણ્યવાળી કે મેં જૈનધર્મને અંગિકાર કર્યો છે, હવે મ્હારે દીક્ષા લેવી યોગ્ય છે, પરંતુ તે પાળવાને હું સમર્થ નથી, માટે ગૃહસ્થપણે રહીને ઉગ્રતપ કરૂં કે, જેથી શરીરની સાથે સંસારસમુદ્રનું પણ શોષણ થાય.” આવી રીતે વિચાર કરીને તે કુલધર પુત્રીએ તપ કરવાનો આરંભ કર્યો. કેટલેક કાળે તે છઠ્ઠ, અઠ્ઠમ, પક્ષક્ષમણ અને માસક્ષમણ વિગેરે તપ કરવાથી ક્ષીણ શરીરવાળી થઇ ગઇ. પછી અનશન લઈ શુભધ્યાનથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકને વિષે દેવતાપણે ઉત્પન્ન થઇ. આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચવીને તું [1]વિદ્યુત્પ્રભા નામની બ્રાહ્મણની પુત્રી થઇ, અને માણિભદ્ર શેઠ મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં શ્રેષ્ઠ દેવતાપણે ઉત્પન્ન થયો, ત્યાંથી ચવી મનુષ્ય જાતિમાં ઉપન્યો, ત્યાં પણ દાનાદિ ધર્મ કરી તે નાગકુમાર દેવપણે ઉત્પન્ન થયો. પૂર્વભવના સબંધને લીધે તને જાણીને તે ત્હારા ઉપર વાત્સલ્યપણું કરે છે. તેં પ્રથમ કુલધર શેઠના ઘરને વિષે રહિને અજ્ઞાનથી જે કાંઈ પાપ આચર્યું હતું, તે કર્મના વિપાકથી તું પ્રથમ દુઃખી થઇ હતી અને માણિભદ્ર શેઠના ઘરને વિષે જૈનધર્મની પ્રભાવના કરવાથી તેં ત્રિકરણ શુદ્ધિવડે જૈનધર્મ આરાધ્યો; તે કર્મના વિપાકથી તું અત્યારે અનુપમ સુખ ભોગવે છે. તે પૂર્વભવને વિષે શ્રી જિનરાજના મંદિરનું ઉદ્યાન નવપલ્લવ કર્યું, તેથીજ દેવનિર્મિત ઉદ્યાન ત્હારી પાછળ ભ્રમણ કરે છે. તેં જિનરાજના મસ્તક ઉપર ત્રણ છત્ર ધારણ કર્યાં હતાં, તેજ કારણથી તું તે ઉદ્યાનની છાયાને વિષે નિવાસ કરે છે. વળી તેં ત્રણ પ્રકારે જિનરાજના અંગનું પૂજન કર્યું છે, તેથીજ ત્હારા શરીરને વિષે રોગો ઉત્પન્ન થતા નથી, તેમજ તું જિનભક્તિ કરવાને લીધે સ્વર્ગના રાજ્ય સમાન

૧ જેનું બીજું નામ આરામશોભા પડયું હતું તે.

રાજ્યલક્ષ્મી ભોગવે છે. છેવટે હે આરામશોભા! તું જિનરાજની ભક્તિ કરવાથી અનુક્રમે મોક્ષ પામીશ."

ગુરૂનાં આવાં વચન સાંભળી આરામશોભા તત્કાળ મૂર્છા પામી પૃથ્વી ઉપર પડી. શીતલ જળ અને ચંદનાદિકના ઉપચારથી સચેત થએલી તે ગુરૂને નમી હાથ જોડી વિનંતી કરવા લાગી.- "હે મુનિશ્વર! આપે મ્હારો પૂર્વ ભવ કહ્યો તે હું જાતિસ્મરણ જ્ઞાનથી જાણું છું; આપે જે કહ્યું તે સર્વ યથાર્થ છે, તેથી હે સૂરીશ્વર! હું સંસારથી ઉદ્વેગ પામી છું; માટે આપ મને રાજા પાસેથી છોડાવો કે, જેથી હું આપની પાસે ચારિત્ર અંગિકાર કરૂં." તેવારે જિતશત્રુ ભૂપતિએ કહ્યું. "હે ભદ્રે! સંસારની અનિત્યતા જાણી કયો પુરૂષ ગૃહવાસમાં નિવાસ કરે? માટે હું પણ દીક્ષા લઇશ." ફરી ભૂપતિએ મુનીશ્વરને કહ્યું. "હે મુનિરાજ! હું પટ્ટરાણીના પુત્ર મલયસુંદરને રાજ્યાસન ઉપર સ્થાપન કરી અહિં પાછો આવું ત્યાંસુધી આપ મ્હારા ઉપર પ્રસાદ કરી અહિં રહેજો." પછી આચાર્યને નમસ્કાર કરી ઘેર જઈ મલયસુંદરને પોતાના પદે સ્થાપન કરી ભૂપતિએ નગરમાં અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, ત્યાર પછી દીન જનોનો ઉદ્ધાર કરી અને જિન ભવનાદિ સાતક્ષેત્રને વિષે બહુ દ્રવ્ય આપી ગુરૂની પાસે આવ્યો; ત્યાં તેણે આરામશોભા સહિત દીક્ષા લીધી. મલયસુંદરે તેમનો દીક્ષા મહોત્સવ કર્યો. પછી મુનિઓના સમૂહની સાથે વિહાર કરતા અને સર્વ શાસ્ત્રરહસ્યના જાણ થએલા તે જિતશત્રુ રાજર્ષિને આચાર્યપદને યોગ્ય જાણી ગુરૂએ તેમને પોતાને પદે (આચાર્યપદે) સ્થાપ્યા અને ધર્મની જાણ તથા ગુણની ભૂમિ એવી આરામશોભાને (તેના ગુણથી પ્રસન્ન થઇ) પ્રવર્ત્તિની પદ આપ્યું. શ્રી જિતશત્રુ સૂરિ અનેક ભવ્યજનોને પ્રબોધ પમાડી અંતે અનશન લઇ આરામશોભા સહિત દેવલોકે ગયા. અનુક્રમે તે બન્ને જણાઓ ત્યાંથી ચ્યવી મનુષ્યજાતિમાં કેટલાક ભવો કરી અંતે કર્મક્ષય થયે નિશ્ચે મોક્ષસુખ પામશે.

ઇતિ આરામશોભાની કથા.

માટે હે ભવ્યજનો! તમે પણ આરામશોભાની પેઠે સમ્યકત્વને વિષે પ્રયત્ન કરો કે જેથી તમને પણ થોડા કાળમાં મોક્ષ સુખ પ્રાપ્ત થાય.

આરામશોભાને સમ્યકત્વથી અપૂર્વ લક્ષ્મી પ્રાપ્ત થયાની વાત શ્રી વીરપ્રભુના મુખથી સાંભળી આણંદ શ્રાવકે પ્રભુને કહ્યું.-"હે ભગવાન્! હું પાંચ મહાવ્રતરૂપ પર્વતના ભારને ધારણ કરવા સમર્થ નથી; માટે પાંચ અણુવ્રત રૂપ શ્રાવકધર્મની ઈચ્છા કરૂં છું, કે જેથી આપના મુખકમલથી સમ્યકત્વમૂલ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિરૂપ શ્રાવકધર્મને અંગિકાર કરી મ્હારા શ્રાવકજન્મને સફલ કરૂં. આજથી મ્હારે વિતરાગ એવા આપ દેવ, પચ મહાવ્રતધારક બ્રહ્મચારી ગુરૂ અને જિન પ્રણિત ધર્મ હો. શ્રી અરિહંતના ચૈત્યને ત્યજી દઈ અન્યતીર્થીઓએ ગ્રહણ કરેલા અરિહંત ચૈત્યને મ્હારે પ્રણામ કરવો નહીં." આ પ્રમાણે કહીને તે આણંદ શ્રાવકે શંકા, કાંક્ષા, વિતિગિચ્છા, કુલિંગપ્રશંસા અને પરિચય એ પાંચ દૂષણ રહિત અને સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, કુશલત્વ અને તીર્થસેવા એ પાંચ આભૂષણોથી સુશોભિત એવા સમ્યક્ત્વ દર્શનરૂપ રત્નને વચનથી અંગિકાર કર્યું. તેનો આલાવો આ પ્રમાણે.—

अहन्नं भंते तुह्माणं समीवे मिच्छत्ताओ पडिक्कमामि। सम्मत्तं उवसंपज्जामि ।नो मे कप्पइ अज्जप्पभिइं अन्नउत्थिएवा अन्नउत्थिअ देवयाणिवा अन्नउत्थयपरिग्गाहिआणिवा अरिहंतचेईआणिवा वंदित्तएवा नमंसित्तएवा पुव्वि अणालित्तेणं आलवित्तएवा संलवित्तएवा तेसिं असणंवा पाणंवा साइमंवा साइमंवा दाउंवा अणुप्पयाउंवा नन्नत्थरायाभिओगेणं गणाभिओगेणं बलाभिओगेणं देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तिकंतारेणं कप्पइ मे समणे निग्गंथे फासुएसणिज्जेणं असणपाणसाइमसाइमेणं वत्थपडिग्गहकंबलपायपुच्छणेणं पीढफलगसिज्जासंथारएणं ओसहभेसज्जेणं पडिलाभेमाणस्स विहरित्तए॥

અર્થ.—હે ભગવાન્! હું આપની સમીપે મિથ્યાત્વથી નિવર્તું છું અને સમ્યક્ત્વને અંગિકાર કરૂંછું. આજથી આરંભીને મ્હારે અન્યતીર્થિઓને, અન્યતીર્થિઓના દેવને અને અન્યતીર્થિઓએ ગ્રહણ કરેલા અરિહંત ચૈત્યોને નમસ્કાર કરવો ન કલ્પે; તેમજ અન્યતીર્થિઓની સાથે એકવાર અથવા તો બહુવાર બોલવું પણ ન કલ્પે; તેઓને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એવો ચાર પ્રકારનો આહાર પણ પાત્ર બુદ્ધિથી એકવાર અથવા બહુવાર (પરંતુ રાજાના, રાજનસમૂહના, બળવાનના, દેવતાના, ગુરૂ માતાપિતાના, આગ્રહથી તેનેજ કોઈ પ્રકારે આજીવિકાને માટે આપવું પડે તો છૂટ છે.) આપવો ન કલ્પે. મ્હારે નિર્ગ્રંથ સાધુઓને એવા પ્રાસુક અને એષણીય એવા અશન, પાન, ખાદિમ સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, પાટ, પાટલા, શય્યા, સંથારો અને ગુડ વિગેરે ઔષધ આપવું કલ્પે.

પછી શ્રી વીરપ્રભુએ કહ્યું:-હે આણંદ! ત્હારે આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે તે યથાર્થ રીતે જાણી લેવા, પરંતુ તેનું ક્યારે પણ આચરણ કરવું નહીં. તે અતિચાર આ [illegible]

ભક્તિ નામનું ત્રીજું વિભૂષણ. ૪ જિનમતને વિષે કુશળપણું મેળવવું એ ચોથું કુશળતા નામનું વિભૂષણ. અને તીર્થની સેવા કરવી એ પાંચમું તીર્થસેવા નામનું વિભૂષણ. આ પાંચ સમ્યક્ત્વ દર્શનના વિભૂષણ જાણવા.

વળી હે આનંદ શ્રાવક! પ્રાણાતિપાત વિરમણરૂપ પહેલા વ્રતનો વિચાર સાંભળ. સ્ત્રી વિગેરે સર્વ વ્યાપારને ત્યજી દેનારા મુનિઓ, ત્રસ અને સ્થાવર જીવોના સમૂહને મન, વચન, કાયાથી બાધા કરતા નથી. હે મહાભાગ! ગૃહવ્યાપારમાં તત્પર એટલે કે સાવદ્યવ્યાપારયુક્ત એવા શ્રાવકોને પણ દયાથી ત્રસ અને સ્થાવર જીવોને રક્ષણ કરવાનું આગમમાં કહ્યું છે. કહ્યું છે કે. જીવોના સૂક્ષ્મ અને સ્થૂલ એવા બે ભેદ છે. તે જીવોની હિંસા પણ બે પ્રકારે થાય છે. એક આરંભથી, બીજી સંકલ્પથી. તેમાં શ્રાવકોને સંકલ્પથી હિંસાનો નિષેધ કર્યો છે. તે જીવો પણ બે પ્રકારના છે. એક અપરાધવાળા અને બીજા અનપરાધિ. તેમાં અપરાધવાળાનો સંકલ્પથી હિંસા કરવાનો નિષેધ નથી અને અનપરાધિના સંકલ્પથી હિંસા કરવાનો નિષેધ છે. તેના પણ સાપેક્ષ અને નિરપેક્ષ એવા બે ભેદ છે, તેમાં સાપેક્ષપણે કરીને અનપરાધિ એવા પુત્રાદિકને શિક્ષા નિમિત્તે વધાદિ કરવામાં નિષેધ નથી. આવા શ્રાવકના ભાવથી જે પુરુષો થોડી પણ જીવદયા પાળે છે, તે પુરુષો [illegible] ની પેઠે મહા સંપત્તિને પામે છે." આનંદ શ્રાવકે પૂછ્યું 'હે ભગવન્' [illegible] નામ કોણ હતો? તેણે [illegible] જીવદયા પાળી' અને તેણે કેવી રીતે મહા સંપત્તિ [illegible]' [illegible] કેવળીની [illegible] કહ્યું. [illegible] ની [illegible] 'હે આનંદ' [illegible] સાંભળ.

હરિબળ મચ્છીની કથા.

આ ભરતક્ષેત્રને વિષે કાંચનપુર નામનું નગર છે, ત્યાં વસંતસેન નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને વસંતસેના નામની રાણી હતી, તેઓને વસંતશ્રી નામની પુત્રી હતી, તે નગરમાં હરિબળ નામનો મચ્છી રહેતો હતો, તેને ધર્મથી દૂર રહેનારી અને પાપની સમીપે વસનારી હોવાને લીધે યથાર્થ નામને ધારણ કરનારી પ્રચંડા નામની સ્ત્રી હતી. અતિ ક્રોધવાળી, કલેશ છે પ્રિય જેને એવી અને પતિ સામે કઠોર ભાષણ કરનારી તે સ્ત્રીથી હરિબળ મચ્છીને સ્વપ્નામાં પણ સુખ પ્રાપ્ત થયું નહોતું. કહ્યું છે કે:—

कुग्रामवासः कुनरेंद्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ॥
कन्याबहुत्वं च दरिद्रता च षड् जीवलोके नरका भवंति ॥१॥

અર્થ.-કુગામમાં નિવાસ, દુષ્ટ રાજાની સેવા, ખરાબ ભોજન, ક્રોધ મુખવાળી સ્ત્રી, બહુ પુત્રીઓ અને દરિદ્રતા એ છ આ જીવલોકમાં નરક છે.

હરિબળ મચ્છી હમેશાં માછલાં પકડવા માટે નદીએ જતો અને તે વેચી પોતાની આજીવિકા ચલાવતો હતો. એક દિવસ તે હરિબળ મચ્છી નદીમાંથી માછલા કાઢવાને લીધે થાકી ગયેલો હોવાથી નદીના કાંઠા ઉપર બેઠો હતો, એવામાં ત્યાં તેણે એક મુનિને દીઠા, તેથી તે હર્ષ પામતો મુનિ પાસે જઇ તેમને પ્રણામ કરવા લાગ્યો. મુનિએ કહ્યું. "હે ભદ્ર! તું કાંઇ પણ ધર્મનું સ્વરૂપ જાણે છે?" હરિબળે કહ્યું. "મહારાજ! પોતાના કુળાચાર વિના બીજો કયો ધર્મ છે? અર્થાત્ પોતાનો કુળાચાર એજ ધર્મ છે." મુનિએ કહ્યું. "હે ધીવર! આ વચન મૂર્ખ પામર લોકોનું છે, જો કુળાચાર એજ ધર્મ હોય તો પછી અધર્મને વિષે ધર્મનું સ્થાપન થવાથી અધર્મ નરક ગતી અને દારિદ્ર, દુઃખ, હાસ્ય વિગેરે કુળક્રમથી ચાલતી આવેલી

[illegible] ન [illegible] તો [illegible] કુળાચાર [illegible] નથી; કારણ કે [illegible] પ્રાણી થયે [illegible] અને દાસપણા વિ- [illegible] પછી કુળાચાર એ ધર્મ એમ શી [illegible]? [illegible]! નિશ્ચે પોતાનો કુ- [illegible] દયા કરવી એજ ધર્મ [illegible] તારવામાં વહાણ સમાન, [illegible] વજ્ર સમાન, તેમજ [illegible] શત્રુને જીત- [illegible] અને સર્વ પ્રકા- [illegible] જીવદયાને વિષે પોતાનું ચિત્ત [illegible]" મુનિનાં [illegible] વચન સાંભળી [illegible] તમે જે દયા [illegible] ચક્રવ- [illegible] ધીવર [illegible] [illegible] [illegible] [illegible] હોય?"

[illegible]

હિંસાને ત્યજી દઉં." જેનું ધર્મનું ફળ દીઠું છે એવો શુદ્ધ સ્વભાવવાળો અને જેનું ભવિષ્યકાળે કલ્યાણ થવાનું છે એવો હરિબળ મચ્છી જેટલામાં આ પ્રમાણે વિચાર કરે છે તેટલામાં ત્યાં જે બન્યું તે સાંભળો.

પૂર્વે કોઈએક દિવસ ગોખમાં બેઠેલી તેજ નગરના રાજાની પુત્રી વસંતશ્રીએ, હરિબળ નામવાળા અને ઉત્તમરૂપવાળા વણિકપુત્રને દીઠો હતો, તેને જોવાથી રાગને લીધે આતુર થએલી રાજપુત્રી વસંતશ્રીએ તેને પોતાની પાસે બોલાવી સ્નેહસહિત મધુર વચનો વડે આ પ્રમાણે કહ્યું. "હે હરિબળ! મ્હારૂં વચન સાંભળ.—આજથી આરંભીને મેં મ્હારો પ્રાણ ત્હારે સ્વાધિન કર્યો છે, માટે આપણે આપણું નગર ત્યજી દઈ પરદેશ ચાલ્યા જઈએ, ત્યાં જઈ આપણે વિવાહ કરી ભોગ ભોગવશું." હરિબળે પણ રાજકન્યાનાં મધુર વચન અને મુખકમળથી મોહપામી રાજભયને નહિ ગણકારતાં તે વાત અંગીકાર કર્યું. રાજકન્યાએ [illegible] તેને સંકેતનો દિવસ અને સંકેતનું સ્થાન તેજ બતાવ્યું કે જે દિવસ અને જે સ્થાન હરિબળમચ્છીને [illegible] નહિ [illegible] પોતાની આશા ભંગ પામી નવીન વિચાર કરતો કરતો જતો હતો તેજ સંકેતવાળો [illegible]. કહ્યું છે કે શુભ કાર્ય કરનારાઓને તે સત્વર મનોભિષ્ટ કરનારી હોય છે. વણિકપુત્ર હરિબળ, જેટલામાં તૈયાર થઈ સંકેતસ્થાને જવા ઉત્સુક થયો તેટલામાં કર્મના યોગથી તેની બુદ્ધી ફરી જવાને લીધે તે વિચાર કરવા લાગ્યો. "વિચાર કર્યા વિના કાંઈ કરવામાં [illegible] ' પ્રથમનાં [illegible] રાજ [illegible] માટે [illegible] રાજકન્યાનું [illegible] નથી. [illegible] પુરૂષ હોય કે જે [illegible]! આવી રીતે વિચાર કરી તે વણિકપુત્ર હરિબળ સંકેતસ્થાને નહીં જતાં પોતાની દુકાનમાં [illegible] કે [illegible] [illegible] નથી.

હવે રાજકન્યા [illegible]

લઈ સંકેતની રાત્રીએ અશ્વ ઉપર ચડી સંકેતસ્થાને (જ્યાં હ-
રિબળ મચ્છી સૂતો હતો ત્યાં) આવી. નિર્વિઘ્નપણે સંકેતસ્થાને
આવી પહોંચવાથી અતિ હર્ષિતચિત્તવાળી રાજકન્યાએ ગાઢ
સ્વરથી કહ્યું કે, " હે સુભગશિરોમણિ હરિબળ ! તું અહિં
આવી પહોંચ્યો છે કે ? " દેવમંદિરમાં સૂતેલા હરિબળે પણ
તત્કાળ જાગી ઉઠી રાજકન્યાના અમૃતઝરતા વચન સાંભળીને
હર્ષ પામતા છતા હુંકારો કર્યો. પછી રાજકન્યા વસંતશ્રીએ
કહ્યું. " હે હરિબળ ! ઝટ આગળ ચાલ, દેશાંતરમાં આપણા
મનોરથ સફળ થશે." હરિબળ મચ્છી વિચારવા લાગ્યો. નિશ્ચે
આ કન્યાએ મ્હારા સમાન નામવાળા બીજા કોઈ પુરૂષની
સાથે અહિં આવવાનો સંકેત કર્યો દેખાય છે, માટે આ રાજ-
કન્યા એને પ્રીતિથી બોલાવે છે. ખરેખર મ્હારા પુન્યે આ
કન્યાને શીઘ્ર અહિં ખેંચી આણી છે, માટે ચાલ તેની સાથે
હું જ ચાલ્યો જાઉં; પાછળ જે બનવાનું હશે તે બનશે."
આ પ્રમાણે વિચાર કરી હરિબળ તેની પાસે ગયો, ત્યાં તે
અશ્વ ઉપર ચડ્યો, તેની સાથે અપ્સરાની પેઠે વસંતશ્રી પણ
અશ્વ ઉપર ચડી, પછી બન્ને જણાએ ત્યાંથી પ્રયાણ કર્યું. માર્ગમાં
રાજકન્યાએ અમૃતસમાન મધુરવચનથી તેને બોલાવવા માંડ્યો,
પરંતુ તે હરિબળ ફક્ત હુંકારા વિના બીજો શબ્દ જરા પણ
બોલતો નહીં; તેથી રાજકન્યાએ વિચાર્યું કે, "આ હરિબળ મને
કેમ કાંઇ પણ ઉત્તર નથી આપતો ? હા, મેં જાણ્યું ! એને
પોતાના માતાપિતાના વિયોગની પીડા થાય છે, તેથી તે મને
ઉત્તર નથી આપતો. " આ પ્રમાણે વિચાર કરતી તે વસંતશ્રી
જેટલામાં આગળ પ્રયાણ કરે છે તેટલામાં જનલોકને પ્રગટ
કરનારા સૂર્યનો ઉદય થયો, તેથી તે પોતાના મનોભીષ્ટ
પુરૂષને નહિં દેખતાં બીજાને જોઇ હાહા શબ્દ કરતી છતી ત-
ત્કાળ મૂર્છાથી પૃથ્વી ઉપર પડી; પછી શીતળ જળ અને વા-
યુથી સાવધાન થએલી તે બાળા અતિ કરૂણ અને અતિ દીન
એવા શબ્દથી વિલાપ કરતી વારંવાર આ પ્રમાણે કહેવા લા-
ગી.–"જેમ ઉનાળાની ઋતુમાં તાપથી પીડા પામેલો અને –

મહાતૃષાથી આકુળ વ્યાકુળ થયેલો ગજરાજ જળથી ભરપૂર એવા તળાવને જોઇ તેમાં પાણી પીવા માટે ઉતરે; પરંતુ જળથી થોડે દૂર રહેલા કાદવમાં ખૂંચી જવાને લીધે ન મળે [1]નીર કે ન મળે તીર[2]! તેમ હમણાં મ્હારે પણ થયું છે. જ્યાં પક્ષીઓનો શબ્દ પણ સંભળાતો નથી, જે મનોરથને અગોચર છે અને જે દેવતાઓને પણ અસાધ્ય છે, તેવા કાર્યને દૈવ ક્રીડા માત્રમાં બનાવી આપે છે. હા! હવણાં હું શું કરૂં? શું કહું? અને કોની આગળ જઇને પોકાર કરૂં? નિશ્ચે દૈવે મને આવા કાર્યથી બહુ વિડંબના પમાડી છે. અરે નિર્દય દૈવ! આજે ત્હારા હાથમાં બીજો કોઇ પણ માણસ ન ચડયો કે જે મને અબળાને તેં આવી રીતે વિડંબના પમાડી?" આવી રીતે પોતાના કોઇ પૂર્વભવના કર્મદોષથી આર્તધ્યાનમાં પડેલી અને પરાભવ પામેલી તે વસંતશ્રી ફરી વિચાર કરવા લાગી. "અરે! દૈવને વૃથા ઉપાલંભ (ઠબકો) આપવાથી શું? આનો મ્હારા કર્મનોજ દોષ છે. જીવે પૂર્વભવમાં જે ભાવથી જે શુભ કે અશુભ કર્મ કર્યું હશે, તેવુ તેને ફળ મળશે; જો મ્હારા ભાગ્યેજ આ જેવા તેવા પુરૂષને અહિં આણ્યો છે તો પછી હું મ્હારા આત્માને આર્તધ્યાનવડે વૃથા કલેશ શામાટે પમાડું?" આ પ્રમાણે વિચાર કરતી તે રાજકન્યા જેટલામાં સ્થિર થઇ તે પુરૂષને જુએ છે તેટલામાં તુરત ગંભીર આકાશ વાણી થઇ. તે આ પ્રમાણે:—

"હે ભદ્રે! જો તું વિશ્વને વિષે સુખની વાંછા કરતી હોય તો ચંદ્રસમાન ઉજ્વળ યશવાળા અને જંગમ કલ્પવૃક્ષસમાન આ પુરૂષને અંગિકાર કર." આવી આકાશવાણીથી રાજકન્યાએ તેને ઉત્તમ પુરૂષ જાણી સ્નેહ પૂર્વક પ્રીતિ વચનવડે કહ્યું.- "હે પુરૂષોત્તમ! હું બહુ માર્ગ ઉલ્લંઘન કરવાને લીધે બહુ તૃષાતુર થઇ છું તેથી મ્હારા માટે ઝટ શીતળ જળ લાવ." વસંતશ્રીનાં આવાં વચનથી સંતોષ પામેલા હરિબળે તે ભયંકર

1 પાણી. 2 કાંઠો.

અલંકારાદિ સર્વ પહેરી હતી તેને ગ્રંથ કરી [illegible]
કંઈ પણ ઉત્તરને કોઈ પૈસાને પુરૂષોની માટે [illegible]
કર તે પુરૂષને બધી રાજપુત્રોએ સેવકો આ પ્રમાણે કહ્યું—
"હે મહારાજ! ઉત્તમ ગુણ ફળ છે માટે હું મ્હારી સાથે
[illegible] કર." પછી રાજકન્યાના વચનથી [illegible]
હરિબળને વસંતશ્રીની સાથે સર્વે વિવાહથી પ્રેમ પ્રમાણ
પછી પ્રેમ પ્રમાણ તે બન્ને વધૂએ આપ્યા પ્રમાણ કર્યું.
[illegible] સાથે સાથ કૌતુક કરતાં તે બન્ને વધૂ
સર્વ ત્યાં રાજકન્યાના વચનથી [illegible] કહ્યું. અ-
અને ચરિત્ર? નગર એક એક [illegible] ઉદ્યાન
રાજ્ય [illegible] બન્ને પ્રેમથી [illegible] હોઈ અને [illegible]
[illegible] કૌતુક [illegible] આગળ પ્રમાણ કર્યું અને
[illegible] એક [illegible] અને [illegible]
[illegible] અને [illegible] નામ [illegible]
તે નગરને [illegible]
હે સ્વામિન્! [illegible]
[illegible] નગરમાં છે આપણે સુખે નિવાસ કરીએ. તે સાંભળી આ
[illegible] આવું વચનથી હરિબળને [illegible]
[illegible] નિવાસ [illegible] ત્યાં રાજપુત્રીએ [illegible]
[illegible] તે હરિબળ [illegible]
[illegible] હું [illegible] પમાડ્યો! અને કર્યું આ [illegible]
[illegible] અને [illegible]
[illegible] તે [illegible] આવે
[illegible]
[illegible] તે [illegible] કર્યું? [illegible]
[illegible] કર્યું? કહ્યું છે કે— [illegible]

અરણ્યમાંથી જલ પાણી લાવી તેને શાંત કરી. ભયંકર અરણ્યમાંથી પાણી લાવવાને લીધે ધૈર્યવંત પુરૂષોની માફક મુકટતુલ્ય તે પુરૂષને જાણી રાજપુત્રીએ સ્નેહથી આ પ્રમાણે કહ્યું.– "હે સત્પુરૂષ! હવણાંજ શુભ લગ્ન છે માટે તું મ્હારી સાથે પાણીગ્રહણ કર." પછી રાજકન્યાના વચનથી પ્રસન્ન થએલા હરિબળે વસંતશ્રીની સાથે ગાંધર્વ વિવાહથી પાણીગ્રહણ કર્યું. પછી પ્રસન્ન થએલા તે બન્ને જણાંએ આગળ પ્રયાણ કર્યું. અનુક્રમે ગામે ગામ ઉલ્લંઘન કરતાં તે બન્ને જણાં એક નગરમાં ગયાં, ત્યાં રાજકન્યાના વચનથી હરિબળે ઉત્તમ લક્ષણવાળો અને ગતિવડે ચતુર એવો એક ઘોડો લીધો અને સેવક વિગેરે રાખ્યા; ત્યાંથી પણ બહુ પ્રીતિથી અનુક્રમે પ્રયાણ કરતાં અને બહુ દેશોને ઉલ્લંઘન કરતાં તેઓને એક દૂર દેશમાં વિશાલપુર નામનું નગર પ્રાપ્ત થયું. સ્થાને સ્થાને નંદનવન સમાન ઉદ્યાન, [illegible] મનોહર એવા જિનમંદિરોથી સુશોભિત એ[illegible] વસંતશ્રીએ પોતાના પ્રિય પતિને કહ્યું.– [illegible] નગરના સર્વ શોભાને તિરસ્કાર કરનારા આ [illegible] મનોહર [illegible] નિવાસ કરીએ તો સારૂં [illegible] વચનથી હરિબળે [illegible]

[illegible]

पात्रे धर्मनिबंधनं तदितरे प्रोद्यद्दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्द्धकं रिपुजने वैरापहारक्षमम् ॥
भृत्ये भक्तिभरावहं नरपतौ सन्मानपूजाप्रदं,
भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम् ॥७॥

અર્થ:—દાન પાત્રને વિષે આપ્યું હોય તો પુણ્ય બાંધનારૂં થાય છે; પાત્ર વિના બીજાને આપવાથી મોટી દયાને પ્રગટ કરનારૂં થાય છે; મિત્રને આપવાથી પ્રીતિ વધારનારૂં થાય છે; શત્રુને આપવાથી વૈરને દૂર કરવા સમર્થ થાય છે; સેવકને આપવાથી ભક્તિ સમૂહને કરનારૂ થાય છે; રાજાને આપવાથી સન્માન આપનારૂં થાય છે અને ભાટ ચારણાદિ લોકોને આપવાથી યશ કરનારૂં થાય છે. અહો! દાન કોઈ સ્થાનકે પણ નિષ્ફળ થતું નથી.

હરિબળની પ્રસિદ્ધિ તે નગરના રાજાએ સાંભળી, તેથી ભૂપતિએ હરિબળને પોતાની પાસે બોલાવી બહુ સન્માન આપ્યું. કહ્યું છે કે:-પુણ્યથી કયું સુખ પ્રાપ્ત થતું નથી? પછી હરિબળ હમેશાં રાજાની પાસે જવા લાગ્યો. રાજા પણ તેને પ્રીતિથી આદરસત્કાર આપતો, અનુક્રમે તેઓને પરસ્પર અતિ ગાઢ પ્રીતિ થઈ. કહ્યું છે કે. દેવતા, વિદ્વાને મુખ પાઠ કરનાર અને યથાર્થ સેવા જાણનાર એ ત્રણ પુરૂષો, પૃથ્વીને સુવર્ણના પુષ્પવાળી બનાવી દે છે.

એક દિવસ મદનવેગ ભૂપતિએ અતિ સ્નેહથી હરિબળને તેની સ્ત્રી સહિત પોતાને ઘેર ભોજન કરવાનું આમંત્રણ કર્યું, પછી ભોજન અવસરે સ્ત્રી સહિત હરિબળ રાજમંદિર ગયો, ત્યાં તે ભોજનગૃહમાં બેઠો, રાજા તેને પોતાના હાથવડે પીરસવા લાગ્યો. ભૂપતિ રતિસમાન રૂપવાળી વસંતશ્રીને જોઈ કામાગ્નિ
થી બળતો છતો [illegible] ર કરવા લાગ્યો કે "શું આને
સ્વર્ગથી ઉતરી છે [illegible] આવી છે? [illegible]નરી છે?
વિદ્યાધરી છે! કે [illegible] રતિ [illegible] મેં આવું
રૂપ ક્યાંઈ પણ [illegible] સ્ત્રી [illegible] મ્હારૂં

ઉચિત અને રાજ્ય વૃથા જાણવું. પરંતુ હરિબળ જ્યાંસુધી જીવતો હોય ત્યાંસુધી એ શી રીતે મળે? માટે કોઇ પણ ઉપાયથી તેને મારી નાખું." અહો! કામાંધ પુરૂષોને ધિક્કાર છે ધિક્કાર છે!! રાજા આ પ્રમાણે વિચાર કરતો હતો. એવામાં પ્રિયા સહિત હરિબળ ભોજન કરી પોતાના ઘેર આવ્યો, પછી રાજાએ પોતાનો અભિપ્રાય મંત્રીને કહ્યો. મંત્રી પણ તેને દુષ્ટ વિચારથી ન વાર્યો ઉલટો હરિબળને મારવાના વિચારની પુષ્ટી કરવા લાગ્યો. કહ્યું છે કે:—

सर्वत्र सुलभा राजन्, पुमांसः प्रियभाषिणः ॥
अप्रियस्य तु पथ्यस्य, वक्ता श्रोता च दुर्लभः ॥ ८ ॥

અર્થ — હે રાજન્! સર્વ સ્થાનકે પ્રિય બોલનારા પુરૂષો સુલભ હોય છે. પરંતુ અપ્રિય અને હિતકારી બોલનારા તથા સાંભળનારા દુર્લભ હોય છે."

[illegible] મંત્રીના શીખવાડવાથી સભામાં [illegible] નાખ્યો. મ્હારે મ્હાને પુર્વોનો વિચા- [illegible] માટે મ્હાને સભામાં એ- [illegible] વિભીષણને [illegible] આના આ- [illegible] નીચું મુખ [illegible]

કાર્ય કરે તેમ નથી, માટે તે કાર્ય તું કર.” પછી હરિબળે ગાઢ ધૈર્યપણાથી રાજાનું વચન અંગિકાર કર્યું. અહો! મ્હોટા પુરૂષોનું અદ્‌ભુત દાક્ષિણ્યપણું આશ્ચર્યકારી છે. પછી હરિબળે ઘેર આવી સર્વ વાત પોતાની સ્ત્રી વસંતશ્રીને કહી. રાજપુત્રી વસંતશ્રીએ પણ રાજાના આશયને જાણી બહુ ખેદ પામતાં છતાં પોતાના પતિને કહ્યું. “સ્વામિન્! રાજમંદિરમાં ભોજન કરવા આવેલી મને રાજાએ દીઠી હતી, તેથી મને પોતાને ત્યાં રાખવા માટે રાજાએ તમને મારી નાખવાનો આ અનર્થ આરંભ્યો છે. આપે આ વિચાર કર્યા વિના કાર્ય અંગિકાર કર્યું છે. જુઓ પતંગીઆઓ પણ વિચાર કર્યા વિના વેગવડે કાર્ય કરવાથી દીવામાં નાશ પામે છે. કહ્યું છે કેઃ—

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ॥
वृणुते हि विमृष्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः ॥६॥

અર્થઃ—ડાહ્યા માણસે સહસા કાર્ય કરવું નહીં, કારણ અવિવેક મહા આપત્તિનું સ્થાન છે; અર્થાત્ વિચાર કર્યા વિના કાર્ય કરનારો માણસ મહા આપત્તિના સ્થાનને પામે છે. ગુણમાં લુબ્ધ એવી સંપતિઓ પોતેજ વિચારથી કાર્ય કરનારાને આવી મળે છે. ૬

માટે હે નાથ! આજે કાંઇ પણ વિચાર કરી અને કોઇ રીતે કાંઇ પણ મીષ કરી તે કાર્યને તમારા માથેથી ઉતારી નાખો તો સારૂં થાય.” પ્રિયાનાં આવાં વચન સાંભળી સાત્વિક પુરૂષોના મધ્યે શ્રેષ્ઠ એવા હરિબળે કહ્યું.-“હે મુગ્ધે! આ તું શું બોલે છે? ધીર પુરૂષો પ્રાણાંતે પણ અંગિકાર કરેલાને ત્યજી દેતા નથી. સજ્જનપુરૂષે બગાસું ખાતાં અથવા તો નિદ્રા લેતાં જે અક્ષરો મુખમાંથી કાઢયા હોય તે અક્ષરો પથ્થરમાં ટાંકણાથી કોતરેલા અક્ષરો સમાન હોય છે. ગમે તો કપાઇ જવાય કે બંધનમાં પડાય અથવા તો સર્વ લક્ષ્મી જતી રહે, પરંતુ સજ્જન પુરૂષે અંગિકાર કરેલું પાળવું જોઇએ. જો કે અંગિકાર કરેલું કાર્ય કરવામાં કાંઈપણ અનર્થ થાય અથવા ન થાય, પરંતુ

તેમાં એટલો તો નિશ્ચય છે કે પ્રથમ અંગિકાર કરેલા કાર્યને ત્યજી દેવાથી મ્હોટો અપવાદ આવે છે; માટે આ કાર્યને અર્થે જઇને હું પાછો આવીશ. ન્યાયમાં રહેલા પુરૂષને વિષમ કાર્ય પણ સહેલું થઇ પડે છે. પ્રિયે! મને મનમાં બીજી કાંઇ ચિંતા નથી પણ એક ત્હારી ચિંતા છે, અને તે એજ કે રાજા કામાંધ થએલો હોવાથી તે ત્હારૂં હરણ કરશે." પતિનાં આવાં વચન સાંભળી હર્ષ પામેલી અને વિયોગરૂપ અગ્નિથી તપ્ત થએલી વસંતશ્રીએ કહ્યું. "સ્વામિનાથ! જો એમ છે તો આપ સુખેથી જાઓ, માર્ગમાં તમને નિર્વિઘ્ન થાઓ, આપ કાર્ય કરીને યશ લઇ કુશળતાથી ઝટ પાછા આવો; વળી આપે હૃદયમાં જે મ્હારી ચિંતા ધારણ કરી છે, તે કયારે પણ ન કરવી; કારણ કે કુળવધુઓ પ્રાણાંતે પણ શીળખંડન કરતી નથી. હે પ્રિય! હું આપને એટલી વિનંતી કરૂં છું કે આપે પોતાના જીવિતનું પ્રયત્નથી રક્ષણ કરવું, પણ અવિચારી કાર્ય કરવાથી પતંગીઆની પેઠે ઝંપલાવું નહીં. કહ્યું છે કેઃ—

जीवन् भद्राण्यवाप्नोति, जीवन् पुण्यं करोति च ॥
मृतस्य देहनाशः स्याद्धर्माद्युपरमस्तथा ॥ ७ ॥

અર્થઃ—જીવતો માણસ ભદ્ર પામે છે, અને જીવતો માણસ પુણ્ય કરે છે. મૃત્યુ પામેલા માણસના દેહનો નાશ થાય છે તેમજ ધર્માદિ પણ નાશ પામે છે."

પ્રિયાનાં આવાં અમૃતસમાન વચન સાંભળી અને તેની રજા લઇ હરિબળે દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. અનુક્રમે ગામ, નગર અને આકર વિગેરેને વિષે ફરતો ફરતો તે સમુદ્રને કાંઠે આવી પહોંચ્યો. કારણ ઉદ્યમવંત પુરૂષને શું દૂર હોયછે? પછી ભયંકર, ભયકારી એવા ચારે દિશામાં ઉછળતા કલ્લોલથી ભરપૂર અને પુરૂષોથી ન તરી શકાય એવા સમુદ્રને જોઇ ઉદ્વેગ પામેલો હરિબળ વિચાર કરવા લાગ્યો કે, "પ્રિયાએ ના કહ્યા છતાં પ્રારબ્ધયોગથી હું અહિં આવ્યો છું; પરંતુ હવે સમુદ્રના મધ્ય ભાગમાં રહેલી લંકામાં શી રીતે જવાશ? યાવ વિષમ સમુદ્ર મારે પ્રવેશ તો કરૂં; પછી જે થવાનું

થઇ રહેશે; કારણ અંગિકાર કરેલું કાર્ય પાર પાડવું અથવા મૃત્યુને શરણ થવું એ બન્નેમાંથી સત્પુરૂષોની એકજ ગતિ હોય છે." આ પ્રમાણે ચિત્તમાં વિચાર કરી નિષ્કંપ થએલો હરિબળ જેટલામાં સમુદ્રને વિષે ઝંપાપાત કરે છે એટલામાં પૂર્વે વરદાન આપનારા જળાધિષ્ઠિત દેવે પ્રસન્ન થઇ તેને કહ્યું. "હે મહા પુણ્યવાન્ ભદ્ર! હું ત્હારૂં પ્રિય શું કરૂં તે કહે? દેવતાનાં આવાં વચન સાંભળી હરિબળ વિચારવા લાગ્યો.–"અહો! પુણ્યનું ફળ બહુ આશ્ચર્યકારી છે, નિશ્ચે હું તે દેવતાને નિધિની પેઠે વિસરી ગયો હતો, પરંતુ સંકટ આવી પડે છતે આ અવસરે તે પોતાની મેળે પ્રગટ થયો; માટે નિશ્ચે જીવદયાનું ફળ બહુ મોટું છે." આવી રીતે વિચાર કરી બુદ્ધિમાન હરિબળે દેવતાને કહ્યું. "હે દેવેન્દ્ર! મ્હારે કાર્ય નિમિત્તે લં- [illegible] લઇ આવ." દેવતાએ તેનું વચન [illegible] કરી હરિબળને પીઠ ઉ- [illegible] સમુદ્રને કિનારે [illegible] લંકામાં [illegible] આ મહે [illegible] ." [illegible] જોતાં જોતાં [illegible] દીઠી. તથા તે શાસ્ત્રને [illegible] તેમાં [illegible] ઝાડોની માળાના સમૂહને [illegible] દીઠું નહીં. પછી [illegible] સુખ [illegible] દીઠી તથા તે વિચારવા લાગ્યો "આ [illegible] નહીં નાશ થએલા પુષ્ટ [illegible] કેમ પડી છે! આ પ્રમાણે વિ- [illegible] તે હરિબળ જેટલામાં [illegible] તેનું અમૃતથી ભરેલું [illegible] હરિબળે [illegible] તેમાંના [illegible]

સત્પુરૂષોને બીજાઓનું હિત કરવાની હમેશાં ચિંતા રહ્યા કરે છે. અમૃતરસનું સર્વ અંગે સિંચન થવાથી યૌવનના ભારે કરીને ભરપૂર અને લાવણ્યના રસવાળી તે કન્યા ઝટ ઉઠી, અને અતિ હર્ષ પામતી છતી હરિબળને પૂછવા લાગી. "હે સત્પુરૂષ! પરોપકાર કરવાથી મેં તમારૂં ઉત્તમપણું જાણ્યું છે, તમે અહિં શામાટે આવ્યા છો? ક્યાંથી આવો છો? અને કોણ છો? એ સઘળું મને કહો." હરિબળે કહ્યું. "વિશાલ નગરના મહારાજા મદનવેગની નિરંતર સેવા કરનારો હું હરિબળ નામે પુરૂષ છું, લંકાના રાજા બિભીષણને નિમંત્રણ કરવા માટે દેવના પ્રસાદથી મચ્છ ઉપર બેસી વેગવડે અહિં આવ્યો છું. હે ભદ્રે! હવે તું ત્હારૂં પોતાનું ચરિત્ર મને કહે." એમ હરિબળે સૂચના કરેલી તે કન્યા ગાઢ [1]રોમોદ્‌ગમયુક્ત થઇ છતી પોતાનું ચરિત્ર કહેવા લાગી. "લંકાના રાજા બિભીષણને માટે નિરંતર પુષ્પ લાવી આપનારો, સુરવૃક્ષ નામના ઉદ્યાનનું રક્ષણ કરનારો, સ્વભાવથી કડવો અને ક્રૂરકર્મ કરનારો પુષ્પબટુક નામનો માળી મ્હારો પિતા થાય છે, ભયંકર સર્પથી ઉત્પન્ન થએલા વિષહર મણિની પેઠે પુષ્પલક્ષ્મીના સરખી સુકોમળ અંગવાળી કુસુમશ્રી નામની હું તે માળીની પુત્રી છું. એક દિવસ મ્હારા પિતાએ સામુદ્રિક શાસ્ત્રના જાણ પુરૂષને પૂછ્યું કે "ઉત્તમ લક્ષણવાળી આ કન્યાનો કોણ પતિ થશે? બ્રાહ્મણે મ્હારો હાથ જોઇને કહ્યું કે 'હે માળી! આ ત્હારી પુત્રીના હાથમાં ઘણીજ શુભ રેખાઓ છે માટે ઉત્તમ લક્ષણવાળી આ પુત્રીનો કોઇ રાજા પતિ થશે. કહ્યું છે કે, જેના હાથ અથવા પગમાં કળશ, સિંહાસન, અશ્વ, ગજ, રથ, લક્ષ્મી, વૃક્ષ, યજ્ઞસ્તંભ, બાણ, માળા, ચામર, કુંડલ, અંકુશ, યવ, પર્વત, ધ્વજા, મચ્છ, સાથીઓ, વેદી, વીંજણો, શંખ, છત્ર, અને કમળ એ વસ્તુઓનું ચિન્હ હોય તે માણસ જો પુરૂષ હોય તો રાજા થાય અને સ્ત્રી હોય તો તે રાજસ્ત્રી થાય. વળી જે સ્ત્રીના કપાળમાં ત્રિશુળની રેખા હોય અથવા જે સ્ત્રી હસતી હોય તે વખતે કપાળમાં

[1] ઉંચાં થએલાં રૂવાડાંવાળી.

ગાથાઓ પડતો હોય તો તે સ્ત્રી પણ સર્વ સ્ત્રીઓના અધિપતિ પણાને પામે છે.' આણીનાં આવાં વચન સાંભળી રાજ્યના લોભથી આકુળ વ્યાકુળ થયેલો તે મ્હારો મૂર્ખ પિતા લગ્ન માટે મ્હારી ઇચ્છા કરવા લાગ્યો. જેઓ રાત્રીએ નથી દેખતા તેઓ રત્નાંધળા કહેવાય છે, અને જેઓ દિવસે નથી દેખતા તેઓ દિવાંધ કહેવાય છે; તેવીજ રીતે જન્માંધ, માયાંધ, ક્રોધાંધ, કામાંધ અને લોભાંધ એ પુરૂષો અનુક્રમે એક બીજાથી વિશેષ અંધ [illegible] મ્હારા પિતાના આવો આશય જાણી મ્હારી મા [illegible] તેને (મ્હારા પિતાને) ઘરમાંથી કાઢી મૂક્યા. અહો! મનુષ્યને લોભથી શું દુઃખ નથી થતું? પછી [illegible] તે મ્હારો પિતા મને બદીવાનની પેઠે પકડી અહિં આવી [illegible] છે. તે જ્યારે પોતાનું કામ [illegible] પામેલા [illegible] આવે છે ત્યારે આ [illegible] મનુષ્ય! આ પ્ર[illegible] વિવા[illegible] કરતાં મ[illegible] મ્હારૂં [illegible] આચિ[illegible] બીજાની [illegible] કરેલી [illegible]

[illegible] તે કહેવું [illegible] માટે લગ્ન [illegible] પુત્રી અને દાનપુણ્યમાં [illegible] વિવાહની વિ[illegible] અહિં

આવીને તમારો અનર્થ કરશે. માટે આપણે અહિંથી બીજા સ્થાનકે જતા રહીએ તો સારું. બિભીષણનો નિમંત્રણ કરવાથી સર્યું; કારણ કે માણસના કાર્યમાં વિદ્યાધરોની પેઠે તેઓ કદાપિ પણ જતા નથી. વળી તમારા ભૂપતિને એવો વિશ્વાસ આવે કે નિશ્ચે એણે લંકામાં જઈને બિભીષણને આમંત્રણ કર્યું છે, માટે તે વિશ્વાસ ઉપજાવવાને અર્થે કાંઈ નિશાન લાવી આપું." એમ કહી તે વિદ્યાધર પુત્રીએ કોઈ પણ ઉપાયથી બિભીષણનું ચન્દ્રહાસ નામનું ખડ્ગ લાવી આપ્યું. પછી હરિમિત્ર, સ્ત્રી સહિત ઘરની સારસાર વસ્તુ તથા અમૃતરસથી ભરેલું તુંબડું લઈ નગરની બહાર આવ્યો. પૂર્વના દેવતાએ તેને સ્ત્રી સહિત પોતાની પીઠ ઉપર બેસારી તત્કાળ વિશાળ નગરના ઉદ્યાનમાં પહોંચાડ્યો.

હવે અહિં તે અવસરે કામથી પીડા પામતા મદનવેગ [illegible]

રી; પછી ભૂપતિએ પ્રસન્ન થઇને કહ્યું. "હે ચંદ્રમુખી! મ્હારૂં વચન સાંભળ. તું રૂપે કરીને રતિ સમાન છે અને હું કામદેવ સમાન છું, માટે જો પૂર્વે પુણ્યના યોગથી આપણા બન્નેનો સંજોગ થાય તો નિશ્ચે વિધાતાનો શ્રમ સફળ થયો કહેવાય." ભૂપતિનાં આવાં વચન સાંભળી ચિત્તમાં અત્યંત ખેદ પામતી વસંતશ્રી વિચાર કરવા લાગી. "આ રાજા છે અને હું શરણ રહિત છું તેથી શું કરૂં ? હા ! મ્હારે આ રાજાથી ચિંતામણિ સમાન શીલનું શી રીતે રક્ષણ કરવું ? નિશ્ચે શીલ વિના સ્ત્રીઓનો જન્મ શ્રેષ્ઠ નથી. કહ્યું છે કેઃ—

अणंताओ पावरासीओ, जया उदयमागया ॥
तया इत्थित्तणं पत्ता, सम्मं जाणाहि गोयमा ॥ ७ ॥

અર્થઃ—(ભગવાન્ ગૌતમને કહે છે કે)-હે ગૌતમ ! જ્યારે અનંત પાપ સમૂહો ઉદય આવે ત્યારે જીવો સ્ત્રીપણાને પામે છે, એ તું નિશ્ચે જાણજે; જો રાજા પ્રસન્ન થઈ સંપત્તિ આપે અથવા તો રૂષ્ટ થઈ પ્રાણ હરી લે, તો પણ હું મ્હારા શીલ રૂપ માણિકરત્નને મલીન નહિં કરૂં. હું કોઈ પણ એવો ઉપાય રચું કે જેથી મ્હારૂં શીળ સચવાય અને રાજા પ્રસન્ન થઈ પોતાને ઘેર ચાલ્યો જાય.

આવી રીતે વિચાર કરી કપટથી હર્ષિત મુખવાળી વસંતશ્રીએ કહ્યું. "હે સ્વામિન્ ! આ મ્હોટો પ્રસાદ થયો જે આપ મ્હારે ઘેર આવ્યા." રાજાએ કહ્યું. "હે ચંદ્રમુખી ! તું મને (મદનવેગ નામના ભૂપતિને) સેવન કર, જેથી ત્હારા સઘળા મનોરથ ઝટ સફલ થાય." વસંતશ્રીએ કહ્યું. "હે રાજશિરોમણિ ! ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી કુળવધુઓને પોતાનો પતિ જીવતો છતાં એ કૃત્ય કરવું કેમ ઘટે ?" ભૂપતિએ હસીને કહ્યું. "હે ભદ્રે ! ત્હારા પતિને મરણ નિમિત્તે મેં અતિ વિશમ આજ્ઞા કરી છે, કદાપી જો તે જીવતો આવશે તો તેને કોઈ પણ ઉપાયથી મારી નાખીશ. માટે હે ભોળી ! તું સર્વ વિચાર ત્યજી દઈ મને સેવ." વસંતશ્રી વિચારવા લાગી. "કામાતુર પુરૂષોને ધિક્કાર થાઓ !

અર્થઃ–રાજા, અગ્નિ, બાળ, ચોર, દુષ્ટ, દેવ, શિકારીપણું, શત્રુ અને શાકિની એ દુષ્ટ જંતુઓ પણ છળ મળ્યા વિના આરંભરહિત થઇને શું કરી શકે ? અર્થાત્ કાંઈ કરી શકે નહીં.

રાજા મનમાં વિચાર કરવા લાગ્યો. "હા! મેં તેને વિકટ સંકટમાં નાંખ્યો છતાં એણે મ્હારા વચનથી અગ્નિમાં ઝંપાપાત કર્યો, માટે ખરેખર મ્હારે તે માનવા યોગ્ય છે." આ પ્રમાણે વિચાર કરી રાજાએ સભામાં પ્રગટ કહ્યું કે, "અહો! એણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે! એનું સૌભાગ્ય આશ્ચર્યકારી છે! પોતાના કાર્યને વિષે એ સ્પૃહારહિત છે! પોતાના સ્વામીનું કાર્ય કરવામાં એનું આશ્ચર્યકારી ચાતુર્ય છે! માટે એ મ્હારો ખરેખરો પરમ મિત્ર છે." આ પ્રમાણે રાજાએ પ્રશંસા કરવા પૂર્વક બહુ સત્કાર કરી હરિબળને મ્હોટો ઉત્સવ કરી તેને ઘરે મોકલ્યો. લોકો પણ હરિબળના આવા ચરિત્રને જાણી હર્ષ પામતા છતા ગામેગામ હમેશાં હરિબળના યશને ગાવા લાગ્યા. તીવ્ર કામદેવથી હણાયેલો રાજા પણ હરિબળનાં આવાં લોકોત્તર ચરિત્ર જોઈ અનુક્રમે અતિ મંદ થઈ ગયો.

એક દિવસ રાજાના બહુ માન્યને વશ થઇ રહેલા અને શુદ્ધ બુદ્ધિવાળા હરિબળે પોતાની બન્ને સ્ત્રીઓએ ના કહ્યા છતાં સર્વ સામગ્રી તૈયાર કરી ભવિષ્યમાં અનર્થનો વિચાર કર્યા વિના પ્રધાન વિગેરે સહિત રાજાને ભોજન કરવા માટે આમંત્રણ કર્યું. ભોજન અવસરે નવા નવા વેષને ધારણ કરી બન્ને સ્ત્રીઓએ પોતાનું ચાતુર્ય દેખાડવા માટે પીરસવા વિગેરે કાર્ય કર્યું. બન્ને સ્ત્રીઓને દેખવાથી ભૂપતિને કામદેવ ઉત્પન્ન થયો કે જેથી કુનીતિને લીધે લોકના અપવાદ પ્રસરે છે. "આવી બન્ને સ્ત્રીઓ હરિબળને ક્યાંથી પ્રાપ્ત થઈ! એમ વિચાર કરતો રાજા ભોજન કરીને પોતાને ઘેર ગયો. દુષ્ટ મનવાળો પ્રધાન રાજાના અભિપ્રાયને જાણી કહેવા લાગ્યો. "મહારાજ! મ્હારૂં વચન સાંભળો. હરિબળની બન્ને સ્ત્રીઓએ સ્નેહને લીધે નવા નવા વેષ ધારણ કરી ભોજન અવસરે આપની ભક્તિ કરી છે." પ્રધાનનાં આવાં વચનથી અતિ સ્નેહવડે વ્યાકુળ મનવાળા

રાજાએ કહ્યું. "પ્રધાન ! તમારી બુદ્ધિથી હરિબળને મારી [illegible]
મરાનો ઉપાય શોધી કહાડો." દુરાત્મા મંત્રીએ કહ્યું. "સ્વ[illegible]
મિન' હરિબળે અગ્નિમાં પ્રવેશ કરવાનું કહ્યું. ને તેનું વચ[illegible]
આપણને ઉપરૂપ જણાયું; કારણ જીવો અગ્નિમાં પ્રવેશ કરવા[illegible]
જીવતા હશે એ વચન સત્ય કેમ હોય ! માટે યમરાજને આ[illegible]
લાવવાના મીષથી હરિબળને અગ્નિમાં નાંખીએ." રાજાએ કહ્યું
"હે બુદ્ધિનિધાન ! તમે આ સારી યુક્તિ શોધી કહાડી."

એક દિવસ ભૂપતિએ હરિબળને બોલાવીને કહ્યું. "હે
સત્પુરુષ ! અમારા કાર્યમાં લ્હારીજ શક્તિ ચાલે છે. બીજાની
ચાલતી નથી. માટે તું અગ્નિમાં પ્રવેશ કરી યમલોકમાં જઈ
દેવતાઓ સહિત યમરાજાને આમંત્રણ કરી આવ; કારણ સ્વ-
મિનાં પ્રેમ કરવાથી સાધી શકાય એવું કાંઈ કૃત્ય લ્હારાથીજ
સાધી શકાય છે. કહ્યું છે કે સિંહનું, સાધુજનનું, ગુરુજનનું,
[illegible] અને અગ્નિનું, એ સપ્તાનું પરાક્રમ એ
[illegible] હોય છે. બીજાઓને વિષે હોતું નથી. માટે હે
[illegible] આ કાર્ય તું કર." [illegible]
[illegible] આજ્ઞા સાંભળી હરિબળ વિચાર્યું કે, [illegible]
[illegible] પ્રથમ [illegible]

[illegible]

સ્ત્રીઓએ ઠપકો આપીને કહ્યું.-"હે નાથ! અમે તમને ફરી રાજાનું વચન માન્ય કરવાની ના કહી હતી છતાં તમે તેનું વચન શામાટે માન્ય કર્યું? અમે અમારી બુદ્ધિથી તમારૂં કાંઇ પણ સારૂં કરશું. હે નાથ! આપ દીર્ઘકાળ જીવો." હરિબળે કહ્યું. "સઘળું સારૂં થશે, તમે કાંઇ પણ ચિંતા કરશો નહીં."

પછી રાજાએ પોતે પૂર્વે સંપાદન કરેલા સુયશરૂપ શરીરને ભસ્મરૂપ કરવા માટે નગરની બહાર લાકડાંની જાજ્વલમાન ચિતા કરાવી, હરિબળને ચિતામાં પ્રવેશ કરવાને વખતે તેને બહુ માનપૂર્વક આદરસત્કાર આપવા માટે તથા પોતાની ખાત્રી કરવા માટે રાજા મદનવેગ અને પ્રધાન ત્યાં આવ્યા; પછી બુદ્ધિમંત એવા હરિબળે ધૈર્યથી ચિતાના અગ્નિમાં તત્કાળ રાજા અને પ્રધાનના દેખતાં પ્રવેશ કર્યો. લોકો જોતા હતા એટલામાં તો તે ભસ્મભૂત થઇ જતો જણાયો, એથી લોકો "આ વિપરીત થયું." એમ કહેતા કહેતા હાહાકાર કરવા લાગ્યા; પરંતુ રાજા અને પ્રધાન તો બહુ હર્ષ પામ્યા. "લલના અને લક્ષ્મીના લોભી એવા રાજાએ દુષ્ટ મંત્રીના વિચારથી હરિબળને અગ્નિમાં નાંખ્યો." એવી લોકોમાં રાજાની બહુ નિંદા થવા લાગી. હવે હરિબળે ચિતામાં પ્રવેશ કરતી વખતે જળાધિષ્ઠાન દેવતાનું સ્મરણ કર્યું તેથી તે દેવતાના પ્રભાવથી બળ્યો નહીં, પરંતુ નિર્મળ કાંતિવાળો થઇ અદ્રશ્યરૂપે કોઇ સ્થાનકે રહી સંધ્યાકાળે ધીમે ધીમે પોતાને ઘેર ગયો, ત્યાં તેને તેની સ્ત્રીઓ જોઇ અત્યંત વિસ્મય પામતી છતી કહેવા લાગી કે, "અમારૂં પુણ્ય આશ્ચર્યકારી છે કે અમારો પતિ કુશળતાથી પાછો ઘેર આવ્યો." પછી હરિબળ અને બન્ને સ્ત્રીઓ જેટલામાં પરસ્પર વાતો કરતા હતા તેટલામાં કામાગ્નિથી તપ્ત થએલો રાજા મદનવેગ હરિબળના ઘેર આવ્યો, મદનવેગને દૂરથી આવતો જોઇ બન્ને સ્ત્રીઓએ હરિબળને કહ્યું. "સ્વામિન્! આપ ગુપ્ત રીતે સંતાઇ રહી અમારૂં ચાતુર્ય જુઓ." હરિબળ સ્ત્રીઓના કહેવા પ્રમાણે ગુપ્ત રીતે સંતાઇ જોવા લાગ્યો. પછી ઘરની અંદર આવી પહોંચેલા રાજાની બન્ને સ્ત્રીઓએ આસ-

નારિ આપવાથી બહુ ભક્તિ કરીને પૂછયું કે, "હે સ્વામિન્! આપના શરણનું આવવું શા હેતુથી થયું છે?" રાજાએ ગાંડાની પેઠે હાસ્ય કરીને કહ્યું, "હે કલ્યાણીઓ! શું તમે નથી જાણતાં કે હું તમને મળવાને માટે બહુ ઉત્કંઠિત થયો છું?" એજ કારણથી હું તમને ભેટવા માટે અહિં આવેલો છું." શ્રીઓએ કહ્યું, "સ્વામિન્! આપે કહ્યું તે યોગ્ય નથી; કારણ કે સંસારમાં રાજા સેવક લોકોને પિતા સમાન છે, તો કે મનુષ્યોને દેવાંગના સમાન પરસ્ત્રી ત્યજવા યોગ્ય છે તો પછી પુત્રીના સમાન એવી સેવક સ્ત્રી વિશેષે ત્યજવી જોઇએ; માટે હે મહારાજ! તમે આ ખોટા કામથી વિરામ પામો. અમે પ્રાણાંતે પણ શીલ ખંડન કરશું નહીં. કહ્યું છે કેઃ—

वरं शृंगोत्तुंगाद्गुरुशिखरिणः क्वापि विषमे,
पतित्वायं कायः कठिनदृषदन्तैर्विदलितः ॥
वरं हस्तो न्यस्तः फणिपतिमुखे तीक्ष्णदशने,
वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥१०॥

અર્થ —મોટા [illegible] ઉંચા શિખર ઉપરથી કોઇ [illegible] [illegible] પડે અને આ દેહનો કટકે કટકા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અથવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉત્તમ [illegible] [illegible] [illegible] નહીં. [illegible] કે

[illegible] [illegible] नरव मरण मनः ॥
विधातरवपदरे न्यायः प्रियमायः प्रतीतिमप ॥११॥

અર્થ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહેલું છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રાજા

પ્રતિબોધ પામ્યો નહીં; ઉલટો તે તો તેઓની પ્રાર્થના કરવા લાગ્યો. વાર્યા છતાં પણ જ્યારે તેણે સ્થીરપણાથી ઉભા નહીં રહેતાં બળાત્કાર કરવા માંડયો ત્યારે કુસુમશ્રીએ પોતાની વિદ્યાના બળે કરીને બંધનથી તેને બાંધી લીધો અને લાકડી વિગેરેના પ્રહારથી એવો કુટયો કે જેથી કુનષ્ટ પુરૂષોની પેઠે દીર્ઘકાળસુધી પોષણ કરેલા તેના દાંતો પડી ગયા. અતિ ગાઢ બંધન અને દાંતના પાડી નાંખવા વિગેરેની પીડાથી અત્યંત દુઃખી થએલો મદનવેગ રાજા મનમાં ખેદ કરતો બહુ કરૂણાયુક્ત શબ્દથી રોવા લાગ્યો; પછી કુસુમશ્રીએ " હે રાજન્! તેં પાપનું ફળ જોયું ? હવે આવું કરીશ નહીં. " એમ કહી દયાથી તેને છોડી મૂકયો એટલે અત્યત શોક કરતો, લજ્જાથી નીચું જોતો, પસ્તાવો કરતો અને બહુ વગોવાયેલો તે રાજા પોતાને ઘેર ગયો; ત્યાં તે બાકી રહેલી રાત્રી નિવૃત્ત કરી પ્રભાતે કાંઈ બીકથી વસ્ત્રવડે મુખને ઢાંકી સભામાં આવ્યો.

હવે અહિં હરિબળ પોતાની સ્ત્રીઓનું ચરિત્ર જોઇ ઘરમાંથી બહાર આવી કહેવા લાગ્યો. " અયોગ્ય કાર્ય કરનારા ભૂપતિને તમે એ યોગ્ય શિક્ષા કરી, મૂર્ખ માણસ મુખ ભાગ્યા વિના કયારે પણ પાછો જતો નથી. એ રાજા આવી રીતે કુમાર્ગે ચાલે છે તે અકૃત્યનું કારણ દુષ્ટ બુદ્ધિવાળો મંત્રી છે. કહ્યું છે કેઃ—

वल्लि नरिंदचित्तं, वक्खाणं पाणिअं च महिलाओ ॥
तत्थय वच्चंति सया, जत्थय धुत्तेहिं निज्जंति ॥ १२ ॥

અર્થઃ—વેલ, રાજાનું ચિત્ત, કથા, પાણી અને સ્ત્રીઓ એ સર્વેને ધુર્ત પુરૂષો જ્યાં લઈ જાય ત્યાં નિત્ય જાય છે. ૧૨

જો તે દુષ્ટ પુરૂષ જીવતો રહે તો તે પોતાની પ્રજાને કોઇ પણ પ્રકારે છોડશે નહીં, માટે અનર્થમૂલ એવા તે દુષ્ટને મૂળમાંથી ઉખેડી નાંખવો જોઇએ. આવી રીતે પોતાની બન્ને સ્ત્રીઓની સાથે વિચાર કરી અને સ્મરણ કરવાથી આવી પહોંચેલા દેવતાના પ્રભાવથી પોતાનું દિવ્ય સ્વરૂપ બનાવી તે હરિબળ, ભયંકર આકૃતિને ધારણ કરી રહેલા તે છડીદાર સરખા

દેવના સહિત પ્રભાતે રાજસભામાં ગયો, અને ત્યાં તેણે રાજાના પગમાં પડીને નમસ્કાર કર્યો. સ્વર્ગમાંથી ઉતરેલાની પેઠે તે દિવ્ય રૂપવાળા હરિબળને જોઈ નગરવાસી લોકોસહિત અત્યંત વિસ્મય પામેલો ભૂપતિ વિચારવા લાગ્યો. "મ્હારા પાપીષ્ટ કાર્યને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! નિશ્ચે એનુંજ કાર્ય નિર્દોષ દેખાય છે; કારણ કે મેં તેને પ્રત્યક્ષ જોતાં જોતાં ભસ્મરૂપ બનાવ્યો હતો છતાં તે પાછો આવ્યો."

આ પ્રમાણે વિચાર કરી મદનવેગ રાજાએ હરિબળને કહ્યું."હે મહાસાહસિક! તું અહિં શી રીતે આવ્યો? અને ત્હારો આવો દિવ્ય વેષ કેમ દેખાય છે?" હરિબળે કહ્યું. "હું જેટલામાં અગ્નિથી ભસ્મરૂપ થયો તેટલામાં યમરાજાના સેવકોએ મને તુરત યમરાજ પાસે પહોંચાડ્યો. યમરાજા મ્હારા ઉપર પ્રસન્ન થયા; તેના પ્રભાવથી હું આવો અદ્ભુત દિવ્ય આકૃતીવાળો થયો છું. કારણકે સાહસિક કર્મથી પ્રસન્ન થએલા દેવતા શું શું નથી આપતા? મેં તે યમરાજાની નહિં વર્ણવી શકાય એવી મહા સમૃદ્ધિ જોઈ. તે સમૃદ્ધિને સહસ્ર જિહ્વાથી શેષનાગ પણ વર્ણવી શકે નહીં તો પછી એક જિહ્વાવાળો હું તો શી રીતે વર્ણવી શકું? તે યમરાજાની સંયમિની નામની નગરી છે. ત્યાં તે રાજ્ય કરે છે. તે નગરીમાં નિવાસ કરનારા લોકો હમેશાં દુઃખ રહિત રહે છે. ઇંદ્રાદિ સર્વ દેવતાઓ તેની નિરંતર સેવા કરે છે તો આપણે તેની સેવા કરે તેમાં તો શું કહેવું! વધારે વર્ણન કરવાથી શું? પરંતુ ત્રણ લોક પણ તેને સ્વાધિન છે, એ વખતે આ જે મ્હારી પાસે ઉભેલો છે તે યમરાજાનો ચંડ નામનો પ્રતિહારી છે. યમરાજ જેના ઉપર પ્રસન્ન થયો તેને કલ્પવૃક્ષ સમાન છે અને જેના ઉપર કોપ પામ્યો તેને કાળરૂપ છે. કહ્યું છે કે —

यस्मिन् रुष्टे भयं नास्ति, तुष्टे नैव धनागमः ।
निग्रहानुग्रहौ न स्तः स रुष्टः किं करिष्यति ॥ १३ ॥

અર્થ:—જે માણસના કોપથી બીજાને ભય ઉત્પન્ન થતો

હુમલા થતા નથી તે માણસ ક્રોધ પામે તો પણ શું કરી શકે? અર્થાત્ કાંઇ કરી શકતો નથી.

મેં તે યમરાજની તેવી મહા સમૃદ્ધી દીઠી; તેથી હું મ્હારા નેત્રોનું સફલપણું માનું છું. લોક પણ એમજ કહે છે કે જે વધારે જોયું તે જીવિતથી પણ વધારે સારૂં છે. મહારાજ! મેં આપની આજ્ઞાથી યમરાજનું યુક્તિ વચનવડે આમંત્રણ કર્યું, તે વખતે અતિ પ્રસન્ન થએલા યમરાજાએ મને કહ્યું કે.—"એ યોગ્ય છે, હું ત્યાં આવીશ; પરંતુ એકવાર મદનવેગ ભૂપતિ પોતાના પ્રધાન વિગેરે માણસો સહિત અહિં આવે તો હું તેની યોગ્ય ભક્તિથી પુજા કરીને પછી ત્યાં આવું." પછી યમરાજાએ અતિ દિવ્ય રૂપવાળી કન્યા, સુંદર આભૂષણ અને મનોહર વસ્ત્ર વિગેરે વસ્તુ આપીને મને કહ્યું કે "આ સઘળું રાજાદિને આપજો." કહ્યું છે કેઃ—

द्विषां बंधे वधे युद्धे, दुर्गग्राहे गृहे महे ॥
क्लिश्यंते सेवकाः किंतु, नेतुरेवाखिलं फलम् ॥ १४ ॥

અર્થઃ—શત્રુઓને બંધન કરવામાં, શત્રુઓનો વધ કરવામાં, યુદ્ધમાં, દુર્ગગ્રહણ કરવામાં, અને ઉત્સવમાં સેવક લોકો કલેશ પામે છે એ સઘળું કેવળ અધિકારીનું ફળ છે.

"હે હરિબળ! ત્હારા ભૂપતિને પરિવાર સહિત અહિં મોકલજે." એમ કહી યમરાજાએ મને અહિં મોકલ્યો છે. વળી યમરાજાએ આપને બોલાવવા માટે, અને માર્ગ દેખાડવા માટે અને બહુ માન દર્શાવવા માટે મ્હારી સાથે આ પોતાના પ્રતિહારીને મોકલ્યો છે. હે સ્વામિન્! આ દિવ્ય પ્રભાવવાળા પ્રતિહારીએ મને વેગથી અહિં આણ્યો છે, માટે તેનીજ સાથે આપ યમરાજાના નગર પ્રત્યે જાઓ; કારણકે સજ્જન પુરૂષો પરોપકાર કરવામાં તત્પર હોય છે." પછી પ્રતિહારી (દેવતા) એ પણ [illegible] બળના કહેવા પ્રમાણે ભૂપતિને સર્વ સમાચાર ક[illegible] કારણકે દેવતા કહે [illegible] છે. દેવતાએ કહેલા [illegible] પ્રધાન સહિત ભૂ [illegible] ગુપ્ત વિ-

ચારને અગ્રે જાણી શકવાને સમર્થ થતા નથી તો પછી માણસો તે શી રીતે સમજે થાય !

પછી લોભથી આતુર વ્યાકુળ થએલા મનવાળો ભૂપતિ નગરવાસી લોકોસહિત કહેવા લાગ્યો કે "હે હરિબળ ! મને યમરાજની નગરીમાં જવાનો બહુ ઉત્સાહ થયો છે; માટે નગરની બહાર મ્હોટી જાજલ્યમાન ચિતા કરાવો કે જેમાં પ્રવેશ કરીને હું આ નાગરીક લોકોસહિત ઝટ યમરાજની નગરીમાં જાઉં." પછી હરિબળે રાજાની આજ્ઞા પ્રમાણે ચિતા તૈયાર કરાવી, તેમાં નગરવાસી લોકોસહિત રાજા જેટલામાં પ્રવેશ કરવા તૈયાર થયો તેટલામાં હરિબળે વિચાર્યું કે "મેં આ શો વૃથા અનર્થ આરંભ્યો ! એક પંચેંદ્રિય જીવ હણવાથી પણ નરકમાં પડવું પડે છે. શ્રાવકોને કોઇ અપરાધી જીવ મારવો હોય તો તે કદાપી યોગ્ય છે, પરંતુ અપરાધ રહિત જીવને મારવો યોગ્ય નથી. હવે આ નિરપરાધી જીવોને બચાવવાનો શો ઉપાય થાય ? આ પ્રમાણે હરિબળ વિચાર કરતો હતો એવામાં પ્રતિહારી દેવતાએ રાજાને કહ્યું. "હે રાજન્ ! તમે ઉતાવળ કરી આ પ્રાપ્ત થએલા કૃપાને હારી જશો નહીં, જો તમારે કૃપાની ઇચ્છા હોય તો મ્હારા કહેવા પ્રમાણે કરો. અમારો મહારાજા અતિ વિષમ છે માટે ત્યાં યોગ્ય રીતે જવું જોઇએ, તો જે પુરૂષ આપને માન્ય હોય તેને પ્રથમ મોકલો અને પછી આપ જાઓ." પ્રતિહારી દેવતાનાં આવાં વચન સાંભળી કુમંત્રી વિચારવા લાગ્યો. "પ્રથમ જવાથી મને પૂર્ણ કલ્પિત કૃપા પ્રાપ્ત થશે. કારણ કે કોઇ સ્થાનકે આગળથી જનારાને સંપત્તિની પ્રાપ્તિ અને કોઇ સ્થાનકે પાછળથી જનારાને વિપત્તિનો લાભ થાય છે. કોઇ વખતે ધૂર્ત અને કોઈ વખતે બુદ્ધિમાન પોતાના કાર્યને સાધે છે. કહ્યું છે કેઃ—

दाने पाने शयने, व्याख्याने भोजने सभास्थाने ॥
क्रयविक्रयंगनिपिते, राजकुले पूर्णकुम्भाद्यः ॥ १८ ॥

અર્થઃ-દાન, પાન, શયન, વ્યાખ્યાન, ભોજન, સભા-

સ્થાન, ખરીદ, વેચાણ, પરણો અને રાજકુળ એટલાને વિષે જે પહેલો જાય તેને પૂર્ણ લાભ થાય છે. વળી

शून्येऽरण्ये भवने, ग्रामे तोये वने च संग्रामे ॥
आरोहेऽप्यवरोहे पुरस्सरेन्न पथि रात्रौ च ॥ १६ ॥

અર્થ:—શૂન્ય અરણ્યમાં, શૂન્ય મંદિરમાં, શૂન્ય ગામમાં, પાણીમાં, વનમાં, સંગ્રામમાં, ઉંચે ચડવામાં, નીચે ઉતરવામાં, માર્ગે ચાલવામાં, અને રાત્રીને વિષે આગળ ચાલવું નહીં."

આ પ્રમાણે વિચાર કરી પ્રધાને કહ્યું. "મહારાજ! હું આ પ્રતિહારીની સાથે આગળથી જાઉં છું." ભૂપતિએ આજ્ઞા આપી, તેથી પ્રધાન પોતાને કૃતાર્થ થયો માની બહુ હર્ષ પામ્યો. પછી જેટલામાં યમરાજાના પ્રતિહારી (જલાધિષ્ટીત દેવતા) એ જ્વાજલ્યમાન અગ્નિમાં પ્રવેશ કર્યો તેટલામાં તેની પાછળ દુષ્ટબુદ્ધિવાળા પ્રધાને પણ હર્ષથી પ્રવેશ કર્યો. પ્રધાન તત્કાળ ભસ્મ રૂપ થયો તેને જોઇ અત્યંત હર્ષિત થએલો રાજા પણ પતંગની પેંઠે અગ્નિમાં ઝંપલાવા તૈયાર થયો, તેને હરિબળે દયાથી ઝટ હાથવડે પકડી લીધો એટલે રાજાએ કહ્યું કે:-"તું મને શુભકાર્યમાં વિઘ્ન ન કર." હરિબળે કહ્યું. "નરનાથ! સ્વસ્થ થઈ એક મ્હારૂં વચન સાંભળો. કોઇ પણ પુરૂષ અગ્નિમાં પડવાથી જીવે છે એમ તમારે ન જાણવું, પરંતુ મેં તે એક નાટક પ્રગટ કર્યું છે. આ દુષ્ટ મંત્રીએ તમારી સાથે ખરાબ મસલત કરી કૂડ પ્રપંચથી મને બહુવાર પ્રાણાંત સંકટમાં નાખ્યો છે. વળી હે નૃપ! એ કુમંત્રીની દુષ્ટ બુદ્ધિથી તમે પણ દાંત પડવાદિ બહુ દુઃખો સહન કર્યા છે. કહ્યું છે કે:-

मा जीविउ मो पुरिसो, जो कुमइं देइ वीससंताणं ॥
जो परवंचननिउणो, परपणमहिलारइ जो य ॥ १७ ॥

અર્થ:—જે વિશ્વાસવાળા માણસોને દુષ્ટ બુદ્ધિ આપે છે, બીજાઓને છેતરવામાં નિપુણ હોય છે અને પરસ્ત્રીને વિષે પ્રીતિ ધરનારા હોય છે, તે માણસો આ વિશ્વમાં ન જીવો. વળી

किकुज्ज अज्जानिवो जत्य कुमंती कमंत करणपरो ॥
दुहावि कुणइ सो किं जत्य सुमंती सुमंतपरो ॥ १८ ॥

અર્થઃ—જ્યાં દુષ્ટમંત્રી ખરાબ મસલત કરવામાં તત્પર હોય ત્યાં સારો રાજા શું કરી શકે? અને જ્યાં શ્રેષ્ઠ મંત્રી ઉત્તમ મસલત કરવામાં તત્પર હોય ત્યાં દુષ્ટ રાજા શું કરી શકે?

આ હેતુથી મેં તે ક્રમ કરીને ઉપાય રચી જ્વાજલ્યમાન અગ્નિમાં [illegible] હોમ્યા. કારણકે વ્યાધિ, વિષવૃક્ષ અને દુર્જન એ ત્રણને કોઇ પણ ઉપાયથી તત્કાળ છેદી નાખવા જોઇએ. તમે મ્હારા રાજા છો તો અગ્નિમાં પડતા એવા આપની હું કેમ ઉપેક્ષા કરૂં? કારણ સ્વામીનો દ્રોહ કરવો એ મહા પાપ છે."

હરિબળનાં આવાં વચન સાંભળી અત્યંત શંકા પામેલો રાજા મનમાં [illegible] વિચાર કરવા લાગ્યો કે "હાય હાય! મ્હારૂં સર્વ દુરા-[illegible] આના જાણવામાં આવ્યું." આવા વિચારથી લજ્જાવડે [illegible] પામેલો નૃપતિ નીચું મુખ કરી મૂર્છા નહિ પામ્યા છતાં [illegible] પામ્યાની પેઠે સ્થીર થઇ ગયો.

[illegible] હરિબળે તેવા તેવા અતિ મધુર વચનથી તે લજ્જા પામેલા [illegible]ને શાંત પમાડ્યો. સુજનોનો એવો સ્વભાવ [illegible] મનમાં અપકાર કરનારા ઉપર પણ દયા કરે છે. [illegible] હરિબળ! ત્હારી આવી મહાશક્તિ શાથી [illegible] કહ્યું. "એ સર્વ મ્હારા ઉપર પ્રસન્ન થએલા [illegible] છે. મ્હારૂં નથી." હરિબળનાં આવાં વચન [illegible] મનમાં અત્યંત વિસ્મય પામેલો રાજા હરિબળ [illegible] વારંવાર ઘણો તેના ચરિત્રનું સ્મરણ કરતાં [illegible] કે મેં તેનો આટલો બધો અપરાધ કર્યા [illegible] હરિબળે મને મારી મૂક્યો નહીં. [illegible] નહીં; તેથી તે ખરેખર મ્હારો [illegible] હરિબળની પ્રશંસા અને પોતાની નિંદા [illegible] પામેલાની પેઠે [illegible] અને સર્વ નગરવાસી લોકો પણ [illegible] આવાનો [illegible] પૂર્ણ ન થવાને [illegible]

અને હરિબળનું આશ્ચર્યકારી ચરિત્ર જોઈ તેની પ્રશંસા કરતા પોતપોતાને ઘેર ગયા; તે દિવસથી રાજા મદનવેગના ચિત્તમાં કોઈ અપૂર્વ ગાઢ વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તેને સર્વ રાજ્ય અપ્રિય લાગ્યું. પછી રાજા મદનવેગે ઉપકારી એવા હરિબળ સાથે પોતાની પુત્રીનો મ્હોટા ઉત્સવથી વિવાહ કર્યો, હસ્તમેળાપ વખતે તેણે સર્વ રાજ્ય સંપત્તિ હરિબળને આપી પોતે ગુરૂ પાસે ઉત્તમ શિક્ષારૂપ ચારિત્ર ગ્રહણ કર્યું; પછી નિરતિચારપણે ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી છેવટ કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી મેળવી તે મદનવેગ રાજા મોક્ષ પામ્યો.

હવે કાંચનપુરનો રાજા વસંતસેન પોતાની પુત્રી વસંતશ્રીની શોધ કરતો હતો, એવામાં તેણે લોકવાર્તાથી હરિબળનું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળ્યું. કહ્યું છે કેઃ—

वार्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ॥
तैलस्य बिंदुरिव वारिणि दुर्निवार-
मेतत्त्रयं प्रसरतीति किमत्र चित्रम् ॥ १९ ॥

અર્થઃ—આશ્ચર્યકારી વાર્તા, નિર્મળ વિદ્યા અને કસ્તુરીનો સર્વોત્કૃષ્ટ સુગંધ એ ત્રણ પાણીમાં પડેલા તેલના ટીંપાની પેઠે પ્રસરી રહે છે. એમાં આશ્ચર્ય શું?

પછી વસંતસેન રાજાએ વિચાર કરી પ્રધાન વિગેરે પુરૂષોને પોતાની પુત્રીને અને જમાઇ એવા હરિબળને તેડવા માટે મોકલ્યા, હરિબળ રાજા પણ પોતાની મહાસેનાથી શત્રુઓનો પરાભવ કરતો ત્રણ સ્ત્રીઓસહિત કાંચનપુર નગરે આવ્યો, ત્યાં વસંતસેન મહારાજાએ તેને મહોત્સવથી નગરમાં પ્રવેશ કરાવ્યો; પિતા, માતા અને સ્વજનવર્ગે વસંતશ્રીની પ્રશંસા કરી; પછી અતિ હર્ષિત એવા વસંતસેન ભૂપતિએ પ્રેમપાત્ર એવા પોતાના જમાઈ હરિબળને પોતાનું રાજ્ય આપ્યું અને પોતે સ્ત્રીસહિત દીક્ષા લઇ કર્મના મળથી મુક્ત થઈ નિરાબાધ એવા મુક્તિસુખને પામ્યો.

પછી શત્રુઓના સૈન્યરૂપ પર્વતોને તોડી પાડવામાં વજ્ર સમાન હરિબળ પુણ્યબળથી બસે રાજ્યનું પાલન કરવા લાગ્યો. રાજકન્યાઓ તેને પટરાણીઓ હતી, એ વિના બીજી પણ રાજકન્યાઓને તે પરણ્યો હતો. તે બધી સ્ત્રીઓની સાથે જેવી રીતે દેવલોકમાં ઈંદ્ર અપ્સરાઓની સાથે ભોગ ભોગવે તેવી રીતે ભોગ ભોગવતો હતો.

એક દિવસ વનપાળે આવીને સભામાં બેઠેલા હરિબળ ભૂપતિને વધામણી આપી કે "હે સ્વામિન્! આપના ઉદ્યાનમાં સુગુરૂ ધર્માચાર્ય આવેલા છે." સુગુરૂનું આગમન સાંભળી બહુ હર્ષિત થએલા ભૂપતિએ તેને વસ્ત્રાભરણાદિ આપી બહુ સંતોષ પમાડ્યો. પછી પોતે ગુરૂને વંદન કરવા માટે મ્હોટા ઉત્સવથી ઉદ્યાનમાં ગયો, ત્યાં તેણે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ગુરૂને પ્રણામ કરીને વિનતિ કરી કે "હે સ્વામિન્! અતિ હીનદશામાં ઉત્પન્ન થએલો હું આપના પ્રસાદથી આ પ્રકારની અતુલ સમૃદ્ધિ પામ્યો છું; માટે પ્રસન્ન થઈ મને [illegible] આપનારો ધર્મોપદેશ આપો, કે જેથી હું અનંતસુખનો ભોગવનારો થાઉં." આ પ્રમાણે કહી ચરણમાં પડેલા હરિબળને [illegible] કહ્યું કે, "હે રાજન્! તને ધન્ય છે કે જે ત્હારી આ [illegible] કહ્યું છે કે:—

केचिद्भोजनमार्गनिर्णयधियः केचित्पुरंध्रीपराः,
केचिन्मान्यविलेपनैकरसिकाः केचिद्वगीतोन्मुखाः ।
केचित् [illegible]गन्धरागनसादिवद्वादराः,
केचिद्धानमोक्षपानरसिका धन्यास्तु धर्मे रताः ॥२०॥

અર્થ — [illegible] કેટલાક ભોજનની રચનામાં અતિ ગાઢબુદ્ધિવાળા હોય [illegible] સ્ત્રીઓને વિષે તત્પર હોય છે; કેટલાક પુષ્પ અને [illegible] લેપન કરવામાં પ્રીતિવાળા હોય છે; કેટલાક [illegible] આદરવાળા હોય છે; કેટલાક [illegible] [illegible] વિશેષમાં આદરવાળા [illegible]

અશ્વ, ગજ, બળદ અને વાહનઉપર રસિક હોય છે; પરંતુ જેઓ ધર્મને વિષે પ્રીતિવાળા છે તેઓનેજ ધન્ય છે.

હે રાજન્! ધર્મના બે ભેદ છે. એક યતિધર્મ અને બીજો શ્રાવકધર્મ. આ પ્રમાણે ધર્મના બન્ને ભેદ જિનેશ્વરે કહ્યા છે, એ બન્ને પ્રકારના ધર્મનું મૂળકારણ જીવદયા જાણવી, તે જીવદયાને પાળવા માટે કેટલાક પુરૂષો સર્વવિરતિ (ચારિત્ર) ને વિષે રાગ કરે છે; કારણ કે તે સર્વવિરતિ વિના જીવદયાનું આરાધન થઈ શકતુ નથી. જે પુરૂષ યતિધર્મ પાળવા સમર્થ નથી તે, સમ્યકત્વસહિત શ્રાવકધર્મને શુદ્ધ પરિણામથી ઉત્તમ રીતે પાળે છે. વળી જીવદયા છે મૂળ કારણ જેનું એવો તે શ્રાવક ધર્મ પણ બાર પ્રકારનો છે, એમ જિનરાજે કહ્યું છે. ”

આવો સુગુરૂનો ધર્મોપદેશ સાંભળી રાજા હરિમિત્ર અતિ હર્ષિત થયો અને તેણે પ્રથમ સમ્યકત્વદર્શનપૂર્વક અણુવ્રત ગ્રહણ કરીને બાકીના સર્વે મૃષાવાદ વિરમણાદિ વ્રતો શક્તિ પ્રમાણે સ્વીકાર્યાં. ત્યાર પછી તે ગૃહસ્થધર્મને અંગિકાર કરી અને ગુરૂનાં ચરણને નમસ્કાર કરી હર્ષ પામતો છતો પોતાના નગરમાં આવ્યો.

હવે હરિમિત્ર નિરંતર ઉત્તમ પ્રકારે ધર્મારાધન કરવા લાગ્યો, તેણે પડહ વગડાવી પોતાના દેશમાં અમારી પ્રવર્તાવી અને માણસોને રત્નપ્રભાદિ સાત નરકોના દુઃખ આપનારા દ્યુતાદિ સાત વ્યસનોને દૂર કર્યાં; ત્યાર પછી તેણે પૃથ્વીમાં રહેલા અમૃતરસથી રોગાદિ ઉપદ્રવોને દૂર કરી લોકો ઉપર બહુ ઉપકાર કર્યો. કહ્યું છે કે મેઘાનું જળ, ચંદ્રનું તેજ, વૃક્ષોના ફૂલોનો સમૂહ અને સત્પુરૂષોનું આચરણ એ સર્વે મર્ત્ય લોકોને સામાન્યતાથી ઉપકાર કરનાર છે. વળી તેણે પોતાના દેશના નાના જિનમંદિરોથી સુશોભિત કરાવ્યા. આવી રીતે ધર્મને મંગલના અંગ તે હરિમિત્રે પુણ્ય અને નિપુણપણાથી પોતાનું રાજ્ય એક છત્ર (ચક્રવર્તી) સરખું બનાવ્યું.

એક દિવસ ગુણવંત ગુરૂ તેના ઉદ્યાનને વિષે સમવસર્યા, ત્યારે રાજા હરિમિત્ર તેમને વંદના કરવા માટે હર્ષથી ઉદ્યાનમાં

ગયા. ત્યાં તેણે ગુરૂના મુખથી ધર્મદેશના સાંભળીને વૈરાગ્યવાસીત થઇ ત્રણ સ્ત્રીઓસહિત દીક્ષા લીધી. પછી ઉત્તમ પ્રકારે જિનેશ્વરના ધર્મનું આચરણ કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી હરિબળ રાજર્ષિ શાશ્વત એવા મોક્ષસ્થાનમાં ગયા.

ઇતિ હરિબળની કથા.

(શ્રી મહાવીર પ્રભુ કહે છે કે)—હે ભવ્યજનો! તમે આ હરિબળના ચરિત્રનો મનમાં વિચાર કરી જીવદયારૂપ પ્રથમ વ્રતને વિષે ઉદ્યમ કરો. શ્રી જિનવરના મુખથી આવાં વચન સાંભળી હર્ષિત થએલા આણંદ શ્રાવકે શ્રાવકના ભાંગે કરીને પ્રથમ અણુવ્રત આદર્યું. તે આ પ્રમાણે. "હે નાથ! હું નિર- [illegible] ત્રસ જીવોને નહિં હણું. તેમ અપરાધી એવા ત્રસ જી- [illegible] પણ નહિં હણું. વળી પૃથ્વીકાય [illegible] જીવોની યતના પણ કરીશ [illegible] પાંચ અતિચાર [illegible] ." આ પ્રમાણે આણંદ શ્રાવકે બા- [illegible] અણુવ્રત ગ્રહણ કર્યું. તેના આગળના બનવાને પાતે [illegible] પ્રમાણે—

[illegible] सयणोवासगे पढमं [illegible] संकप्पओ आरंभओ अ न घर [illegible] पञ्चक्खाइ आरंभओ [illegible] समणोवासएणं. पच [illegible] अइयारा [illegible] उविरुद्ध अ- [illegible]

[illegible] સ્થૂલ એવા પ્રાણાતિપાતનું પચ્ચખાણ [illegible] છે. એક [illegible] પ્રાણાતિપાતનું [illegible] પચ્ચખાણ કરતા નથી. શ્રાવક તેના [illegible]

પાંચ અતિચાર જાણવા, પરંતુ આચરવા નહીં. તે અતિચાર આ પ્રમાણેઃ—

૧ ત્રસ જીવોને નિર્દયપણે ચાબકવડે પ્રહાર કરવો. ૨ દોરડા વિગેરેથી નિર્પેક્ષપણે દૃઢ બાંધવા. ૩ શસ્ત્રવડે નાક, કાન, શૃંગ વિગેરે કાપવાં. ૪ બળદ વિગેરેની પીઠ ઉપર ન ઉપાડી શકે તેટલો ભાર ભરવો. ૫ અવસર થયે પણ અન્ન, જળ, ઘાસ ન આપવાં.

જીવોને ઉપર કહેલા પાંચ અતિચાર કરનારો શ્રાવક પહેલા વ્રતની વિરાધના કરે છે. બીજા વ્રતમાં જે પુરૂષો આ સંસારને વિષે સત્ય વચન બોલે છે, તેઓ ત્રણ ભુવનના જીવોને નિશ્ચે વખાણવા લાયક થાય છે. જે પુરૂષ પ્રાણાંતે પણ અસત્ય વચન નથી બોલતો, તેની દેવતાઓ પણ હંસરાજાની પેઠે પ્રસંસા કરે છે.

મૃષાવાદરૂપ બીજા વ્રત ઉપર

હંસરાજાની કથા.

આ ભરતક્ષેત્રને વિષે રાજપુર નામનું નગર છે, (જેમ ઇંદ્ર સ્વર્ગપુરીને વિષે રાજ્ય કરે છે તેમ) તે નગરને વિષે હંસ નામનો રાજા રાજ્ય કરતો હતો; ઉત્તમ રીતે જિનેંદ્રના ધર્મનું આરાધન કરતો એવો તે રાજા બીજા મૃષાવાદ વિરમણવ્રતને વિશેષે મ્હોટા ઉદ્યમથી આરાધતો હતો. હવે રત્નશૃંગ નામના પર્વત ઉપર ઉત્તમ પુરૂષોએ સ્થાપન કરેલું શ્રી આદિનાથનું મંદિર છે, ત્યાં ચૈત્ર માસની પુનમને દિવસે યાત્રા નિમિત્તે બહુ લોકો એકઠા થયા હતા, તે વખતે હંસરાજા પણ પ્રધાનને રાજ્યનો ભાર સોંપી પોતે થોડા પરિવાર સાથે લઇ જિનધર્મની પ્રભાવના કરતો હર્ષથી યાત્રા કરવા ચાલ્યો. એવો કયો ધન્ય પુરૂષ હોય કે જે સમીપે આવેલા ધર્મકાર્યમાં વિલંબ કરે ?

ખશી એવો વિચાર કરી પોતાના છત્રધરને સર્વે ઉત્તમ વસ્ત્રાદિ વસ્તુઓ આપી પોતે એકલો તીર્થયાત્રા તરફ ચાલી નિકળ્યો.

રસ્તામાં એક મૃગ રાજાની આગળ થઇ નાસી ગયો, તેની પાછળ કોઇ એક ભિલ્લ હાથમાં બાણ ચડાવેલા ધનુષ્યને ધારણ કરતો છતો રાજાની પાસે આવી કહેવા લાગ્યો.-" આ ગહન વનમાં બહુ પાંદડાં પડેલાં છે માટે હું મૃગનાં પગલાં દેખી શકતો નથી, માટે હે સત્પુરૂષ! તે મૃગ ત્હારી આગળથી નાસી જઇને વનના કયા કુંજમાં પેસી ગયો છે તે મને કૃપા કરીને કહે? કારણકે તે મૃગ મ્હારી ભક્ષ્ય વસ્તુ છે." તેવારે રાજા વિચાર કરવા લાગ્યો. "જો હું સત્ય કહીશ તો મૃગનો વધ થશે અને અસત્ય કહીશ તો વ્રતનો ભંગ થશે, માટે એને બુદ્ધિના બળથી સમજાવું." આ પ્રમાણે વિચાર કરી રાજાએ કહ્યું. "હે ભિલ્લ! તું મન વાર્તા પુછે તો હું તને કહું છું કે માર્ગમાં ભૂલો પડવાને લીધે હું અહિં આવી ચડ્યો છું." ભિલ્લે કહ્યું. "અરે! હું એમ પુછું છું કે મૃગ કેની તરફ ગયો તે મને કહે?" રાજાએ ફરી કહ્યું. "હે મહાભાગ! મ્હારૂં નામ હંસ છે." ભિલ્લે કહ્યું. "અરે! તને ત્હારૂં નામ કોણ પુછે છે? હું તો એમ પુછું છું કે મૃગ કેની તરફ ગયો?" ત્યારે રાજાએ કહ્યું. "મ્હારૂં ઘર ગાજપુરમાં છે." તેવારે ભિલ્લે ક્રોધ કરીને કહ્યું. "અરે મૂઢ! હું જે પુછું છું તે કહે, બીજું બાજુ શામાટે બોલે છે!" રાજાએ કહ્યું "- તું મ્હારૂં કુળ પુછતો હોય તો હું ક્ષત્રિય કુળનો છું." ભિલ્લે કહ્યું. "શું તું બહેરો છે?" રાજાએ કહ્યું. "હું જે માર્ગે મને જવાનું કહ્યું તે માર્ગે હું જતો." તેથી ભિલ્લે કહ્યું. "તને બહુ નમસ્કાર હોય, તું જા." એમ કહીને નિરાશ થએલો ભિલ્લ પોતાને સ્થાને ગયો અને પુણ્યવાન એવો રાજા પણ કોઇ બીજા આશ્રમ તરફ ચાલ્યો. થોડે દૂર ગયો એવામાં તેને એક મુનિ મળ્યા. તેવા તે મુનિને વંદના કરી આગળ પ્રયાણ કર્યું, એવામાં તેને કેટલાક નગરજનો એ ભિલ્લો સામા મળ્યા; તે ભિલ્લોએ રાજાને કહ્યું કે "હે મુસાફર! આ વનમાં ચાર નામના પલ્લીપતિ રહે છે, તે આજે બહુ દિવસે કેટલાક ચોરોને

જ્યાં સુધી અલ્પ પરિવારવાળો સંઘપતિ નાસી જાય." આ વાં વચન પોતાની સમીપે વૃક્ષની લતામાં સંતાઈ રહેલા બહુ ચોરોનાં સાંભળી શોકથી વ્યાપ્ત થએલો રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ ચોરો અહિં વિશ્રામ કરવા રહેલા છે, તેઓ નિશ્ચે સંઘને લુંટી અનર્થ કરશે; વળી સંઘમાં સાધુ સાધ્વી વિગેરે હશે તેમને પણ દુઃખ પમાડશે. પૂર્વે ધર્મરૂચિ નામના અનગારને આ ચોર લોકોએ લુંટયો છે, તો હું એકલો એ સંઘનું શી રીતે રક્ષણ કરી સકીશ ?" આ પ્રમાણે વિચાર કરતો એવો રાજા જેટલામાં ત્યાંજ બેઠો છે તેટલામાં દીવીવાળા માણસોસહિત કેટલાક આયુદ્ધધારી સુભટો ત્યાં આવી પહોંચ્યા, તેમાંના કેટલાકે રાજાને જોઇને કહ્યું કે "આ ચોર છે." અને કેટલાકે તેનું રૂપ જોઇને કહ્યું કે "એ ચોર નથી પણ કોઇ મહાપુરૂષ છે." પછી સુભટોએ રાજાને પુછયું કે "હે સત્પુરૂષ! તેં કોઇ પણ ચોરને વાતો કરતા સાંભળ્યા અથવા જતા દીઠા છે? તે સંઘને લુંટનારા સંભળાય છે, જો ત્હારા જાણવામાં હોય તો કહે. કેમકે અહિંથી ૪૦ યોજન ઉપર શ્રીપુર નામનું નગર છે, ત્યાંના રિપુમર્દન રાજાએ સંઘનું રક્ષણ કરવા માટે અને ચોરોનો વધ કરવા માટે અમને મોકલ્યા છે; માટે જો તું જાણતો હોય તો અમને કહે; જેથી હે મહાભાગ! અમે તે ચોરોને મારી નાંખી યશ અને સંઘને રક્ષણ કરવાનું પુણ્ય મેળવીએ."

સુભટોનાં આવાં વચન સાંભળી હંસ રાજા વિચાર કરવા લાગ્યો કે "જો હું સત્ય કહું તો તે ચોરોના વધનું પાપ મને લાગે અને જો આ સુભટોને ચોરો ન દેખાડું તો તે ચોરો સંઘને ઘાત કરવાનું પાપ મને આપશે, માટે હવે હું શું કરૂં? રાજા આવી રીતે વિચાર કરતો હતો તેવામાં તેને યુક્તિ સુઝી આવી, તેથી તેણે સુભટોને કહ્યું:-"હે સુભટો! મેં ચોરોને દ્રષ્ટિથી જોયા નથી, પરંતુ તમારે સંઘની પાસે જતા વિલંબ કરવો યોગ્ય નથી; તમે ત્યાં જઇ સંઘનું રક્ષણ કરો. તે ચોરો પણ ત્યાં આવશે. જો તમે ઝટ સંઘની પાસે જઇ પહોંચશો

દ્રવ્યને ન ગ્રહણ કરવાનો નિયમ લીધો છે, તે પુરૂષોને લક્ષ્મીપુંજની પેઠે સર્વ પ્રકારની સંપત્તિ આવી મળે છે." પ્રભુનાં આવાં વચન સાંભળી આણંદ શ્રાવકે પૂછ્યું:-"હે ભગવન્! તે લક્ષ્મીપુંજ કોણ હતો? તેણે ત્રીજું અદત્તાદાન વ્રત શી રીતે ધારણ કર્યું હતું? અને તે અચળ લક્ષ્મી શી રીતે પામ્યો?" તેવારે પ્રભુએ કહ્યું. "હે આણંદ! જગતને આશ્ચર્યકારી એવું તે લક્ષ્મીપુંજનું ચરિત્ર સાવધાન મનથી સાંભળ.

અદત્તાદાનરૂપ ત્રીજા વ્રત ઉપર

લક્ષ્મીપુંજની કથા.

આ ભરતક્ષેત્રને વિષે પોતાની સમૃદ્ધિથી સર્વ નગરોને નિસ્તેજ કરનારૂં હસ્તિપુર નામનું નગર છે, ત્યાં અતિ દરિદ્રી અને જિનધર્મી એવો કોઇ સુધર્મ નામનો વણિક રહેતો હતો. જીવાદિ નવ તત્વનો જાણ એવો તે વણિક કોડી કોડીની કાંઈ કાંઇ વસ્તુ વેચીને હમેશાં દુ:ખથી પોતાની આજીવિકા કરતો હતો, તેને બહુ ગુણવાળી ધન્યા નામની સ્ત્રી હતી.

એક દિવસ તે ધન્યાએ સ્વપ્નામાં પાંડરે પાંડરે વિવિધ પ્રકારની મહા સમૃદ્ધિથી દેદીપ્યમાન, દેવતાએ કરેલા નાટક અને ગીત વિગેરેથી પ્રસન્ન મુખવાળી, કમળ ઉપર બેઠેલી અને જિનરાજનું પૂજન એવી લક્ષ્મીદેવીસહિત એક કમળનું તળાવ દીઠું. રાત્રીમાં આવું સ્વપ્ન જોઇ જાગી ગએલી અને હર્ષ પામેલી ધન્યાએ તરત તે વાત પોતાના પતિને કહી. તેવારે પતિએ કહ્યું:-હે પ્રિયા! તને ગુણવાન, શ્રીમાન, કલ્યાણકારી, જિનેશ્વરનો ભક્ત, દારિદ્રને દૂર કરનાર અને મ્હોટી કીર્તિવાળો પુત્ર થશે." પતિનાં આવાં વચન સાંભળી પોતાના આત્માને ધન્ય માનતી એવી તે ધન્યાએ બાકીની રાત્રી શ્રીજિનેશ્વરના ગુણ ગાવામાં ગાળી. બીજે દિવસે ગર્ભના પ્રભાવથી સુધર્મ વણિકને વેપાર

મ્હોટો થવા લાગ્યો. વળી દુઃખનો લેશ પણ ન ઉત્પન્ન થવાથી ને બાળક ક્યારે પણ રોતો નહિ, તેથી તેનાં માતા પિતા હમે શાં સુખી રહેતાં. હવે સવ પ્રકારની કલાઓનો અભ્યાસ કરતો અને બીજના ચંદ્રની પેઠે વધતો એવો તે પુત્ર અનુક્રમે સર્વે લોકોનાં નેત્રને પ્રિય થઈ પડયો. પછી આઠ દિશામાંથી આવેલા આઠ શેઠીયાઓએ પોતપોતાની પુત્રી તે લક્ષ્મીપુંજ સાથે પરણાવી. ઉત્તમ રૂપવાળા લક્ષ્મીપુંજે રત્નથી બનાવેલા ભુવનમાં નિવાસ કરવાથી તાપ, તડકો, અંધકાર વિગેરે 'કાંઇપણ જાણ્યું' નહોતું. વળી લોકમાં જે જે પ્રીતિ કરનારી વસ્તુ હતી તે તે સર્વ તેણે ભોગવી હતી અને જે જે દુઃખ કરનારી વસ્તુ હતી તે તે તેણે સ્વપ્નમાં પણ દીઠી નહોતી. પોતાની સ્ત્રીઓએ કરેલા ગીત ગાયનને સાંભળવાથી જેને અનહદ આનંદ ઉત્પન્ન થતો હતો એવા તે લક્ષ્મીપુંજે અનુત્તર દેવલોકમાં નિવાસ કરનારા દેવતાની પેઠે સુખમાં ગયેલા બહુ કાળને જાણ્યો નહીં.

એક દિવસ સધ્યામાં સુતેલો લક્ષ્મીપુંજ "મને આ અચિંતવેલી ભોગસંપત્તિ શાથી મળી?" એવો વિચાર કરતો હતો, એવામાં દિવ્ય શરીરવાળો અને દિવ્ય વસ્ત્ર તથા ઘરેણાથી સુશોભિત એવો કોઇ દેવતા પ્રગટ થઇ તેની આગળ હાથ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યોઃ—

મનોહર ગુણસમૂહરૂપ કલ્પવૃક્ષના વનરૂપ હે લક્ષ્મીપુંજ! અહિંથી કેટલેક દૂર અબિરત્નોના સમૂહથી ભરપૂર એવું લક્ષ્મીપુર નામનું નગર છે, ત્યાં ગુણંધર નામનો સાર્થવાહ વસે છે. એક દિવસ કાંઇ કાર્ય નિમિત્તે વનમાં ગયેલા તે બુદ્ધિમાન ગુણંધર સાર્થવાહે એક મુનિને દીઠા, તે વખતે શાંત એવા વિદ્યાધરો તેમની આગળ બેસીને ધર્મ સાંભળતા હતા, ત્યાં ગુણંધર સાર્થવાહ પણ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક મુનિને નમસ્કાર કરી તેમની આગળ બેઠો. તેવારે મુનિએ કહ્યું:–"હે ભવ્યજનો! આ સંસારમાં પરદ્રવ્યહરણ (ચોરી) મૃત્યુથી પણ અધિક દુઃખ આપનારી છે; માટે પુણ્યના અર્થી પુરૂષોએ ક્યારે પણ ચોરી કરવી નહીં." મુનિનાં આવાં વચન સાંભળી વિદ્યાધરોની સ-

ભામાં અતિ પવિત્ર આત્માવાળા ગુણધર સાર્થવાહે ગુરૂપાસે અદત્તાદાન વિરમણ વ્રત લીધું. પછી તે ગુરૂને નમસ્કાર કરી નગરમાં આવ્યો.

કોઇ એક દિવસ ગુણધર સાર્થવાહ ધન મેળવવાની ઇચ્છાથી સાથ તૈયાર કરી પાંચસેં ગાડાં સાથે લઇ પરદેશ જવા નિકળ્યો, અનુક્રમે સાર્થ એક મ્હોટા અરણ્યમાં આવી પહોંચ્યો; જો કે ગુણધર સાર્થવાહ ઘોડા ઉપર બેસતો હતો, તો પણ તે આ વખતે કુંથુ [illegible] હણવાના ભયથી પગે ચાલતો હતો. આગળ જતાં તેણે પૃથ્વી ઉપર પડેલી અને લાખ દ્રવ્યની કીંમતવાળી એક મણિમાળા દીઠી, પરંતુ તે તેણે મનના [illegible]ગથી લીધી નહીં, તેમ તેના સામું પણ જોયું નહીં. વળી "શું સાર્થ દૂર ગયો? કારણ તેનો ગાડ શબ્દ દૂર સંભળાય છે." એવો વિચાર [illegible] જેટલામાં [illegible]ધર સાર્થવાહ ઘોડા ઉપર બેસી ઉતાવળો જવા લાગ્યો. તેટલામાં ઘોડાની ખરીથી ઉખડેલી ભૂમીમાં [illegible] બનેલો એક [illegible]માનો ઘડો દીઠો, તે પણ તેણે [illegible] પછી તણે ફરી ઘોડાને જેટલામાં [illegible] તેટલામાં તે ઘોડો રૂધિર વમી તુરત મૃત્યુ પામ્યો. તેથી પાપથી બહુ ભય પામતો એવો તે ગુણધર [illegible] કરવા લાગ્યો કે "હાય હાય! મેં આ ઘોડાને [illegible] તેથી તે [illegible] પામ્યો. જે પુરૂષ આ [illegible] હું નિશ્ચે મ્હારું સઘળું ધન આ[illegible] કરવો તે સા[illegible] ઉતાવળો [illegible] લાગ્યો. આગળ જતાં તે મહા અરણ્યમાં ભૂલો પડ્યો અને બહુ [illegible] આમ તેમ ભટકતાં પાણીની [illegible] કરવા લાગ્યો. એવામાં તેણે એક ઝાડ સાથે લટકતી પા[illegible] મશક દીઠી. તેથી [illegible] બહુ હર્ષ પામ્યો. પછી [illegible] પાણીની ભરેલી મશક કોની છે [illegible] ઉંચા સાદથી કહ્યું. તે [illegible] તેજ ઝાડની [illegible] બેઠેલા એક પોપટે કહ્યું.—હે [illegible] [illegible] તે અહિંથી [illegible]

લેવા માટે દૂર ગયેલો છે, તેની આ મશક છે, એમ તું જાણ." વળી પોપટે કહ્યું:-"હે ભદ્ર ! તું બહુ તરસ્યો થયેલો જણાય છે, તો આ મશકમાંથી પાણી પી. હું તે વાત કોઇને કહીશ નહીં." પોપટનાં આવાં વચન સાંભળી શુદ્ધ બુદ્ધિવાળા અને ત્રીજા વ્રતના ભંગથી ભય પામતા એવા ગુણધર સાર્થવાહે બન્ને હાથથી પોતાના બન્ને કાન ઢાંકીને કહ્યું:-"હે પોપટરાજ! મ્હારા પ્રાણ તરશથી જતા હોય તો ભલે જાય, પરંતુ હું અદત્ત વસ્તુ નહિં લઉં; કારણ કે અદત્ત વસ્તુ લેવાથી મહા પાપ થાય છે." ગુણધર સાર્થવાહ આવાં વચન કહી અને સ્થીર થઇને ઉભો રહી જેટલામાં જુએ છે, તેટલામાં તેણે પાંજરૂં અને પોપટ એ બેમાંથી એકેને દીઠું નહીં, પરંતુ કોઇ પુરૂષ પ્રગટ થઇ તેને કહેવા લાગ્યો:-

"હે ઉત્તમ પુરૂષ! વૈતાઢય પર્વત ઉપર વિપુલા નામની નગરી છે, ત્યાં સૂર્ય નામનો વિદ્યાધર હું પોતે નિવાસ કરૂં છું; મ્હારા પિતાએ દીક્ષા લીધી છે, તે હમણાં તમારા નગરના ઉદ્યાનમાં આવ્યા હતા; તેમને વંદના કરવા હું ગયો હતો. હે ભદ્ર ! મને પારકું અગણિત ધન લઇ લેવાની બુદ્ધિ થઇ હતી. તે રીજ મ્હારા પિતાએ તે વખતે ત્રીજા વ્રત સબંધી ધર્મદેશના આપી હતી. પછી મુનિ પાસે તેં અદત્તાદાન વિરમણ વ્રત લીધું, તેથી હું મનમાં બહુ આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો કે "અહો! આ વેપારી દ્રવ્યને માટે બહુ દૂર દેશમાં જાય છે છતાં તે પારકુ અગણિત દ્રવ્ય દીઠું હોય તો પણ ન લે એ બહુ આશ્ચર્ય છે, તો હું એ સાર્થવાહની નિશ્ચે પરીક્ષા કરીશ." આવી રીતે વિચાર કરી અદૃશ્ય રહેલા મેં આજે અવસર જોઈ તને રત્નની માળા અને મ્હોરો નિધિ બતાવ્યો, તો પણ ત્હારૂં મન જરાપણ લોભથી વિટંબના પામ્યું નહીં; પછી મેં તને ઘોડાનું મરણ દેખાડ્યું, અને છેવટ તરસ્યા થએલા તને મૃત્યુનો સમય પાસે આવ્યે પાણીની ભરેલી મશક બતાવી, તોપણ તેં જરા લોભ કર્યો નહીં." આ પ્રમાણે કહીને સૂર્ય વિદ્યાધરે પોતાના સેવકો જે અદૃશ્ય રહેલા હતા તેઓને પ્રગટ કર્યા અને તેમની

(દેવતા લક્ષ્મીપુંજને કહે છે કે):-હે ભદ્ર! પછી તે ગુણધર સાર્થવાહ ધર્મધ્યાનથી મૃત્યુ પામી તું લક્ષ્મીપુંજ થયો અને તે સૂર્યવિદ્યાધર ત્હારા ઉપદેશથી અદત્તાદાન ત્યાગ કરી આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામીને તે વ્રતના પ્રભાવથી વ્યંતર દેવતાનો રાજા થયો. ત્હારા પૂર્વભવના પુણ્યની શક્તિથી વશ થયેલો તે દેવતા ત્હારા જન્મકાળથી આરંભીને તને જે જે વસ્તુ જોઇયે તે તે આપીને વખતો વખત હર્ષ પમાડે છે. તે હું પોતે વ્યંતર દેવતા છું."

વ્યંતર દેવતાનાં આવાં વચન સાંભળી લક્ષ્મીપુંજ તરત મૂર્છા પામ્યો અને સાવચેત થયો, પછી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાને લીધે બહુ હર્ષ પામેલા તેણે પોતાનો પૂર્વભવ જોઇ વૈરાગ્યવાસીત થઇ દીક્ષા લીધી. અનુક્રમે શુભ ભાવથી ચારિત્ર પાળી તે લક્ષ્મીપુંજ અચ્યુત દેવલોકને વિષે દેવતા થયો. ત્યાંથી ચવીને મનુષ્ય ભવ પામશે, તે ભવમાં દીક્ષા લઈ મોક્ષપદે જશે.

ઇતિ લક્ષ્મીપુંજની કથા.

(શ્રી વીરપ્રભુ કહે છે કે):-હે ભવ્યજનો! સર્વ પ્રકારની લક્ષ્મીઓને મેળવનારા લક્ષ્મીપુંજ સાર્થવાહનું આ દૃષ્ટાન્ત સાંભળીને તમે સર્વ પ્રકારે અદત્તાદાનનો નિયમ કરો.

પ્રભુનાં આવાં વચન સાંભળી આણંદ શ્રાવકે કહ્યું:-"હે ભગવાન્! મને આ ત્રીજું વ્રત આપો." ત્યારે પ્રભુએ તેને આલાવા સહિત ત્રીજું વ્રત ઉચ્ચરાવ્યું. તે આ પ્રમાણે.

थूलग अदत्तादाणं समणोवासओ पच्चक्खाइ। से अदत्तादाणे दुविहे पन्नत्ते। तं जहा॥ सचित्तादाणे अचित्तादाणे अ। अदत्तविचारणाइ॥ थूलग अदत्तादाणवेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा। तं जहा॥ [1]तेनाहडे [2]तक्करप्पओगे [3]विरुद्धरज्जाइक्कमे [4]कूडतुल्लकूडमाणे [5]तप्पडिरूववववहारे॥

આણેલો છે, માટે તેની સાથે લગ્ન કર.” રાજાનાં એવાં વચન સાંભળી મદિરાવતીએ તુરત ઉઠી તે કોઢીયાની સાથે પાણીગ્રહણ કર્યું. તેવારે સર્વે સભાજનો હાહાકાર કરવા લાગ્યા. પછી રાજાએ પુત્રીના સર્વે અલંકારો ઉતારી લઈ તેને પેલા કોઢીયા માણસ સહિત પોતાના સેવકો પાસે નગરની બહાર કઢાવી મૂકી. એકાંત ધર્મને વિષે રૂચીવાળી મદિરાવતી પણ તે કોઢીયાની સાથે એક દેવમંદિરમાં જઇ ત્યાં નહિં હર્ષ અને નહિં ખેદ એવા મધ્યમ ભાવથી સુખે બેસીને ધર્મધ્યાન કરવા લાગી.

આ વખતે કોઢીયાએ કહ્યું:-હે પ્રિયા! બુદ્ધિરહિત એવા રાજાએ પોતાના કુળને અઘટીત એવું આ વગર વિચારેલું કાર્ય કેમ કર્યું? ક્યાં કેરડાનું ઝાડ અને ક્યાં કલ્પલતા? ક્યાં રત્નની માળા અને ક્યાં કાગડો? તેઓમાં જેવું મ્હોટું અંતર છે તેવું આપણામાં પણ છે. હું પૂર્વ ભવને વિષે કરેલા કર્મથી ઉત્પન્ન થએલા કોઢવડે પીડા પામેલો છું અને તું અતિ લાવણ્યવાળી તથા રૂપસંપત્તિએ કરીને ભરપુર છું, તો ત્હારો અને મ્હારો યોગ સુખકારી શી રીતે થશે? માટે હે મુગ્ધા! તું કોઈ મ્હોટા સમૃદ્ધિવાળાને પરણ; કે જેથી તું ત્યાં જવાથી રાજહંસીની પેઠે બહુ માન પામીશ. તું પોતાના શરીરને વિના અપરાધે મ્હારા પાપી સંગથી નાશ પમાડીશ નહીં.” કોઢીયાનાં આવાં વચન સાંભળીને રોતી એવી મદિરાવતીએ ગદ્ગદ્ વચનથી કહ્યું:-“ હે નાથ! આપ કુળવતી કન્યાઓને અયોગ્ય એવું વચન કેમ બોલો છો? પ્રથમ જીવોને અનંત પાપના ઉદયથી સ્ત્રીજન્મ પ્રાપ્ત થાય છે, તેમાં કુળસ્ત્રીઓને ઉત્તમ રીતે શીળ પાળવું, એજ એમનાં જન્મનું નિશ્ચે શ્રેષ્ઠપણું છે. હે નાથ! ઘરેણાંથી સુશોભિત એવી પણ સ્ત્રી જો શીલરહિત હોય તો તે શોભતી નથી; આ લોકમાં અથવા તો પર લોકમાં સ્ત્રીઓને શીળ એજ ઉત્તમ આભૂષણ છે. હે પ્રાણનાથ! આ સંસારમાં યૌવન, રૂપ અને લક્ષ્મી વિગેરે મને અનંતવાર મળ્યું, પરંતુ શીળરૂપ માણિક્યરત્ન મળ્યું નથી. રોગી અથવા નિરોગી, ધનવંત અથવા અધન એવા તમેજ આ લો-

કમાં મ્હારા પ્રાણનાથ છો, એથી જો વિપરીત કહેશો તો હું અગ્નિનું શરણ લઈશ; માટે હે નાથ ! જો મ્હારા ઇચ્છિતની ઇચ્છા હોય તો મ્હારા દાસીના ઉપર દયા કરી ફરી આવું વચન ક્યારે પણ બોલશો નહીં."

પછી હૃદયમાં અતિ સંતોષ પામેલો અને બોલતાં બંધ થએલો તે કોઢીઓ અમૃતથી છંટાએલાની પેઠે ઉભો થયો, તે વખતે મદિરાવતીનાં તેવાં દુઃખને ન જોઈ શકવાને લીધે હોય ના ! એમ સૂર્ય અસ્ત પામ્યો; પછી કાળા વર્ણવાળી રાક્ષસીએ જાણે જગત્‌ને ગળવા માંડયું હોયની ! એમ દુર્જન માણસના ચિત્તની પેઠે સર્વ ઠેકાણે અંધકાર ફેલાવા માંડયું; તે વખતે મદિરાવતી પોતાના પતિના પગ ચાંપતી અને પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતી જેટલામાં બેઠી હતી તેટલામાં દિવ્ય શણગારથી સુશોભિત એવા કોઈએક પુરૂષસહિત એક દેવી ત્યાં આવી ને હસતે મુખે તે કન્યાને કહેવા લાગી:-" હે કન્યા ! તું મને આ નગરની અધિષ્ઠાયક દેવી જાણ, ત્હારા પિતાએ ત્હારી [illegible] વિટંબના કરી તે જોઈ હું દયાથી અહિં આવી છું; મેં આ ભાગ્યવાન્ અને રૂપવાન્ પુરૂષને અહિં આણ્યો છે, તેને તું [illegible] અને આ કોઢીયાને ત્યજી દે. આ ઉત્તમ પુરૂષ હમેશાં [illegible] આજ્ઞા પ્રમાણે ચાલશે. આ પોતે મગધદેશના નરકેશરી [illegible] નામે પુત્ર છે, તે પોતાના પિતાથી છાની [illegible] મુસાફરી કરવા નિકળેલો છે, તું ત્હારા પોતાના [illegible] યૌવનને અને ઉપમારહિત એવી રૂપ લક્ષ્મીને આ કોઢીયાની સાથે નિષ્ફળ ગુમાવીશ નહીં. તું આ કોઢીયાનો [illegible] ત્યજી સર્વ સુખના મંદિરરૂપ આ પુરૂષને વરીને સ્વ[illegible] રાજ્યલક્ષ્મીની માલીક થા. હું તમને [illegible] સુખસંપત્તિ આપીશ." દેવીનાં આવાં [illegible] મદિરાવતીએ મનમાં ધૈર્ય રાખીને કહ્યું: "હે [illegible] ઉપર મ્હોટી કૃપા કરી, મેં મ્હારા માતા, [illegible] નગરવાસી લોકોની સમક્ષ આ કોઢીયાનો [illegible] તો હવે બીજાને શી રીતે વરૂં ? માટે આ

લોકમાં તો જેવા તેવા રૂપવાળો પણ આ કોઢીયો મ્હારે પ્રાણનાથ છે, નહિં તો મ્હારૂં શરણ મરણ છે. હે દેવી! મ્હારા મનમાં એટલો નિશ્ચય છે કે બીજો તો શું? પણ ઇંદ્રથી અધિક રૂપવાળો હોય તોપણ આ કોઢીયાને મૂકી તેને નહીં વરૂં. હે દેવી! મને આ લોકમાં અને પરલોકમાં આ કોઢીયા પુરૂષથીજ સર્વ મનોવાંછિત ભોગસંપત્તિ મળશે, એ તું નિશ્ચે જાણજે; માટે કૃપા કરી મ્હારા ભાઇ એવા આ નરશેખરને રાજ્યલક્ષ્મી સહિત તેના રાજ્યમાં પહોંચતો કર.”

મદિરાવતીનાં આવાં વચનથી કોપ પામેલી દેવીએ તુરત તેને પગે પકડી આકાશમાં ઉછાળી અને ત્યાંથી પડતી એવી તેને ત્રીશુળ ઉપર ધારી રાખીને કહ્યું:-“ હે મુર્ખી! તું મ્હારા કહેવા પ્રમાણે કર, નહિં તો હું ત્હારૂં મરણ કરીશ.” તેવારે કન્યાએ નિશ્ચળ મનથી દેવીને કહ્યું:-“ હે દેવી! મ્હારૂં વચન સાંભળ. હું પ્રાણાંતે પણ શીળભ્રષ્ટ નહીં થાઉં. મેં બહુવાર જીવિત અને યૌવનલક્ષ્મીનું સુખ વિગેરે ઇચ્છિત વસ્તુ મેળવી છે, પરંતુ ચિંતામણિ સમાન નિર્મળ શીળ મેળવ્યું નથી; માટે હે દેવી! તું મને થોડીવાર પછી મારી નાખવાની હોય તો હમણાં મારી નાંખ, પરંતુ હું ત્હારૂં વચન કોઇ પણ રીતે પાળવાની નથી.

આ પ્રમાણે કહી મદિરાવતી જેટલામાં નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી તેટલામાં તેણે પોતાને સુખથી ઉભેલી જોઇ, પરંતુ ન દીઠી દેવીને કે ન દીઠો નરશેખરને. વળી તેણે પેલા કોઢીયાને પણ ન દીઠો, પરંતુ વસ્ત્ર અને ઘરેણાંથી સુશોભિત એવા કોઇએક બીજા પુરૂષને દીઠો; તે વિના બીજું કોઇ જોવામાં આવ્યું નહીં. તેથી તે મદિરાવતી મનમાં વિચાર કરવા લાગી કે, “ આતે શું સ્વપ્ન છે કે સાચું છે? મ્હારો કોઢીયો ધણી કયાં ગયો? આ શું થયું? આવી રીતે જેટલામાં વિચાર કરે છે તેટલામાં પેલા પુરૂષે કહ્યું:-

“હે કન્યા! મ્હારૂં ચરિત્ર સાંભળ. વૈતાઢય નામના પર્વત ઉપર મણિપુર નામનું નગર છે, ત્યાં હું મણિચૂડ નામનો વિદ્યા

પરોનો રાજા નિવાસ કરું છું. એક દિવસ રાત્રીમાં લોકની ચર્ચા જોવા માટે ભમતા એવા મેં એક શ્લોક સાંભળ્યો કે:-

सर्वत्र वायसाः कृष्णाः, सर्वत्र हरिताः शुकाः ॥
सर्वत्र सुखिनां सौख्यं, दुःखं सर्वत्र दुःखिनाम्

અર્થ:—જેમ સર્વ ઠેકાણે કાગડા કાળા હોય છે અને સર્વ ઠેકાણે પોપટ લીલા હોય છે, તેમ સર્વ ઠેકાણે સુખી પુરૂષોને સુખ મળે છે અને સર્વ ઠેકાણે દુઃખીઓને દુઃખ મળે છે.

"આ સાચું હશે કે ખોટું" એવો વિચાર કરીને હું વિદ્યાના બળથી જેટલામાં કોઢીયાનું રૂપ લઈ નગરમાં ઉભો રહ્યો, તેટલામાં રાજાના સેવકો મને પકડી રાજસભામાં લઈ ગયા. હે સુંદરી! ત્યાં તે મને પર્યો, પણ તેનું કારણ હું કાંઈ જાણતો નથી. તને બહુ દુઃખ ઉપજાવનારી પરિક્ષા મેં કરી હતી, [illegible] જેમ વાયુથી મેરૂપર્વતનું શિખર ન કંપે, તેમ તું શીળ [illegible] ઉત્તમ આચારથી કંપી નહીં. હે કલ્યાણકારી! જેનું શીળ [illegible] આ દુઃખરૂપ કસોટી ઉપર ઝગઝગી રહ્યું છે એવી તું [illegible] છે. અને સર્વ જગત્માં વખાણવા યોગ્ય છે. વળી હું પણ [illegible] તેમજ મ્હારૂં રાજ્ય અને ઉચિત વખાણવા યોગ્ય છે [illegible] અલંકાર ધારણ કરનારી તું શ્રી થઈ છું."

[illegible] આનાં આવાં વચન સાંભળી મદિરાવતી બહુ [illegible] વિચાર કરવા લાગી કે:—"અહો! શીળનું [illegible] આશ્ચર્યકારી દેખાય છે." પછી તેણે પોતાના [illegible] સ્વામિન! આપ મ્હારા અણધાર્યા પતિ થયા. [illegible] જિનેશ્વર દેવથી મળેલા ધર્મનું ચરિત્ર [illegible] નામે ત્યા બાર માળનો એક મહેલ [illegible] કર્યો: તેમાં જેમ રેવતાની પાસે રોહિણી [illegible] વિદ્યાધર રાજાની પાસે રહી.

[illegible] મદિરાવતીના શીળને જોવા [illegible] આમાં જિનેશ્વરના તેજથી [illegible] થયા. મદિરા: વિદ્યાધર રાજાના [illegible]

લોકમાં તો જેવા તેવા રૂપવાળો પણ આ કોડીયો મ્હારે પ્રાણનાથ છે, નહિં તો મ્હારૂં શરણ મરણ છે. હે દેવી! મ્હારા મનમાં એટલો નિશ્ચય છે કે બીજો તો શું? પણ ઇંદ્રથી અધિક રૂપવાળો હોય તોપણ આ કોડીયાને મૂકી તેને નહીં વરૂં. હે દેવી! મને આ લોકમાં અને પરલોકમાં આ કોડીયા પુરૂષથીજ સર્વ મનોવાંછિત ભોગસંપત્તિ મળશે, એ તું નિશ્ચે જાણજે; માટે કૃપા કરી મ્હારા ભાઈ એવા આ નરશેખરને રાજ્યલક્ષ્મી સહિત તેના રાજ્યમાં પહોચતો કર.”

મદિરાવતીનાં આવાં વચનથી કોપ પામેલી દેવીએ તુરત તેને પગે પકડી આકાશમાં ઉછાળી અને ત્યાંથી પડતી એવી તેને ત્રીશુળ ઉપર ધારી રાખીને કહ્યું:-“ હે મુર્ખી! તું મ્હારા કહેવા પ્રમાણે કર, નહિં તો હું ત્હારૂં મરણ કરીશ.” તેવારે કન્યાએ નિશ્ચળ મનથી દેવીને કહ્યું:-“ હે દેવી! મ્હારૂં વચન સાંભળ. હું પ્રાણાંતે પણ શીળભ્રષ્ટ નહીં થાઉં. મેં બહુવાર જીવિત અને યોવનલક્ષ્મીનું સુખ વિગેરે ઇચ્છિત વસ્તુ મેળવી છે, પરંતુ ચિંતામણિ સમાન નિર્મળ શીળ મેળવ્યું નથી; માટે હે દેવી! તું મને થોડીવાર પછી મારી નાખવાની હોય તો હમણાં મારી નાંખ, પરતુ હું ત્હારૂં વચન કોઇ પણ રીતે પાળવાની નથી.

આ પ્રમાણે કહી મદિરાવતી જેટલામાં નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી તેટલામાં તેણે પોતાને સુખથી ઉભેલી જોઈ, પરંતુ ન દીઠી દેવીને કે ન દીઠો નરશેખરને. વળી તેણે પેલા કોડીયાને પણ ન દીઠો, પરંતુ વસ્ત્ર અને ઘરેણાંથી સુશોભિત એવા કોઇએક બીજા પુરૂષને દીઠો; તે વિના બીજું કોઇ જોવામાં આવ્યું નહીં. તેથી તે મદિરાવતી મનમાં વિચાર કરવા લાગી કે, “ આતે શું સ્વપ્ન છે કે સાચું છે? મ્હારો કોડીયો ધણી કયાં ગયો? આ શું થયું? આવી રીતે જેટલામાં વિચાર કરે છે તેટલામાં પેલા પુરૂષે કહ્યું:-

“હે કન્યા! મ્હારૂં ચરિત્ર સાંભળ. વૈતાઢય નામના પર્વત ઉપર મણિપુર નામનું નગર છે, ત્યાં હું મણિચૂડ નામનો વિદ્યા

ઘરોનો દાસ નિવાસ કરૂં છું. એક દિવસ રાત્રીમાં લોકની ચર્ચા જોવા માટે ભમતા એવા મેં એક શ્લોક સાંભળ્યો કેઃ-

સર્વત્ર વાયસાઃ કૃષ્ણાઃ, સર્વત્ર હરિતાઃ શુકાઃ ॥
સર્વત્ર સુખિનાં સૌખ્યં, દુઃખં સર્વત્ર દુઃખિનામ્

અર્થઃ—જેમ સર્વ ઠેકાણે કાગડા કાળા હોય છે અને સર્વ ઠેકાણે પોપટ લીલા હોય છે, તેમ સર્વ ઠેકાણે સુખી પુરૂષોને સુખ મળે છે અને સર્વ ઠેકાણે દુઃખીઓને દુઃખ મળે છે.

"આ સાચું હશે કે ખોટું" એવો વિચાર કરીને હું વિદ્યાના બળથી જેટલામાં કોટીધ્વજનું રૂપ લઈ નગરમાં ઉભો રહ્યો, તેટલામાં રાજાના સેવકો મને પકડી રાજસભામાં લઈ ગયા. હે સુંદરી! ત્યાં તેં મને વર્યો, પણ તેનું કારણ હું કાંઈ જાણતો નથી. તને બહુ દુઃખ ઉપજાવનારી પરિક્ષા મેં કરી હતી, પરંતુ જેમ વાયુથી મેરૂપર્વતનું શિખર ન કંપે, તેમ તું શીળરૂપ ઉત્તમ આચારથી કંપી નહીં. હે કલ્યાણકારી! જેનું શીળરૂપ સોનું દુઃખરૂપ કસોટી ઉપર ઝળહળી રહ્યું છે એવી તું ધન્ય છે. અને સર્વ જગત્‌માં વખાણવા યોગ્ય છે. વળી હું પણ ધન્ય છું. તેમજ મ્હારૂં રાજ્ય અને ઉચિત વખાણવા યોગ્ય છે કે જેની શીળરૂપ અલંકાર ધારણ કરનારી તું સ્ત્રી થઇ છું."

વિદ્યાધર રાજાનાં આવાં વચન સાંભળી મદિરાવતી બહુ હ... પોતાને મનમાં વિચાર કરવા લાગી કેઃ-"અહો! શીળનું મ... ... જગત્‌ને આશ્ચર્યકારી દેખાય છે." પછી તેણે પોતાના ... ...ને કહ્યુંઃ "સ્વામિન્! આપ મ્હારા અવધાર્યા પતિ થયા. તે ... ... જિનેશ્વર પૂજવાથી મળેલા ધર્મનું ચરિત્ર જા... ... ...લો વિદ્યાધર રાજાએ ત્યાં સાત માળનો એક મ્હેલ ...ના બળથી તૈયાર કર્યો; તેમાં જેમ દેવતાની પાસે દેવીઓ ... ...ન મદિરાવતી વિદ્યાધર રાજાની પાસે રહી.

... ... વખતે બહુ મદિરાવતીના શીળને જોવા માટેજ હો... ...મ પૂર્વ દિશામાં કિરણોના સમૂહથી સુશોભિત શરીર ... ...ર્યનો ઉદય થયો. મણિચૂડ વિદ્યાધર રાજાએ મદિરાવ-

તીને પુછ્યું. "હે પ્રિયા! મ્હારા પિતાને હું અહિં ભક્તિથી બોલાવું કે શક્તિથી તે કહે? ત્યારે મદિરાવતીએ કહ્યું:-"પ્રાણનાથ! મ્હારા પિતાને અહિં ખેડુતના વેષે બોલાવો કે જેથી તેમનો દુર્ગતિના કારણરૂપ મદ ગળી જાય." પછી વિદ્યાધર રાજાએ મ્હોટું સૈન્ય વિકુર્વી એક વાચાળ દૂતને રિપુમર્દન રાજા પાસે મોકલ્યો, તે દૂતે ત્યાં જઇ રાજાને કહ્યું:-"હે રાજન્! સાંભળો. વૈતાઢ્ય પર્વતનો રાજા મણિચૂડ વિદ્યાધર તમારા ઉપર ચડી આવ્યો છે, માટે જો તમે પોતાનું જીવિત અને રાજ્ય ઇચ્છતા હો તો તમે ખેડુતનો વેષ લઇને મણિચૂડ રાજાના બે પગમાં પ્રેમથી નમસ્કાર કરો." આવાં વચન સાંભળી રિપુમર્દન રાજા જેટલામાં કોપ કરી તેને ઉત્તર આપે છે તેટલામાં મંત્રીએ રાજાને કહ્યું કે, "મહારાજ! નિશ્ચે આ વખતે કોપ કરવો યોગ્ય નથી, જ્યાં બે પુરૂષ સરખા હોય ત્યાં કોપ કરવો ઘટે છે; પરંતુ વધારે બળવાન્ ઉપર કરેલો કોપ નિશ્ચે દારૂણ ફળ આપનારો થાય છે. માટે હે મહારાજ! વિચાર ત્યજી દઇ પોતાનું અને રાજ્યનું રક્ષણ કરવા માટે વૈતાઢ્યપતિને યોગ્ય રીતે સત્કાર કરી નમસ્કાર કરો." મંત્રીનાં આવાં વચન સાંભળી રિપુમર્દન રાજાએ કોપ ત્યજી દઇ ખેડુતનો વેષ લઇ જેટલામાં મણિચૂડ પાસે આવી પ્રણામ કરે છે તેટલામાં વિદ્યાધર રાજાએ તેને ખેડુતનો વેષ ત્યજી દેવરાવી ઉત્તમ લુગડાં અને ઘરેણાંવડે બહુ સ્નેહથી સત્કાર કરી માન આપ્યું. પછી રિપુમર્દન રાજાએ જેટલામાં વિદ્યાધર રાજા મણિચૂડની પાસે બેઠેલી પોતાની પુત્રી મદિરાવતીને જોઇ તેટલામાં તે બહુ ખેદ પામ્યો. ત્યારે મદિરાવતીએ કહ્યું -"હે તાત! તમે ખેદ ન પામો. જેને મેં પતિ માન્યો હતો તેજ આ કોઢિયો પુરૂષ છે. મ્હારા પૂર્વ પુણ્યને લીધે તે અત્યારે દિવ્ય મણિથી શોભાયમાન થયો છે; વળી એણેજ તમારા શરીર ઉપરથી ખેડુતનો વેષ દૂર કરાવ્યો છે."

મદિરાવતીનાં આવાં વચન સાંભળી બહુ વિસ્મય પામેલા રિપુમર્દન રાજાએ મણિચૂડને કહ્યું:-"હે રાજન્! તમે મ્હારા ચિત્તને આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં પોતાનું ચરિત્ર કહો."

તેવારે મણિચુડ વિદ્યાધરે રિપુમર્દન રાજાને પોતાનું ચરિત્ર કહી અને કહ્યું કે, "હે રાજન્! તમારી પુત્રી ઉત્તમ શીળવાળી હોવાથી તમને ધન્ય છે." એમ કહી તેણે પોતાની સમૃદ્ધિ દેખાડી. ત્યાર પછી તે પોતાના સાસરા એવા રિપુમર્દન રાજાને સત્કારપૂર્વક માન્ય આપી મદિરાવતીને સાથે લઈ તુરત વૈતાઢ્ય પર્વત ઉપર ગયો, ત્યાં મદિરાવતી શીળના પ્રભાવથી વિવિધ પ્રકારના ભોગોને ભોગવતી મન, વચન અને કાયાથી ઉત્તમ રીતે જિનભાષિત ધર્મનું આરાધન કરવા લાગી. અખંડ રીતે જિનધર્મનું આરાધન કરી શુભ ધ્યાનથી તે મદિરાવતી ઉત્તમ ગતિ પામી.

ઇતિ મદિરાવતીની કથા.

શ્રી મહાવીર પ્રભુ આણંદ વિગેરે શ્રાવકોને કહે છે કેઃ— હે ભવ્યજનો! તમે આ મદિરાવતીના ચરિત્રને સાંભળી પાપને દૂર કરનારા જિનધર્મરૂપ કલ્પવૃક્ષના મૂળરૂપ શીળને વિષે અતિશય આદર કરો.

પ્રભુનાં આવાં વચન સાંભળી આણંદ શ્રાવકે શ્રી મહાવીર પ્રભુને કહ્યુંઃ–"હે ભગવન્! મ્હારા ઉપર કૃપા કરી મને ચોથું વ્રત આપો." તેવારે ભગવાને ચોથું વ્રત આણંદ શ્રાવકને આપ્યું. તેનો આલાવો આ પ્રમાણેઃ—

परदारगमणं समणोवासओ पच्चक्खाइ । सदारसंतोसंवा पडिवज्जइ ॥ से अ परदारगमणं दुविहे पन्नत्ते । उरालिअपरदारगमणं वेउव्विअपरदारगमणं अ ॥ सदारसंतोसस्स समणोवासएण इमे पंच अइआरा जाणिअव्वा न फासिअव्वा ॥तं-जहा भाडिदाणेणि घरंगाहिआ रअपरगहिअविहवेसाई ॥ नामु गमन पगमे, विवाहपरिमीलणं मोहा ॥ कामभोगेसु-ति र नती थीथण सुहार फामेण ॥ तइकामकलणं इअ पंच-अइआरा चउत्थवए ॥

... પરસ્ત્રીગમનનું પચ્ચખ્ખાણ કરે છે, અથવા સ્વ-...ને અંગીકાર કરે છે, તે પરદારાગમન બે પ્રકારનું

છે. એક ઉદારિક પરદારાગમન અને બીજું વૈક્રીયપરદારાગમન. તેમાં શ્રાવકે સ્વદારાસંતોષના પાંચ અતિચાર જાણવા; પરંતુ તે આદરવા નહીં. તે અતિચાર આ પ્રમાણે—

૧ ભાડું આપીને થોડા વખત રાખેલી સ્ત્રીને વિષે ગમન કરવું; ૨ બીજાએ નહીં રાખેલી વિધવા અથવા વેશ્યાને વિષે ગમન કરવું; ૩ બીજાઓનો વિવાહ કરાવી આપવો; ૪ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને વિષે ગાઢ અનુરાગ કરવો; ૫ સ્ત્રીઓનાં મુખ વિગેરે અંગનો સ્પર્શ કરી ખોટી કામચેષ્ટા કરવી. આ પાંચ અતિચારો ચોથા વ્રતના જાણવા.

હવે જે શુદ્ધભાવવાળા ભવ્યજનો પાંચમા અણુવ્રત (પરિગ્રહ પ્રમાણ) ને પાળે છે તે મોક્ષસુખને ભજનારા થાય છે; વળી તે ધન્ય પુરૂષો જગતમાં વખાણવા યોગ્ય થાય છે. જે પુરૂષો સંસાર સમુદ્રનો પાર પમાડનારા પાંચમા વ્રતને આદરે છે, તેઓને ધન્ય છે. મથુરા નગરીમાં રહેનારા ધનસારની પેઠે માણસો સંતોષથી સુખી અને અસંતોષથી દુઃખી થાય છે."

શ્રી મહાવીર પ્રભુનાં વચન સાંભળી આણંદ શ્રાવકે પુછયું:-"હે નાથ! તે ધનસાર કોણ હતો? અને તેણે પ્રથમ અસંતોષ શી રીતે કર્યો? અને પછી સંતોષ શી રીતે કર્યો?" ત્યારે પ્રભુએ કહ્યું. "હે શ્રાવક! દુઃખને ઉત્પન્ન કરનારો અસંતોષ છે, અને સુખને ઉત્પન્ન કરનારો સંતોષ છે કારણ જેમાં, એવું તે ધનસારનું ચરિત્ર સાંભળ.

પાંચમાવ્રતરૂપ સંતોષ ઉપર.
ધનસારની કથા.

આ ભરતક્ષેત્રને વિષે મથુરા નામની નગરીમાં ધનસાર નામનો શેઠ રહેતો હતો, તેની પાસે છાસઠ ક્રોડ સોના મ્હોરો હતી; પરંતુ તે કોઇ વખત એક નજીમાત્ર પણ ધન ધર્મકાર્યમાં વાપરતો નહીં. તેથી લોકોએ તેનું કૃપણશેઠ એવું નામ

પાડ્યું હતું. શ્રી જિનેશ્વરે માણસોની લક્ષ્મી બે પ્રકારની કહી છે. એક પુણ્યાનુબંધિની અને બીજું પાપાનુબંધિની. તે પુણ્યાનુબંધિની લક્ષ્મીથી માણસોની બુદ્ધિ શુદ્ધ થાય છે, અને તે શુદ્ધબુદ્ધિથી ઈષ્ટ આલોક અને પરલોકમાં સુખી થાય છે; તેમજ પાપાનુબંધિની લક્ષ્મી પરભવે નરકાદિ લાખો દુઃખોમાં પાડે છે અને આ ભવમાં પણ નિરંતર દુઃખ આપે છે.

એક દિવસ ધનસાર શેઠ, પોતાના ભૂમિમાં દાટેલા દ્રવ્યના નિધાનને જોવા લાગ્યો, તો તેણે તેમાં કોડા અંગારા, સાપ અને વિંછી જોયા, તેથી તે ચિંતા કરતો બેઠો. તેટલામાં કોઈ માણસે આવીને તેને ખબર આપી કે, "હે શેઠ! તમારાં વહાણો સમુદ્રમાં ડુબી ગયાં." શેઠ આવા દુઃખ આપનારા સમાચારથી હૃદયમાં વધારે ક્લેશવાળો થઈ બેઠો છે તેટલામાં [illegible] ત્યાંનો ત્યાં ઉભો છે તેટલામાં તેણે પોતાના પરદેશથી જમીન માર્ગે આવતા માલની ઉપર ધાડ પડ્યાના સમાચાર સાંભળ્યા. આવા વારંવાર માઠા સમાચાર સાંભળવાથી દુઃખરૂપ સમુદ્રમાં ડુબી ગયેલો અને ચિંતારૂપ મ્હોટા પર્વતના શિખર ઉપર ચડેલો તે ધનસાર શેઠ વિચાર કરવા લાગ્યો કે:–"હાય હાય! મ્હા[illegible] [illegible] અપુણ્યથી આ શું થયું? નિર્ધનપણાથી મ્હારા [illegible] નિર્વાહ શી રીતે થશે? માટે ચાલ દ્રવ્ય મેળવી કુટુંબનો [illegible] જે ધનાઢ્ય હતું તે થયું. હમણાં ચિંતા કરવાથી શું [illegible] [illegible] આ પ્રમાણે વિચાર કરી ધનસાર શેઠ પોતાના [illegible] [illegible] ધન લઈ ઝટ વહાણે ચડ્યો. આગળ [illegible] પાપના ઉદયથી વહાણ ભાંગી પડ્યું અને શેઠના [illegible] [illegible] આવવાથી તે કાંઠે આવ્યો. ત્યાં તે ચિ-

[illegible] स्य किरणैः संतापितो मस्तके,
[illegible] मन्त्रममो बिल्वस्य मूले गतः ॥
[illegible] तेन पतता भग्नं सशब्दं शिरः,
[illegible] यत्र भाग्यरहितस्तत्रापदां स्थानम् ॥

અર્થ:—કોઇ એક ટાલવાળો માણસ સૂર્યના કિરણોથી માથાને વિષે તપી ગયેલો હોવાથી છાયાની ઇચ્છા કરતો તે એક બીલાના ઝાડની નીચે ઉભો રહ્યો, ત્યાં પણ ઉંચેથી પડતા એવા મ્હોટા બીલાના ફળથી તેનું માથું કડાક શબ્દ કરીને ફુટી ગયું. માટે ઘણું કરીને જ્યાં ભાગ્યરહિત માણસ જાય ત્યાં આપત્તિનું સ્થાન થાય છે.

મ્હારૂં જળમાર્ગે રહેલું, સ્થળમાર્ગે રહેલું, વેપારમાર્ગે રહેલું અને ભંડારમાં રહેલું સઘળું ધન નાશ પામ્યું; વળી હમણાં આ વહાણ પણ ભાગી પડયું. હાય હાય! હવે હું શું કરૂં ?" આવા પ્રકારની ચિંતાથી તે ધનસારને દિવસે ભોજનાદિકનું સુખ અને રાત્રીએ નિદ્રાનું સુખ મળ્યું નહીં.

કહ્યું છે કે:—

रूपं जरा सर्वसुखानि तृष्णा, खलेषु सेवा पुरुषाभिमानम् ॥
यांचा गुरुत्वं गुणमात्मशंसा, चिंता बलं हंति दयां च लक्ष्मीः ॥

અર્થ:—જરાવસ્થા રૂપને, તૃષ્ણા સર્વ સુખને, ખળની સેવા પુરૂષના અભિમાનને, યાચના મોટાઇને, પોતાના વખાણ ગુણને, ચિંતા બળને અને લક્ષ્મી દયાને નાશ કરે છે.

પછી બીજે દિવસે વનમાં ભમતા એવા તે ધનસારે એક આંબાના ઝાડની નિચે જેમને તરત કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું એવા એક મુનિને દીઠા, તેથી તે બહુ હર્ષ પામીને વિધિથી વંદના કરી તેમની આગળ બેઠો. મુનિએ કર્મના ફળરૂપ ધર્મ દેશના આપી તે ઉતમ રીતે સાંભળી હર્ષ અને શોકરહિત થએલા ધનસારે કેવળીને પુછયું:-"હે ભગવન્! મને કયા કર્મથી સમૃદ્ધિ પ્રાપ્ત થઇ? અને કયા કર્મથી નાશ પામી? વળી મને કૃપણપણું શા માટે થયું ? એ સઘળું આપ મને કહો." તેવારે કેવળજ્ઞાનીએ કહ્યું:-"હે ધનસાર! એ સર્વ પૂર્વ ભવે કરેલા કર્મનું ફળ છે, એમ તું નિશ્ચે જાણ. તે પૂર્વભવનો સંબંધ સાંભળ:--

ધાતકીખંડને વિષે ત્રંબિકા નામની નગરીમાં બહુ સમૃ-

ઉપરાળા બે ભાઇઓ રહેતા હતા, તેમાં મ્હોટો ઉદારસ્વભાવ વાળો અને ન્હાનો કૃપણસ્વભાવવાળો હતો. મ્હોટો ભાઇ નિરંતર દાન આપતો તેથી ન્હાનો તેના ઉપર દ્વેષ કરી સર્વ ધન વહેંચી લઇ જુદો રહ્યો. હવે મ્હોટો ભાઇ દીન અને અના થ લોકોને જેમ જેમ દાન આપવા લાગ્યો તેમ તેમ તેના ઘરને વિષે સંપત્તિ વધવા લાગી અને ન્હાનો ભાઇ કૃપણપણાથી જેમ જેમ ધન એકઠું કરવા લાગ્યો તેમ તેમ તેના ઘરમાં ધનનો વધારે વધારે નાશ થવા લાગ્યો; તેથી ન્હાના ભાઇએ વિચાર્યું કે, "મ્હોટા ભાઇને ઘેર લક્ષ્મી વૃદ્ધિ પામે છે અને મ્હારે ઘેર નાશ પામે છે એ શું? પછી તેણે રાજાની પાસે જઇને ફરીયાદ કરી તેથી રાજાએ મ્હોટા ભાઇનું સઘળું ધન લઇ લીધું. ત્યારે મ્હોટા ભાઇએ ન્હાના ભાઇનું આવું ચરિત્ર જોઇ સંસારને અ સાર જાણી વૈરાગ્યથી ચારિત્ર લીધું. પાંચ સમિતિથી વ્યાપ્ત અને ત્રણ ગુપ્તિથી યુક્ત, વળી ક્ષમાવંતમાં એવો તે મ્હોટો ભાઇ [illegible] મર્દન કરી કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયો. અહિં ન્હાના ભાઇનો તેના અવિચારી [illegible] લોકોએ બહુ તિરસ્કાર કર્યો તેથી તેણે પણ તાપસી દીક્ષા [illegible] કપટી માણસને સુખ ક્યાંથી હોય? પછી બહુ [illegible] તીને તાપસી દીક્ષાને પાળી ન્હાનો ભાઇ પણ કાળ [illegible] દેવલોકને વિષે દેવતાપણે ઉત્પન્ન થયો. ત્યાંથી [illegible] નામે શેઠ થયો. તેમજ કરેલા દાનાંતરાય [illegible] આવું કૃપણપણું પ્રાપ્ત થયું છે. તેં પૂર્વભ[illegible] મ્હોટા ભાઇનું ધન નાશ પમાડ્યું હતું તેથી [illegible] આ ભવમાં ત્હારૂં સર્વ ધન નાશ પા[illegible] ભવને વિષે જેવું કર્મ કરે છે તેવું તે પરભવને [illegible] છે. ત્હારો મ્હોટો ભાઇ સૌધર્મ દેવલોકથી [illegible] ઉત્પન્ન થયો. [illegible] સુખ [illegible]

[illegible]

મુનિનાં આવાં વચન સાંભળી ધનસારે તેમના પગમાં પડી પૂર્વે કરેલા પાપનું મિથ્યાદુષ્કૃત લીધું, અને કહ્યું કે:-" હે ભગવન્! આજથી આરંભીને મેળવેલા ધનનો ચોથો ભાગ રાખી બાકીનું સઘળું ધન મ્હારે ધર્મસ્થાનકે વાપરવું, તેમજ પારકા દોષને ક્યારે પણ ઉઘાડવા નહીં." એવો નિયમ લઇ, શ્રાવક ધર્મ આદરી અને ફરીથી કેવળીને નમસ્કાર કરી તે ધનસાર તામ્રલિપ્તી નગરીને વિષે આવ્યો.

એક દિવસ ધનસાર શુદ્ધ પરિણામથી એક શુન્ય ઘરમાં રાત્રીએ કાયોત્સર્ગ કરીને રહ્યો હતો, એવામાં તે વખતે કોઈ દેવતાએ આવીને [illegible] ઉત્તમ [illegible] તે ધનસારને [illegible], વિગેરે અને આપ વિગેરેથી બહુ ઉપસર્ગ કર્યા પરંતુ તે જરા પણ ધર્મધ્યાનથી મેરૂપર્વતની પેઠે ડગ્યો નહીં; તેથી દેવતાએ પ્રગટ થઇ તે ધનસારને પ્રણામ કરીને કહ્યું કે "હે ભાગ્યવાન્! પુણ્યરત્ન એવા તને ધન્ય છે અને ત્હારી માતાને પણ ધન્ય છે કે જે ત્હારો ધર્મને વિષે આવા દૃઢ પરિણામ છે. તું મથુરાં નગરીમાં જા, ત્યાં તને ત્હારૂં [illegible] નાશ પામેલું સઘળું ધન મળશે." દેવતા ધનસારને બહુ સન્માન આપી પોતાને સ્થાનકે ગયો. ધનસારે પણ પ્રભાત થયું ત્યારે કાઉસગ્ગ પારીને પારણું કર્યું. પછી તે અનુક્રમે મથુરાં નગરીએ આવ્યો, ત્યાં તેને છાસઠ ક્રોડ સુવર્ણ ધન મળ્યું; પરંતુ તેણે પોતાના પરિગ્રહથી જરા પણ વધારે લીધું નહીં, પણ શ્રી જિનેશ્વર કહેલા જિનભુવન, જિનબિંબ, પુસ્તક, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ સાત ક્ષેત્રને વિષે વાપરી નાખ્યું.

એ પ્રમાણે બહુ દિવસો સુધી પુણ્ય કરી આયુષ્ય પૂર્ણ થયે [illegible] તે ધનસાર [illegible] દેવલોકમાં [illegible] દેવતાનાં સુખ [illegible] મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યભવ પામી [illegible] કેવળજ્ઞાન [illegible].

ઇતિ ધનસારની કથા.

કામમાં પાંચસેં પાંચસેં ગાડાં રાખવાં, તે ઉપરાંત રાખવાનો મ્હારે નિયમ છે. સમુદ્રની મુસાફરી માટે પણ ચાર વહાણ રાખવાં, તે ઉપર રાખવાં નહીં. વળી બીજા દેશોમાંથી સમુદ્ર રસ્તે ઘાસ અને લાકડાં લાવવા માટે બીજાં ચાર વહાણ રાખવા, દશ હજાર ગાયોનું એક ગોકુળ એવું એક ગોકુળ રાખવું, ખેતરના પ્રમાણમાં પાંચસેં હળો ઉપર રાખવાં નહીં." આ પ્રમાણે શ્રદ્ધાવંત એવા આણંદ શ્રાવકે પાંચમું અણુવ્રત લીધું. આ પાંચમા અણુવ્રતને વિષે શ્રાવકે પાંચ અતિચાર વર્જવા.

પછી શ્રી મહાવીરસ્વામીએ રાત્રીભોજન વ્રત કહ્યું કે:- "જે ધૈર્યવંત પુરૂષ સર્વ પાપરૂપ વૃક્ષના બીજ એવા રાત્રીભોજનને ત્યજી દે છે તે પુરૂષ પોતાની આયુષ્યના અર્ધા વર્ષ સુધીના ઉપવાસના ફળને પામે છે. તે ઉપર યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

करोति विरतिं धन्यो, यः सदा निशि भोजनात् ॥
सोऽर्द्धं पुरुषायुषस्य स्यादवश्यमुपोषितः

અર્થ:—જે ધન્ય પુરૂષે નિરંતર રાત્રીભોજન ત્યજી દીધું છે, તેણે પોતાના અર્દ્ધા આયુષ્યના વર્ષ સુધી ઉપવાસ કરેલા છે.

વળી બીજે ઠેકાણે પણ કહ્યું છે કે:—

चत्वारि खलु कर्माणि, संध्याकाले विवर्जयेत् ॥
आहारं मैथुनं निद्रां, स्वाध्यायं च विशेषतः ॥

અર્થ:—માણસે સંધ્યાકાળે નિશ્ચે ચાર કામ ત્યજી દેવાં જોઇએ. પહેલું આહાર, બીજું મૈથુન, ત્રીજું નિદ્રા અને ચોથું સ્વાધ્યાય.

તે કામ કરવાથી શું શું થાય? તે કહે છે.

आहारात् जायते व्याधिः, क्रूरगर्भश्च मैथुनात् ॥
निद्रातो धननाशः स्यात्, स्वाध्याये मरणं भवेत् ॥

અર્થ:—સંધ્યાકાળે આહાર કરવાથી રોગ થાય, મૈથુન કરવાથી ક્રૂર ગર્ભ થાય, નિદ્રા કરવાથી ધનનો નાશ થાય અને સ્વાધ્યાય કરવાથી મરણ થાય.

રાત્રીભોજનમાં ત્રસ જીવોનું પડવું તથા સંપાતિમ જીવોનું પડવું જિનેશ્વરોએ દીઠું છે, માટે રાત્રીભોજન પ્રયત્નથી વર્જવું. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે:—

तज्जोणीआण जीवाणं, तहा संपाइमाण य ॥
निसभुत्ते वहो दिट्ठो, सव्वं दंसीहि सव्वहा ॥

અર્થ:—રાત્રી ભોજનને વિષે રાત્રીયોનિક જીવોનો તથા સંપાતિમ જીવોનો નાશ સર્વદર્શી એવા તીર્થંકરોએ દીઠો છે, માટે રાત્રીભોજન સર્વ પ્રકારે ત્યજી દેવું.

વળી હાથ ધોવાના પાત્રમાં કુંથુઆદિ સર્વ જીવોનો ઘાત થાય છે. ઇત્યાદિ રાત્રિભોજનના દોષો કયો પુરૂષ કહેવાને સમર્થ છે? જો કે ભોજન કરવાનું પદાર્થ પ્રાસુક છે, તોપણ કુંથુ આદિક જીવો જોઇ શકાય તેમ ન હોવાથી જ્ઞાનિ પુરૂષે રાત્રી ભોજન ત્યજી દીધું છે. લોકમાં પણ કહ્યું છે કે:—

मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ॥
कुरुते मक्षिका वान्तिं, कुष्टरोगं च कोलिकः
कंटको दारुखंडं च, वितनोति गलव्यथाम् ॥
व्यंजनान्तर्निपतितः, तालु विध्यति वृश्चिकः ॥

[illegible] ભોજનમાં કીડી આવે તો તે બુદ્ધિનો નાશ [illegible] કરે છે. માખી ભોજનમાં આવે તો [illegible] આવે તો [illegible] થાય છે. વળી [illegible] જલોદર [illegible] કરોળીઓ આવે તો [illegible] વળી ગા- [illegible] ગળામાં પી [illegible] ભોજન [illegible] વીંછી [illegible]. વળી [illegible] કહ્યું છે કે:—

[illegible] मानुषाणां [illegible] दिः
[illegible] सदाचरत ॥

[illegible] છે. એમ [illegible] કહે છે, માટે [illegible] સર્વ [illegible] જોઇએ.

नैवहुतिर्न च स्नानं. न श्राद्धं देवतार्चनम् ॥
दानं वा विहितं रात्रौ, भोजन तु विशेषतः ॥

અર્થ:–રાત્રીએ હોમ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન, દાન અને વિશેષે ભોજન ન કરવું.

જે માણસ રાત્રીભોજનને ત્યજી દે છે, તેને કેશવ રાજાની પેઠે ધન્ય છે, અને જે માણસ રાત્રીભોજનના લીધેલા નિયમને ભાગે છે તે મૂઢ હંસ નામના વણિકની પેઠે બહુ દુઃખ પામે છે.

ભગવાનનાં આવાં વચન સાંભળી આણંદ શ્રાવકે પુછયું:- "હે ભગવન્! તે હંસ અને કેશવ કોણ હતા અને તેમના રાત્રીભોજનનાં દ્રષ્ટાંત કહો." તેવારે શ્રી વીર પ્રભુએ કહ્યું:-હે પુણ્યાત્મા! સાવધાનપણે સાંભળ.

રાત્રીભોજન ઉપર
હંસ તથા કેશવની કથા.

જંબુદ્વીપના આ ભરતક્ષેત્રને વિષે કુંડીનપુર નામનું નગર છે, ત્યાં યશોધર નામનો ધનવંત વેપારી રહેતો હતો, તેને રંભા નામની સ્ત્રી હતી અને હંસ તથા કેશવ નામના બે પુત્રો હતા. સુખે વૃદ્ધિ પામેલા તે બન્ને પુત્રોના દિવસો મનુષ્યસુખ ભોગવતાં સુખે જતા હતા.

એક દિવસ તે બન્ને ભાઇઓ ક્રીડા કરવા માટે વનમાં ગયા, ત્યાં તેમણે ભમતાં ભમતાં એક આંબાના ઝાડની નિચે પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, પાંચ મહાવ્રતધારી, ક્ષમાના પાત્ર, જિતેંદ્રિય અને સાક્ષાત્ ધર્મમૂર્તિ એવા એક સાધુને દીઠા. તેમને બન્ને ભાઇઓએ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી. મુનિએ પણ ધર્મલાભ દઇ રાત્રીભોજન કરવાથી થતા દોષનો ઉપદેશ આપ્યો કે "રાત્રીભોજન કરવાથી મહા પાપ લાગે છે અને તેથી જીવ આલોકમાં અને પરલોકમાં દુઃખ પામે છે; માટે હે મહાભાગ્યવંતો! તમે રાત્રીભોજનનો નિયમ લો."

સાંભળી પુત્રોએ કહ્યું.-“ હે માત ! પિતાનો માર્ગ સારો હોય તો તે માર્ગે પુત્રોએ ચાલવું, પરંતુ પિતા કુવામાં પડયો હોય તો પુત્રોએ પણ શું કુવામાં પડવું ? ” ત્યારે માતાએ કહ્યું. “ હે પુત્રો ! તમને હમણાં ભોજન મળશે નહીં.” માતાનાં આવાં વચન સાંભળી બન્ને પુત્રો બોલ્યા વિના ઘરેથી બહાર ગયા.

પછી યશોધરે પોતાની સ્રીને કહ્યું:-“ હે પ્રિયા ! હારે આપણા પુત્રોને રાત્રીએ ભોજન આપવું.” એમ કહીને સ્રીને ચાક આગ્રહથી વારી, અનુક્રમે રાત્રી પડી, પુત્રો ઘરે આવ્યા અને રસોઇ તૈયાર થઇ; પછી યશોધરે પુત્રોને બોલાવ્યા. “ હે પુત્રો ! ચાલો, ઇચ્છા પ્રમાણે ભોજન કરીયે.” ત્યારે ધૈર્યધારી પુત્રોએ કહ્યું. “અમે રાત્રીએ જમતા નથી. તમને રૂચે તે કરો.”

હવે ઉત્તમ પુરૂષોની મધ્યે મેરૂ એવા યશોધર શેઠે મનમાં કપટ રાખી બીજે દિવસ તે બન્ને નિર્મળ ચિત્તવાળા પુત્રોને સેવાદેવાના વેપાર માટે મોકલ્યા, ત્યાં લાભના વશથી મંદાદા ઉદ્યમવડે વેપાર કરતા એવા તે બન્ને ભાઇઓએ ગયેલા દિવસને પણ જાણ્યો નહીં, તેથી તેઓ એક પહોર રાત્રી જતાં ઘેર આવ્યા, ત્યારે માતાપિતાએ ભોજન કરવાનુ કહ્યું; પરંતુ પોતાના અભિગ્રહને વિષે એક ચિત્તવાળા તેઓએ ભોજન કર્યું નહીં. આ પ્રમાણે પિતાની આજ્ઞાથી હર્ષવડે વ્યાપાર કરતા એવા બન્ને ભાઇઓ પાંચ દિવસ સુધી ભોજન કર્યા વિના રાત્રીએ સુઇ રહ્યા.

છઠે દિવસે રાત્રીએ મત્તવાળી બન્ને પુત્રોને યશોધર શેઠે પ્રેમથી કહ્યું “ હે પુત્રો ! જે મને સુખકારી હોય તે તમારે ઇષ્ટ જાણવું: માટે એ નિશ્ચયથી હું તમને જે કાંઇ કહુ તે તમે કરો. તમે રાત્રીભોજનનો ત્યાગ શા માટે કર્યો ! અને તમને આવા કૈગન્તી વ્યાપારમાં કોણે જોડયા ! તે હું જાણતો નથી. તમે ભોજન નથી કરતા તેથી તમારી માતા પણ ભોજન કરતી નથી. તેથી તેને પણ આજે છ ઉપવાસ થયા છે. તમારે એક ન્હાની છ માસની બ્હેન છે, તે બહુ સુકોમળ શરીરવાળી છે તે પણ તમારી માતાના ભોજન નહિં કરવાના કારણથી

દુધ નહિં મળવાને લીધે આજે બહુજ દુબળી થઈ છે; લોકો-
એ તેનું દુબળી થવાનું કારણ પૂછયું; ત્યારે મેં તેઓની પાસે
તમે ભોજન નથી કરતા એ વિગેરે સઘળી વાત નિવેદન કરી.
માટે હે પુત્રો! તમે ભોજન કરો કે જેથી તમારી માતા પણ
ભોજન કરે અને તમારી બ્હેન પણ સુખી થાય. રાત્રીના પહે
લા અર્ધા પહોરને પંડિત લોકો પ્રદોષ કહે છે, અને તેજ કાર-
ણથી રાત્રીનું ત્રિયામા એવું નામ લોકમાં પ્રસિદ્ધ થયું છે, તેથી
તમે અત્યારે ભોજન કરશો તો રાત્રીભોજન કહેવાશે નહીં;
કારણ કે હજુ બે ઘડી રાત્રી ગઈ છે. અને જો તમે ભોજન
નહિં કરો તો તમારી માતા નિશ્ચે દુખથી મૃત્યુ પામશે."

પિતાનાં આવાં વચન સાંભળી દુખથી પીડા પામતા, દીન
મનવાળા અને ધૈર્યરહિત એવા મ્હોટા ભાઈ હંસે ન્હાના ભાઈ
કેશવના મુખ સામું જોયું, એટલે કેશવે મ્હોટા ભાઈને ધૈર્યરહિત
થયેલો જાણીને પછી પિતાને કહ્યું:–"હે તાત! જે જે મને સુખ
કારી થશે તે તે હું કરીશ. જે મ્હારા પાપને દૂર કરનારૂં
છે તે શું તમને સુખકારી નહિં થાય? જે માતાનું વાત્સલ્ય છે
તેજ ધર્મકાર્યનું શલ્ય જાણવું. કોણ કોને માટે પાપ કરે છે?
સર્વ પોતાના કર્મના ફળને ભોગવનારા છે. છેલ્લા બે ઘડી દિવસ
ને [illegible] ના અન્તરી: માટે તે વખતના અંતર્મુહૂર્તમાં ભોજન કરવું
[illegible] ન કહેવાય છે. અને હવણાં તો મૂહૂર્ત માત્ર પણ
[illegible] હે તાત! તમારે મને વારંવાર ભોજન કર
[illegible] વું નહીં."

[illegible] પિતાનું વચન માન્યું નહીં તેથી શાંત એવો
[illegible] બહુ ક્રોધયુક્ત થયો, અને ક્રોધ પામી બોલ્યો:-
[illegible] મ્હારૂં વચન માનતો નથી તો મ્હારી દૃષ્ટિથી દૂર
[illegible] આવું વચન સાંભળી જેમ [illegible] ના
[illegible]
[illegible]
[illegible]
[illegible] થી ભોજન [illegible]

હવે મુસાફર સરખા વેષવાળો કેશવ ગામ, નગર, ઉદ્યાન ખાણ વિગેરેને વિષે ફરતો ફરતો સાતમે દિવસે મધ્યરાત્રી વખતે કોઇ અરણ્યમાં આવી ચડયો, ત્યાં તેણે બહુ યાત્રા ક વા આવેલા લોકોથી ભરપુર એવા એક યક્ષના મંદિરને જોયુ ત્યાં લોકો ઠેકાણે ઠેકાણે રસોઈ કરતા હતા, તેઓએ પોતાન તરફ આવતા એવા કેશવને જોઈ તેને હર્ષથી કહ્યું:-"હે મુસ ફરો તું અહીં આવ્ય અને ઉત્તમ ભોજન કરી અમને આતિથ ભોજનનું પુણ્ય આપ. અમે પારણું કરવાને તૈયાર થયા છીએ પરંતુ કોઇ અતિથિની વાટ જોતા હતા એવામાં તને દીઠો છે." તેવારે કેશવે તે યાત્રિક લોકોને પુછયું:-"હે યાત્રિકો! તમે એવુ શું વ્રત કરો છો કે જેનું પારણું રાત્રીને વિષે થાય છે?" ત્યારે લોકોએ કહ્યું:-"હે મનુષ્ય! આ જયનંદ નામે યક્ષ છે, તેની આજે મ્હોટું પુણ્ય આપનારી યાત્રા ભરાય છે. માટે દિવસે ઉપવાસ કરી અર્ધ રાત્રીએ અતિથિને બહુ આદરથી ભોજન કરાવી અને પછી પારણું કરાય છે. અમે દિવસે ઉપવાસ કરી અત્યારે પારણા માટે રસોઈ કરીએ છીએ, એવામાં તું ઓચિંતો આવી ચડયો છું; માટે તું આજે અમારો પરૂણો થા." ત્યારે કેશવે કહ્યું:-"આવા પાપકારી પારણામાં હું જ મતો નથી, કારણ કે 'રાત્રીભોજન કરવું યોગ્ય નથી.' એમ સજ્જન પુરૂષો કહે છે. હે લોકો! આ ઉપવાસમાં પુણ્ય એક ચણોઠી જેટલું થાય છે અને રાત્રીભોજનનું પાપ પર્વતસમાન થાય છે. કોઇ ઉપવાસ એવો થતો નથી કે જેનું પારણું રાત્રીએ કરાય. દિવસે ભોજન કરવાથી અથવા તો રાત્રીએ ભોજન કર વાથી ઉપવાસ કહેવાતો નથી; પરંતુ રાત્રીભોજન કરવાથી મ્હોટું પાપ લાગે છે. જે કુમતિ પુરૂષો ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ તપ કરે છે, તેઓ કુદ્રવ્ય એકઠું કરનારાની પેઠે દુર્ગતિના દુઃખો પા મે છે." યાત્રિક લોકોએ કહ્યું:-"યોગશાસ્ત્રમાં આ યક્ષના ન તનો વિધિ આ પ્રમાણે કહ્યો છે, માટે તેમાં કાંઇ વિચાર કરવા જેવું નથી. હે આર્ય! આજે કોઇ અતિથિને જમાડીનેજ જ- મવું જોઇએ એવી રીત હોવાથી અમે કોઇ અતિથિની વાટ

જેના હતા તે કારણથી અમારે પારણું કરતાં આટલી બધી રાત ગઈ છે. માટે હે મહાભાગ! તું અમારી પહેલાં ભોજન કર." આ પ્રમાણે કહીને સર્વે યાત્રિક લોકોએ કેશવના પગમાં પડી નમસ્કાર કર્યા.

હવે પ્રજાના દુઃખથી દુઃખી થએલો રાજા વિચાર કરવા લાગ્યો કે:-"હાય હાય! હું રાજ્યકરતા છતાં મ્હારી પ્રજા દુઃખ પામે છે. સઘળાં તપસ્વીઓના તપના અને મહાસતીઓના શીળના પ્રભાવથી સર્વ માણસોને દુઃખ ઉત્પન્ન કરનારો જે આ ચોર તે મ્હારા હાથમાં આવો." આ પ્રમાણે કહી થોડો પરિવાર સાથે લઇ રાજા ચારે તરફ ચોરની શોધ કરવા લાગ્યો. અનુક્રમે ફરતાં ફરતાં નગરમાં કોઇ ઠેકાણે તેણે ચોરનું પગલું વિગેરે કાંઇ પણ દીઠું નહીં; તેથી ખેદ પામી નગરની બહાર કુવા, તળાવ વિગેરે જોયા, તોપણ તે ચોરનો પત્તો ન લાગ્યો. પછી વનમાં ફરતા એવા રાજાને કોઇ ઠેકાણેથી કપુર અગુરૂ વિગેરેના ધૂપનો સુગંધ આવ્યો; તે સુગંધને અનુસારે રાજા આગળ ચાલ્યો તો તેણે એક ચંડિકાનું મંદિર દીઠું. તે મંદિરમાં ચંપાના પુષ્પ વિગેરેથી પૂજા કરેલા ચંડિકા દેવીનાં તેણે દર્શન કર્યાં. તે વખતે ઉત્તમ લુગડાં અને ઘરેણાંવાળો કોઈ પુજારી પુરૂષ દેવીની આગળ ધૂપ મૂકી હાથ જોડીને પ્રણામ કરતો તેના જોવામાં આવ્યો. તેને રાજાએ પૂછયું કે "આ ચંડિકા દેવીની હવા પુરૂષે શા કારણથી પૂજા કરાવી છે? અને તને આ ઉત્તમ લુગડાં અને ઘરેણાં કોણે આપ્યાં છે? ત્યારે પૂજારીએ કહ્યું:-"મહારાજ! હું દરિદ્રી વાણીયાનો પુત્ર છું, હું ચંડિકા દેવીની પૂજા કરૂં છું, તેથી તે દેવી મને પ્રસન્ન થયાં છે. હું જ્યારે જ્યારે સવારમાં

પૂજા કરવા આવું છું, ત્યારે ત્યારે દેવીના પગ નિચેથી મણિ, સોનું વિગેરે વસ્તુ મને મળે છે. હું ચંડિકા દેવીની ત્રણ કાળ પૂજા કરૂં છું અને તેમના નામનો જપ કરૂં છું; માટે તે દેવીના પ્રસાદથી મ્હારા ઘરને વિષે બહુ લક્ષ્મી છે."

રાજાએ પૂજારીનાં વચનથી "આ મંદિરે રોજ ચોર આવે છે." એવો નિશ્ચય કરી પોતાનું દિવસનું કામ કરવા માટે તે પોતાના રાજમંદિરે આવ્યો, અને રાત પડી એટલે તે રાજા પોતાના સારા સારા સુભટ પુરૂષોને સાથે લઇ ચંડિકાનાં મંદિરે આવ્યો, ત્યાં સુભટોને થોડે થોડે છેટે છાની રીતે ઉભા રાખી પોતે મંદિરના થાંભલાની પાસે સંતાઇને ઉભો રહ્યો. પછી અર્ધી રાતને વખતે ચાંખડી પહેરીને આકાશમાંથી ઉતરતો ચોર તેના જોવામાં આવ્યો. હવે ચોર મંદિરની બહાર પગમાંથી કાઢી નાંખેલી બન્ને ચાંખડીને ડાબા હાથમાં લઇ મંદિરની અંદર ગયો, ત્યાં તેણે મણિના સમૂહથી દેવીની પૂજા કરીને કહ્યું કે:-"હે માત! ચોરી કરનારા અને સ્વચ્છંદચારી એવા મને ખાતર પાડવામાં તું બહુ સમૃદ્ધિ આપનારી થજે." ચોર આ પ્રમાણે કહી જેટલામાં પાછો વળ્યો તેટલામાં રાજાએ મંદિરનું બારણું બંધ કરીને કહ્યું કે:-"અરે નિર્દય! મેં તને જીવતો મૂકયો છતાં તું મ્હારી નગરીને ત્યજીને જતો નથી?" રાજાએ આ પ્રમાણે તિરસ્કાર કર્યો એટલે તે ચોરે ક્રોધથી તેના સામે ચાંખડી ફેંકી, તેથી રાજા ચાંખડીના ઘા તરફથી દૂર ખસી ગયો એટલે ચોર બારણું ઉઘાડી નાઠો. તેવારે રાજાએ "હે સુભટો! દોડો દોડો આ કેસરી ચોર નાસી જાય છે." એમ કહ્યું, એટલે સર્વે સુભટો તુરત ચોરની પાછળ દોડયા. રાજા પણ ચોરની ચાંખડીઓ પોતાના સેવકને સોંપી તે ચોરની પાછળ દોડયો. ચોર બહુ દૂર ગયો, પછી તે કાંકરા અને કાંટા વિગેરેથી પોતાના પગનું રક્ષણ કરવા માટે નગરના રસ્તા ઉપર આવ્યો; ત્યાં ભયથી આકુળ વ્યાકુળ ચિત્તવાળા તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તે વિચારવા લાગ્યો કે:-"નિશ્ચે મ્હારૂં પાપ અને આજ ભવમાં ફળ્યું." આ પ્રમાણે વિચાર કરતો તે ચોર નગરની પાસે આવ્યો; એવામાં તેણે ઉદ્યાનમાં કોઇ મુનિને ધર્મોપદેશ

આપના લેવા, તેમની પાસે તે કેસરી ચોર શુદ્ધ ભાવથી ધર્મ સાંભળવા લાગ્યો. તે વખતે મુનિરાજે ધ્યાનનો ઉપદેશ આપ્યો:-“જે પુરૂષ રાગ દ્વેષ ત્યજી દઈ સમતાભાવથી ધ્યાન કરે છે, તે નિશ્ચે સર્વ પાપથી મૂકાઈ જાય છે.” મુનિના આવા ઉપદેશનો મનમાં વિચાર કરતો તે કેસરી ત્યાં ઉભો થયો, તેના શરીરનાં રૂંવાડાં હર્ષથી ઉચાં થયાં, અને સારા પુરૂષો જેની સ્તુતિ કરતા હતા અને ખરાબ પુરૂષો જેની નિંદા કરતા હતા એવો તે કેસરી કોઇ ઉપર રાગ દ્વેષ ન ધરતાં સમતાભાવને વિષે એવો લીન થઈ ગયો કે તેનાં બહુ પાપો તેજ વખતે નાશ પામ્યાં. આવી રીતે સમતાભાવમાં તે એક આખો દિવસ અને રાત સ્થિર થઈને ઉભો રહ્યો. તેના પવિત્ર ચિત્તમાં સમતા એવી ઉત્તમ થઈ ગઈ હતી કે જેથી તેને ચાર ઘાતીકર્મનો ક્ષય થવાથી ઉત્તમ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ વખતે વિજય રાજા તે કેસરી ચોરની સર્વ ઠેકાણે શોધ કરતો કરતો ત્યાં આવ્યો, ત્યાં તે ચોરને જોઈ તેને મારવાના વિચારથી સુભટોસહિત દોડ્યો, એવામાં કેવળીને નમસ્કાર કરવા આવેલા દેવતાઓએ તે કેસરીને મુનિનો વેષ આપી સુવર્ણકમળ રચ્યું. કેસરીમુનિ સુવર્ણકમળ ઉપર બેઠા એટલે રાજાદિ જે લોકો તેમને મારવા માટે આવ્યા હતા તે તેમને વંદના કરવા લાગ્યા. પછી કેસરીમુનિએ કાંતની કાંતિથી પૂર્ણચંદ્રના તેજને તિરસ્કાર કરતા છતા પાપના સમૂહને દૂર કરનારી અમૃતસમાન ધર્મદેશના આપી. તે દેશનાને અંતે રાજાએ પૂછ્યું કે:-“હે નાથ! તમારૂં ચોરી રૂપી કુકર્મ ક્યાં? અને આ કેવળજ્ઞાન ક્યાં?” તેવારે કેવળીએ કહ્યું:-“હે રાજન્! જન્મથી આરંભીને ચોરી કરવામાં તત્પર એવા મને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એમાં ઉત્તમ એવું સામાયિક કારણ છે. જે કર્મ ક્રોડ વર્ષ તપ કરવાથી ક્ષય ન પામે તે કર્મ નિશ્ચે સામાયિકથી નાશ પામે છે.” કેવળીનાં આવાં વચન સાંભળી હર્ષ પામેલો રાજા પોતાને ઘેર ગયો અને કેવળી ભગવાન્ ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

ઇતિ કેસરી ચોરની કથા.

શ્રી મહાવીર પ્રભુ આણંદ વિગેરે શ્રાવકોને કહે છે કે:-હે ભવ્યજનો! જેણે પિતાનો ઘાત કર્યો હતો અને જે બહુ લોકો ને તાપ પમાડવામાં ચતુર હતો તે કેસરી ચોર પણ જેનાથી મોક્ષ સુખ પામ્યો તે સામાયિક તમે આચરો. સામાયિક પાપ યોગને નિવારનારૂં અને પુણ્યયોગને વધારનારૂં છે. સામાયિકના અધિકારને વિષે બે પ્રકારની શિક્ષા છે. *ઉત્પત્તિ, સ્થિતિ, ગતિ અને કષાય. તેમાં કેટલીક કર્મ પ્રકૃતિને બાંધે છે અને કેટલીક કર્મ પ્રકૃતિને તોડી નાખે છે. તેના પાંચ અતિચાર છે. શિક્ષા બે પ્રકારની છે. એક આસેવના અને બીજી ગ્રહણા. તેમાં પહેલી શિક્ષાનો આશ્રય કરીને શ્રાવકને દશ ભેદ સામાચારી કહી છે. ૧ પ્રતિલેખના, ૨ પ્રમાર્જના, ૩ ભિક્ષા, ૪ ચર્યા, ૫ આલોચના, ૬ ભોજન, ૭ પાત્રક ધાવન, ૮ વિહરણ, ૯ સ્થંડિલ શુદ્ધિ, ૧૦ આવશ્યકી. આ પ્રકારની સામાચારી તો હમેશાં સાધુ પાળી શકે છે. શ્રાવક તો એવી સામાચારી સામાયિકમાં પણ પાળી શકતા નથી. હવે સૂત્ર-ગ્રહણા નામની બીજી શિક્ષાનો આશ્રય કરી તેના ભેદ દેખાડે છે. તેમાં સાધુઓ જઘન્યથી સૂત્ર અને અર્થસહિત આઠ પ્રવચનમાતાના અધ્યયન પર્યંત અને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વ પર્યંત અભ્યાસ કરે છે. અને શ્રાવકતો જઘન્યથી સૂત્ર અર્થસહિત આઠ પ્રવચનમાતાના અધ્યયન સુધી અને ઉત્કૃષ્ટથી શ્રીદશવૈકાલીક સૂત્રના ચોથા ષટ્ જીવ નિકાય અધ્યયન સુધી અભ્યાસ કરે છે; તેમજ અર્થથીતો આચારાંગમાં કહેલા પિંડેષણા અધ્યયનને પણ સાંભળે છે. શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા અચ્યુત દેવલોકમાં જાય છે અને સાધુ ઉત્કૃષ્ટથી સર્વાર્થ સિદ્ધ વૈમાનમાં જાય છે. જઘન્યથી સાધુ અને શ્રાવક બન્ને જણા પેલા સૌધર્મ દેવલોકમાં જાય છે. સૌધર્મ દેવલોકમાં શ્રાવકની સ્થિતિ જઘન્યથી એક પલ્યોપમ છે, અને ઉત્કૃષ્ટથી અચ્યુત દેવ લોકમાં બાવીસ સાગરોપમની છે. તેમજ સાધુની સ્થિતિ જઘન્યથી સૌધર્મદેવલોકમાં બે પલ્યોપમથી નવ પલ્યોપમ સુધી

* આ ચારે ભેદનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે.

શ્રી મહાવીર પ્રભુ કહે છે કેઃ-"હે ઉત્તમ શ્રાવક આણંદ! હવે તું દેશાવકાસિક નામનું બીજું શિક્ષાવ્રત સાંભળી તે અંગિકાર કર. પૂર્વે જે નવ વ્રતોનું પરિમાણ કર્યું છે, તેમાંથી જે સંક્ષેપ (ઓછું) કરવું, તેનું નામ "દેશાવકાસિક" એમ જિનેશ્વરોએ કહ્યું છે. અથવા તો છઠ્ઠું જે દિશાવિરમણ વ્રત તેના જેટલા યોજનનું પ્રમાણ લીધું હોય તેમાંથી દિવસે દિવસે ઓછું કરવું, તેને દેશાવકાસિક નામનું વ્રત વિતરાગ પુરૂષોએ કહ્યું છે. જે શ્રાવક શુદ્ધ ભાવથી દેશાવકાસિક વ્રત કરે છે, તેણે બીજા ક્ષેત્રમાં એટલે ધારેલા ક્ષેત્રની ઉપરના ક્ષેત્રમાં જીવોને નિશ્ચે અભયદાન દીધું છે. એ વ્રતના પ્રભાવથી સુમિત્ર મંત્રીની પેઠે જીવોનાં સઘળાં વિઘ્નો નાશ પામે છે, તેમજ આ લોકમાં અને પરલોકમાં કલ્યાણલક્ષ્મી પ્રાપ્ત થાય છે."

પછી આણંદ શ્રાવકે પૂછ્યું:-"હે ભગવન્! એ સુમિત્ર મંત્રી કોણ હતો? અને તેણે શી રીતે દેશાવકાસિક વ્રત પાળ્યું હતું?" ત્યારે ભગવાને કહ્યું. હે શ્રાવક! સાવધાન થઈને સાંભળ.

દેશાવકાસિક નામના બીજા શિક્ષાવ્રત ઉપર

સુમિત્ર મંત્રીની કથા.

આ ભરતક્ષેત્રમાં સર્વ નગરીઓમાં શ્રેષ્ઠ, પૃથ્વીરૂપ સ્ત્રીને આભૂષણ સમાન અને સર્વ પ્રકારના આનંદને આપનારી ચંદ્રવતી નામે નગરી છે, તે નગરીમાં પ્રગટ પ્રતાપરૂપ પવનથી શત્રુના સમૂહરૂપ આકડાના રૂને ઉડાડી દેનારો તારાપીડ નામે રાજા અખંડિત રીતે રાજ્ય કરતો હતો; તે રાજાને રાજ્યભાર ઉપાડવામાં હાથી સમાન, સર્વ પ્રકારની બુદ્ધિને વિષે ચતુર અને અક્ષયબુદ્ધિનું સ્થાન એવો સુમિત્ર નામે મંત્રી હતો. એક દિવસ નવા યૌવનથી ભરપુર અને નાસ્તીક એવા રાજાએ વૃદ્ધ એવા તે મંત્રીને કહ્યું કેઃ-"હે મંત્રી! તમે દેવપૂજન, ધર્મનું સાંભળવું અને પાત્રને દાન આપવું ઇત્યાદિ ધર્મકામ કરીને પોતાના આત્માને શામાટે વૃથા ખેદ પમાડો છો? કયો પુરૂષ

એક દિવસ પ્રધાન દિવસે રાજ્યકાર્ય કરી સાંઝે ઘેર આવ્યો, તે દિવસે ચૌદસ હતી, તેથી તેણે પોસો લઈ અને "હવે હું ઘરની બહાર નહીં જાઉં." એમ વિચારી દેશાવકાસિક લીધું. દેશાવકાસિક લીધા પછી તેણે પરમેષ્ઠી મંત્ર જાપ કરવા માંડયો.

હવે એમ બન્યું કે રાજાને કાંઈક મ્હોટું કાર્ય આવી પડ્યું, તેથી તેણે પ્રધાનને બોલાવવા માટે પ્રતિહારીને મોકલ્યો. પ્રતિહારીએ પરમેષ્ઠી મંત્રનો જપ કરતા એવા મંત્રીને કહ્યું કે, "અત્યારે કાંઇ જરૂરનું કામ આવવાથી તમને રાજા બોલાવે છે." ત્યારે મંત્રીએ કહ્યું.-"મેં સવાર સુધીનું પચ્ચખાણ લીધું છે, માટે હું સવારે ઘર બહાર નિકળીશ." એમ કહી મંત્રીએ પ્રતિહારીને પાછો મોકલ્યો. પછી પોતે એક ચિત્તથી નવકાર મંત્રરૂપ અમૃતના સિંચનથી મનુષ્યના અવતારરૂપ વૃક્ષને સફળ કરવા લાગ્યો. થોડીવાર પછી પ્રતિહારીએ ફરી મંત્રી પાસે આવીને કહ્યું.-"હે મંત્રીશ્વર! તમારા વ્રતથી અને પોતાના હુકમનો ભંગ થવાથી રાજા તમારા ઉપર બહુ કોપ પામ્યાછે, તેથી તેમણે કહ્યું છે કે જો મંત્રી અત્યારે અહિં ન આવે તો તેની પાસેથી પ્રધાનમુદ્રા પાછી લઈ ત્હારે મ્હારી પાસે ઝટ આવવું. આ પ્રમાણે કહી રાજાએ મને તમારી પાસે મોકલ્યો છે." પ્રતિહારીનાં આવાં વચન સાંભળી મંત્રીએ હસીને તે વખતે દુષ્ટ દાસીની પેઠે પ્રધાનમુદ્રા પાછી આપી. પ્રતિહારી મુદ્રા લઈ ઘરની બહાર ગયો એટલે મંત્રી રાજ્યચિંતાનો ભાર જવાથી સુખે ધર્મકાર્ય કરવા લાગ્યો.

હવે પ્રતિહારી પ્રધાનમુદ્રા લઈ, હાથની આંગળીમાં પેહેરી પોતાને ઘરે આવ્યો, અને હસીને સેવકોને કહેવા લાગ્યો કે:- "હું મંત્રી થયો છું." સેવકોએ પણ "હે મંત્રીરાજ! ધીમે ધીમે ચાલો" એમ હસીને કહ્યું. પછી પોતાના સેવકોસહિત મંત્રી રાજ્યમંદિરે જવા માટે ઘરની બહાર નિકળ્યો, એવામાં દુષ્ટ કર્મના ઉદયથી કેટલાક હથીયારવાળા લોકો પ્રગટ થયા અને તેમણે પ્રતિહારીને એવો માર્યો કે જેથી તે ત્યાંજ મૃત્યુ પામ્યો.

પ્રતિહારીના સુભટોએ પણ તે શત્રુ સુભટોને માર્યા. તે વખતે ત્યાં "પ્રતિહારી મરાયો, પ્રતિહારી મરાયો" એવો મ્હોટો કોલાહળ થયો. આ વાત રાજાએ સાંભળી, તેથી તે ક્રોધરૂપ અગ્નિથી બળવા લાગ્યો. તેણે ધાર્યું કે "મ્હારૂં કાર્ય કરવા ગયેલા પ્રતિહારીને તે કપટી મંત્રીએ મારી નાખ્યો, માટે જો એ દુષ્ટમંત્રીને હું મ્હારી પોતાની તરવારથી મારી નાંખુ તોજ મ્હારા ચિત્તમાં શાંતિ થાય." આવી રીતે ક્રોધથી બોલતો રાજા જ્યાં પ્રતિહારી અને બીજા સુભટો પડયા હતા ત્યાં આવ્યો. પછી તેણે દીવો મગાવી જોયું તો મંત્રીના સેવકો દીઠા નહીં, પણ કોઇ પરદેશી સુભટો દીઠા; તેથી તેણે "આ મંત્રીના સુભટો નથી પણ કોઈ પરદેશી છે." એમ ધારી તે સુભટોને પૂછયું કે "તમે મ્હારા પ્રતિહારીને શામાટે મારી નાંખ્યો!" તેવારે ક્રોધી હોઇને હસતા અને દુઃખથી પીડા પામતા એવા તે સુભટોએ કહ્યું. "હે રાજન્! અમને શું પુછો છો?" દુષ્ટ દૈવે અમારા રાજાના અને અમારા મનોરથો ઝટ નિષ્ફળ કરી નાંખ્યા છે. હે રાજન્! સાવધાનપણે સાંભળો.

ધારાવાસ નગરના રાજા સુરસેને મ્હોટી ઇચ્છાથી પોતાના સેવકો સુમિત્ર મંત્રીને મારવા માટે મોકલ્યા છે. એ સુમિત્ર મંત્રી અમારા રાજા સુરસેન પાસેથી દરેક વર્ષે બહુ દંડ લે છે અને અમારા રાજાના શત્રુ એવા તમને નિરંતર પોષણ કરે છે, તેથી અમે અમારા રાજાની આજ્ઞાથી સુમિત્ર મંત્રીનો રસ્તો [illegible]કીને ઉભા હતા, એવામાં મંત્રીને ઠેકાણે આ પ્રતિહારી માર્યો [illegible]યો." સુભટોનાં આવાં વચન સાંભળી તે પ્રગટ વાત કહેનારા [illegible]ડી રહેલા ચાર સુભટોને રાજાએ મારી નાંખ્યા. પછી રાજા [illegible]રાપીડ પસ્તાવો કરતો કરતો પરિવાર સહિત સુમિત્ર મંત્રીને [illegible] ગયો, ત્યાં તેણે મંત્રીનો હાથ પકડી કહ્યું કે:- "હે મહા-[illegible]! પિતા તુલ્ય એવા તમારા ઉપર મેં દુર્વિચાર કર્યો તે [illegible] અપરાધ ક્ષમા કરો." એમ કહી ક્ષમા માગી. વળી કહ્યું [illegible]જો તમે આજે આ રૂપ ન લીધું હોત તો નિશ્ચે તમારૂં [illegible]પાત, તો પછી તમારા વિના આ પિતાથી માતના આદે

વૈભવવાળા રાજ્યનું શું થાત? માટે મેં પવિત્ર અને ત્રણ જગતનું મંગળકારી એવું જે વ્રત તેનું પ્રત્યક્ષ ફળ દીઠું છે. હે તાત! આ વ્રતે તમારા જીવિતને પુષ્ટ કર્યું છે, અને મ્હારાં સર્વ પાપ નિરંતર શોધી નાંખ્યા છે. હે સાત્વિક પુરૂષોમાં શિરોમણિ! તમે મ્હારો અપરાધ ક્ષમા કરો અને પ્રસન્ન થઇ મને સુધર્મને વિષે સ્થાપન કરી સંસારસમુદ્રથી તારો." ત્યારે મંત્રીએ કહ્યું. "મહારાજ! એમાં તમારો અપરાધ નથી; કારણ કે તમે પસ્તાવો કરતા છતા ધર્મને વિષે બુદ્ધિને ધારણ કરો છો." પછી જેને ફરી પ્રધાનમુદ્રા મળી છે એવા સુમિત્ર મંત્રીએ પૂર્ણચંદ્ર નામના ગુરૂ પાસે રાજાને શ્રાવકધર્મ લેવરાવ્યો. પોતાના અપરાધને લીધે સુમિત્ર મંત્રીથી શંકા પામતો એવો સુરસેન રાજા પણ રાજ્યલક્ષ્મીથી સોભતો છતાં કંઠમાં કુવારો ઘાલી તેમને શરણે આવ્યો. પછી સુમિત્ર મંત્રીએ કહેલાં જિન પૂજન, પાત્રદાન, જિનધ્યાન, તીર્થયાત્રા વિગેરે ઉત્તમ કાર્ય કરી તેણે પોતાનો અવતાર સફળ કર્યો.

આ પ્રમાણે સુમિત્ર મંત્રી અને રાજા બન્ને જણા જિનધર્મ પાળી અંતે કાળ કરી મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિપદ પામશે.

ઇતિ સુમિત્ર મંત્રીની કથા.

શ્રી મહાવીર પ્રભુ કહે છે કે:-"હે ભવ્યજનો! તમે સુમિત્ર મંત્રીનું દૃષ્ટાંત સાંભળી સુખકારી એવા દેશાવકાસિક વ્રતને વિષે સર્વ પ્રકારે આદર કરો. છઠ્ઠા દિગ્પરિમાણ વ્રતનું દિવસે દિવસે સંક્ષેપ (ઓછું) કરવું તેને દેશાવકાસિક વ્રત કહેવાય છે. શ્રાવકે તે વ્રતના પાંચ અતિચાર જાણવા પણ તે આચરવા નહીં. તે આ પ્રમાણે.

૧ ધારેલા દેશની ઉપરના દેશમાંથી કાંઈ પણ વસ્તુ મંગાવવી, ૨ ધારેલા દેશની ઉપરના દેશમાં કાંઈ પણ વસ્તુ મોકલવી, ૩ ખુંખારાદિ શબ્દ કરી કોઈને પોતાની ખબર આપવી, ૪ પોતાનું સ્વરૂપ દેખાડી બીજાને પોતાની ખબર આપવી,



પરંતુ જો ત્હારા હાથમાં બળ હોય તો એક મ્હારી સાથે તો યુદ્ધ કર. વળી હાથી, ઘોડા, રથ, સુભટ સંબંધી જે કાંઈ ત્હારૂં સામર્થ્ય હોય તે પણ પ્રગટ કર્ય, કે જેને હું ક્ષણમાત્ર જોઉં તો ખરો !" સુભટનાં આવાં વચન સાંભળી રાજસુભટો જેટલામાં તેને મારવા માટે દોડયા તેટલામાં તે સુભટે પોતાનું એવું બળ દેખાડયું કે જેથી તે સર્વે તુરત નાસી ગયા. પછી જેમ સિંહ હરણને પકડી વનમાં લઈ જાય તેમ ક્રોધ પામેલો તે સુભટ રાજા રણશૂરને માથાના વાળ પકડી વનમાં લઇ ગયો. ત્યારે રાજા બહુ ખેદ પામી વિચાર કરવા લાગ્યો કે:-"હાય હાય ! એ પુરૂષે મ્હારૂં બળ શી રીતે નાશ કર્યું ? હું શું કરૂં ? કયાં જાઉં ? અને કોની આગળ પોકાર કરૂં ? અરે ! તે મ્હારી પ્રીતિના પ્રિયા અને મ્હોટું રાજ્ય એ સઘળું કયાં ગયું ? આવી રીતે ખેદ પામેલો રાજા જેટલામાં નિર્ભય થઇ વનમાં ભમવા લાગ્યો તેટલામાં તેણે એક જ્ઞાની મુનિને દીઠા. રાજાએ તેમને વંદના કરીને મુનિના વચનથી ધર્મદેશના સાંભળી. ત્યારપછી તેણે મુનિની ઉત્તમરૂપ સંપત્તિ જોઈ પૂછયું કે: "હે ભગવન્ ! આ શરીર સંપત્તિથી તમે કોઇ રાજકુળમાં જન્મ પામ્યા હો એમ દેખાય છે. આપે આ પહેલી યૌવનાવસ્થામાં કેમ દીક્ષા લીધી છે ?" ત્યારે મુનિએ કહ્યું:-રાજ્ય ભોગવે છતે તેમજ બહુ સુભટની તથા કોટી સુભટ છતાં ત્હારી પેઠે હું મ્હારા આત્માને મૃત્યુથી કોઈ રક્ષણ કરનારો ન દેખીને અતિ વૈરાગ્યની ભાવનાથી ભાવેલા હૃદયમાં વિચાર કરીને મેં દીક્ષા લીધી છે, તેથી હું જગતનું અને આત્માનું શરણ થયો છું." પછી રાજા ચિત્તમાં ચમત્કાર પામી વિચાર કરવા લાગ્યો કે "નિશ્ચે આ મુનિરાજ જ્ઞાન બળથી લોકાલોકને જાણી શકે છે." આવી રીતે વિચાર કરી તેણે મુનિને પૂછયું કે:-"હે ભગવન્ ! મ્હારી પાસે કોટી સુભટ છતાં મને અહિં કોણ લાવ્યું ?" આ પ્રમાણે રાજાએ પૂછવાથી મુનિએ કહ્યું:—

"હે રાજન્ ! પાંચમા દેવલોકમાં અમૃતપ્રિય નામનો દેવતા રહે છે. તે અહિં મને વંદન કરવા આવ્યો હતો. તેણે મને

એમ પૂછયું કે "જ્યારે હું ચવીશ ત્યારે મ્હારા વિમાનને વિષે કોણ ઉત્પન્ન થશે?" ત્યારે મેં કહ્યું.-"હે દેવનાથ! રણશૂર નામનો રાજા ત્હારા સ્થાને દેવતા થશે." પછી દેવતાએ કહ્યું. "તે તો પોતાની શ્રીકાંતા નામની સ્ત્રીને વિષે આસક્ત થયેલો છે, તો તે શી રીતે બોધ પામશે?" મેં કહ્યું. "હે દેવરાજ! તું તેને અહિં લાવીશ ત્યારે તે બોધ પામશે."

હે રણશૂર! મ્હારાં આવાં વચનથી તે સ્નેહવાળો દેવતા તને અહિં લાવ્યો છે, તો હવે તું આ લોક અને પરલોકના હિતને અર્થે જિનરાજના ધર્મને આદર." પછી રાજાએ જેટલામાં સમકિતમૂળ બાર પ્રકારનો શ્રાવકધર્મ આદર્યો તેટલામાં દેવતાએ પ્રગટ થઇ તેને ફરીથી તેના રાજ્યાસન ઉપર બેસાર્યો. પછી રણશૂર રાજા "જીવિત સુધી આઠમ ચૌદસ વિગેરે પર્વને દિવસે પૌષધવ્રત કરીશ." એવો ઘોર અભિગ્રહ લઇ જિનધર્મ પાળવા લાગ્યો.

એક દિવસ રાજા રાત્રી વખતે પોતાના ઘરમાં ગયો, ત્યાં તેણે લક્ષ્મીના સરખી પોતાની શ્રીકાંતા પ્રિયાને દીઠી નહીં; તેથી ચિંતા પામેલો તે રાજા પોતાના માણસો સહિત ચારે તરફ શોધ ખોળ કરવા લાગ્યો; પરંતુ પ્રિયાની ખબર મળી નહીં. પછી તેણે હાથમાં ફળ ફુલ વિગેરે લઇ નિમિત્તના જાણ પુરૂષ પાસે જઇને પૂછયું કે:-"હે મહાભાગ! મ્હારી સ્ત્રી ક્યાં ગઇ છે? અને તે મને કઇ દિશા તરફથી મળશે?" તેવારે નિમિત્તના જાણ પુરૂષે કહ્યું:-"હે રાજન્! તમે ઉત્તર દિશા તરફ જાઓ, ત્યાં તમને તમારી સ્ત્રીનો મેળાપ થશે." પછી રાજા ઉત્તર દિશા તરફ ચાલ્યો અને પાંચમે દિવસે એક મ્હોટા અરણ્યમાં આવી પહોંચ્યો. ત્યાં તે હે ધનંજય નામના યક્ષનું મ્હોટું મંદિર દીઠું, તે દિવસે ચૌદશ હોવાથી મહાસત્વધારી રાજા તે યક્ષમંદિરમાં પૌષધવ્રત લઇ સ્થિરચિત્તથી બેઠો. આ વખતે યક્ષ રાજાને ધર્મધ્યાન તત્પર જાણી તેની પરિક્ષા કરવા માટે જૂદી જૂદી ચેષ્ટાથી અનુકૂળ અને પ્રતિકુળ ઉપસર્ગ કરવા લાગ્યો. વળી કોઇ એક દૂત ત્યાં આવી તે પૌષધવ્રતધારી રાજાને કહેવા લાગ્યો કે:-"હે રાજન્! કોઇ

[illegible]

[illegible] નહીં! [illegible] આવી રીતે [illegible] વિચાર [illegible]

[illegible] નહીં. પછી [illegible]

[illegible] કાપી અને [illegible] નહીં. તેથી પ્રથમ [illegible]

[illegible] છે કે જો હું આને [illegible]

[illegible] નથી [illegible] છે, [illegible]

[illegible]

[illegible]

શ્રી મહાવીર પ્રભુએ કહ્યું કે:—“જે મહાધૈર્યધારી પુરૂષ અતિથિસંવિભાગ વ્રત નિરંતર પાળે છે; તે પુરૂષ આ લોકમાં ભોગસંપત્તિ મેળવી પરલોકમાં મોક્ષસંપત્તિ પામે છે. અતિથિ સાધુને કહેવાય છે; માટે જે પુરૂષ સાધુને દાન આપે તે પુરૂષ જિનદત્તની પેઠે આ લોકમાં બહુ લક્ષ્મી પામી પરલોકમાં મોક્ષસુખ પામે છે.” ત્યારે આનંદ શ્રાવકે પુછ્યું:-“હે ભગવન્! તે જિનદત્ત કોણ હતો? અને તેણે સાધુને દાન શી રીતે આપ્યું? ત્યારે ભગવાને કહ્યું:—

અતિથિસંવિભાગ નામના ચોથા શિક્ષાવ્રત ઉપર જિનદત્તની કથા.

પોતનપુર નામના નગરને વિષે ભદ્રક સ્વભાવવાળો, દાન આપવામાં પ્રીતિવાળો, અને મહા ધનવંત એવો જિનદત્ત નામનો શેઠ રહેતો હતો, તેને ધર્મને વિષે રૂચિવાળી પવિત્ર સ્ત્રી હતી. એક દિવસ ધર્મઘોષ નામના આચાર્ય તે નગરને વિષે સમવસર્યા. તે વખતે જિનદત્ત શેઠ તેમને વંદના કરવા ગયો. ત્યાં તેનું ધર્મદેશના સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કરી ગુરૂપાસે એવો અભિગ્રહ લીધો કે “આજથી જીવિતપર્યંત હું એકાંતરે ઉપવાસ, ત્રણ કાળ જિન પુજા અને બંને સંધ્યા વખતે આવશ્યક કરીશ.” પછી તે જિનદત્ત શેઠ ઘેર આવી મન, વચન અને કાયાથી જિનધર્મ પાળવા લાગ્યો.

હવે કેટલેક સમયે જિનદત્ત પોતાના પૂર્વકર્મના દોષથી નિર્ધન થયો. ઘરમાં એવી કાંઇ વસ્તુ ન રહી કે જેનાથી તે વેપાર કરે. તે વખતે તેની સ્ત્રીએ કહ્યું કે:—“હે સ્વામિનાથ! મ્હારા પિતાને ઘેર જાઓ અને ત્યાંથી બહુ ધન લાવી આજીવિકા ચાલે તે પ્રમાણે વેપાર કરો.” જો કે જિનદત્ત શેઠ સસરાને ઘેર જવું ઇચ્છતો નહોતો, તોપણ દરિદ્રપણાથી દુઃખી થએલી સ્ત્રીએ કહ્યું. તેથી તે ત્યાં જવા તૈયાર થયો; કારણકે સસ-રાના ઘર વિના બીજેથી ધન મળી શકે તેમ નહોતું. પછી

શ્રી મહાવીર પ્રભુએ કહ્યું કે:—"જે મહા ધૈર્યધારી પુરૂષ અતિથિસંવિભાગ વ્રત નિરંતર પાળે છે તે પુરૂષ આ લોકમાં ભોગસંપત્તિ મેળવી પરલોકમાં મોક્ષસંપત્તિ પામે છે. અતિથિ સાધુને કહેવાય છે; માટે જે પુરૂષ સાધુને દાન આપે તે પુરૂષ જિનદત્તની પેઠે આ લોકમાં બહુ લક્ષ્મી પામી પરલોકમાં મોક્ષસુખ પામે છે." તેવારે આણંદ શ્રાવકે પૂછ્યું:-"હે ભગવન્! તે જિનદત્ત કોણ હતો? અને તેણે સાધુને દાન શી રીતે આપ્યું? ત્યારે ભગવાને કહ્યું:—

અતિથિસંવિભાગ નામના ચોથા શિક્ષાવ્રત ઉપર જિનદત્તની કથા.

પોતનપુર નામના નગરને વિષે ભદ્રક સ્વભાવવાળો, દાન આપવામાં પ્રીતિવાળો, અને મહા ધનવંત એવો જિનદત્ત નામનો શેઠ રહેતો હતો, તેને ધર્મને વિષે રૂચિવાળી પવિત્ર સ્ત્રી હતી. એક દિવસ ધર્મપ્રભ નામના આચાર્ય તે નગરને વિષે સમવસર્યા. તે વખતે જિનદત્ત શેઠ તેમને વંદના કરવા ગયો. ત્યાં તેણે ધર્મદેશના સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કરી ગુરૂપાસે એવો અભિગ્રહ લીધો કે "આજથી જીવિતપર્યંત હું એકાંતરે ઉપવાસ, ત્રણ કાળ જિન પૂજા અને બંન્ને સંધ્યા વખતે આવશ્યક કરીશ." પછી તે જિનદત્ત શેઠ ઘેર આવી મન, વચન અને કાયાથી જિનધર્મ પાળવા લાગ્યો.

હવે કેટલોક સમય ગયે જિનદત્ત પોતાના પર્વકર્મના દોષથી નિર્ધન થયો. ઘરમાં એવી કાંઇ વસ્તુ ન રહી કે જેનાથી તે વેપાર કરે. તે વખતે તેની સ્ત્રીએ કહ્યું કે:-"હે સ્વામિનાથ! મ્હારા પિતાને ઘરે જાઓ અને ત્યાંથી બહુ ધન લાવી આપણી આજીવિકા ચાલે તે પ્રમાણે વેપાર કરો." જે કે જિનદત્ત શેઠ સસરાને ઘરે જવુ ઇચ્છતો નહોતો, તોપણ દરિદ્રપણાથી દુઃખી થએલી સ્ત્રીએ કહ્યુ, તેથી તે ત્યાં જવા તૈયાર થયો; કારણકે સસરાના ઘર વિના બીજેથી તેને ધન મળી શકે તેમ નહોતું. પછી

જિનદત્ત પ્રયાણ કરવા લાગ્યો તે વખતે તેની સ્ત્રીએ તેને માર્ગમાં ખાવા માટે સાથવાનું ભાથું આપ્યું, તે લઈ જિનદત્ત ચાલ્યો. પહેલે દિવસે તેને ઉપવાસનો વારો હતો અને બીજે દિવસ પારણાને દિવસે માર્ગમાં કોઈ પાત્ર સાધુ મળવાથી તેમને સાથવો વહોરાવી દીધો. ત્રીજે દીવસે ઉપવાસ થયો અને ચોથે દિવસે તે સસરાને ઘેર પહોંચ્યો; ત્યાં તેણે જિનશાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે પારણું કર્યું. પછી સસરાએ પૂછયું.-"તમારૂં આવવું શાકારણથી થયું છે?" ત્યારે જિનદત્તે કહ્યું. "ધન લેવા માટે આવ્યો છું." જિનદત્તનાં આવાં વચન સાંભળી તેના સસરાએ પોતાના પરિવારને એકાંતમાં બોલાવી વિચાર કરવા માંડ્યો. "આપણે ઘેર આવેલો જમાઈ ધન માગે છે તો શું કરવું?" તેવારે પરિવારે કહ્યું. "એને જેટલું ધન આપશું તેટલું તે ખાઈ જશે, પછી તે શું અહિં નહિં આવે? માટે કુળદેવીને પૂછીએ અને જેમ કુળદેવી કહે તેમ કરીએ."

પછી કુળદેવીનું આરાધન કર્યું એટલે દેવીએ આવીને તેમને કહ્યું કેઃ-"હે મહાભાગ! એ જિનદત્તે મુનિને દાન આપ્યું છે તેના ચોથા ભાગનું પુણ્ય જો એ તમને આપે તો તમે તેને બહુ ધન આપજો; પણ જો એ પુણ્યનો ચોથો ભાગ ન આપે તો આપશો નહી." દેવીનાં આવાં વચન સાંભળી સસરાએ જિનદત્તને કહ્યું:-"હે જિનદત્ત શેઠ! જો તમે મુનિને આપેલા દાનના પુણ્યનો ચોથો ભાગ મને આપો તો હું તમને બહુ ધન આપું. પુણ્યનો ચોથો ભાગ આપ્યા વિના હું તમને ધન આપીશ નહીં." ત્યારે જિનદત્તે કહ્યું. "તમે મારી પાસે આ અયોગ્ય વચન શું કહ્યું? કોણ મૂર્ખ પુરૂષ કલ્પવૃક્ષને ઉખેડી લીંબડાના ઝાડને વાવે? અથવા કોણ મૂર્ખ પુરૂષ મ્હોટા હાથીને વેચી ગધેડો ખરીદ કરે? પશુ વિગેરે તિર્યંચ યોનિમાં ગતિ કરનારા જીવને મનુષ્ય સુખ, દેવસુખ અને છેવટ મોક્ષસુખ પણ આપનારૂં મુનિદાનનું પુન્ય છે, તે પુન્યને વેચી હું આ નાશવંત એવા ધનની ઇચ્છા શી રીતે કરૂં?" જમાઈનાં આવાં વચન સાંભળી સસરાએ જિનદત્તને જરાપણ ધન આપ્યું નહીં, તેમજ જિનદત્ત લાજ્યો

તેને કાંઈ કહ્યું પણ નહીં. કારણકે-માનરૂપી ધનવંત પુરૂષો પોતાના કુળની મર્યાદા ત્યજી દેતા નથી. કહ્યું છે કેઃ—

लज्जा वारेइ इमं, असंपया भणइ मग्गि रे मग्गि ॥
दिन्नं मानकवाडं, देहित्ति न निग्गाया वाणी ॥

ભાવાર્થઃ—પુરૂષને માગતાં લાજ વારી રાખે છે અને દારિદ્રય તે પુરૂષને વારંવાર કહ્યા કરે છે કે માગ ! માગ !! તેમાં માનરૂપ કમાડ વસાઇ ગયું તેથી પુરૂષના મ્હોંમાંથી "આપો" એવો યાચનારૂપ વાણી નિકળી શકતી નથી.

હવે નિરાસ થએલો જિનદત્ત શ્રાવક છાની રીતે પાછો વળ્યો અને પોતાના ગામની નદીને કાંઠે આવી પહોંચ્યો, ત્યાં તે વિચાર કરવા લાગ્યો કેઃ-"મને મ્હારી સ્ત્રીએ બહુ આગ્રહ કરી પોતાના પિતાને ઘેર મોકલ્યો હતો તેથી તે મ્હારૂં આવું નિર્ધનરૂપ જોઈ બહુ દુઃખ પામશે." આવી રીતે વિચાર કરી તે નદીમાંથી ગોળ ગોળ કાંકરા લઇ તેની એક પોટલી બાંધી પોતાને ઘેર આવ્યો. સ્ત્રીએ પોતાના પતિને પોટલી લઈ આવતો જોઈ બહુ હર્ષ પામી અને આસન, પાણી વિગેરે આપીને સંતોષ પમાડયો.

પછી સ્ત્રી ઘરની અંદર પોટલી લઇ ગઈ અને તે પોટલીમાંથી એક બહુ મૂલ્યવાળું રત્ન લઇ તેને ઘરેણે મૂકી તેનું સીધું સામાન લાવીને પતિની ભક્તિ કરવા લાગી; તેથી જિનદત્ત શેઠ વિચાર કરવા લાગ્યો કે, "આ મ્હારી સ્ત્રી દેવું કરી મ્હારે માટે ભોજન બનાવે છે; પરંતુ પાછળથી તેને આ મ્હારી ભક્તિ દુઃખ આપનારી થઇ પડશે." પછી જિનદત્તે કહ્યુંઃ-"અરે ભોળી! જે મૂર્ખ માણસ આવક અને ખરચનો વિચાર કર્યા વિના બહુ ખરચ કરે છે તે પાછળથી બહુ દુઃખ પામે છે. કહ્યું છે કેઃ—

आयव्ययमनालोच्य, यस्तु वैश्रवणायते ॥
अचिरेणैव कालेन, स नु वै श्रमणायते ॥

ભાવાર્થઃ-જે પુરૂષ આવક ખરચનો વિચાર કર્યા વિના કુબેરના પેઠે ધન ઉડાવે છે. તે પુરૂષ થોડા કાળમાં નિર્ધન બની જાય છે.

સ્ત્રીએ હસીને કહ્યું:-પ્રાણનાથ! તમે મ્હારા પિતાના ઘેરેથી આટલી બધી લક્ષ્મી લાવ્યા છો છતાં મને કેમ છેતરો છો?" પછી ચિત્તમાં ચમત્કાર પામેલા જિનદત્ત શેઠે પોટલી જોઈ તો તેમાં કાંકરાને મુનિદાનના પ્રભાવથી રત્નરૂપ થએલા દીઠા. ત્યારે મનિશ્ચે આ કાંકરા પાત્રદાનના પ્રભાવથી રત્નરૂપ થયા એ લોકમાં ફળ થયું અને પરલોકે મોક્ષસુખરૂપ ફળ થશે." એમ ધારી શેઠે પોતાની પ્રિયાને કહ્યું કે "હે ભોળી! તું જરા ગર્વ કરીશ નહીં, મ્હારા પિતાએ મને કાંઈ આપ્યું નથી, પરંતુ પ્રાસુકદાનના પ્રસાદથી કાંકરા આ રત્નરૂપ થયા છે." પછી જિનદત્ત શેઠ મુનિદાનના પ્રભાવથી તે રત્નોવડે આ લોકમાં બહુ સમૃદ્ધિવાળો થયો અને પરલોકમાં મોક્ષ સુખ પામશે.

ઇતિ જિનદત્તની કથા.

અતિથિસંવિભાગ ઉપર જિનદત્તનું દ્રષ્ટાંત સાંભળીને આણંદ શ્રાવકે બારમું અતિથિસંવિભાગ વ્રત ધારણ કર્યું. અતિથિસંવિભાગ વ્રત તે ન્યાયથી મેળવેલા કલ્પનીય અન્ન પાન વિગેરે દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર વિગેરેના ક્રમપૂર્વક ઉત્કૃષ્ટ ભક્તિ અને પૂર્ણ અનુરાગવડે પોતાના ઉપર અનુગ્રહ બુદ્ધિથી પરંતુ આ લોક અને પરલોકના સુખની ઇચ્છા ન રાખતાં અતિથિ-સાધુ મુનિરાજને જે આપવું તે અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. શ્રાવકે તે વ્રતના પાંચ અતિચાર જાણવા; પરંતુ આચરવા નહીં. તે આ પ્રમાણે—

૧ સચિત્ત પૃથ્વી વિગેરે ઉપર મૂકેલું અન્ન પાણી દેવું; ૨ સચિત્ત વસ્તુથી ઢાંકેલું અન્ન પાણી દેવું; ૩ વહોરવા આવેલા સાધુ ઉપર મત્સર કરવો; ૪ જે વસ્તુનો જે કાળ કહ્યો હોય તે કાળ વિત્યા પછી આપવું; ૫ પોતાને દાન આપવા શક્તિ છતાં મત્સર વિગેરે બીજા માણસ પાસે અપાવવું.

શ્રી મહાવીર પ્રભુ કહે છે કે: જે શ્રાવક વિધિ પ્રમાણે શુદ્ધ સંલેખના કરે છે, તે સમુદ્રમાં રહેલ કર્મબંધનને તીક્ષ્ણ કરી નાંખે છે. વળી જે શ્રાવક મન વચન અને કાયાથી શુદ્ધ

સંલેખના કરે છે, તે શ્રાવક આ લોકમાં વિષયસુખ ભોગવી થોડા કાળમાં મોક્ષસુખ પામે છે. તે સંલેખનાના પાંચ અતિચાર છે. તે આ પ્રમાણે.—૧ આ લોકની અભિલાષા કરવી; ૨ પરલોકની અભિલાષા કરવી; ૩ જીવિતની અભિલાષા કરવી; ૪ મરણની અભિલાષા કરવી; ૫ કામભોગની અભિલાષા કરવી. પ્રભુનાં આવાં વચનથી બહુ હર્ષ પામેલા આણંદશ્રાવકે પૂછયું:—

"હે ભગવન્! સંસાર સમુદ્રને વિષે વહાણ સમાન, અતિચારરહિત અને સમ્યક્ત્વને લીધે અતિ મનોહર એવાં આ વ્રતો મ્હારે આપના પ્રસાદથી જાવજીવ સુધી થાઓ. વળી હે સ્વામિન્! હું પરતીર્થિઓને પ્રણામ પૂજાદિ નહીં કરૂં; પરતીર્થિઓના દેવને નમસ્કાર નહીં કરૂં; બીજા મતવાળાએ ગ્રહણ કરેલા અરિહંતના ચૈત્યને નમસ્કાર નહીં કરૂં; પરંતુ રાજાનો આગ્રહ, ગણનો આગ્રહ, બળવંત પુરૂષનો આગ્રહ, દેવતાનું પરવશપણું, જીવિતનો ઉપાય, દુર્ભિક્ષનું પડવું, તેમજ ગુરૂ, માતા, પિતા વિગેરેનો હઠ ઇત્યાદિ કારણો વિના. વળી હે ભગવન્! હું સામગ્રી છતાં મુનિઓને અશન વિગેરે ચાર પ્રકારનો આહાર, ઉન, લુગડાં, પાત્ર, કાંબળ, શય્યા, ઔષધિ વિગેરે કલ્પીત વસ્તુઓ આપીશ." પ્રભુનાં વચનથી ચિંતામણી સમાન જિનધર્મ અંગિકાર કરી બહુ હર્ષ પામેલા આણંદ શ્રાવકે ફરી પણ ભગવાનને કહ્યું કે: હે નાથ! આજે મ્હારો જન્મ અને જીવિત સફળ થયું, આજે તમારૂં શાસન મને પ્રાપ્ત થયું તેથી હું આજે ત્રણ લોકનું રાજ્ય પામ્યો. દરિદ્રાવસ્થા છતાં ભંડાર મળ્યો, તેમજ આજે મ્હારા ઘરઆંગણે કલ્પવૃક્ષ ફળ્યું; કારણ કે પૂર્વે ક્યારે પણ નહિ મળેલો તમારો ધર્મ મને મળ્યો. મેં જીવાદિ નવ પદાર્થોને સારી રીતે ઓળખ્યા છે."

આણંદ શ્રાવક આ પ્રમાણે કહી અને જિનરાજને નમસ્કાર કરી પોતાના ઘરને વિષે ગયો, ત્યાં તેણે પોતાની સ્ત્રી શિવાનંદાને કહ્યું કે:—"દ્યુતિપલાશ નામના ચૈત્યને વિષે શ્રી વીર પ્રભુના વચનથી મેં ઉત્તમ એવો ધર્મ ગ્રહણ કર્યો છે, માટે હે પ્રિયા! તું પણ ત્યાં પ્રભુની પાસે જઈ ધર્મ અંગિકાર કરી પોતાના

તેણ પમાડીને કહ્યું કે:-“જો તમે મને આજ્ઞા આપો તો મ્હારા મ્હોટા પુત્રને ઘરનો ભાર સોંપી હું શ્રી વીરપ્રભુએ કહેલો પડિમાધર્મ આદરૂં” કુટુંબી લોકોએ રજા આપી એટલે તેણે પોતાના મ્હોટા પુત્રને ઘરનો ભાર સોંપ્યો.

પછી તે કોલ્લાગસન્નિવેશમાં કે જ્યાં પોતાના કુટુંબી લોકો રહેતા હતા ત્યાં પોતાના ઘરની પૌષધશાળાને પુંજી, માત્રા અને થંડિલની ભુમિને શુદ્ધ કરી અને પછી સંથારો કરી તેના ઉપર મોહરૂપ મગનહિત થઇને બેઠો, ત્યાં વીરપ્રભુનું મનમાં સ્મરણ કરી અને જિનરાજનો ધર્મ અંગીકાર કરી પડિમા તપ કરવા લાગ્યો.

અહિં અગીયાર પડિમાની ગાથા કહે છે.

दंसणवयसामाइय पोसहपडिमा अबंभसचित्ते ॥
[illegible] ॥

[illegible] ૧ [illegible] ગુણી અતિચાર વિના [illegible] શ્રાવક [illegible] આવુવી. એવી રીતે બીજી પડિમામાં પૂર્વોક્ત [illegible] ૨ વ્રત પડિમા, ૩ સામાયિક પડિમા, ૪ [illegible] પડિમા; ૫ કાર્યોત્સર્ગ પડિમા; ૬ મૈથુનત્યાગ પડિમા; ૭ સચિત્તત્યાગ પડિમા; ૮ પોતે આરંભ કરવાના ત્યાગરૂપ પડિમા; ૯ બીજા પાસે આરંભ કરાવવાના ત્યાગરૂપ પડિમા; ૧૦ ઉદ્દેશીને કરેલા ભોજન [illegible] ત્યાગ કરવારૂપ પડિમા; ૧૧ સાધુની પેઠે લોચ [illegible] પડિમાનું પોતાથી આહાર [illegible] [illegible]

[illegible] જિનેન્દ્રનું પૂજન કરનારે છ આગાર સહિત [illegible] અને શંકાદિ પાંચ દોષથી રહિત [illegible] [illegible] કહ્યું છે કે:-

[illegible] ॥
[illegible] ॥

[illegible] જે [illegible]

રાત્રીએ પણ બ્રહ્મચર્ય વ્રત પાળનારો વળી કાયોત્સર્ગમાં રહેલો અને સર્વ જિનેશ્વરોનું મનમાં ધ્યાન ધરતો તે આણંદ શ્રાવક આ પાંચમી કાર્યોત્સર્ગ પડિમાને પાંચ માસ સુધી આરાધના કરવા લાગ્યો.

छट्ठीए छम्मासे, अबंभसव्वहा विवज्जेइ ॥
सिंगारकहमपत्थी, संगाविभुसाइ परिमुक्को ॥

ભાવાર્થઃ—છઠ્ઠી મૈથુન ત્યાગ પડિમાને વિષે ૭ માસ સુધી શૃંગારની કથા, સ્ત્રીનો સંગ અને આભૂષણ વિગેરેને ત્યજી દઈ આણંદ શ્રાવક સર્વ પ્રકારે બ્રહ્મચર્યવ્રત પાળવા લાગ્યો.

सच्चित्तं असणाई, अ आहारं सत्तमासपज्जं तं ॥
पडिमाइ सत्तमीए, वज्जइ सो पूव्वविहिजुत्तो ॥

ભાવાર્થઃ—સાતમી સચિત ત્યાગ પડિમાને વિષે પૂર્વની ૭ પડિમા વિધિને પાળતા એવા આણંદ શ્રાવકે સાત માસસુધી સચિત એવો ચાર પ્રકારનો આહાર ત્યજી દીધો.

सयमारंभ न कुणइ, कीरइ आजीवअत्थामियरोहिं ॥
अट्ठमिआए अट्ठओमास, पुव्वुत्ताविहिमाहिओ ॥

ભાવાર્થઃ—આઠમી પડિમાને વિષે પૂર્વની સાત વિધિસહિત એવા આણંદ શ્રાવકે પોતાની આજીવિકાને અર્થે પોતે આરંભ કર્યો નહીં તેમ બીજાની પાસે કરાવ્યો પણ નહીં.

पुत्ताइ निहिअनिअगिहभारो, न करेइ नो करावेइ ॥
नवमीइ महारंभे, नव मासे पुव्वविहिजुत्तो ॥

ભાવાર્થઃ—નવમી પડિમાને વિષે પૂર્વની વિધિવાળા અને પુત્રાદિ ઉપર ઘરનો ભાર મૂકનારા આણંદ શ્રાવકે નવમાસ સુધી મહા આરંભ કર્યો નહીં અને કરાવ્યો પણ નહીં.

असणाइ अ आहारं, उद्दिट्ठकडं न भुंजएसोवि ॥
च्छूरमुंडो अह सिहालिं, धरेइ दसमास पज्जंतं ॥
जं निहिअं घनजायं, पुच्छताणं कहेइ संपुत्तुं ॥
तव्वं गिहस्स कज्जं, वज्जइ दसमीइ पडिमाए ॥

ણંદ શ્રાવકે કહ્યું. “હે ભગવન્! મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે, જેથી હું પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફ લવણ સમુદ્રમાં પાંચસેં યોજન પ્રમાણ ક્ષેત્ર જોઉં છું; ઉત્તર તરફ હિમવંત પર્વત જોવામાં આવે છે; નિચે લોલુક નરકભૂમિ અને ઉંચે પહેલો દેવલોક જોઉં છું.” ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું:- “હે આણંદ! અવધિજ્ઞાનથી આટલું ક્ષેત્ર જોઈ શકાતું નથી, માટે તું મિથ્યાદુષ્કૃત દે.” આણંદ શ્રાવકે કહ્યું:-“હે સ્વામિન્! જે માણસ જિનરાજનું વચન વિપરીત રીતે પ્રરૂપણ કરે તે માણસને મિથ્યાદુષ્કૃત લેવું કહ્યું છે, અથવા જુઠું બોલનારાને મિથ્યાદુષ્કૃત લેવું કહ્યું છે. તેવારે શ્રી ગૌતમસ્વામીએ કહ્યું:- “હે શ્રમણોપાસક! યથાર્થ (સત્ય) કહેનારને મિથ્યાદુષ્કૃત લેવું પડતું નથી.” એટલે આણંદ શ્રાવકે કહ્યું. “હે મુનિનાથ! ત્યારે આપ મિથ્યાદુષ્કૃત આપો.”

પછી શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુ પાસે જઇ પોતાના હૃદયનો સંદેહ પૂછયો કે, “હે વીતરાગ! મ્હારૂં વચન સત્ય છે કે આણંદ શ્રાવકનું વચન સત્ય છે?” તેવારે શ્રી વીરભગવાને કહ્યું. “હે ગૌતમ! તે ગૃહસ્થ આણંદ શ્રાવકનું વચન સત્ય છે.” પછી ગૌતમસ્વામીએ આણંદની પાસે જઈ તેને મિથ્યાદુષ્કૃત દઇ ખમાવ્યા. અહો! મોક્ષના અર્થી પુરૂષોનું ચરિત્ર પણ આશ્ચર્ય કારી છે, કે જેને ગણધરસ્વામીએ પણ ખમાવ્યા. પછી ગૌતમ સ્વામી આણંદને નિર્યાતના કરી શાંતપણે વીરપ્રભુ પાસે આવ્યા.

આણંદ શ્રાવક વીશ વર્ષ સુધી જિનધર્મ પાળી, શ્રાવકની અગીયાર પડિમા વહી, સંલેખના અને આલોચના કરી, પંચ પરમેષ્ઠીના સ્મરણપૂર્વક શુભ ધ્યાનમાં રહી, એક માસના અનશનથી કાળ કરી સૌધર્મ દેવલોકના અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમની આયુષ્યવાળો મહા સમૃદ્ધિવંત દેવતા થયો.

હવે શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુને પ્રણામ કરીને પૂછયું કે:-“હે નાથ! આણંદ શ્રાવક આ મનુષ્યભવથી કાળ કરી કયાં ઉત્પન્ન થયો?” ત્યારે શ્રીવીરપ્રભુએ કહ્યું:-હે ગૌતમ! આણંદ શ્રાવક અહિંથી કાળ કરી પહેલા દેવલોકના અરૂણાભ વિમાન

ઉલ્લાસ બીજો.

कामदेव श्रावकनुं चरित्र.

હવે શ્રી જંબુસ્વામીએ શ્રી સુધર્માસ્વામીને દશ શ્રાવકોનાં ચરિત્રો માંહેલા બીજા કામદેવ શ્રાવકનું ચરિત્ર પૂછયું, એટલે શ્રી સુધર્માસ્વામી કામદેવ શ્રાવકનું ચરિત્ર કહે છે કે:—

આ ભરતક્ષેત્રમાં ચંપા નામની નગરી છે, પૂર્ણભદ્ર નામના ચૈત્યથી સુશોભિત એવી તે નગરીમાં જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો, ત્યાં કામદેવનામે શેઠ રહેતો હતો, તેને પુનમના ચંદ્ર સરખા મુખવાળી ભદ્રા નામની સ્ત્રી હતી. કામદેવ શેઠ પાસે બહુ ધન હતું, તેમાં છ ક્રોડ ઘરમાં, છ ક્રોડ વેપારમાં, છ ક્રોડ વ્યાજે અને છ ક્રોડ ભંડારરૂપે પૃથ્વીમાં નાંખેલું હતું. દશહજાર ગાયોનું એક ગોકુળ કહેવાય, એવાં છ ગોકુળ તેના ઘરને વિષે હતાં. બીજી પણ બહુ સમૃદ્ધિ તેના ઘરને વિષે હતી. જેથી મનુષ્ય સંબંધી સુખો ભોગવતા કામદેવ શેઠનો કાળ સુખે જતો હતો.

એક દિવસ શ્રી વીરપ્રભુ પૂર્ણભદ્ર નામના ચૈત્યને વિષે સમવસર્યા. ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું, તે વખતે નગરવાસી લોકો પ્રભુને વંદના કરવા માટે જવા લાગ્યા; તેમને જોઈ કામદેવ શેઠે કોઈ એક પુરૂષને પૂછયું કે:-"આજે નગરીમાં શું છે! અને આ સઘળા લોકો નગરીની બહાર કેમ જાય છે!" ત્યારે તે પુરૂષે ઉત્તર આપ્યો કે:-"હે શેઠ! સાંભળો. દેવાધિદેવ શ્રી વર્દ્ધમાન સ્વામી અહિં પૂર્ણભદ્ર ચૈત્યને વિષે સમવસર્યા છે, તેમને વંદના કરવા માટે આ સઘળા લોકો જાય છે." આવાં તે પુરૂષનાં વચન સાંભળી કામદેવ શેઠ પણ મ્હોટી સમૃદ્ધિથી ત્યાં ગયો અને શ્રી વીરપ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી તેમની આગળ બેઠો.

ગુરૂનાં આવાં વચન સાંભળી રત્નસાર કુમારે સમ્યક્ત્વ સહિત પરિગ્રહનું પરિમાણ કર્યું કે:-હે ભગવન્! મ્હારે એક લાખ રત્નો, દસ લાખ સોનામ્હોરો, મુક્તાફળના અને વૈડુર્યના આઠ આઠ મૂડાઓ, આઠ ક્રોડ જુનું નાણું, દસ હજાર ગાયોનું એક ગોકુળ, એવાં છ ગોકુળો, પાંચસેં ઘરો, સો વાહનો, એક હજાર ઘોડાઓ અને સો હાથીઓ એટલું મોકળું, એથી વધારે મ્હારે ન કલ્પે. હું રાજ્ય ગ્રહણ કરીશ નહીં. હું પાંચ અતિચાર વિના શુદ્ધ એવું પાંચમું અણુવ્રત ગ્રહણ કરૂં છું." રત્નસાર કુમાર આ પ્રમાણે નિયમ લઇ, ગુરૂને વંદના કરી ઘરે આવ્યો અને ઉત્તમ પ્રકારે ધર્મ પાળવા લાગ્યો.

એક દિવસ રત્નસાર કુમાર પોતાના મિત્રોની સાથે વનમાં ગયો. ત્યાં તેણે આમ તેમ ભમતાં કિંનરનું એક જોડલું દીઠું, [illegible] મુખ [illegible] જેવું અને શરીર માણસના જેવું હતું; આવું [illegible] કોઇ વખત જોએલું નહીં તેમ સાંભળેલું પણ નહીં, તે [illegible] સમાન તે કુમાર બોલ્યો કે:-અહો આ માણસ હશે [illegible] મુખ ક્યાંથી હોય? માટે નિશ્ચે તે માણસ ન [illegible] આ [illegible] રહેનાર કોઇ [illegible] વાહન પણ હોય? [illegible] વચન સાંભળીને કિંનરે કહ્યું-હે રત્ન[illegible] [illegible] કેમ કરે છે! [illegible] વિચક્ષણ થઇને [illegible] છે. કારણ મ્હારે [illegible] પ્રત્યુ [illegible] મ્હારા [illegible] કહ્યું-હે રત્નસાર! [illegible] ચડે છે, તે [illegible] બહુ [illegible] કહ્યું છે કે-

[illegible]

पीने पश्चिम पार्श्वयोः पृथुतरं पृष्ठं प्रधानंजवे,
राजा वाजिनमारुरोह सकलैर्युक्तः प्रशस्तैर्गुणैः ॥

ભાવાર્થ:—દુબળા મ્હોંવાળા, પાતળી કેડવાળા, ટુંકા કાનવાળા, જાડા કંઠવાળા, વિશાળ છાતિવાળા, ગાઢ રૂંવાડાવાળા, પાછલા ભાગે પડખા અને પાછળ પૃષ્ઠ એવા અને મહા વેગવાળા ઇત્યાદિ સર્વ ઉત્તમ ગુણોથી સુશોભિત એવા ઘોડા ઉપર રાજાએ બેસવું. તે ઘોડા ઉપર બેઠેલો પુરૂષ વાયુની પેઠે એક દિવસમાં સો યોજન જાય છે. વળી સાત દિવસમાં સર્વ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછો ઘરે આવે છે.

હે મુગ્ધ રત્નસાર! આવા ઘોડાને ત્હારા પિતાએ ઘરમાં સંતાડી રાખ્યો છે તે તું જાણતો નથી અને ખોટી કલ્પનાથી ફોગટ મ્હારી નિંદા કરે છે. મ્હારૂં ધીરપણું અને વીરપણું તો હું ત્યારે જાણું કે જ્યારે તું તે ઘોડાને મેળવ." કિન્નર આ પ્રમાણે કહી આકાશમાર્ગે ચાલ્યો ગયો.

રત્નસારકુમાર પણ કિન્નરના તેવાં વચન સાંભળી મનમાં બહુ ખેદ કરતો ઘરે આવ્યો અને "પિતાએ મને છેતર્યો કે એ ઘોડો મને ન દેખાડ્યો" એમ વિચારી ત્યાં જઈ કમાડ બંધ કરી અંદર પલંગમાં સુતો. પછી થોડે વખતે પિતાએ આવીને તેને કહ્યું—"હે પુત્ર! તું કમાડ બંધ કરીને કેમ સુતો છે? શું ત્હને કાંઈ દુઃખ થયું છે? કાંઈ મનની પીડા થઈ છે? કે શરીરે રોગ થયો છે? જે હોય તે કહે. હું તેનું ઉપાય કરૂં. કેમકે રોગ કહ્યા વિના ઉપાય થઈ શકતો નથી." પિતાનાં આવાં વચન સાંભળી રત્નસારકુમાર કમાડ ઉઘાડી બહાર આવ્યો અને પોતાનો ખરો વિચાર પિતાની આગળ કહ્યો. ત્યારે પિતાએ કહ્યું—"પુત્ર! જ્યોતિષીએ મને એમ કહ્યું હતું કે "ઘોડા ઉપર બેઠેલો આ પુત્ર પૃથ્વી ઉપર ભમવાથી અમને પુત્રનું વિયોગ દુઃખ આપશે" એમ ધારી મેં તે ઘોડાને સંતાડી રાખ્યો છે. હે પુત્ર! હમણાં તે ઘોડો હું ત્હને આપું છું તેને તું ખેલવ તેમ કર." આવી રીતે કહી વસુસાર શેઠે પુત્રને ઘોડો આપ્યો. રત્નસાર પણ ઘોડો મળવાથી બહુ હર્ષ પામ્યો.

બહુ હર્ષ પામ્યો. ફરી તાપસ કુમારે કહ્યું:-હે કુમાર! તમે આ જે અમારા પરૂણા છો માટે ઘોડા ઉપરથી નિચે ઉતરો અને મ્હારા પ્રશ્નનો ઉત્તર આપો." આવાં વચનથી રત્નસારકુમાર ઘોડાં ઉપરથી નિચે ઉતર્યો અને જેટલામાં પ્રશ્નોના ઉત્તર આપે છે તેટલામાં વાચાલપણાથી પોપટે કહ્યું:-"હે તાપસ કુમાર! ત્હારે કુળ વિગેરે પુછવાનું શું કારણ છે? અહિં કાંઈ વિવાહ માંડયો નથી. તું પરૂણાને યોગ્ય કાર્ય કર. મુનિઓને પણ અતિથિ પૂજ્ય છે. કહ્યું છે કે:—

गुरुरग्निर्द्विजातीनां, वर्णानां ब्राह्मणो गुरुः ॥
पतिरेव गुरुःस्त्रीणां, सर्वस्याभ्यागतो गुरुः ॥

ભાવાર્થ:—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યનો ગુરૂ અગ્નિ છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર વર્ણોનો ગુરૂ બ્રાહ્મણ છે. સ્ત્રીઓનો ગુરૂ પતિ છે, અને સર્વનો ગુરૂ અતિથિ છે.

માટે હે તાપસકુમાર! જો ત્હારો આ કુમાર ઉપર સ્નેહ હોય તો તેનો સત્કાર કર. બીજાથી શર્યું." પોપટનાં આવાં વચનથી તાપસકુમાર બહુ પ્રસન્ન થયો અને તેણે પોપટના ગળામાં પુષ્પની માળા પહેરાવી. ત્યાર પછી તેણે કહ્યું કે:-"હે કુમાર! તમે વખાણવા યોગ્ય છો, તેમ ધન્ય છો, કારણ કે જે તમારે આવો ચતુર પોપટ મિત્ર છે. હે કુમાર! તમે અમારા પરૂણા થાઓ, હું તાપસ છું તેથી મારાવડે તમારી યોગ્ય ભક્તિ તો શી રીતે બની શકે? પરંતુ હું મ્હારી શક્તિ પ્રમાણે તમારી સેવા કરીશ. હે આર્ય! આજે મ્હારી સેવા સ્વીકારો." તાપસકુમારનાં આવાં વચન સાંભળી રત્નસાર ઘોડા ઉપરથી નિચે ઉતર્યો, એટલે તાપસકુમાર તેને બહુ પ્રીતિથી વન દેખાડવા લાગ્યો, જુદા જુદા ઝાડો અને ફળો નામ લઇ લઇ ઓળખાવવા લાગ્યો. પછી તળાવમાં જઇ સ્નાન કર્યું એટલે તાપસકુમારે રત્નસારની આગળ જુદી જુદી જાતિનાં બહુ ફળો મૂકયાં. તે આ પ્રમાણે—અમૃતના સરખી સ્વાદવાળી પાકેલી દરાખ, પાકી કેરી, કેળાં, ફણસ, નાળીયેર, ખજુર, જાંબુ, રાણ, ખીરાખલ, બીજોરાં, નારંગી, દાડિમ, જંબીર અને સીંગોડાં પછી

ભાવાર્થ:—પગલે પગલે હજારો શૂરવીરો હોય છે, અનેક વિદ્વાનો હોય છે, તેમજ કુબેરનો તિરસ્કાર કરે તેવા ધનવંત દાતારો હોય છે, પરંતુ દુઃખ પામતા એવા માણસને જોઈ જેનું મન દુઃખી થાય એવા તો આ જગતમાં પાંચ છ પુરૂષો હશે.

હે કુમાર! હું મ્હારૂં યથાર્થ ચરિત્ર તમારી આગળ કહીશ. વિશ્વાસ પામેલા સત્પુરૂષોને શું કહેવા યોગ્ય નથી?" તાપસકુમાર, રત્નસાર અને પોપટ આ પ્રમાણે વાતો કરતા હતા તે વખતે જે બન્યું તે સાંભળો.

એ અવસરે ગર્જના કરતો, ધુળ ઉછાળતો અને સર્વ લોકને તથા વનને અંધકારમય કરી દેતો એક વંટોળીયો ઉત્પન્ન થયો, તે ત્યાં આવી તાપસકુમારનું હરણ કરી ચાલ્યો ગયો. તે વખતે તાપસકુમારે કહ્યું. "હે રત્નસાર કુમાર! હે સજ્જન પુરૂષ! મ્હારૂં રક્ષણ કર. રક્ષણ કર." આવાં વચન સાંભળી રત્નસાર કુમાર "અરે મ્હારા જીવિતરૂપ એ તાપસકુમારને લઈ તું ક્યાં જાય છે!" એમ કહેતો બોલતો તેની પાછળ દોડ્યો. કેટલેક દૂર ગયો એટલે તેને પોપટે કહ્યું.-હે રત્નસાર! તાપસકુમાર કોઈ ઠેકાણે દેખાતો નથી. વાયુ તેને ક્યાંએ લઈ ગયો હશે. કોણ જાણે તે ક્યાં ગયો! આટલા વખતમાં તો વાયુએ તેને લાખો યોજન દૂર પહોંચાડ્યો હશે; માટે હે કુમાર! તું પાછો વળ." પોપટનાં આવાં વચન સાંભળી કુમાર પાછો વળ્યો અને વિવિધ પ્રકારે વિલાપ કરવા લાગ્યો. પછી પોપટે વિસ્મયથી કહ્યું:-"હે કુમાર! એ તાપસકુમાર દૂર ન હોતો. કોઈ પુરૂષે વિદ્યાના બળથી સ્ત્રીને પુરૂષરૂપે બનાવ્યાનું એમ દેખાય છે. વચન નથી. મૂળના આકારથી. વાણીથી અને દ્રષ્ટિથી એને તું કન્યા જાણ. કોઈ દેવ. દાનવ કે વિદ્યાધર એ કન્યાને વિટંબના પમાડે છે, જ્યારે તે કન્યા દુષ્ટ પુરૂષના હાથમાંથી છુટી થશે ત્યારે નિશ્ચે તને વરશે. ક્યો પુરૂષ કલ્પવૃક્ષને ત્યજી બીજા વૃક્ષની ઇચ્છા કરે!" પોપટનાં આવાં વચન સાંભળી જેમ દેવતાની પેઠે તાપસકુમારનું સ્મરણ કરતો રત્નસાર કુમાર પોપટને સાથે લઈ વેગથી આગળ ચાલ્યો. આગળ જતાંજતાં નાના પ્રકારના

કરે છે, તેને કુસુમશ્રી નામની રાણી છે. એક દિવસ રાત્રીએ રાણી સુખે સૂતી હતી એવામાં તેણે સ્વપ્નનાને વિષે પોતાના ખોળામાં પુષ્પની બે માળા પડતી દીઠી; તેથી તુરત તે જાગી ગઈ અને સવારે રાજાની પાસે આવી તેણે સ્વપ્નાની વાત કહી; ત્યારે રાજાએ વિચારીને કહ્યું.-"હે ભદ્રે ! આ સ્વપ્નના પ્રભાવ થી તું એકી વખતે બે કન્યાને સાથે જન્મ આપીશ." પતિનાં આવાં વચન સાંભળી રાણી બહુ હર્ષ પામી. પછી તેણે ગર્ભ ધારણ કર્યો અને નવમાસ પુરા થયે બે કન્યાને સાથે જન્મ આપ્યો. પિતાએ પહેલાં કન્યાનું અશોકમંજરી અને બીજીનું તિલકમંજરી એવું નામ પાડયું. પછી પાંચ ધાવમાતાઓવડે લાલનપાલન કરાતી તે બન્ને કન્યાઓ અનુક્રમે મ્હોટી થઈ અને થોડા દિવસમાં સર્વ કળાઓનો અભ્યાસ કરી અનુક્રમે યુવાવસ્થા પામી, એટલે રૂપ, સૌભાગ્ય, લાવણ્ય વિગેરે ગુણો અને શરીરની કાંતિથી તે બન્ને કન્યાઓ ત્રણ લોકના પ્રાણીના મનને ચમત્કાર પમાડવા લાગી. આ બન્ને કન્યાઓ પરસ્પર એવા સ્નેહવાળી હતી કે એક બીજા વિના રહી શકે નહીં. આ પ્રમાણે તેમનો પરસ્પર પ્રેમ હતો. કહ્યું છે કે:-

सहजाग्गिराण सहसोविराण, सहहरिससोअवंताणं ॥
नयनाण व धन्नाणं आजम्ममकित्तिमं पिम्म ॥

ભાવાર્થ—સાથે જાગનારી, સાથે સૂનારી, સાથે હર્ષ પામનારી અને સાથેજ શોક કરનારી આંખોની પેઠે ધન્ય માણસોનો જન્મથી આરંભીને બંધાએલો પ્રેમ ન વર્ણવી શકાય એવો હોય છે."

હવે રાજા કનકધ્વજ મનમાં વિચાર કરવા લાગ્યો કે "જો આ બન્ને પુત્રીઓનો એક વર થાય તો બહુ સારૂં. જો તેનો વર જૂદો થશે તો નિશ્ચે તેઓ એકબીજાના વિયોગથી મૃત્યુ પામશે. આ બન્ને પુત્રીઓનો કયો ધન્ય અને પુન્યવંત વર થશે." આવી રીતે રાજા ચિંતા કરતો હતો. કહ્યું છે કે:—

"पूर्व महतीति चिंता, कस्य प्रदेयेति ततः प्रवृद्धा ॥
सुखं स्यात्पाति वा नवेति, कन्यापितृत्वं किल हंत कष्टम्॥

કરે છે, તેને કુસુમશ્રી નામની રાણી છે. એક દિવસ રાત્રીએ રાણી સુખે સૂતી હતી એવામાં તેણે સ્વપ્નાને વિષે પોતાના ખોળામાં પુષ્પની બે માળા પડતી દીઠી; તેથી તુરત તે જાગી ગઈ અને સવારે રાજાની પાસે આવી તેણે સ્વપ્નાની વાત કહી; ત્યારે રાજાએ વિચારીને કહ્યું.–"હે ભદ્રે! આ સ્વપ્નના પ્રભાવથી તું એકી વખતે બે કન્યાને સાથે જન્મ આપીશ." પતિનાં આવાં વચન સાંભળી રાણી બહુ હર્ષ પામી. પછી તેણે ગર્ભ ધારણ કર્યો અને નવમાસ પુરા થયે બે કન્યાને સાથે જન્મ આપ્યો. પિતાએ પહેલી કન્યાનું અશોકમંજરી અને બીજીનું તિલકમંજરી એવું નામ પાડયું. પછી પાંચ ધાવમાતાઓવડે લાલનપાલન કરાતી તે બન્ને કન્યાઓ અનુક્રમે મ્હોટી થઈ અને થોડા દિવસમાં સર્વ કળાઓનો અભ્યાસ કરી અનુક્રમે યુવાવસ્થા પામી, એટલે રૂપ, સૌભાગ્ય, લાવણ્ય વિગેરે ગુણો અને શરીરની કાંતિથી તે બન્ને કન્યાઓ ત્રણ લોકના પ્રાણીના મનને ચમત્કાર પમાડવા લાગી. આ બન્ને કન્યાઓ પરસ્પર એવા સ્નેહવાળી હતી કે એક બીજા વિના રહી શકે નહીં. આ પ્રમાણે તેમનો પરસ્પર પ્રેમ હતો. કહ્યું છે કે: –

सहजग्गिराण सहसोविराण, सहहरिसमोअवंताणं ॥
नयणाण व धन्नाणं आजम्ममकित्तिमं पिम्मं ॥

ભાવાર્થ —સાથે જાગનારી, સાથે સૂનારી, સાથે હર્ષ પામનારી અને સાથેજ શોક કરનારી આંખોના પેઠે ધન્ય માણસોનો જન્મથી આરંભીને જ વાસેલો પ્રેમ ન કહી શકાય એવો હોય છે.

હવે [illegible] રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે "મારે આ બન્ને પુત્રીઓને એક વર પાસે તો આપું નહીં. જો તેને વર જુદા થશે તો નિશ્ચે તેઓ અન્યોન્યના વિયોગથી મરણ પામશે. આ બન્ને પુત્રીઓનો [illegible] અને પુણ્યવંત પર હશે?" આવો તે રાજા વિચાર કરતો હતો. કહ્યું છે કે:—

जातेति पूर्वं महतीह चिन्ता, कस्य प्रदेयेति ततः प्रवृद्धा ॥
दत्ता सुखं स्थास्यति वा न वेति, कन्यापितृत्वं किल हन्त कष्टम् ॥

સાંભળી વિદ્યાધર રાજા મેઘની પેઠે ગર્જના કરી, હાથને પૃથ્વી ઉપર પછાડી, કપાલમાં ભ્રકુટી ચડાવી સિંહની પેઠે ઘોર શબ્દ કરીને બોલ્યો:-

"અરે રાંકો! તમને ધિક્કાર થાઓ, તમે ફોગટ ભય પામ્યા. પોપટ કોણ અને કુમાર કોણ? મ્હારી આગળ બીજો શૂરવીર કોણ છે? હમણાં જુઓ મ્હારૂં કામ." એમ કહી વિદ્યાધર રાજાએ દસ માથાં અને વીસ હાથ વિકુર્વ્યા. એક હાથમાં તરવાર, બીજામાં ખેટક, ત્રીજામાં ગદા અને ચોથામાં ધનુષ્ય એમ જૂદા જૂદા હાથમાં જૂદાં જૂદાં હથિયારો લઇ તેમજ વિકરાળ રૂપ કરી ભયંકર ગર્જના કરતો તે વિદ્યાધરપતિ આદિનાથના મંદિરની પાસે આવ્યો, તેને આવતો જોઈ ભય પામેલો પોપટ રત્નસાર કુમારને શરણે જઇ રહ્યો; કારણ તેવા ભય સ્થાનકે કોણ ઉભા રહેવા સમર્થ હોય? પછી વિદ્યાધર રાજાએ હોંકારો કરીને કહ્યું:-"અરે રાંક! દૂર નાસી જા, નહિ તો મરી જઇશ. મ્હારા જીવિતરૂપ આ હંસીને તું ખોળામાં લઇને બેઠો છે. અરે નિર્લજ! અરે નિર્ભય! તું પોતાનું મ્હોં મને શું દેખાડે છે? અરે નિર્ભય! અરે નિઃશંક! હજુ સુધી તું મ્હારી આગળ કેમ ઉભો છે? અરે મૂઢ! તું મરણની ઇચ્છા કરતો દેખાય છે."

પોપટ, તિલકમંજરી, મોર અને હંસી એ ચારે તે વિદ્યાધર રાજાના રૂપને જોઈ ભય પામતા છતા થકિત થઇ એક બાજુએ ઉભાં રહ્યાં. પછી કુમાર હસીને કહ્યું:-"અરે મૂઢ! તું મને કોઈ ગામડાનો જાણનાર છે! બાળકોને ત્હારો ભય લાગે, બીજાને નહીં. હાથવડે તાળીઓ પાડવાથી બીજાં પક્ષીઓ નાસી જાય, પરંતુ રડવાના શબ્દથી પણ ધીઠ એવો મર્કટ (ટોલો) ભય નહીં પામે. આ મ્હારે શરણે આવેલી હંસી હું તને આપીશ નહીં. અરે મૂઢ! તું સર્પની ફેણ ઉપરથી મણિ લેવાની ઇચ્છા કરે છે. આ સ્થાનથી [illegible] નાસી જા. નહિં તો

[illegible] કેમ આપવાનું [illegible]

આ વચને ઇન્દ્રમ [illegible]

રૂપ ત્યજી દઈ દેવતાનું રૂપ ધારણ કરી ચંદ્રચુડ દેવતા વિવિધ પ્રકારના શસ્ત્રોને વિકુર્વતો છતો કુમારની પાસે આવ્યો. અહા ! માણસને પુણ્યથી શું નથી મળતું ? પછી ચંદ્રચુડ દેવતાએ કહ્યું:-"હે કુમાર ! તું નિઃશંકપણે મરજી પ્રમાણે યુદ્ધ કર, હું તને શસ્ત્ર પુરાં પાડીશ; તેમજ ત્હારા શત્રુને ચુર્ણ કરી નાંખીશ." દેવતાનાં આવાં વચન સાંભળી કુમારને બમણો ઉત્સાહ થયો.

પછી હંસી તિલકમંજરીને સોંપી, રત્નસાર કુમાર પોતે ઘોડા ઉપર ચડયો, તે વખતે ચંદ્રચુડ દેવતાએ તેના હાથમાં ધનુષ્ય આપ્યું. કુમારે ધનુષ્યનો ટંકાર કરી સર્વે વિધાધરોને ચમત્કાર ઉત્પન્ન કર્યો. પછી વિધાધરના સુભટોની સાથે યુદ્ધ થયું. જેવી રીતે મેઘની ધારા પડે તેવી રીતે બાણોનો વરસાદ થવા લાગ્યા. વિધાધર વિધાના બળથી યુદ્ધ કરવા લાગ્યા અને કુમાર દેવના બળથી યુદ્ધ કરવા લાગ્યો. છેવટ વિધાધરો નાશી [illegible] ના દેવ જુઓ... [illegible] વિધાધર રાજા યુદ્ધ કરવા [illegible] થી હાથથી યુદ્ધ કરવા માંડયું અને છેવટ [illegible] હાથ વિકુર્વ્યા; તેટલા હાથથી તે યુદ્ધ કરવા [illegible] નામના આયુધે તે વિધાધર રાજા- [illegible] આયુધ તેનું ધનુષ્ય કાપી [illegible] તે વિધાધર રાજાને છાતીમાં [illegible] [illegible] ત્યારે તે અચેત થયો ત્યારે ઉભા [illegible] પોતાના [illegible] વિકુર્વ્યાં. તે [illegible] કુમાર જ્યાં જ્યાં જોયું ત્યાં ત્યાં [illegible] તે ભય પામ્યો નહીં. [illegible] કરવાને પણ કાયર થતા નથી." વિધાધર [illegible] સર્વ ... કુમારને મારવા લાગ્યો તો પણ રત્ન- [illegible] પોતાનું [illegible] વજ્ર [illegible] નહીં. પછી ચંદ્રચુડ દે- [illegible] કુમારને [illegible] પોતે [illegible] વિધાધર રા- [illegible] મારવા [illegible] રૂપ [illegible] આવતા એવા દેવ

તાને જોઇ વિદ્યાધરપતિ ક્ષોભ પામ્યો, પરંતુ ધીરજ રાખી દેવ
તાના ઉપર શસ્ત્રો ફેંકવા લાગ્યો; પણ જેમ વાંઝણીને ઔષધ નિ
ષ્ફળ થાય તેમ કુમારના પુણ્યથી અને દેવશક્તિથી શત્રુએ ફેંકેલાં
સર્વ શસ્ત્રો નિષ્ફળ ગયાં. પછી જેમ ઇંદ્ર વજ્રથી પર્વતને મારે
તેમ દેવતાએ ક્રોધ કરી મુષ્ટિવડે વિદ્યાધર રાજાને માર્યો. તેથી
તે બહુ પીડા પામ્યો, એટલુંજ નહીં પરંતુ તેની પાસેથી બહુ
રૂપિણી વિગેરે વિદ્યાઓ નાશ પામી ગઈ. "કુમાર સ્વભાવથી
જ દુઃસહ છે તેમાં વળી દેવતાની સહાય મળી એટલે બાકી
શું?" એમ ધારી વિદ્યાધર રાજા નાસી ગયો. લોકો પણ કહે
છે કે "જે નાસી જાય તે જીવે." વિદ્યાધર રાજાને નાસી ગયે
લો જોઇ તેના સુભટો પણ નાસી ગયા. કુમાર વિદ્યાધર રાજા
ની સાથે યુદ્ધ કરતાં જે વિજય પામ્યો તે સર્વ ધર્મનું મહાત્મ્ય
છે. કારણ જ્યાં ધર્મ ત્યાં જય હોય છે. ન જીતિ શકાય એવા
ભયંકર શત્રુને જીતી પછી રત્નસાર કુમાર દેવતાની સાથે શ્રી
આદિનાથના મંદિરમાં આવ્યો.

કુમારનાં આવાં આશ્ચર્યકારી ચરિત્રને જોઈ મનમાં ચમ
ત્કાર પામેલી અને જેના શરીરનાં રૂવાડાં ઉભાં થયાં હતાં એ
વી તિલકમંજરી વિચાર કરવા લાગી કે "આ કોઇ યુવાન
પુરુષરત્ન દેખાય છે, જો તે મ્હારો પતિ થાય અને મ્હારી
બ્હેન અહિં મને આવી મળે તો મ્હારું મ્હોટું પુણ્ય કહેવાય."

પછી કુમારે તિલકમંજરી પાસેથી હંસીને લઇ કહ્યું કેઃ-
"હે હંસી! તું કોણ છું? તને વિદ્યાધર રાજાએ કેમ પકડી
હતી? અને તું મનુષ્યની ભાષા શી રીતે બોલે છે? તે સર્વ
મને કહે. ત્યારે હંસીએ કહ્યું-હે સ્વામી! જે બન્યું છે તે સર્વ
મ્હારૂં ચરિત્ર સાંભળોઃ—

વૈતાઢ્ય પર્વતને વિષે રથનૂપુર નામનું નગર છે, ત્યાં તરૂ
ણીમૃગાંક નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરે છે; એક દિવસ તે
વિદ્યાધર રાજા કનકપુર ઉપર થઇ જતો હતો એવામાં તેણે
ક્રીડા કરતી અશોકમંજરી નામની રાજકન્યા દીઠી. મહા
રૂપવંત એવી તે કન્યાને જોઇ તેના ઉપર અનુરાગ ધરતો એવો

કહ્યું:-"હે સત્પુરૂષ! સાંભળ. છળ અને બળથી રાજ્યાદિ મેળવી શકાય છે, પરંતુ કોઇ ઠેકાણે બળથી પ્રેમ મેળવી શકાતો નથી; તેમજ પ્રેમ વિના કોઈ ઠેકાણે સંબંધ પણ થતો નથી. જે પુરૂષ પ્રેમ વિના પ્રાર્થના કરે છે, તેનાથી બીજો મૂર્ખ કોણ? ધિક્કાર છે! ધિક્કાર છે!! તે પુરૂષને; કે જે પુરૂષ પોતાના હઠને ત્યજી દેતો નથી." અશોકમંજરીનાં આવાં વચન સાંભળી વિદ્યાધર રાજા બહુ ક્રોધ પામ્યો અને મ્યાનમાંથી તરવાર કાઢીને કહેવા લાગ્યો કે:-અરે પાપણી! તને હું મારી નાખીશ. તું મ્હારી પણ નીંદા કરે છે?" ત્યારે કન્યાએ કહ્યું. "અરે દુષ્ટ પાપી! આ અનીષ્ટ સંબંધી મરણ વધારે સારૂં છે, જો તું મને છોડી ન દે તો મારી નાખ, વિચાર ન કર." પછી અશોકમંજરીના પુન્યબળથી વિદ્યાધર રાજા મનમાં વિચાર કરવા લાગ્યો:-"અહા! મેં આ અનાર્ય પુરૂષને યોગ્ય એવું શું કામ આરંભ્યું? સર્વ ઠેકાણે સરલ વૃત્તિથી પ્રેમ ઉત્પન્ન થાય છે, હઠથી થતો નથી." આમ ધારી તેણે તરવાર પાછી મ્યાનમાં નાખી. પછી વિદ્યાના બળથી અશોકમંજરીને હંસી બનાવી સોનાના પાંજરામાં પૂરી, તે હમેશાં મધુર વચનથી તેને સંતોષ પમાડવા લાગ્યો.

એક દિવસ વિદ્યાધર રાજાની સ્ત્રી કમળમાલાએ પોતાના પતિને હંસીની પ્રાર્થના કરતાં દીઠા, તેથી તે શંકા પામીને વિચારવા લાગી કે "આ શું?" પછી કમલામાળાએ તે વાત પોતાની વિદ્યાદેવીને પૂછી એટલે વિદ્યાદેવીએ સર્વ વૃતાંત્ત તેની આગળ કહ્યા. પછી કમળમાળાએ હંસીને પોતાની શોક્ય જાણી પાંજરામાંથી કાઢી મૂકી. હંસાને તો પોતાના પુન્યયોગ્યથી ફાવતું મળ્યું તેથી તે વિદ્યાધર રાજાના ભયથી સબરસેના અરણ્ય તરફ જવા લાગી; રસ્તામાં તે થાકી જવાથી ત્હારા ખોળામાં આવી પડી."

હંસી રત્નસાર કુમારને કહે છે કે:-હે કુમાર! તે હંસી હું પોતે છું, મ્હારી પાછળ આવ્યો હતો તે વિદ્યાધર રાજા હતો કે જેને તમે જીત્યો છે."

આ સર્વ વૃત્તાંત સાંભળી નિશામંજરી વિલાપ કરવા લા[illegible] હે અર્જુન! હું બાલ્યપણામાં વનને વિષે એકલી શીરીતે [illegible] શકી? અને આ નિર્જનપણામાં શી રીતે રહે છે! [illegible] દેવભવને વિષે પાપ કર્યું હશે. હવે આ મ્હારૂં નિર્ધન [illegible] શી રીતે દૂર થશે! નિશામંજરી આ પ્રમાણે વિલાપ કર[illegible] હતી. એવામાં સંકેત દેવતાએ પોતાની દેવશક્તિથી હતી [illegible] કન્યા બનાવી. પછી બન્ને બ્હેનો હર્ષથી મળી. આ વખતે [illegible] કુમારે કહ્યું. હે નિશામંજરી! તું મને વધામણી શું [illegible] છે તે કહે. ધર્મને માટે ઉચિત દાન કરવામાં વિ[illegible] કરવો નહીં. કહ્યું છે કે:—

नैवोचिताद् दानपरा मुक्तप्रतिग्रहे ॥
धर्म मार्गे रिपुस्तोके कालक्षेपो न शस्यते ॥

ભાવાર્થ—લાવ દેવી, ઉચિતદાન આપવું, દેવું ઉતારવું, [illegible] કન્યાનું પ્રદાન દેવું, ધર્મ કરવો અને રોગ તથા [illegible] શત્રુનો નાશ કરવો એ કાર્યમાં વાર કરવી નહીં. [illegible]

[illegible] पाप कर्मणि
[illegible] काल क्षेपः प्रशस्यते ।

[illegible]

પણ પરિવારસહિત વિમાનમાં બેસી ત્યાં આવ્યાં, વધુ વરેએ તેમને પ્રણામ કર્યા એટલે દેવીએ તેમને કુળવૃદ્ધિની આશિષ આપી. પછી ચક્રેશ્વરી દેવીએ ચોરી રચી વિવાહની સર્વ સામગ્રી તૈયાર કરી વિધિથી લગ્ન કર્યું, તે વખતે દેવીઓ મંગળીક ગીતો ગાવા લાગી, અને મ્હોટો વિવાહ મહોત્સવ થયો, પછી શ્રી ચક્રેશ્વરી દેવીએ નાના પ્રકારના ગોખથી સુશોભિત એવો સાત માળનો મ્હેલ બનાવી તેમને રહેવા માટે આપ્યો. તે મ્હેલમાં બન્ને સ્ત્રીઓસહિત રત્નસાર કુમાર વિષયસુખ ભોગવતો સુખે રહેવા લાગ્યો.

હવે શ્રી ચક્રેશ્વરી દેવીની આજ્ઞાથી ચંદ્રચૂડ દેવતાએ કનકપુરમાં જઇ કનકધ્વજ રાજાને પુત્રીઓની અને જમાઇની વધામણી આપી એટલે કનકધ્વજ રાજા હર્ષ પામી પુત્રીઓના સ્નેહને લીધે [illegible] મ્હોટી સેના ને સાથે લઇ થોડા દિવસમાં [illegible] ત્યારે કન્યાઓ અને [illegible] સહિત રત્નસાર કુમાર સામા જઇ તેમને પ્રણામ કર્યા. કનકધ્વજ રાજા [illegible] પામ્યો. પછી કુમારે [illegible] ભક્તિ કરી, [illegible] કુમારને કહેવા લાગ્યો કે: "હે મ્હોટા ભાગ્યવાન! અમારા નગરને વિષે આવી અમને કૃતાર્થ કર." પછી રત્નસાર કુમાર કનકધ્વજ રાજાની સાથે તેના નગરે આવ્યો. ત્યાં રાજાએ મ્હોટા ઉત્સવપૂર્વક કુમારનો નગરમાં પ્રવેશ કરાવ્યો, પછી કુમાર ત્યાં રાજાએ આપેલા મ્હેલમાં બન્ને સ્ત્રીઓની સાથે સુખ ભોગવવા લાગ્યો. [illegible] પણ [illegible] સુખે રહેવા લાગ્યો. એવી રીતે પુણ્યના પ્રભાવથી નાના પ્રકારના સુખ ભોગવતા રત્નસાર કુમારના દિવસો સુખમાં જવા લાગ્યા.

એક દિવસ રત્નસાર કુમાર રાત્રીએ સુખે સૂતો હતો એવામાં અર્ધ રાત્રિ [illegible] દિવ્ય [illegible], [illegible] અને [illegible] થી સુશોભિત [illegible] હાથમાં ખડ્ગ એવો કોઇ એક પુરૂષ કુમારના [illegible] ત્યાં આવેલ તે

પુરૂષ દેરાસરમાં છાની રીતે અંદર પેસવામાં આવ્યો. એટલામાં કુમાર જાગી ગયો. કારણ ઉત્તમ પુરૂષોને નિંદ્રા થોડી હોય છે. પછી "આ કોણ છે! અને મ્હારા મંદિરમાં શામાટે આવ્યો છે?" ઇત્યાદિ વિચાર કરે છે, એવામાં તે પુરૂષે ક્રોધથી રાતાં નેત્ર કરીને કહ્યું કે "અરે કુમાર! જો તું વીર છે તો સાવધાન થા, અને મ્હારી સાથે યુદ્ધ કર. અરે! તું છાના જનનો [illegible], તો પછી ત્હારૂં કેટલુંબળ હોય! [illegible] બળ [illegible] કેટલા દિવસ મદન કરે!" આ પ્રમાણે કહીને એવો તે પુરૂષ પોપટસહિત પાંજરૂં લઈ પાછો વળ્યો. આ વખતે કુમાર મ્યાનમાંથી તરવાર કાઢી તેની પાછળ દોડ્યો, આગળ તે પુરૂષ અને પાછળ રત્નસાર કુમાર એમ બન્ને જણાએ એક બીજા સાથે નજર રાખી કેટલાંક પગલાં ઉલ્લંઘી ગયા. કુમાર તેની પાછળ પાછળ બહુ દૂર ગયો અને જેટલામાં તે પુરૂષને મારની પેઠે પકડવા જાય છે તેટલામાં તે પુરૂષ આકાશમાં ઉડ્યો, કુમારે તેને કેટલેક દૂર જતા સુધી જોયો પરંતુ પછી તે દેખાયો નહીં; તેથી મનમાં વિસ્મય પામી વિચાર કરવા લાગ્યો કે:-"આ કોઇ પણ મ્હારો શત્રુ દેખાય છે. ગમે તો તે વિદ્યાધર, દેવ, દાનવ કે ભૂત હોય પરંતુ તે મ્હારા રાજપોપટને લઈ ગયો. અરે રાજ રાજ પોપટ! હવે ત્હારૂં શું થયું? તું ક્યાં ગયો? ત્હારા વિના મ્હારા શા હાલ થશે?" આવી રીતે તે રત્નસાર વિલાપ કરતા [illegible] વળી તેણે ચિંતવ્યું કે "અરે જીવ! તું દુખ ન ધર. [illegible] થવાથી તને શું થવાનું છે? ખેદ કરવાથી પોપટ આવશે નહીં. ચાલ આજ કોઇ ઠેકાણે શોધ કરૂં, વખતે પોપટ મળી આવે. પોપટને લઇનેજ પાછો વળીશ. તેના વિના ક્યારે પણ પાછો વળનાર નથી." આવી રીતે નિશ્ચય કરી આમ તેમ ભમતો કુમાર પોપટની શોધ કરવા લાગ્યો; પરંતુ તેણે કોઇ ઠેકાણે પોપટને દીઠો નહીં; કેમકે આકાશમાં ગયેલી વસ્તુ પૃથ્વી ઉપર શોધવાથી શી રીતે મળી શકે? તોપણ "કોઈ પણ ઠેકાણે પોપટની ખબર મળશે." એવી આશાથી રત્નસાર કુમાર આખા દિવસ સર્વ ઠેકાણે ભમ્યો. સંધ્યા વખતે તેણે ગઢ,

પાળ અને ધ્વજાઓવાળા મણિમય ઘરોથી સુશોભિત નગર દીઠું, તે નગરની શોભા જોઇ ચિત્તમાં ચમત્કાર પામેલો રત્નસાર કુમાર નગર પાસે આવી શોભા જોવા લાગ્યો; પછી જેટલામાં દરવાજાની અંદર પેસવા લાગ્યો તેટલામાં ગઢ ઉપર બેઠેલી એક કુંસારિકાએ કહ્યું:-"હે કુમાર! તું નગરમાં ન જા." તેવારે કુમારે મનમાં વિસ્મય પામીને કહ્યું. "હે સારિકા! નગરમાં પેસતા એવા મને તું શામાટે ના પાડે છે?" ત્યારે સારિકાએ કહ્યું. "હે સત્પુરૂષ! જો તું સુખ ઇચ્છતો હોય તો આ નગરને વિષે ન પેસીશ. તું એમ ન જાણીશ જે આ મને ફોગટ ના પાડે છે, પણ હું તને ત્હારા હિત માટે નગરમાં પેસવાની ના પાડું છું. કારણ કે ઉત્તમ પ્રાણીઓ હેતુ વિના કહેતા નથી. જો તું કારણ સાંભળવાની ઇચ્છા કરતો હોય તો સાંભળ.—

આ રત્નપુર નામનું નગર છે, એમાં પુરંદર નામનો રાજા ઉત્તમ પ્રકારે પ્રજાનું પાલન કરતો છતો રાજ્ય કરતો હતો; તે વખતે નાના પ્રકારના વેશને ધારણ કરનારો કોઇ ચોર તે નગરમાં હમેશાં ચોરી કરતો અને ધનવંત માણસોના ઘરમાં ખાતર પાડી બહુ ધન લઇ જતો; પરંતુ નગરના રક્ષક લોકો તે ચોરને પકડવા શક્તિવન થતા નહીં.

એક દિવસ સર્વે મહાજન લોકો એકઠા થઇ રાજાની પાસે આવી વિનંતી કરવા લાગ્યાકે:-"હે રાજન્! એક ચોરે આવીને સર્વ નગરમાં વારવાર ખાતર પાડી અમને નિર્ધન કરી નાંખ્યા છે." મહાજન લોકોનાં આવાં વચન સાંભળી ક્રોધ પામેલા રાજાએ કોટવાળને બોલાવીને કહ્યું કે "અરે રક્ષક! તું રક્ષણ કરતાં છતાં ચોર નગરોમાં ખાતર કેમ પાડે છે?" ત્યારે રક્ષકે કહ્યું-"હે રાજન્! મ્હોટા રાગની પેઠે આ ચોર અસાધ્ય છે, અર્થાત્ પકડી શકાય તેવો નથી, અને પકડવાનો કોઈ ઉપાય સ્ફુરણ થતો નથી; તેથી એ અસાધ્ય ચોરને પકડવા હું સમર્થ નથી, માટે જેમ આપને યોગ્ય લાગે તેમ કરો."

પછી રાજા હાથમાં તરવાર લઇ ચોરને શોધી કાઢવા નિકળ્યો. એક દિવસ તેણે ખાતર પાડી ધનની ગાંસડી લઈ જતા એવા ચોરને દીઠો, તેવારે રાજા તેની પાછળ દોડયો, ચોર આગળ અને રાજા પાછળ એમ દોડતાં દોડતાં ચોર રાજાની સરત ચુકવી એક ઉદ્યાનમાં પેસી ગયો; ત્યાં કોઇ એક સુતેલા તાપસ પાસે ધનની ગાંસડી મૂકી કયાંક નાસી ગયો. પછી રાજા ઉદ્યાનમાં આવ્યો તો તેણે સુતેલા પુરૂષની પાસે ધનની ગાંસડી જોઇ, તેથી "નિશ્ચે આ તાપસ વેશધારી ચોરે સર્વ નગરને લુંટી લીધું છે અને અત્યારે કપટનિંદ્રાથી સુતો છે." એમ ધારી રાજાએ તેને કહ્યું. "અરે દુષ્ટ પાપી ચોર ! તેં તાપસનો વેશ ધારણ કરી મ્હારા સર્વ નગરને લુંટી લીધું છે અને અત્યારે કપટનિંદ્રાથી સૂતો છે? હમણાં હું તને દીર્ઘનિંદ્રા (મરણ) આપું છું." એમ કહી તે તાપસને પોતાના સુભટો પાસે બંધાવ્યા [illegible] વિના નિર્દય રાજાએ તેને સવારે મારી નાંખવા તો કોટવાળને હુકમ દીધો. બીજે દિવસે કોટવાળે તે તાપસને માથું મુંડાવી, ગધેડે ચડાવીને આખા નગરમાં ફેરવ્યો અને પછી [illegible] ઉપર ચડાવ્યો. તાપસ મૃત્યુ પામી દુષ્ટ રાક્ષસ થયો, પછી [illegible] તે રાક્ષસે રાજાને મારી નાંખ્યો, અને નગરના [illegible] લાગ્યા; રાજાના અવિચારી કાર્યથી આ પ્રજા [illegible] જે પુરૂષ અંતઃપુરમાં જાય તેને તે [illegible] અંતઃપુરમાં પેઠેલા પુરૂષને કોણ

[illegible] કુમાર ! હું તને નગરમાં જવા [illegible] કેમકે કદાપી રાક્ષસ તને મારી નાંખે તો હું [illegible]

[illegible] કુમાર મેનાની વચનચાતુરી સાંભળી [illegible] નાહેવા: "હે સાહિત્ય ! તે રાક્ષસના મન [illegible] એમ કહીને તે કુમાર રાક્ષસના બળને [illegible] રણભૂમિમાં પેસતો દેખતા ! તમ નગરમાં [illegible]

દીઠી, કોઈ ઠેકાણે સોનાના ઢગલા દીઠા, કોઇ ઠેકાણે કપુરના ઢગલા, કોઈ ઠેકાણે સોપારી અને નાળીયેરના ઢગલા જોયા, કોઇ ઠેકાણે પકવાનથી ભરેલી કંદોઇની દુકાનો જોઇ, અને કોઇ ઠેકાણે સુગંધી કરીયાણાથી ભરપુર ગાંધીની દુકાનો દીઠી. આ પ્રમાણે બહુ વસ્તુઓથી ભરપુર એવી તે નગરી જોઈ પણ તેમાં કોઇ માણસ જોવામાં આવ્યું નહીં. અનુક્રમે નગરને જોતો જોતો તે રત્નસાર કુમાર રાજમંદિરમાં ગયો, ત્યાં એક સાત માળનો મહેલ હતો તે મહેલમાં પેઠો અને અનુક્રમે સાતમા માળ ઉપર ગયો; ત્યાં તેણે નાના પ્રકારના મણિ વિગેરે રત્નોથી સુશોભિત એવી એક શય્યા જોઈ. પછી તે શય્યામાં તે કુમાર સંતોષ પામીને નિર્ભયપણે સુતો અને પોતાના ઘરની પેઠે નિઃશંકપણે ગાઢનિંદ્રાથી ઉંઘી ગયો.

હવે માણસના પગલાંની હાલચાલ જોઈ બહુ ક્રોધ પામેલો રાક્ષસ ત્યાં આવ્યો અને કુમારને સુખે સુતેલો જોઇ વિચાર કરવા લાગ્યો કેઃ-"જે સ્થાનકે જવાની વાત માણસોના ધ્યાનમાં પણ ન આવે તે સ્થાનકે આ કોઈ ધિટ્ઠ પુરૂષ આવીને સુઇ રહ્યો છે. આ મ્હારા શત્રુને હું કયા મારથી મારૂં? ફળ તોડવાની પેઠે એના માથાને તોડી નાખું! કે એને નખોવડે ચીરી નાખું! ગદાથી ચૂર્ણ કરી નાખું! કે મ્હોટી છરીવડે કકડે કકડા કરી નાખું! આ દુરાત્માને ધગધગતા અગ્નિમાં ફેંકી દઉં! દડાની પેઠે આકાશમાં ઉછાળી દઉં! કે ઉપાડીને સમુદ્રમાં ફેંકી દઉં! અજગરની પેઠે ગળી જાઉં! કે મ્હારે ઘરે આવીને સુખે સુતેલા પરૂણાને ન મારૂં! કેમકે ઘરે આવેલા શત્રુને પણ મારવો નહીં. કહ્યું છે કેઃ—

आगतस्य निजगेहमप्यरे गौरवं विदधते महाधियः
मानमात्मसदनमुपेयुषे भार्गवाय गुरुरुच्चतां ददौ ॥

ભાવાર્થઃ—બુદ્ધિવંત પુરૂષો પોતાને ઘરે આવેલા શત્રુની પણ પરોણાગત કરે છે. જુઓ શુક્ર ગુરૂનો શત્રુ છે, અને મીન રાશિ એ ગુરૂનું સ્વગ્રહ છે એમ છતાં પણ જ્યારે શુક્ર મીનરાશિએ આવે છે ત્યારે ગુરૂ તેને ઉચ્ચસ્થાન આપે છે.

"જ્યાં સુધી એ પોતાની મેળે ન જાગે ત્યાં સુધી હું તેને કાંઇ પણ નહિં કરૂં, પછી એ જ્યારે જાગશે ત્યારે વાત કરીશ." આ પ્રમાણે વિચાર કરી રાક્ષસ બહાર ગયો અને પાછો ચારે બાજુ ... પુત્રોને સાથે લઈ પાછો ત્યાં આવ્યો, તોપણ કુમાર સૂતો હતો ... ને જોઈ રાક્ષસે કહ્યું:-"અરે નિર્ભય! નિર્બુદ્ધિ! નિર્લજ્જ! તું ... ઘરથી ઝટ બહાર જા! નહિં તો મ્હારી સાથે યુદ્ધ કર." ... રાક્ષસનાં આવાં વચન સાંભળી કુમારે જાગીને કહ્યું:-"અરે ... રાક્ષસરાજ! તું મ્હારી નિદ્રાનો ભંગ કેમ કરે છે? તું મ્હારી નિદ્રાનો ભંગ કરીશ તો ત્હારી નિદ્રાનો પણ ભંગ થશે. ... છે કે:-

धर्मनिंदी पंक्तिभेदी, निद्राच्छेदी निरर्थकम् ॥
कथा भंगी वृथापापी पंचनेऽत्यंतपापिनः ॥

ભાવાર્થ:—ધર્મની નિંદા કરનારો, પંક્તિનો ભેદ કરનારો, [illegible] નિદ્રાનો ભંગ કરનારો, કથાનો ભંગ કરનારો અને [illegible] એ પાંચ મહાપાપી કહેવાય છે.

[illegible] માને છે [illegible] મ્હારા પેટને મ [illegible] આવ." તેવાર રાક્ષસ વિચારવા [illegible] અદ્ભુત ચરિત્રવાળો જણાય [illegible] પોતાના [illegible] આ વાત નિદ્રાને દૂર [illegible] ઘણાં [illegible] નથી છે. [illegible] કરાવશો શું? [illegible]

[illegible] રાક્ષસે ગુણશેખર નામ [illegible] ચીની [illegible] સમજાતી નથી અને [illegible] પ્રસાદથી મળી શકે છે. પછી [illegible] મહાગના એવા [illegible] રત્ન

સારે ઉઠીને કહ્યું:-"હે દેવ! મેં માણસજાતિએ તને હુકમ કર્યો છે, તે ત્હારે મનમાં દયા લાવી માફ કરવો. હું ત્હારી ભક્તિ થી બહુ સંતોષ પામ્યો છું, માટે વરદાન માગ. જે ત્હારૂં દુષ્કર કામ હશે તે પણ હું કરીશ." કુમારનાં આવાં વચન સાંભળી રાક્ષસ વિસ્મય પામી મનમાં વિચાર કરવા લાગ્યો: "અહો! આનો વિપરીત થયું! કે મને દેવતાને એ માણસ જાતિ પ્રસન્ન થયો, વળી એટલુંજ નહિં પણ મ્હારાથી ન બની શકે એવું કાર્ય કરવાની તે ઇચ્છા કરે છે; આ વાત કલ્પવૃક્ષ સેવક પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવવાની ઇચ્છા કરે તેવી બની છે. એ માણસ જાતિ મને દેવતાને શું આપી શકશે? માણસની પાસે દેવતાને પ્રાર્થના કરવાયોગ્ય કઈ વસ્તુ હોય છે? તોપણ તેની પાસેથી કંઇ પણ માગું." આવી રીતે વિચાર કરી રાક્ષસે મધુર વચનથી કહ્યું: "જે બીજાને ઇચ્છિત વસ્તુ આપે તે પુરૂષ જગ લોકમાં દુર્લભ છે, અને યાચના કરનાર માણસના સર્વે સદ્ગુણો યાચના કરવાથી નાશ પામે છે. કહ્યું છે કેઃ—

लघुर्धूली तृणं तस्मा त्तृणात्तूलं ततोऽनिलः ॥
ततोऽपि याचकस्तस्मादपि याचकवंचकः ॥

ભાવાર્થઃ—સૌથી હલકી ધુળ છે, તેથી હલકું તૃણ છે, તેથી હલકું રૂ અને તેથી હલકો પવન છે; એ પવનથી હલકો યાચક અને તેથી પણ યાચકને ઠગનારો હલકો જાણવો. વળી

परपत्थणापवन्नं माजणणि जणेसुएरिसं पुत्तं ॥
मा उअरे विधारिज्ज पत्थिअभंगो कओ जेण ॥

ભાવાર્થ—હે માત! બીજા પાસે યાચના કરવા જાય એવા પુત્રને તું જન્મ આપીશ નહીં, તેમજ યાચકની પ્રાર્થનાનો ભંગ કરનારા પુત્રને તું ઉદરમાં ધારણ કરીશ પણ નહીં.

માટે હે કુમાર! જો તું મ્હારી યાચનાનો ભંગ ન કરે તો હું ત્હારી પાસે યાચના કરૂં." તેવારે કુમારે કહ્યું:-"હે રાક્ષસરાજ! મ્હારી પાસેથી જે કાર્ય સિદ્ધ થાય તેવું હોય તે કહે." ત્યારે રાક્ષસે કહ્યું. "જો એમ છે તો સાંભળ. તું આ નગરીનો રાજા થા,

હું તને યોગ્ય અતુલી રાજ્ય આપુ છું; માટે તું ત્હારી મરજી પ્રમાણે રાજ્યસુખ ભોગવ. હું સેવકની પેઠે તને દિવ્ય ભોગ અને દિવ્ય સમૃદ્ધિ આપીશ, તેમજ નિરંતર ત્હારી સેવા કરીશ, સર્વે રાજાઓ ત્હારે વશ થઇને રહેશે, માટે તું આ એકછત્ર રાજ્ય પોતાના કબજામાં લે." પછી રત્નસાર કુમાર પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે "આ રાક્ષસ રાજ્ય અને રાજ્ય આપે છે, રાજ્ય બહુ પુણ્યના યોગથી મળે છે; પરંતુ જ્યારે મેં પૂર્વે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું ત્યારે રાજ્ય ગ્રહણ કરવાનો નિયમ લીધો છે. હવે હું શું કરૂં? આતો મ્હોટું વિષમ સંકટ આવી પડયું. એક તરફથી કબુલ કરેલું વચન જાય છે અને બીજી તરફથી વ્રત ભંગ થાય છે. હા દેવ! હવે શું કરૂં? મ્હોટા વિષમ સંકટમાં આવી પડયો." આવી રીતે વિચાર કરી રત્નસાર કુમારે કહ્યું:- "હે દેવ! બીજી માગણી કર. કારણ રાજ્ય લેવાનો મ્હારે નિયમ છે, તો તે લેવાથી મ્હારા નિયમનો ભંગ થાય છે અને વ્રતનો ભંગ થયો તો પછી બાકી રહ્યું શું? જેનાથી વ્રતનો ભંગ થાય એવી સરણીના શા કામની? જેનાથી કાન તૂટી જાય એવું સોનું શા કામનું?" ત્યારે રાક્ષસે કહ્યું. "આ શરીરમાં લોભ, લજ્જા, દાક્ષિણ્ય વિગેરે સર્વ રહ્યું છે. ઉત્તમ પુરૂષો જે કબુલ કરેલું હોય તેને માટે જીવિતને પણ ત્યજી દે છે." પછી કુમારે કહ્યું. "હે રાક્ષસરાજ! તેં યોગ્ય કહ્યું છે, પરંતુ મેં ગુરૂ પાસે નિયમ લીધો છે કે "પાપનું સ્થાન અને અનર્થકારી એવા રાજ્યને હું નહિં ધારણ કરૂં; કેમકે લીધેલા નિયમની વિરાધના કરવાથી મ્હોટું દુઃખ થાય છે. માટે હે મહાભાગ! જેથી મ્હારો નિયમ ન તૂટે એવું દુષ્કર કામ કહે, કે તે પણ હું કરીશ." ત્યારે રાક્ષસે કહ્યું. "અરે! તે મ્હારી પ્રથમની માગણી ફોગટ કરી અને હવે બીજી માગણી કરવાનું કહે છે! અરે મૂઢ! તું પોતાના ઉપરજ કોપ પામેલો દેખાય છે. ક્રોધ વિગેરેથી જે જીવહિંસા કરાય અથવા યુદ્ધ કરાય તેમાં પાપ લાગે; પરંતુ દેવતાએ આપેલું રાજ્ય લેવું એમાં તે પાપ શાનું હોય? અરે મૂઢ! હું તને રાજ્ય આપું છું છતાં તું શામાટે ઉત્સાહ નથી

પામતો? સુગંધી ઘી પાતાં શામાટે "બુબુ" એવો શબ્દ બોલ્યા કરે છે? અરે મૂઢ! તું મ્હારા મ્હેલમાં આવી મ્હારી શય્યામાં સુખે સુઈ રહ્યો, તેં ત્હારા પગનાં તળીયાં મ્હારી પાસે મશલા વ્યાં અને હવે મ્હારૂં કહેલું હિતકારી વચન માનતો નથી તો પછી જો તેનું ફળ." એમ કહી કુમારને હાથમાં પકડી રાક્ષસે આકાશમાં ઉછાળ્યો, ત્યાંથી ક્રોધ પામેલા રાક્ષસે તેને સમુદ્રમાં ફેંક્યો, કુમાર સમુદ્રમાં પડી પાતાળમાં પેસી ગયો અને ત્યાંથી પાછો પાણીની ઉપર આવ્યો એટલે રાક્ષસે તેને બહાર કાઢીને કહ્યું:-" અરે મૂઢ! તું પોતાના કદાગ્રહથી શામાટે ફોગટ મૃત્યુ પામે છે? હું તને રાજ્ય સંપત્તિ આપું છું છતાં શામાટે નથી લેતો? જો કે હું દેવતા છું તોપણ ત્હારૂં કહેલું નિંદિત કામ કરીશ. અરે મૂઢ! મ્હારા કહેલા સારા કાર્યને પણ તું માણસ જાતિ છતાં નથી કરતો? અરે! તું રાજ્ય લે, નહિં તો ધોબીની પેઠે મ્હોટી શીલા ઉપર પછાડી પછાડીને તને મારી નાંખીશ." એમ કહી રાક્ષસ કુમારને પકડી પછાડવા માટે શીલા પાસે લઇ ગયો, અને કહ્યું. "અરે મુર્ખ! તુ મ્હારૂં કહ્યું માન્ય અને ફોગટ મૃત્યુ ન પામ." ત્યારે કુમારે કહ્યું. " અરે રાક્ષસ! તને જે રૂચે તે કર, તું એ બાબતમાં મને ફોગટ શામાટે પૂછયા કરે છે?" કુમારનાં આવાં વચન સાંભળી રાક્ષસ બહુ પ્રસન્ન થયો, અને પોતાનું કરચીમ રાક્ષસરૂપ ત્યજી દઈ કોઇ દેવતા રૂપે પ્રગટ થયો, પછી જળ અથવા સ્થળમાં ઉત્પન્ન થએલા પુષ્પોનો કુમાર ઉપર વરસાદ વરસાવતો છતો જય જય શબ્દ કરી કુમારની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યો:-

હે કુમાર! તને ધન્ય છે, ત્હારા સરખા ઉત્તમ પુરૂષોથીજ આ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. હે સત્પુરૂષ! ત્હારા ધર્મને વિષે આવી દૃઢતા છે તે બહુ સારૂં છે, ઇંદ્રના સેનાપતિ હરિણગમેષી દેવતાએ દેવોની અને મ્હારી પાસે ત્હારી પ્રશંસા કરી, તેથી સર્વે દેવતાઓ વિસ્મય પામ્યા; એવામાં સૌધર્મ દેવલોક અને ઇશાન દેવલોકને વિષે નવા ઇંદ્રો ઉત્પન્ન થયા, તે બન્નેમાં એક વિમાનને માટે પરસ્પર બહુ કલેશ થયો. બત્રીસ

જેમ કે સર્વે જીવો લોભરૂપ પુરમાં બૂડી જાય છે તેમજ તે નિ-
ર્લોભ ચિત્તવાળો છે." હે મહાભાગ રત્નસારકુમાર! હરિણીગ
મેષી દેવતાનાં આવાં વચન સાંભળી તેને ચંદ્રશેખર દેવતા ન
હિં માનતો છતો ત્હારી પરિક્ષા કરવા માટે અહિં આવ્યો, જે
ણે પ્રથમ પોતાનું રાક્ષસ સરખું રૂપ બનાવી એક શૂન્ય નગર
પ્રગટ કર્યું, સારિકા બનાવી, ત્હારા પોપટ સહિત પાંજરાને લઈ
ગયો, છેવટ તેને સમુદ્રમાં ફેંકી દીધો; એ વિગેરે બીજી પણ બહુ
કદર્થના તને કરી, તે પોતે હું ચંદ્રશેખર દેવતા છું. હે મહા
ભાગ! તે મ્હારા દુષ્ટ આચરણની તું ક્ષમા કર, અને કાંઈ પણ
આજ્ઞા આપ, અને તું પોતે મ્હારી પાસેથી કાંઈ વરદાન માગ.
કારણકે દેવતાનું દર્શન નિષ્ફળ ન હોય." તેવારે રત્નસાર કુમારે
કહ્યું-"હે સુરેશ્વર! મ્હારે જિનધર્મના પ્રસાદથી સર્વ છે, ત્હારી
પાસેથી કાંઈ પણ ઈચ્છા નથી, તો પણ ત્હારે નંદીશ્વર તીર્થ
ની યાત્રા કરવી." પછી ચંદ્રશેખર દેવતાએ "બહુ સારૂં" એમ
કહી તેને પોપટ સહિત સત્વર આણી કનકપુર નગરમાં પહોં
ચાડ્યો, ત્યાં કનકધ્વજ રાજાની આગળ તેનાં વખાણ કરી,
તેને બહુ માન આપી દેવતા સ્વસ્થાને ગયો.

પછી રત્નસાર કુમાર પોતાના સસરા કનકધ્વજ રાજાની
રજા લઈ બંને સ્ત્રી [illegible] સહિત પો
તાની નગરી [illegible] કૌતુક અનેક [illegible]
[illegible] પોતાની [illegible]
[illegible]

[illegible] શ્રી ધર્મ [illegible]
[illegible]

ભાવાર્થ:—કાંઇ કામ પડે ત્યારે ચાકરોની ખબર પડે છે, દુઃખ આવે બંધુઓની ખબર પડે છે, આપત્તિકાળે મિત્રની પરીક્ષા થાય છે અને વિભવનો નાશ થયે સ્ત્રીની પરીક્ષા થાય છે.

હવે ચારે મિત્રો સાથેની સાથે પરદેશ જતા હતા, એવામાં તે એ એક મ્હોટા અરણ્યમાં ભુલા પડયા, તેથી ત્રણ દિવસ ભટકી ચોથે દિવસે તેઓ કોઈ ગામમાં આવ્યા, ત્યાં રસોઇ કરીને જેટલામાં તેઓ જમવા બેઠા તેટલામાં કોઇ એક જિનકલ્પી મુનિ ત્યાં વહોરવા માટે આવ્યા. પછી ભદ્રક પ્રકૃતીવાળા રાજપુત્રે ચડતા પરિણામથી મુનિને દાન આપી બહુ ભોગકર્મ ઉપાર્જ્યું, તે વખતે પ્રધાનપુત્રે અને શેઠપુત્રે તે દાનની અનુમોદના કરી, પરંતુ ક્ષત્રીપુત્રે તો હીન પુણ્યને લીધે એમ કહ્યું કે " અરે ! અમને ભુખ લાગી છે, માટે અમારા માટે કાંઇ રાખજો. " આવી રીતે કહીને તેણે દાનાંતરાય કર્મથી ભોગાંતરાય કર્મ બાંધ્યું.

પછી જિતશત્રુ રાજાએ ચારેને પાછા બોલાવી શ્રીસારને રાજ્ય, પ્રધાન પુત્રને પ્રધાનપદ, શેઠના પુત્રને શેઠપદ અને ક્ષત્રીપુત્રને સેનાપતિપણું આપ્યું. પછી ચારે જણાઓ પોત પોતાના પદને ભોગવી અનુક્રમે મૃત્યુ પામીને શ્રીસાર રત્નસાર થયો, મંત્રીનો પુત્ર અને શેઠનો પુત્ર એ બન્ને જણા રત્નસારની આ બન્ને સ્ત્રીઓ થઇ અને ક્ષત્રીપુત્ર દાનાંતરાય કર્મને લીધે પોપટ થયો. રત્નસારે પાછલા ભવમાં જે ચોરને છોડાવ્યો હતો, તે તાપસ વ્રત લઈ મૃત્યુ પામી ચંદ્રચૂડ નામે દેવતા થયો, તેણે રત્નસારની સહાય્ય કરી. "

આ પ્રમાણે રત્નસારનું પૂર્વ ભવનું ચરિત્ર સાંભળી રાજા આદિ સર્વ લોકો આદરથી સુપાત્રદાનને વિષે યત્નથી આદર કરવા લાગ્યા અને જિનધર્મને વિષે સાવધાન થયા. રત્નસાર કુમાર પણ પૂર્વના પુણ્યને લીધે બન્ને સ્ત્રીઓ સહિત વિવિધ પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો, તેમજ ધર્મકાર્ય પણ કરવા લાગ્યો; તેણે રથયાત્રા અને તીર્થયાત્રા કરી, સોનાના તેમજ રૂપાના જિનબિંબ કરાવીને પ્રતિષ્ઠા કરવા પૂર્વક જિનશાસનની પ્રભાવના કરી. તેના સંગાથી તેની બન્ને સ્ત્રીઓ પણ ધર્મકાર્ય

તું અકાળે મૃત્યુ પામી અનંત દુઃખ પામીશ. માટે તું વ્રતોને ત્યજી દે અને ભોગો ભોગવ, તેમજ આહાર પણ કર. હે કામ દેવ! તું આ કષ્ટ શામાટે કરે છે?" પિશાચનાં આવાં વચન સાંભળીને પણ નિર્ભય અને ઉદ્વેગ નહિં પામેલો એવો કામદેવ શાંત ચિત્તથી ધર્મધ્યાન કરતો હતો, તેથી દેવતાએ તેને સ્થિર ચિત્તવાળો અને નિર્ભય જાણી ફરીથી કહ્યું:-"હે કામદેવ! ભોગોને ભોગવ અને વ્રતોને ત્યજી દે." દેવતાએ આવી રીતે તેને બે ત્રણ વાર કહ્યું, તોપણ કામદેવ ધ્યાનથી ચળ્યો નહીં. પછી ક્રોધ પામેલો દેવતા ભ્રકુટી ચડાવી તરવાર વડે તેના કકડે કકડા કરવા લાગ્યો. કામદેવ પણ તીવ્ર વેદના સહન કરતો શુભ ધ્યાનથી શ્રી વીરપ્રભુનું ધ્યાન ધરવા લાગ્યો. કહ્યું છે કે:—

धीराणकायराण य कसवट्टो संकडे समावडिए ॥
नियमपरिपालणेसु सुत्था वत्था यसव्वावि ॥

ભાવાર્થ:-નિયમ પાળવામાં સ્વસ્થ એવી સર્વે અવસ્થા એજ ધીર અને કાયર પુરૂષોને સંકટ આવી પડે છતે કસોટી છે.

પછી દેવતાએ વિલખા થઈ હાથીનું રૂપ કરી ગર્જના કરવાપૂર્વક સૂંઢને ઉછાળતાં છતાં કહ્યું-"જો તું વ્રતાદિકને નહિં ત્યજી દે તો હું તને આકાશમા ઉચ્છાળી પગવડે ચ્યુરી નાંખીશ." ઇત્યાદિ વચનોથી પણ કામદેવ શ્રાવક ધર્મધ્યાનથી ચળ્યો નહીં. પછી હાથીએ બે ત્રણ વાર તેને આકાશમાં ઉચ્છાળ્યો, તોપણ તે ધર્મધ્યાનથી ચળ્યો નહીં. વળી આકાશમાં ઉચ્છાળી દંતોશળથી ઝીલી લઈ પગવડે માટીની પેઠે મર્દન કર્યું, તે વેદના પણ કામદેવ શ્રાવકે સહન કરી. પછી દેવતાએ હાથીનું રૂપ ત્યજી દઇ મ્હોટા શરીરવાળું અને રાતા નેત્રવાળું સાપનું રૂપ વિકુર્વ્યું, અને ફુંફાડા મારતાં ત્યાં આવીને કહ્યું:-"હે કામદેવ! વ્રતને ત્યજી દઈ ભોગ ભોગવ, નહિંતો ત્હારા શરીર ઉપર ચડી ગળે ત્રણ આંટા દઈ ડંશ દઇશ, તેથી ત્હારે મૃત્યુ પામીને દુર્ગતિમાં જવુ પડશે." સાપનાં આવાં વચન સાંભળી કામદેવ વિશેષે ધર્મધ્યાન કરવા લાગ્યો. પછી ક્રોધ પામેલા સાપે તેના શરીર ઉપર ચડી ગળામાં ત્રણ આંટા દઇ ડંશ કર્યો, તેની

તું અકાળે મૃત્યુ પામી અનંત દુઃખ પામીશ. માટે તું વ્રતોને ત્યજી દે અને ભોગો ભોગવ, તેમજ આહાર પણ કર. હે કામદેવ! તું આ કષ્ટ શામાટે કરે છે?” પિશાચનાં આવાં વચન સાંભળીને પણ નિર્ભય અને ઉદ્વિગ્ન નહિં પામેલો એવો કામદેવ શાંત ચિત્તથી ધર્મધ્યાન કરતો હતો, તેથી દેવતાએ તેને સ્થિર ચિત્તવાળો અને નિર્ભય જાણી ફરીથી કહ્યું:–“હે કામદેવ! ભોગોને ભોગવ અને વ્રતોને ત્યજી દે.” દેવતાએ આવી રીતે તેને બે ત્રણ વાર કહ્યું, તોપણ કામદેવ ધ્યાનથી ચળ્યો નહીં. પછી ક્રોધ પામેલો દેવતા ક્રુદ્ધ બનાવી તરવાર વડે તેના કકડે કકડા કરવા લાગ્યો. કામદેવ પણ તીવ્ર વેદના સહન કરતો શુભ ધ્યાનથી શ્રી વીરપ્રભુનું ધ્યાન કરવા લાગ્યો. કહ્યું છે કે:—

धीराणकायराण य कनवडो संकडे समावडिए ॥
नियमपरिपालणमु मुत्था वत्था वमच्चारि ॥

ભાવાર્થ:–નિયમ પાળવાના સ્વરૂપ અર્થી સર્વે અવસ્થા એજ ધીર અને કાયર પુરુષોને સંકટ આવી પડે છતે કસોટી છે.

પછી દેવતાએ વિલખા થઈ હાથીનું રૂપ કરી ગર્જના કરવાપૂર્વક સૂંઢને ઉછાળતાં છતાં કહ્યું “જો તું વ્રતોને નહિં ત્યજી દે તો હું તને આકાશમાં ઉછાળી પછાડી કચરી નાંખીશ.” ઇત્યાદિ વચનોથી પણ કામદેવ શ્રાવક ધર્મધ્યાનથી ચળ્યો નહીં. પછી હાથીએ બે ત્રણ વાર તેને આકાશમાં ઉછાળ્યો, તોપણ તે ધર્મધ્યાનથી ચળ્યો નહીં. વળી આકાશમાં ઉછાળી દંતશૂળથી ઝીલી લઈ પછાડી માટીની પેઠે મર્દન કર્યું, તે વેદના પણ કામદેવ શ્રાવકે સહન કરી. પછી દેવતાએ હાથીનું રૂપ ત્યજી દઈ મોટા શરીરવાળું અને રાતા નેત્રવાળું સર્પનું રૂપ વિકુર્વ્યું, અને ફુંફાડા મારતા ત્યાં આવીને કહ્યું “હે કામદેવ! વ્રતને ત્યજી દઈ ભોગ ભોગવ, નહિંતો ત્હારા શરીર ઉપર ચડી ગળે ત્રણ આંટા દઈ ડંશ દઈશ, તેથી ત્હારે મૃત્યુ પામીને દુર્ગતિમાં જવું પડશે.” સર્પનાં આવાં વચન સાંભળી કામદેવ વિશેષે ધર્મધ્યાન કરવા લાગ્યો. પછી ક્રોધ પામેલા સર્પે તેના શરીર ઉપર ચડી ગળામાં ત્રણ આંટા દઈ ડંશ કર્યો, તેની

વખાણુવાપૂર્વક ખમાવી પોતાને સ્થાનકે ગયો.” આ પ્રમાણે કામદેવ શ્રાવકને કહીને ફરી જિનેશ્વરે કહ્યું:-“હે સાધુઓ! હે સાધ્વીઓ! શ્રમણોપાસક શ્રાવકો પણ તિર્યંચ, માણસ અને દેવતાએ કરેલા ઉપસર્ગો સહન કરે છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે:- “કામદેવ શ્રાવક દેવતાથી પણ ચળ્યો નહીં.” માટે સાધુ પુરૂષોએ ઉપસર્ગો વિશેષે સહન કરવા.”

પછી બહુ હર્ષ પામેલો કામદેવ શ્રાવક બહુ પ્રશ્નો પૂછી શ્રી વીરપ્રભુને વંદના કરી પોતાને ઘેર ગયો, અને શ્રી વીરપ્રભુએ પણ બીજે વિહાર કર્યો. આણંદ શ્રાવકની પેઠે કામદેવ શ્રાવક પણ અગીયાર પડિમા વહી, વીસ વર્ષ સુધી જિનધર્મ પાળી, મનમાં શ્રી વીરપ્રભુનું સ્મરણ કરતા છતા ધર્મધ્યાનમાં લીન થઈ, સંલેખના કરી, એક માસના અનશનવ્રતથી મૃત્યુ પામી પહેલા દેવલોકમાં અરુણાભ નામના વિમાનને વિષે ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો.

શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુને પુછ્યું કે:-“હે સ્વામી! તે કામદેવ શ્રાવક સૌધર્મ દેવલોકથી ચવી ક્યાં ઉત્પન્ન થશે?” ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યું:-“હે ગૌતમ! કામદેવ શ્રાવક પહેલા દેવથી ચવી મહાવિદેહક્ષેત્રમાં મહાસમૃદ્ધિવાળા કુળને વિષે ઉત્પન્ન થશે, ત્યાં ચારિત્ર લઈ શાશ્વત સુખને પામશે.

ઇતિ કામદેવ શ્રાવકનું ચરિત્ર.

ઇતિ શ્રી વાચકરત્ન લાભરત્ન ગણીના શિષ્ય રાજકીર્ત્તિ મુનિએ રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનામાં કામદેવ શ્રાવકને પ્રતિબોધ નામે બીજો ઉલ્લાસ સંપૂર્ણ થયો.

હોય તોપણ સહસ્સમલ્લની પેઠે પવિત્ર થાય છે." આવાં પ્રભુનાં વચન સાંભળી શ્રી ગૌતમસ્વામીએ પૂછયું:-"હે જિનરાજ! તે સહસ્સમલ્લ કોણ હતો? અને તે પાપથી મલિન શી રીતે થયો; વળી ફરી પવિત્ર કેમ થયો? ત્યારે શ્રી જિનરાજે કહ્યું. હે ગૌતમ! સાંભળ:—

સહસ્સમલ્લની કથા.

કચ્છ દેશમાં કૌશાંબી નામની નગરી છે, તે નગરીમાં સહસ્સમલ્લ નામનો વાણીયાનો પુત્ર રહેતો હતો; તે બીજાને છેતરવામાં ચતુર, જુઠું બોલનારો, સાત વ્યસનને વિષે અભ્યાસવાળો, સર્વ લોકોનું ખોટું કરનારો, દુષ્ટ ચિત્તવાળો, વ્યસનમાં લયલીન થએલો અને નિરંતર ચોરી કરનારો હતો; વળી તે પાખંડ કરવામાં, માયા કરવામાં અને નાના પ્રકારના દેશની ભાષા બોલવામાં કુશળ હતો; તેમજ વાણીયાના અને બ્રાહ્મણના વેશ ધરવામાં ચતુર હતો. તે કૌશાંબી નગરીમાં રત્નસાર નામનો એક મોટો શેઠ રહેતો હતો, તે રત્નોનો વ્યાપાર કરતો હતો.

એક દિવસ સહસ્સમલ્લ મહાન સાહુકારનો વેશ લઇ તે રત્નસાર શેઠની દુકાને ગયો, ત્યાં જઇ પુછયું કે "હે શેઠ! તમારે ત્યાં રત્નો છે?" શેઠે કહ્યું. "હા ઘણું છે" સહસ્સમલ્લે કહ્યું. "મને દેખાડો." શેઠે તેને રત્નો દેખાડયાં. સહસ્સમલ્લે પુછયું. "રત્નો આટલાંજ છે કે બીજાં છે?" શેઠે કહ્યું. "બીજાં પણ ઘણું છે." એમ કહી શેઠે બીજાં પણ ઘણું રત્નો તેને દેખાડયાં, મુલ્ય પણ કહ્યું. પછી સહસ્સમલ્લે કહ્યું. "મુલ્ય કાલે આપીશ." શેઠે કહ્યું. "હું ઉધારે આપતો નથી." એમ કહી શેઠે રત્નો પાછાં મુક્યાં. એટલે રત્નોનું ઠેકાણું જોઇને સહસ્સમલ્લ ઘેર ગયો. પછી રાત્રીએ ચોર પુરૂષનો વેશ લઇ સહસ્સમલ્લે તે શેઠની દુકાનમાં ખાતર પાડયું. પ્રથમ ભીંતમાં એક મોટું બાકું પાડી તેણે દુકાનના પગ અંદર નાખ્યા, તે વખતે શેઠનો પુત્ર દુકાનની અંદર સુતો હતો તે જાગી ગયો તેણે ચોરના બે પગ પકડ્યા અને જોરથી પોકાર કરવા લાગ્યો તેથી સહસ્સમલ્લનું ધાર્યું બધું બગડયું. [illegible] શેઠના પુત્રે [illegible] તેને [illegible]

મડદું પડયુંછે.” તેવારે પિતાએ કહ્યું:-અરે પુત્ર ! કોઇ ધુતારો આવીને ન પડયો હોય ? ફરી જઇ બરાબર તપાસ કર.” પુત્રે ફરી ત્યાં જઈ બરાબર તપાસ કરી અને પછી સારણને બન્ને પગ પકડી કેટલેક દૂર સુધી ઘસરડયો. વળી ફરી પિતાની પાસે આવીને કહ્યું. “હે તાત ! તે પણ નિશ્ચે મરી ગયેલો છે.” ત્યારે પિતાએ ફરી કહ્યું:-“હે પુત્ર ! ત્યાં જઇ તેના નાક કાન કાપી લાવ ત્યારે મને નિશ્ચય થાય.” પછી પુત્રે ત્યાં જઇ તેના નાક કાન કાપી લાવી પિતાને દેખાડયા, પરંતુ તે ધૂર્ત સારણ ધનના લોભથી પોતાના નાક કાન કપાતી વખતે કાંઇ પણ બોલ્યો નહીં. પછી પૃથ્વીમાં ધન દાટી પિતા પુત્ર બન્ને જણા ઘરે આવ્યા. પાછળથી ધૂર્ત સારણ દાટેલા ધનને ઠેકાણે આવ્યો અને સર્વ ધન કાઢી લઇ પોતાને ઘેર ગયો. અહો ! અધમ માણસની સાથે ધન પોતાની ઈચ્છા પ્રમાણે વિલાસ કરે છે.

પછી બીજે દિવસ પિતાએ પુત્રને કહ્યું:-“હે પુત્ર ! સ્મશાનમાં જઈ દાટેલા ધનને જોઇ આવ.” પુત્રે સ્મશાનમાં જઇ જોયું તો ધન દીઠું નહીં, તેથી તેણે ઘેર આવી તે વાત પિતાને કહી. બીજે દિવસ શેઠે પોતે સ્મશાનમાં જઈ જોયું તો ધન દીઠું નહીં, તેથી તે બહુ ખેદ પામ્યો. પછી તેણે ઘેર આવી પુત્રને કહ્યું:-“હે પુત્ર ! તે ધુતારાએ નિશ્ચે આપણને છેતર્યા છે. અરે પુત્ર ! નગરમાં જઇ નાક કાન કાપેલા પુરૂષની શોધ કરીએ.” પછી પિતા પુત્ર બન્ને જણા તે પુરૂષની શોધ કરવા લાગ્યા. એક દિવસ તેમણે તે કપાયલા નાક કાનવાળા પુરૂષને દીઠો. પછી નિશ્ચય થવાથી શેઠે તેને હાથ પકડી એક બાજુએ લઇ જઇને કહ્યું:-અરે ધીર ! તેં બહુ દુષ્કર કામ કર્યું છે, તું ધૈર્ય ધારી પુરૂષોમાં ઉત્તમ દેખાય છે.' તેવારે ધૂર્ત સારણે કહ્યું.-“હે શેઠ ! ધનને માટે કયો પુરૂષ દુઃખ સહન નથી કરતો ?” ત્યારે શેઠે કહ્યું:-“જે વાવર્યું તેટલું ગયું, પરંતુ બાકીનું ધન પાછું આપ.” પછી ધુતારાએ કહ્યું:-“હે શેઠ ! જે ખાધું તે ખાધું, બાકીનું તમને પાછું આપું છું; પરંતુ આ વાત તમે રાજાની આગળ કહેશો નહીં.” એમ કહી સારણે બાકીનું ધન શેઠને સોંપ્યું. શેઠે પણ ધુતારા સારણને સંતોષ પમાડી છોડી મૂકયો.

પહેરેલાં હોવાથી કોઈ મ્હોટો શેઠ જાણી બેસવા માટે આસન આપ્યું, સહસ્સમલ્લે તેના ઉપર બેસીને કહ્યું:-"બહુ સારાં લુગડાં દેખાડો મ્હારે લેવાં છે. પછી શેઠે લુગડાં લાવીને દેખાડયાં અને મૂલ્ય કહ્યું. તેવારે સહસ્સમલ્લે કહ્યું. શેઠ! સાંભળો. હું રૂપીયા સાથે લેતો આવ્યો નથી માટે જ્યાંસુધી રૂપીયા લઇને આવું ત્યાં સુધી આ છોકરાને પાસે બેસારો બરાબર સાચવી રાખજો." ભોળા શેઠે તે વાત કબુલ કરી એટલે સહસ્સમલ્લ લુગડાં લઇ ઘરે ગયો, ત્યાં તેણે સઘળાં નવાં લુગડાં માને સોંપ્યાં અને કહ્યું કે:-"ફરી તમે લોકોનાં વચન સાંભળી આવીને મને કહો." પછી માએ નગરમાં જઇ લોકની વાતો સાંભળી આવી પુત્રને કહ્યું:-

હે પુત્ર! ધનસાર શેઠે અને હજામે રાજાની આગળ ફરી યાદ કરી છે કે:-'હે રાજન્! અમને પણ ચોર છેતરી ગયો છે.' તે વખતે પાસે ઉભેલા એક સોદાગરે કહ્યું કે:-'મહારાજ! તે ચોર મ્હારી પાસે સારા ઘોડા ખરીદવા આવશે, તે વખતે હું તેને પકડીશ.' વળી કામપતાકા વેશ્યા પણ બોલી ઉઠી કે:-'હે પૃથ્વીનાથ! સાંભળો. મ્હારૂ ઘર છોડી ચોર લોકો બીજે કોઇ ઠેકાણે જતા નથી, માટે જ્યારે તે ચોર મ્હારા ઘરે આવશે ત્યારે હું તેને પકડીશ.' તે વખતે રાજાએ બહુ સારૂં એમ કહ્યું."

માનાં આવાં વચન સાંભળી સહસ્સમલ્લ સાર્થવાહનો વેષ લઈ સોદાગરની પાસે ગયો, સોદાગરે તેને સારો માણસ જાણી બેસવા માટે આસન આપ્યું, પછી પરસ્પર બન્ને જણા વાતો કરવા લાગ્યા, એટલે સહસ્સમલ્લે કહ્યું:-"હે સોદાગર! તમે નગરની બહાર શા માટે ઉતારો કરીને પડયા છો? સોદાગરે કહ્યું:-"અરે ભાગ્યવંત! અમારૂ નગરમાં ઘર નથી માટે બહાર ઉતારો કર્યો છે." તેવારે સહસ્સમલ્લે કહ્યું:-"મ્હારે ઘરે ચાલો." સોદાગરે કહ્યું. "પારકે ઘેર રહેતાં મને ઘણી શંકા થાય છે." સહસ્સમલ્લે કહ્યું. "મિત્ર પોતાના મિત્રને ઘરે રહે એમાં શંકા હોયજ નહીં, અને જો શંકા થાય તો તે મિત્રપણું કૃત્રિમ જાણવું. જેનું મન જેની સાથે મળેલું છે તેના ઘરમાં અથવા ધનમાં કાંઇ પણ શંકા કરવી નહીં." સહસ્સમલ્લનાં આવાં વચન સાંભળી

છે." વેશ્યાએ કહ્યું. મ્હારાં પણ ઘરેણાં લઈ ગયો છે." હાય! હાય! નિશ્ચે તે ધુતારાએ આપણને છેતર્યા છે." ત્યારે સોદાગરે કહ્યું. "જો તે સાચું હોય તો હું પણ છેતરાયો છું. કારણ મ્હારો સારો ઘોડો તે લઇ ગયો છે." પછી બન્ને જણાએ રાજાની પાસે ફરીયાદ કરી, તે વખતે રાજાએ નગરના રક્ષક તલારને બોલાવીને કહ્યું. "અરે તલાર! તું પાંચ દિવસમાં ચોરને પકડી મ્હારી પાસે લાવ." ત્યારે તલારે તે કબુલ કર્યું.

આ સર્વ વાત સહસ્રમલ્લની માએ નગરવાસી સ્ત્રીઓને મોઢાથી સાંભળી પોતાના પુત્રને કહ્યું કે:-"હે પુત્ર! આજે રાજાએ કોટવાળને પાંચ દિવસમાં ચોર પકડવાનું કહ્યું છે, માટે તું ત્હારૂં પોતાનું સાવચેતથી રક્ષણ કરજે. ત્યારે સહસ્રમલ્લે કહ્યું. "મા! તમારે જરા પણ ભય રાખવો નહીં. જો તે તલારના ઘરનું સર્વ ધન લઈ આવું તોજ હું તમારો પુત્ર ખરો." એમ કહી તે બાવાનો વેશ લઈ નગરમાં ગયો, અને એક દેવમંદિરમાં જુગટું રમવા લાગ્યો. એક દિવસ તલારે તેને જુગટું રમતાં દીઠો તેથી તે તલાર પણ તેની સાથે જુગટું રમવા લાગ્યો. તે વખતે તેણે હોડમાં પોતાના નામવાળી વીંટી સહસ્રમલ્લને આપી. એવામાં રાજાનો દરવાન ત્યાં આવી તેને કહેવા લાગ્યો:-"અરે તલાર! મહારાજ તને બોલાવે છે, માટે જલ્દી ચાલો." પછી તલાર રાજાની પાસે ગયો એટલે સહસ્રમલ્લે તલારને ઘેર જઈ તેની સ્ત્રીને કહ્યું: "હે ભદ્રા! ત્હારા ધણીએ સારા સારાં ઘરેણાં [illegible] જે જરૂર હોય તે મને આપ." ત્યારે સ્ત્રીએ કહ્યું. "તને કોણે મોકલ્યો છે?" તેણે કહ્યું. "કોટવાળે મને મોકલ્યો છે." પછી સ્ત્રીએ ફરી પુછયું. "તે ક્યાં ગયા છે?" ત્યારે સહસ્રમલ્લે કહ્યું. "તેને મહત્વના કારણથી આવીને રાજાના સીપાઇઓ રાજા પાસે લઈ ગયા છે, ત્યાં જતાં તેણે જતાં જતાં મને કહ્યું. "અરે પુરૂષ! તું મ્હારા ઘરમાંથી સારી સારી વસ્તુ લઈ ત્હારા ઘરમાં રાખજે." એમ કહી તેણે પોતાના નામની વીંટી મને નિશાની માટે આપી છે; માટે તું ત્હારા ઘરની સારી સારી વસ્તુઓ મને આ

પણ જાગે છે." પછી દ્વારપાળે તે ખબર રાજાને આપી એટલે રાજાએ કહ્યું. "તેને ઝટ અંદર લાવ." પછી દ્વારપાળ તેને રાજમંદિરમાં લઈ ગયો, એટલે રાજાના પૂછવા ઉપરથી બ્રાહ્મણે કહ્યું: "મહારાજ! અંગમર્દન કરવામાં મ્હારૂં કળાકૌશલ્ય જુઓ." ત્યારે રાજાએ પોતાનું શરીર મર્દન કરાવવા માટે સર્વ ઘરેણાં ઉતારી બાજુ ઉપર મૂક્યાં, બ્રાહ્મણે (વેશધારી સહસ્રમલ્લે) રાજાનું શરીર એવી રીતે મર્દન કરવા માંડયું કે રાજાને તુરત નિદ્રા આવી ગઈ. પછી રાજાને ઉંઘી ગએલો જાણી સહસ્રમલ્લ સર્વ ઘરેણાં લઈ બહાર નિકળી ગયો. ત્યારે "રાજાનો અંગમર્દક જાય છે" એમ ધારી કોઇએ તેને અટકાવ્યો પણ નહીં. સહસ્રમલ્લે ઘરે આવી સર્વ ઘરેણાં પોતાની માને આપ્યાં.

સવારે રાજાએ જાગીને જોયું તો ન દીઠો અંગમર્દકને અને ન દીઠાં ઘરેણાંને, તેથી તે રાજા વિલક્ષ થઈ ગયો. પછી સવારે સંબંધી ધર્મકૃત્ય કરી સભામંડપમાં આવ્યો. મંત્રી, સામંત વિગેરે સૌ આવ્યા, એટલે મંત્રીએ રાજાને પૂછ્યું:-"મહારાજ! આજે શા કારણથી આપનો ચેરો ઉતરી ગયેલો દેખાય છે?" ત્યારે રાજાએ રાતની સર્વ વાત કહી. પછી મંત્રીએ કહ્યું. "મહારાજ! આ ચોર કોઇ ગૂઢ બુદ્ધિવાળો દેખાય છે, તે કોઇ પણ ઠેકાણે દેખાતો નથી; માટે કાંઇ ઉપાય કરો." ત્યારે રાજાએ કહ્યું. "શું ઉપાય કરૂં?" મંત્રીએ કહ્યું. "મહારાજ! કોઇ મંત્રના જાણ પુરૂષને બોલાવીએ; તે પુરૂષ મંત્રના બળથી, જ્ઞાન બળથી અથવા દેવબળથી જાણીને કહેશે." ત્યારે રાજાએ કહ્યું. "તેમ કરો." પછી મંત્રીએ જિનચંદ્ર નામના એક શ્વેતાંબર સાધુને બોલાવ્યા, એટલે મહામુનિ જિનરક્ષિત નામના શ્રાવક સહિત રાજાની પાસે આવ્યા. મુનિએ ધર્મલાભ દીધો, એટલે રાજાએ વંદના કરી આસન આપ્યું, મુનિ તેના ઉપર બેઠા. પછી મંત્રીએ કહ્યું:-ભગવન! કોઈ ચોર નિરંતર નગરીને લૂંટી જાય છે; માટે તમે પોતાના જ્ઞાનબળથી પ્રગટ કરો." ત્યારે મુનિએ કહ્યું:-એ અમારો આચાર નથી." ત્યારે મંત્રીએ ફરી કહ્યું. "હે મુનિરાજ! રાજાના વચનથી આપ અનાચાર પણ કરવો

લોકએ." આ વખતે જિનરક્ષિત શ્રાવકે કહ્યું. "મ્હારી પાસે એક મંત્ર છે, તે મંત્રના બળથી હું તે ચોરને જાણી આપને કહીશ." ત્યારે મંત્રીએ કહ્યું:-"અમારે ચોરને શોધી કાઢવાનું પ્રયોજન છે, માટે ભલે તમે કરો." પછી તેઓ રજા લઇ પોતપોતાને સ્થાનકે ગયા.

આ વાત લોકના મ્હોંડેથી સાંભળી સહસ્સમલ્લની માએ પુત્રને કહી. તેથી સહસ્સમલ્લ વિચાર કરવા લાગ્યો:-"નિશ્ચે એ શ્રાવક મને ઓળખી કાઢશે." એમ ધારી તે શ્રાવકનો વેષ લઇ ઉત્તરાસંગ કરી પુષ્પનો કરંડીઓ ભરી જિનમંદિરે ગયો, ત્યાં તેને ચૈત્યવંદન કરતા જિનરક્ષિત શ્રાવકે દીઠો. પછી ધર્મની પ્રીતિને લીધે જિનરક્ષિત શ્રાવકે કપટશ્રાવકને પૂછ્યું:-"તમે ક્યાંથી આવો છો અને ક્યાં જવાની ઇચ્છા છે? વળી તમે કોણ છો?" તેવારે કપટશ્રાવકે કહ્યું:-"હું જિનદાસ નામનો શ્રાવક છું, ચંપા નગરીમાં રહું છું અને ચારિત્ર લેવામાં મને બહુ ઉત્સાહ છે. હમણાં તીર્થયાત્રા કરવા નિકળ્યો છું. શત્રુંજય, ગીરનાર, સમેતશિખર, મથુરા, અયોધ્યા, કાકંદી વિગેરે બહુ ઠેકાણે યાત્રા કરતો કરતો અહિં આવ્યો છું." આવાં તે કપટશ્રાવકનાં વચન સાંભળી જિનરક્ષિતે તેને નમસ્કાર કરી બહુ વખાણ્યો અને કહ્યું [illegible] તમને ધન્ય છે, હે [illegible] તમારૂં ઉચિત વખા- [illegible] જિનધર્મને વિષે આ પ્રકારની બુદ્ધિ [illegible] ધર્મને વિષે પણ તમે ચૈત્ય [illegible] કપટશ્રાવક તેની સાથે સાથે તેના ઘરે [illegible] ભોજન કરી પાછો વળ્યો; તે વખતે જિનરક્ષિ[illegible] આજે મ્હારા ઘરને વિષે ભોજન [illegible] મને વિષે [illegible] ભોજન [illegible] કહ્યું. "અહો શ્રાવક! જિન [illegible]" તેવારે કપટ [illegible] જિનરક્ષિતે તેને [illegible] કહ્યું [illegible] અરેરે

કપટશ્રાવકે કહ્યું:-"ના એમ ન હોય." ત્યારે જિનરક્ષિતે કહ્યું:- "આપ એમ કેમ કહોછો? હમેશાં મ્હારા ઘરને વિષેજ આપે ભોજન કરવું. આ ઘર તમારૂંજ છે. કહ્યું છે કેઃ—

अन्नुन्नदेसजाया अन्नुन्नाहारवड्ढियसरीरा ॥
जिणसासणेपवन्ना सव्वे ते बंधवा भणिया ॥

ભાવાર્થઃ—જે એક દેશમાં ઉત્પન્ન થએલા, પરસ્પર ભોજન કરાવવાથી વૃદ્ધિ પામેલા અને જિનશાસનમાં રહેલા હોય તે સર્વેને બંધુઓ કહ્યા છે.

પછી કપટશ્રાવકે જિનરક્ષિતશ્રાવકનું કહેવું કબૂલ કર્યું. ભોજન કરી રહ્યા પછી વાતો કરતાં કરતાં રાત પડી એટલે જિનરક્ષિતે કહ્યું:-"આજે આપણા ઘરે સૂઇ રહો. કપટશ્રાવકે તે કબૂલ કર્યું. પછી ઘરની અંદર પલંગ પથરાવી જિનરક્ષિતે કપટ શ્રાવકને કહ્યું:-હું અત્યારે મંત્રજાપ કરવા બેસુંછું; કારણ રાજાએ મને ચોર શોધી કાઢવાનું કહ્યું છે, માટે તમે આ ઘરમાં સુખે સૂઇ જાઓ." એમ કહી શેઠ એકાંતે જઇ મંત્રજાપ કરવા લાગ્યો. પછી અવસર મળ્યો એટલે કપટશ્રાવક (સહસ્રમલ્લ) ઘરમાંથી સાર સાર વસ્તુ લઇ નાસી ગયો. સવારે પોતાના ઘરમાં ખાતર પડેલું જોઇ જિનરક્ષિતે રાજાને કહ્યું, એટલે રાજાએ મંત્રીને કહ્યું કેઃ-"ચોરને શોધી કાઢવા માટે આપણે જેનો વિશ્વાસ કરતા હતા તે આ જિનરક્ષિત શ્રાવક પણ દુઃખી થયો; માટે તેને રજા આપો." ત્યારે મંત્રીએ તેને રજા આપી. પછી રાજાએ વિમલકીર્તિ નામના દિગંબર સાધુને બોલાવ્યા. વિમલકીર્તિ મુનિએ રાજા પાસે આવી ધર્મલાભ દીધો, એટલે રાજાએ વંદના કરી આસન આપ્યું. મુનિ તે ઉપર બેઠા, પછી મંત્રીએ કહ્યું. "હે સાધુ! તમે પોતાની જ્ઞાન વિદ્યાના બળથી ચુપ ચોરને પ્રગટ કરો." ત્યારે દિગંબર મુનિએ કહ્યું:-"રાત્રીએ એકને કહીશ." પછી રાજાએ સન્માન આપી તેમને રજા આપી.

આ વાત સહસ્રમલ્લે પોતાની માતા મ્હોંઢેથી સાંભળી. પછી તે સહસ્રમલ્લ વાણિયાનો વેશ લઇ વિમલકીર્તિ મુનિ પાસે ગયો અને વંદના કરી આગળ બેઠો. મુનિએ તેને ધર્મલાભ

પછી રાજાએ સન્માન આપી તેમને રજા આપી, એટલે શિવધર્મા પોતાને સ્થાનકે ગયો.

પછી નગરની સ્ત્રીઓના મુખથી સહસ્રમલ્લની માએ આ સઘળી સાંભળી તે વાત સહસ્રમલ્લને કહી, એટલે સહસ્રમલ્લ નવીન વેષ ધારણ કરી શિવધર્મ આચાર્યની પાસે ગયો; ત્યાં તેણે "ૐ નમઃ શિવાય" એમ કહી હાથ જોડીને કહ્યું-"ભગવન્! આજે હું શિવધર્મને યોગ્ય થાઉં છું, માટે મને દીક્ષા આપો." તેવારે ગુરૂએ પોતાના શિષ્યોની અનુમતી પુછી, એટલે શિષ્યોએ કહ્યું. "ભગવન્! એને દીક્ષા આપો. કારણ ધર્મની ગતિ વેગવાળી છે." પછી ગુરૂ દીક્ષા આપી રાત્રીએ એકાંતમાં મંત્ર જાપ કરવા લાગ્યા, અને સઘળા શિષ્યો ઉંઘી ગયા એટલે સારસાર વસ્તુ લઇ તે સહસ્રમલ્લ નાસી ગયો. સવારે પોતાના સ્થાનમાં ખાતર પડેલું જાણી શિવધર્માએ રાજાની પાસે જઈ કહ્યું કે:- "હે રાજન્! હું પણ ચોરથી ઠગાયો છું." એમ કહી સર્વ વાત કહી. તેથી રાજાએ તેને પણ રજા આપી.

પછી મંત્રીએ મતિશ્રી નામના બૌદ્ધ આચાર્યને બોલાવ્યો, તે આવ્યો એટલે રાજાએ નમસ્કાર કરી આસન આપી બેસાર્યો, પછી મંત્રીએ કહ્યું. "ભગવન્! જ્ઞાનબળથી ચોરને શોધી કાઢો." ત્યારે મતિશ્રીએ કહ્યું. "હું ચોરને થોડા વખતમાં શોધી આપીશ." પછી રાજાએ સન્માન કરવાથી તે પોતાને સ્થાનકે ગયો.

આ વાતની સહસ્રમલ્લને ખબર પડી તેથી તે બૌદ્ધ શ્રાવકનો વેષ લઇ મતિશ્રી પાસે ગયો અને વંદના કરી તેમની આગળ બેઠો. પછી આચાર્યે પુછ્યું "હે શ્રાવક! તમે ક્યાંથી આવો છો?" તેવારે સહસ્રમલ્લે કહ્યું. "ભગવન્! હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી આવું છું. મહારાજ! મ્હારી એક વિનતી સાંભળો. મ્હારે આજે સાધુઓને ભોજન આપવું છે માટે કૃપા કરો." પછી આચાર્યે તે કબુલ કર્યું એટલે તેણે બજારમાંથી લાડવા, ખાજાં, જલેબી, ઘેબર વિગેરે લાવી સર્વે સાધુઓને જમાડયા. આથી સાધુઓ તે કપટી શ્રાવક ઉપર પ્રસન્ન થયા. પછી રાત્રીએ આચાર્ય જાપ કરવા ગયા એટલે શિષ્યોએ આ શ્રાવકને સ્વર્ગ-

કરી આપો." તેવારે તેણે કહ્યું:-"હું મ્હારા જ્ઞાનબળથી પ્રભાતે નિશ્ચય કરીને કહીશ." પછી રાજાએ રજા આપી એટલે તે પોતાને સ્થાનકે ગયો.

સહસ્સમલ્લે આ સમાચાર સાંભળ્યા એટલે તે એક ઉત્તમ રૂપવાળી વેશ્યા પાસે ગયો અને કપુરવાળું પાનબીડું આપી કહેવા લાગ્યો:-"હે વેશ્યા ! જો તું મ્હારૂં કામ કરે તો હું તને દશ સોના મ્હોરો આપીશ." ત્યારે વેશ્યાએ કહ્યું:-"અવશ્ય કરીશ." પછી સહસ્સમલ્લે કહ્યું. "જો એમ છે તો હું તને જે કહું તેનો ઉત્તર ન આપતાં ત્હારે સાંભળ્યા કરવું." વેશ્યાએ તે કબૂલ કર્યું. પછી વેશ્યાને સાથે લઇ સહસ્સમલ્લ સુરપ્રિય પાખંડિની પાસે ગયો, ત્યાં તેને નમસ્કાર કરીને કહ્યું. "ભગવન્! આ મ્હારી બ્હેન છે, તે આપના હાથથી દીક્ષા લેવાની ઈચ્છા કરે છે." તેવારે સુરપ્રિય પાખંડિએ કહ્યું:-" તે યોગ્ય છે, પરંતુ અમારો દિક્ષાનો આચાર એવો છે કે પહેલી દીક્ષામાં પશુને હણવું પડે છે, મદ્યપાન કરવું પડે છે, અમારી સાથે એક પાત્રમાં ભોજન કરવું પડે છે, અમારા ઉપર પોતાના પતિના જેવી બુદ્ધિ રાખવી પડે છે." ત્યારે સહસ્સમલ્લે કહ્યું. "આ મ્હારી બ્હેન તે સઘળું કરશે." પછી સહસ્સમલ્લે સર્વ વિધિ કરી. રાત્રીએ સુરપ્રિય પાખંડિએ કહ્યું. "આ ત્હારી બ્હેનની સાથે કાંઇ કારણને લીધે અમારે એકાંતમાં સૂવું પડશે, માટે આ ત્હારી બ્હેન મ્હારા શિષ્યો સાથે મદ્યપાન કરે." ત્યારે ધુર્ત સહસ્સમલ્લે કહ્યું. "જેમ ગુરૂ કહે તેમ." પછી સર્વ શિષ્યોએ તે વેશ્યાસહિત મદ્યપાન કર્યું. બહુ મદ્યપાન કરવાથી સર્વ વિકલ બની ગયા, ભાન ભુલી જવાને લીધે લુગડાં પૃથ્વી ઉપર પડી ગયાં. સહસ્સમલ્લ આવી વ્યવસ્થા જોઈ આશ્રમમાં જે કાંઇ હતું તે લઇ અને જે કાંઇ ખોટું કામ કરવાનું હતું તે કરી નાશી ગયો. સવારે મદ્યનો નીશો ઉતર્યો એટલે રાત્રીએ પરસ્પર જે કાંઇ ખોટું કામ કર્યું હતું તે લોક લજ્જા પામતા છતા આશ્રમમાં પડેલી વેશ્યાને પુછવા લાગ્યા. "એ ત્હારો ભાઇ હતો ?" ત્યારે વેશ્યાએ કહ્યું ":મ્હારે ભાઈ નથી. હાય હાય મને કોઇ ધૂતારો ઠગીને નાશી

કહ્યું. "હે ભગવન્! તેવું એકે કુકર્મ બાકી નથી કે જે મેં નહીં કર્યું હોય. હમણાં તમારા ઉપદેશથી હું સંસારથી ઉદ્વેગ પામ્યો છું, માટે જો હું જિનદીક્ષાને યોગ્ય હોઉં તો મને દીક્ષા આપો.' ત્યારે કેવળીએ કહ્યું. "હે સુંદર! તું પ્રતિબંધ ન કર, યોગ શુદ્ધિ કરી પોતાના આત્માને પવિત્ર કર." પછી સાહસમલ્લે કહ્યું. "હે ભગવન્! મ્હારા ઉપર રાજા ક્રોધ પામેલો છે, માટે બીજે કોઈ સ્થાનકે જઈ મને દીક્ષા આપો." કેવળીએ કહ્યું. "હે ભદ્ર! તું ભય ન પામ. પ્રભાતે ત્હારે અહિં મ્હારી પાસે આવવું. રાજા પણ અહિં આવશે, તે વખતે ત્હારૂં સર્વ સારૂં થશે."

પછી પ્રભાત થયો એટલે નગરવાસી લોકોસહિત રાજા ફરી કેવળીને વંદના કરવા માટે ત્યાં આવ્યો, સાહસમલ્લ પણ ત્યાં આવી કેવળીની પાસે બેઠો. પછી કેવળીએ દેશનાનો આરંભ કર્યો, અને રાજાદિક સર્વ લોકોના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના સંદેહ ભાંગ્યા. પછી રાજાએ કેવળીને પૂછ્યું:-"હે ભગવન્! તે ચોર ક્યાં છે?" ત્યારે કેવળીએ કહ્યું. "હે રાજન્! હમણાં ત્હારે પાસે પડખે બેઠો છે, પરંતુ હે મહારાજ! હવે ત્હારે એના ઉપર ક્રોધ કરવો નહીં; કારણ કુકર્મ કરવાથી એનું મન પાછું ફર્યું છે. એનું મન કુકર્મરૂપ વનને કાપી નાખનારા ચારિત્રના ચરણ છે, તો સાધુમાર્ગે જવા તૈયાર થએલા એ પુરૂષને તું સહાય કર. રાજાએ કહ્યું. "હે ભગવન્! આપ મને જે આજ્ઞા કરશો તે હું સિદ્ધ કરીશ." પછી રાજાસહિત સાહસમલ્લ પોતાને ઘેર ગયો, ત્યાંથી મ્હોટા ઉત્સવસહિત પોતાની મા અને રાજાને સાથે લઈ ફરી કેવળી પાસે આવી તેણે દીક્ષા લીધી. પછી તેણે કેવળીની પાસે ઘોર અભિગ્રહ લીધો કે: "હે ભગવન્! આજથી યાવજ્જીવપર્યંત મ્હારે માસે માસે પારણું કરવું. તે આપની આજ્ઞાથી થજો." તે વખતે રાજાદિ લોકોએ તેના બહુ વખાણ કર્યાં. સાહસમલ્લ પણ બે પ્રકારની શિક્ષા લઈ, અનુક્રમે જિતેન્દ્રિય થયો. એક માસે, બે માસે, ત્રણ માસે, એમ અનુક્રમે તેણે છ માસે પારણું કર્યું. આવી રીતે

પડિમા વહન કરી. એક દિવસ કોઈ દેવતા અર્ધી રાત્રીએ હાથમાં તરવાર લઈ ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે, "અરે ચુલનીપિતા ! જો તું શ્રાવકધર્મને નહિં ત્યજી દે અને પૌષધવ્રતને નહિં ભાગે તો હું ત્હારા મ્હોટા પુત્રને ઘરમાંથી અહિં લાવી મારી નાખીશ, અને તેના માંસના ત્રણ શૂળ કરી ઉના તેલની ભરેલી કડાઈમાં પકવીશ; તેમજ તેનું માંસ અને લોહી ત્હારા શરીર ઉપર છાંટીશ. પછી આર્તધ્યાનથી અકાળે મૃત્યુ પામેલો તું દુઃખી થઈશ." દેવતાનાં આવાં વચન સાંભળ્યા છતાં પણ ચુલનીપિતા નિર્ભયપણે બેઠો હતો; તેવામાં દેવતાએ તેને એજ પ્રમાણે બે ત્રણ વાર ફરી ફરીને કહ્યું. છેવટ દેવતા તેનું ધર્મને વિષે દૃઢ ચિત્ત જાણીને ક્રોધથી ભયંકર રૂપ લઈ તેના પુત્રને ઘરમાંથી ત્યાં લઈ આવ્યો, અને તેને મારી નાંખી તેના માંસના ત્રણ શૂલો બનાવી ધગધગતા તેલમાં પકવ્યા; તેમજ માંસ અને લોહીનો ચુલનીપિતાના શરીરે લેપ કર્યો. આ પ્રમાણે ઘોર ઉપસર્ગ કર્યો તોપણ ધૈર્યવંત એવો તે ધર્મધ્યાનથી જરા પણ ચળ્યો નહીં. દેવતાએ ફરી ફરી તેના બીજા, ત્રીજા અને ચોથા એમ ચારે પુત્રોને મારી તેમના માંસ અને લોહીથી ચુલનીપિતાના શરીર ઉપર અભિષેક કર્યો. આવો ઘોર ઉપસર્ગ કર્યા છતાં તે ધર્મધ્યાનથી ચળ્યો નહીં, પણ વધારે વધારે ધર્મધ્યાન કરવા લાગ્યો.

દેવતાએ ફરી કહ્યું:-"અરે પાપી ! જો તું પૌષધવ્રતને નહિં ત્યજી દે, તો હું દેવગુરૂ સમાન ત્હારી માતા ભદ્રાને અહિં ત્હારી આગળ મારી નાખીશ, અને તેના લોહી માંસથી ત્હારા શરીરને સિંચન કરીશ; તેથી તું આર્તધ્યાનમાં પડી દુર્ગતિ પામીશ." દેવતાએ આવી રીતે કહ્યું તોપણ તે ધર્મધ્યાનથી ચળ્યો નહીં. બીજીવાર ત્રીજીવાર કહ્યું. એટલે ચુલનીપિતા મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ પુરૂષ અનાર્ય છે તેથી તે અયોગ્ય કામ કરશે. જે પાપીએ મ્હારા મ્હોટા પુત્રને મારી તેના માંસ અને લોહીથી મ્હારા શરીરને લેપ કર્યો, એવી રીતે તેણે મ્હારા બીજા, ત્રીજા અને ચોથા પુત્રને પણ મારી નાખ્યા છે.

ઉલ્લાસ ચોથો.

सूरादेव चरित्र.

હવે સુધર્માસ્વામી જંબૂસ્વામીને સૂરદેવ નામના ચોથા શ્રાવકનું ચરિત્ર કહે છે.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે વાણારસી નામની નગરી છે, ત્યાં મનોહર સુરપ્રિય નામના યક્ષનું ચૈત્ય છે; તે નગરીમાં જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો; ત્યાં સૂરાદેવ નામનો શેઠ રહેતો હતો. તેને ધન્ના નામની સ્ત્રી હતી, સૂરાદેવ શેઠ બહુ ધનવંત હતો, તેને વેપારમાં છ ક્રોડ સોના મ્હોરો હતી, પૃથ્વીમાં નિધાનરૂપે પણ છ ક્રોડ સોના મ્હોરો હતી. તેના ઘરે ગાયોનાં છ ગોકુળ હતાં. એવી રીતે સૂરાદેવ શેઠ મ્હોટી સમૃદ્ધિવાળો તેમજ રાજાને બહુ માનીતો હતો.

એક દિવસ શ્રી વર્દ્ધમાનસ્વામી કુષ્ટક ચૈત્યને વિષે સમવસર્યા, તેવારે દેવતાઓએ સમવસરણ રચ્યું, ત્યાં બાર પર્ષદાઓ એકઠી થઇ, પ્રભુને સમવસરેલા જાણી સૂરાદેવ વંદના કરવા ગયો, ત્યાં તે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી યોગ્ય આસને બેઠો. પછી શ્રી વર્દ્ધમાનસ્વામીએ ધર્મદેશના આપી કે: "હે ભવ્યજનો! તમે સર્વ પ્રકારના આદરથી ધર્મ કરો કારણ કે ધર્મથી જીવ સંસારમાં સુખી થાય છે, સુખની ઇચ્છાવાળા માણસે ધર્મ કરવામાં આળસ્ય કરવી નહીં, સંસારસમુદ્રમાં પડેલા જીવો ધર્મથી ઉદ્ધાર પામી ધીષ્ટકની પેઠે સુખી થાય છે." તેવારે સૂરાદેવે પૂછ્યું:-"હે ભગવન! તે ધિષ્ટક કોણ હતો? અને તે સંસારસમુદ્ર તરી સુખસ્થાનને શી રીતે પામ્યો?" ત્યારે શ્રી મહાવીર પ્રભુએ કહ્યું:-"હે સૂરાદેવ! મહા આશ્ચર્યકારી એવા તે ધીષ્ટકના ચરિત્રને સાવધાન મનથી સાંભળ:—

પણ યુદ્ધ બંધ થયું નહીં, છેવટ સૂરે વીસ ગાઉને છેટે એક ગામમાં સુંદરીને તેની માસહિત રાખી પોતે ચતુરાને ઘરે રહેવા લાગ્યો.

એક દિવસ સૂરે ચતુરાને કહ્યું:-"હું સુંદરીને ઘેર જાઉં છું." ત્યારે ચતુરાએ કહ્યું: "સ્વામી! હા તે સુંદરી તમારી સ્ત્રી છે માટે ત્યાં જઈ દાન, માન અને ભોગવડે કરીને તેને સંતોષ પમાડો." એમ કહી ચતુરા મનમાં વિચાર કરવા લાગી "જો તે ત્યાં જશે તો નિશ્ચે ત્યાંજ રહેશે, અને પછી તે મ્હારા હાથથી ગયોજ સમજવો." આવી રીતે વિચાર કરી ચતુરાએ કાંઇ ચૂર્ણ મેળવી લાડવા બનાવી પોતાના પતિને ભાતું આપી વિદાય કર્યો. નર પણ હર્ષથી મુરનાના ઘર તરફ ચાલ્યો, રસ્તે એક નદી આવી ત્યાં તેનું મન ... ભાતું ખાવું; પછી તેને [illegible] ચતુરાને ઘેર આ[illegible] માનતાં કહેવા [illegible] એમ કહી તેને માગી [illegible] વાના ચતુ[illegible] ગયા. પછી [illegible] મુરનાિ [illegible] ભાતું [illegible] ચતુરાએ [illegible] માટે કરી [illegible] ન રહ્યો [illegible] નહીં આવી [illegible] વહેલાના [illegible] કહ્યું: [illegible] આવાનું [illegible] આવી દીધું. [illegible] પછી તે [illegible] તેની પાછળ ઘેર આવ્યો અને [illegible] કહ્યો." એમ પાછી તેવા માટે કેટલીક [illegible] ચતુરાએ [illegible] આવ્યો અને "હવે મુરનાને [illegible]" એમ કહી કહીને

માં ગયો. ત્યાં તે સુંદરીની સાથે નિરંતર વિષયસુખ ભોગવતો હતો; પરંતુ મનમાં ચતુરા તરફની બહુ શંકા રાખતો હતો. સુંદરી પણ સ્નેહના વચન, ગીત, હાસ્ય વિગેરેથી પતિને સંતોષ પમાડતી હતી પણ સૂરને મરણની ચિંતાથી તે કાંઈ સારૂં લાગતું નહોતું.

એક દિવસ વૃદ્ધ સાસુએ તેને એકાંતમાં પૂછ્યું કે "તમારે શી ચિંતા છે?" ત્યારે સૂરે કહ્યું:-"હે માત! અસમર્થની આગળ દુઃખની વાત કેમ કહેવાય?" સાસુએ કહ્યું: "હે જમાઈ! મ્હારામાં સામર્થ્ય છે, રોગ જાણ્યા પછી તેનું ઔષધ કરાય છે." તેવારે સૂરે કહ્યું. "છ માસ પછી સાપથી મારૂં મૃત્યુ છે." એટલું કહી તેણે સઘળી વાત કહી. પછી સાસુએ કહ્યું: "હે પુત્ર! ભય ન પામો. હું તમને અને મ્હારી પુત્રીને સુખ થશે તેમ કરીશ; માટે નિરંતર ભોગ ભોગવો અને શંકા ન રાખો." પછી સૂર તે સાસુના વચનથી કાંઈ શાંત થયો અને સુખે ભોગવવા લાગ્યો; પરંતુ મનમાં મરણના ભયથી શંકા પામતા એવા તેના દિવસો જતા હતા.

હવે માતા અને પુત્રી એમ બન્ને જણીઓએ ઘરના આરણાની ભીંત ઉપર જૂદા જૂદા બે મોર ચિતર્યા, જો કે તે મોર ચિતરેલા હતા તોપણ પ્રત્યક્ષ ઉડતા જેવા દેખાતા હતા. તે મોરની માતા અને પુત્રી બન્ને જણાં પવિત્ર થઇ હમેશાં પૂજા કરતાં. એમ કરતાં કરતાં છ માસ ગયા.

એક દિવસ સૂરે પોતાની સ્ત્રી સુંદરીને કહ્યું: "હે પ્રિયા! આજે મ્હારૂં મરણ થશે." ત્યારે સુંદરીએ કહ્યું. "સ્વામીનાથ! ભય ન પામો, અમારી શક્તિનું સામર્થ્ય જુઓ." સૂરે પ્રિયાનાં આવાં વચનથી ધીરજ રાખી. પછી ગાયના છાણથી સર્વ ઘર લીંપી વિશેષ શોભાયુક્ત કરી ઘરના મધ્યભાગમાં એક આસન નાંખ્યું, તેના ઉપર સૂરને બેસાર્યો; અને માતા પુત્રી પવિત્ર થઈ, પવિત્ર વસ્ત્ર પહેરી હાથમાં ચોખા લઇ આમ તેમ જોતી છતી ઉભી રહી; એવામાં એક કાળો સાપ ઘરમાં આવતો તેમણે દીઠો. પછી માતા પુત્રી બન્ને જણીઓએ મંત્રેલા

પછી એક વારો ફરી ચતુરા ધોળી બિલાડીનું રૂપ લઇ સુંદરીને ઘેર આવી, ત્યારે સુંદરી અને તેની માતા બન્ને જણીઓએ કાળા બિલાડીઓનું રૂપ લીધું. પરસ્પર યુદ્ધ કરતાં ધોળી બિલાડી કાળી બિલાડીઓને જીર્ણ કરી નાશી ગઇ. તેથી સુરે સુંદરીને પૂછ્યું. "તે એકલી છતાં મારથી તમને બન્નેને કેમ મરણ પામવા સરખી કરે છે?" ત્યારે સુંદરીએ કહ્યું. "સ્વામી! અમારી મંત્રશક્તિ થોડી છે; માટે તે અમને મારથી મરણ પામવા જેવી કરી નાખે છે. હે સ્વામી! તમારા સ્વાધિનમાં એક કામ છે, જો તે તમે કરો તો હું તમારો મ્હારા ઉપર સ્નેહ છે તે ખરૂ માનું." ત્યારે સૂરે કહ્યું. "ભદ્રા! કહે તે ત્હારૂં કામ હું કરીશ." પછી સુંદરીએ કહ્યું. "જ્યારે ધોળી બિલાડી અહિં આવી અમારી સાથે યુદ્ધ કરે ત્યારે તમારે એમ બોલવું કે "હે કાળી બિલાડી! તું આ ધોળા બિલાડીને માર." આવી રીતે કહેવાથી અમને શક્તિ ઉત્પન્ન થશે; તેથી અમે તેને મારી નાખશું." બીજા દિવસે ધોળી બિલાડી આવી, તેની સાથે બન્ને કાળી બિલાડીઓ યુદ્ધ કરવા લાગી. ત્યારે સૂરે કહ્યું:-"હે કાળી બિલાડી! આ ધોળી બિલાડીને પકડ અને તેને ખાઇ જા." એમ બોલતું થયું એટલે ધોળી બિલાડી ભૂમી ઉપર પડી અને કાળી બન્ને બિલાડીઓએ તેને ગળામાં પકડી. ધોળી બિલાડીને મરણ પામતી જોઇ સૂર મનમાં વિચાર કરવા લાગ્યો "મ્હારા પવિત્ર વચનમાત્રથી આ ધોળી બિલાડી મરી જશે, માટે જો મ્હારા વચનથી આ બન્ને કાળી બિલાડીઓ મરી જાય તો બહુ સારૂં થાય. ચાલ એવું બોલીને આશ્ચર્ય તો જોઉં." આવી રીતે વિચાર કરી તેણે પ્રગટ કહ્યું. "હે ધોળી બિલાડી! આ બન્ને કાળી બિલાડીઓને મારી નાંખ." તેનાં આવાં વચનથી ધોળી બિલાડીએ બન્ને કાળી બિલાડીઓને મારી નાંખી. પછી સૂર બહુ હર્ષ પામ્યો અને "બોલવ વિના મ્હારે કાંઇ નથી" એમ વિચારી તે મરી ગએલી સ્ત્રીઓની ઉત્તર ક્રિયા કર્યા વિના ત્યાંથી ચાલી નિકળ્યો અને જ્યાં પોતાનો મહોટો ભાઈ રહેતો હતો તે ગામમાં આવ્યો. આ વખતે તેનો

છે. ” પછી સૂરે ફરી પૂછ્યું. “ ઘાસ ભારાનું તે શું કરે છે?” ત્યારે તે પુરૂષોએ કહ્યું:-અરે ભાઇ! તે ડોશી અમને અન્ન, વસ્ત્ર અને ઘરેણાં આપે છે, અને પોતે એક જૂના ખાટલામાં સુઇ રહે છે. અરે! ત્હારે અમને પૂછવાનું શું પ્રયોજન છે? તે પોતે પ્રત્યક્ષ કલ્પલતા છે.” પછી સૂરે મનમાં વિચાર કર્યો કે “ચાલ હું પોતે ત્યાં જઇ તેનું સ્વરૂપ જોઉં.” આમ ધારી તે ઘાસના ભારા ઉપાડનારાની સાથે ત્યાં ગયો. ત્યારે છ પુરૂષોએ તેને પૂછ્યુ:-“ત્હારૂં નામ શું છે? ત્યારે સૂરે કહ્યું. “મ્હારૂં નામ ત્રિષ્ટક છે.” પછી તેઓએ કહ્યું. “ ખરેખરે આજે આપણને સાતમો ભાઈ મળ્યો. ” આ પ્રમાણે વાતો કરતા કરતા તેઓ વૃદ્ધ ડોશીને ઘેર ગયા, ત્યાં તેઓ ઘાસના ભારા ઠેકાણે મૂકી તથા પાણીનું કુંડું ભરી ત્રિષ્ટકસહિત વૃદ્ધ ડોશીની પાસે જઈ બેઠા. ત્યારે વૃદ્ધ ડોશીએ તેમને પૂછ્યુ:-“હે પુત્રો! આ સાતમો કોણ છે?” ત્યારે તેઓએ કહ્યું. “હે માત! તે અમને વનમાં મળ્યો અને માતાનું દર્શન કરવા માટે અહિં આવ્યો છે.” પછી ડોશીએ ત્રિષ્ટકના વાંસામાં હાથ દઇને કહ્યું. “પુત્ર તુ ભલે આવ્યો. તુ કોણ છે? પુત્ર તુ મ્હારા ઘરે ભોજન કર અને ઇચ્છા પ્રમાણે નિ:શંકપણે રહે.” ત્યારે ત્રિષ્ટકે કહ્યું. “હે માત! હું જન્મથી આરંભીને દુ:ખીયું, માટે આપની પાસે રહીશ. પછી વૃદ્ધ ડોશીએ તેને ન્હવરાવી, સારાં વસ્ત્રો પહેરાવી અને ઉત્તમ રસોઈ કરાવી જમાડયો. પછી ત્રિષ્ટક મનમાં વિચાર કરવા લાગ્યો કે, “ઘાસના ભારા અને પાણી ક્યાં જાય છે તથા બીજી વસ્તુ અહિં શી રીતે આવે છે? તે જોવું” આમ વિચાર કરતાં અર્ધી રાત્રી ગઇ એટલે વૃદ્ધ ડોશીએ પ્રગટ કહ્યું. “કોઈ જાગે છે કે નહીં?” કોઇએ ઉત્તર આપ્યો નહીં એટલે તે ડોશી ખાટલામાંથી નીચે પડી અને એક કુમંત્ર ભણી ઘોડી થઈ. પછી ઘાસના ભારાઓ ખાઇ તથા પાણી પીને ઘરેણાથી સુશોભિત એવી એક અત્યંત રૂપવાળી સ્ત્રી બની ગઈ. પછી તે ત્યાંથી નિકળી, એટલે ત્રિષ્ટક તેની પાછળ પાછળ ચાલ્યો. બહુ દૂર ગયા પછી તે સ્ત્રી એક ગુફામાં પેઠી, ત્યાં તે

પહોંચ્યા, ત્યાં તેમણે એક નગર દીઠું. ઉત્તમ કોટ, દરવાજા, બગીચા, વિવિધ જાતનાં ઝાડો અને સ્વર્ગ સમાન મંદિરોથી સુશોભિત એવા તે નગરને જોતા જોતા હર્ષથી તેઓ રાજભવનમાં ગયા. આગળ જતાં તેમણે હજારો શિખરોથી સુશોભિત અને પરવાળીના કમાડથી મનોહર એવું એક મંદિર જોયું. તે મંદિરના બારણા આગળ કપાયલા નાકવાળી અને શરીરે જાડી એવી એક ઘરડી ડોશી બેઠી હતી; તે ડોશી સાત પુરૂષોને જોઇ તેમને કહેવા લાગી:-"હે પુરૂષો ! તમને ઉત્તમ સ્ત્રીઓનો સમાગમ થાઓ, તમે ભલે આવ્યા, ઉત્તમ સ્વરૂપવાળી સાત કન્યાઓની સાથે તમે વિષયસુખ ભોગવો." પછી સૂરવીર એવા બિન્દકે આગળ થઇ તે કપાયલા નાકવાળી ડોશીને પૂછ્યું:-"હે માત ! દેવકન્યાના સરખી આ સાત કન્યાઓ ક્યાંથી આવી ? ત્યારે કપાયલા નાકવાળીએ કહ્યું. "એ વિદ્યાધરની પુત્રીઓ છે. એક દિવસ વિદ્યાધરે નિમિત્તના જાણ પુરૂષને પૂછ્યું હતું કે-"આ મ્હારી પુત્રીઓનો વર કોણ થશે." તેવારે નિમિત્તના જાણ પુરૂષે કહ્યું કે "ત્હારી આ સાત પુત્રીઓ આ કપાયલા નાકવાળી ડોશીને સોંપ. એ ડોશી પાસે આ કન્યાઓને વરનારા વરો પોતાની મેળે આવશે." પછી વિદ્યાધરે તે કન્યાઓ મને સોંપી, તે કન્યાઓ મેં તમારા માટે રક્ષણ કરી રાખી છે; માટે તમે આ કન્યાઓને પરણો અને વિષયસુખ ભોગવો. કાંઈ બીજું કારણ નથી. માટે આ એકઠા કરેલા ગુણોથી દ્રવ્યથી ભરપૂર એવાં આ ઘરો, માણસના મનને હરણ કરનારા આ પલંગો, વળી તેના ઉપર હંસતૂલિકાઓ તેમજ આ ચિત્રશાળાઓ તૈયાર છે, તેમાં સુવો. વળી આ મનના સરખા વેગવાળા સાત ઘોડાઓ છે. તેના ઉપર ચડી તમે પૂર્વ દિશા વિના બાકીની ત્રણે દિશામાં ઇચ્છા પ્રમાણે ફરો." પછી વિષયમાં લોભી એવા તે સાતે પુરૂષો હર્ષથી ત્યાં રહ્યા, અને દોગુંદક દેવનાની પેઠે ચિત્રશાળામાં ક્રીડા કરવા લાગ્યા.

એક દિવસ તે સાતે પુરૂષો ભેગા થઈ પરસ્પર વિચાર કરવા લાગ્યા. કે "આ ડોશીએ આપણને પૂર્વ દિશામાં જવાન.

હતું; તે વખતે હું પણ નાટકની વિધિ શિખેલી હતી, તેથી મેં પણ નાટક કર્યું. મ્હારા નાટકથી રંભા નાટક કરતી છતી ગ્લાની પામી ગઇ. પછી તેની જગ્યાએ હું રહી. મેં નાચ કરતાં ઇંદ્રને બહુ પ્રસન્ન કર્યો, તેથી તેણે મને કહ્યું કે:-"હે સુંદરી! હું પ્રસન્ન થયો છું, માટે વરદાન માગ. પછી મેં ઇંદ્રને વિનંતી કરી કે "હે પ્રભો! જો આપ પ્રસન્ન થયા હો તો આપ મ્હારા પતિ થાઓ." ઇંદ્રે તે કબૂલ કર્યું. પછી ઇંદ્રની સાથે મ્હારો સંગ થયો, તેથી હું દરરોજ દેવલોકમાં જવા લાગી. ઘરે પણ રોજ આવું. એક દિવસ માળીએ મને કહ્યું કે:-"હે ભદ્રે! તું મને દેવલોકમાં તેડી જા કે ત્યાં હું પણ ત્હારૂં નાટક જોઉં. મેં તેને બહુ બહુ વાર્યો, પણ તે વારંવાર મને કહેવા લાગ્યો કે "મને સ્વર્ગ દેખાડ." પછી મેં તેને ભમરો બનાવી મ્હારા ચોટલામાં રાખ્યો અને હું સ્વર્ગમાં ગઇ; ત્યાં મેં નૃત્ય આરંભ્યું. બહુ વખત નાચતાં માથે ભાર લાગવાથી મેં મ્હારો પોતાનો હાથ માથે મૂક્યો, તેથી તાલમાં ભંગ પડ્યો; તે વખતે ઇંદ્રે તાલમાં ભંગ પડેલો જાણી "હે પાપણી! તાલમાં ભંગ કેમ પાડ્યો?" એમ કહી ક્રોધથી મ્હારૂં નાક કાપી નાંખ્યું અને મને કહ્યું કે "હે પાપણી! મનુષ્ય લોકમાં જા અને પ્રમાદનું ફળ ભોગવ." હે પુત્ર! પછી મેં ઇંદ્રના પગમાં પડીને કહ્યું:-"હે પ્રભુ! આ પાપનો અનુગ્રહ ક્યારે થશે?" ત્યારે ઇંદ્રે કહ્યું. "માણસોનું માંસ ભક્ષણ કરતી એવી તને જ્યારે કોઇ પુરૂષ એમ પૂછશે કે "હે કપાએલા નાકવાળી! ક્યા પુરૂષે ત્હારૂં નાક કાપ્યું?" ત્યારે તું શાપથી મૂકાઇશ." પછી સ્ત્રી અને ઘોડાઓએ કરીને મેં આ નગરીના સર્વે માણસોને ઉતરી ભક્ષણ કર્યાં. અહિં આવનારા પરદેશી માણસોને પણ ભક્ષણ કર્યાં. એક યોજન જેટલી પૃથ્વી માણસના માથાવડેજ ઢાંકી દીધી. ત્યાં સુધી "હે પુત્ર! ત્હારા વિના મને કોઇએ નાક કપાવાનું પૂછયું નહીં. હવે તું આ રૂપવાળી કન્યાઓ, આ ઘોડાઓ અને આ મહેલ લઇ રાજ્ય કર." એમ કહી તે કપાએલા નાકવાળી સંજીવિની વિદ્યાથી નગરના સર્વે

લોકોને ઝીવના કરી, નગરને માણસોથી ભરપૂર બનાવી અને વિશ્રકને રાજ્ય આપી સ્વર્ગમાં પોતાને સ્થાનકે ગઈ, અને વિશ્રક પણ ઉત્તમ પ્રકારે રાજ્ય કરવા લાગ્યો. પેલા છ મિત્રોને માંડલિકપદ આપ્યાં. પછી છ મિત્રોસહિત વિશ્રક સુખે રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં અનેક સાધુઓના પરિવારસહિત આચાર્ય સમવસર્યા, તેવારે વનપાળે રાજાની પાસે આવી ગુરુના આવવાની વધામણી આપી કે "હે સ્વામી! આપના ઉદ્યાનમાં બહુ સાધુઓના પરિવારસહિત આચાર્ય સમવસરેલા છે" તેનાં આવાં વચન સાંભળી વિશ્રકરાજા શુદ્ધ ભાવથી ગુરુને વંદના કરવા ગયો, ત્યાં ત્રણ પ્રદક્ષિણા તથા વંદના કરી યોગ્યસ્થાનકે બેઠો. એટલે ગુરુએ મધુર વચનથી ધર્મોપદેશ આપ્યો કે "જે માણસ મનુષ્યભવ પામીને ધર્મ નથી કરતો તે મહાસમુદ્રમાં ચિંતામણિ રત્નને નાંખી દે છે" પછી દેશનાને અંતે રાજાએ ગુરુને પૂછ્યું કે:-"હે ભગવન્! અમે પૂર્વભવને વિષે એવું શું કર્મ કર્યું હતું કે જેથી અમે શાકિનીના સંકટમાં પડયા? તેવારે ગુરૂએ કહ્યું:-"હે મહાભાગ! જો તને કૌતુક હોય તો સાંભળ.

પદ્મપુર નગરમાં હરિનાક્ષ નામનો બ્રાહ્મણ રહેતો હતો, તે હમેશાં શાકિનીઓને આકર્ષણ કરવાના મંત્ર તંત્રવડે કરીને મંડલો કરતો હતો, તે વખતે છ પુરૂષો ગાયન કરતા હતા. આ પ્રમાણે કરી તેઓ શાકિનીઓને પોતાને સ્વાધીન કરતા હતા. પછી કોઈ એક મુનિરાજે તે સાતે પુરૂષોને ધર્મોપદેશ આપી જિનધર્મને વિષે જોડયા. પછી તેઓ અનુક્રમે સંલેખના કરી શુભ ભાવથી મૃત્યુ પામી હરિનાક્ષ તું વિશ્રક રાજા થયો અને આ છ પુરૂષો માંડલિક થયા. તમે પૂર્વભવને વિષે શાકિનીઓને કદર્થના કરી હતી, તેથી આ ભવમાં તમે શાકિનીના સંકટમાં પડયા." આચાર્યનાં વચન સાંભળી રાજા વિશ્રકને અને છ માંડલીકને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું તેથી તેઓ દીક્ષા લઈ સ્વર્ગે ગયા.

દિકને ત્યજી દે. જો તું વ્રતને નહિં ભાંગે તો હું ત્હારા મ્હોટા પુત્રને મારી તેના માંસના પાંચ શૂલ કરી કડાહમાં પકવીશ, અને ત્હારા શરીરે માંસ અને લોહીનો લેપ કરીશ, તેથી તું આર્તધ્યાનમાં મૃત્યુ પામી દુર્ગતિ પામીશ." આ પ્રમાણે દેવતાએ બે ત્રણવાર કહ્યું, પરંતુ સુરદેવ ધ્યાનથી ચળ્યો નહીં; તેથી તેના મ્હોટા પુત્રને મારી, પકાવી તેના માંસ અને લોહીથી સુરાદેવના શરીરે લેપ કર્યો. એવી રીતે બીજા, ત્રીજા, અને ચોથા પુત્રને મારી તેજ પ્રમાણે લેપ કર્યો. પરંતુ તે સુરાદેવ જરાપણ ધ્યાનમાંથી ચળ્યો નહીં. તોપણ તેનું સ્થિર ચિત્ત જોઈ દેવતાએ ફરી કહ્યું:-"હે સુરાદેવ! જો તું વ્રતથી ચૂકીશ નહીં તો હું ત્હારા શરીરને વિષે કાસ, શ્વાસ, ભગંદર, તાવ, દાહ, કુક્ષિશૂળ, હરસ, અજીર્ણ, દ્રષ્ટિશૂળ, પુષ્ઠશૂળ, અરૂચિ વિગેરે સોળ રોગ મૂકીશ. આવી રીતે દેવતાએ બે ત્રણવાર કહ્યું એટલે સુરાદેવ વિચાર કરવા લાગ્યો કે:-"આ કોઈ દુષ્ટ માણસ દેખાય છે, એણે મ્હારી નજર આગળ મ્હારા ચાર પુત્રોને મારી નાંખ્યા, અને તેમના લોહીથી મ્હારૂં શરીર લીંપ્યું; વળી એ મ્હારા શરીરમાં સોળ રોગ મૂકવાનું કહે છે, માટે ચાલ હું તેને પ્રથમથી પકડી લઉં." આમ ધારી તે જેટલામાં ઉઠયો તેટલામાં દેવતા વિજળીની પેઠે આકાશમાં ઉડી ગયો. પછી સુરાદેવ ઘરની બહાર આવી કોલાહલ કરવા લાગ્યો, એટલામાં તેની સ્ત્રી ધન્નાએ બહાર આવીને કહ્યું:-"હે આર્યપુત્ર ! તમે કોલાહલ કેમ કરો છો?" ત્યારે સુરાદેવે તેની આગળ સઘળી વાત કહી. તેવારે ધન્નાએ કહ્યું:-"હે સ્વામિન્! તે તમારા ચાર પુત્રો પોત પોતાના ઠેકાણે સુખે સૂતા છે, તમારા શરીરમાં પણ કોઇ રોગ નાંખતું નથી, આતો તમને કોઇ દેવતા ઉપસર્ગ કરે છે; માટે ફરી આલોચના લઇ,પ્રતિક્રમી મિથ્યાદુષ્કૃત આપો."પછી સુરાદેવ સ્ત્રીના કહેવા પ્રમાણે ગુરૂ પાસે આલોચના લઇ શુદ્ધ થયો. પછી જિનધર્મનું ઉત્તમ રીતે આરાધન કરી, અગીયાર પડિમા વહી, વીસ વર્ષ સુધી જિનધર્મ પાળી, સર્વ જીવોને ખમાવી, એક માસનું અનસન કરી પંચપરમેષ્ટીનું સ્મરણ ક-

ઉલ્લાસ પાંચમો.

चुल्लगशतक श्रावकनुं चरित्र.

હવે શ્રી સુધર્મા સ્વામી જંબૂસ્વામીની આગળ ચુલ્લગશતક નામના પાંચમા શ્રાવકનું ચરિત્ર કહે છે:--

આ ભરતક્ષેત્રમાં આલંભિકા નામની નગરી છે, સર્વ નગરીઓમાં ઉત્તમ એવી તે નગરીને વિષે જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો; તે નગરીની પાસે નંદનવન સરખું અતિ મનોહર શંખ નામનું ઉદ્યાન હતું; તે આલંભિકા નગરીમાં ચુલ્લગશતક નામનો શ્રાવક રહેતો હતો, તે બહુ ધનવંત હોવાથી તેનું છ ક્રોડ ધન વ્યાજે અને છ ક્રોડ વેપારમાં રોકાયલું હતું; તેના ઘરે ગાયોનાં છ ગોકુળ હતાં. તેના ઘરની સમૃદ્ધિ કામદેવ શ્રાવક જેવી હતી. તે ચુલ્લકશતક શ્રાવક રાજાને બહુ માન્ય હતો.

એક દિવસ શ્રી વર્દ્ધમાનસ્વામી શંખવન નામના ઉદ્યાનને વિષે સમવસર્યા, તેવારે દેવતાઓએ સમવસરણ રચ્યું, ત્યાં બાર પર્ષદા એકઠી થઈ. આ વખતે ચુલ્લકશતક શ્રાવક પણ પ્રભુને સમવસરેલા સાંભળી પોતાના કુટુંબીઓસહિત વંદના કરવા ગયો, ત્યાં વંદના કરી યોગ્ય સ્થાનકે બેઠો. પછી પ્રભુએ ધર્મઉપદેશ આપ્યો કે:- "હે ભવ્યજનો! લોકમાં ચક્રવર્તીની પદવી, દેવેંદ્રની પદવી, સ્વર્ગનું સુખ, સંપત્તિ, મનુષ્ય સંબંધી સુખ, એ સર્વ ધર્મનું ફળ જાણો. જિનેશ્વરોએ દેવ અને મનુષ્યની સભામાં દાન, શીળ, તપ અને ભાવનારૂપ ચાર પ્રકારનો ધર્મ કહ્યો છે, તેમાં દાનના પાંચ ભેદ છે. ૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ અનુકંપાદાન, ૪ ઉચિતદાન, ૫ કીર્તિદાન. તેમાં સર્વ જીવોને પોતાના સરખા જાણી અભય આપવું તે અભયદાન કહેવાય છે. એ અભયદાનથી મોક્ષ જવાય છે. માટે સર્વ પ્રાણીઓએ અભયદાન આ-

गुणाः कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सताम् ॥
केतकीगन्धमाघ्रातुं स्वयमायाति षट्पदः ॥

ભાવાર્થ:—ગુણો, દૂર વસતા એવા સત્પુરૂષોનું દૂતપણું કરે છે. જુઓ કેતકીનો ગંધ લેવા માટે ભમરો પોતે કેતકી પાસે આવે છે.

જે માણસ શરીર, ધન અને વચનથી સર્વેનો ઉપગાર કરે છે, તે આ ભવમાં સંપત્તિનું પાત્ર થાય છે. પછી ધનશેઠે તે ધનવતી નામની પોતાની પુત્રી સિંહલસિંહ કુમારને પરણાવી. પછી કુમાર નગરને વિષે ક્રીડા કરતો છતો ભમવા લાગ્યો. નગરની સ્ત્રીઓ પણ તેને જોઈને વશ થઈ જવાથી તેની પાછળ ભમવા લાગી. તેથી સર્વે મહાજને એકઠા થઈ રાજાની પાસે આવી વિનંતી કરી કે "હે રાજન્ ! અમારાં સર્વે કાર્યો બિગડે છે. કારણકે સિંહલસિંહ કુમાર નગરમાંહે ફરવા નિકળે છે, તેની પાછળ નગરની સ્ત્રીઓ પણ ભટકે છે, તેથી અમારા ઘરનાં કાંઈ કાર્યો બની શકતાં નથી." મહાજનનાં આવાં વચન સાંભળી રાજાએ તેમને બહુ માન આપીને કહ્યું—"હે જનો ! તમારા કાર્યો નહિ બિગડે તેમ હું કરીશ.' આવી રીતે કહી બહુ માનથી મહાજનને રજા આપી. પછી રાજાએ કુમારને નગરમાં ફરવા જવાની ના કહી. તેથી કુમાર [illegible] ની [illegible] રહેવા લાગ્યો. [illegible] 'હું [illegible] રહેવું [illegible].' [illegible] કહ્યું. "હું [illegible] નથી, માટે હું [illegible] ?"

[illegible]

સૂવા માટે પલંગ છતાં નિચે સૂવે તે માણસની સ્ત્રી પોતાનો ધણી જીવતાં છતાં રોવે છે. તેમ આ મ્હોટું આશ્ચર્ય છે, માટે પૂછી જોઉં." આ પ્રમાણે વિચાર કરી રત્નવતીએ પૂછ્યું:- "હે નાથ! આપ શય્યા મૂકી નિચે કેમ સૂતા છો?" ત્યારે કુમારે "એને શોકયનો ભય થશે" એવા ભયથી કદપીત વચન કહ્યું:- "હે પ્રિયા! જ્યારે હું દેશ જોવા નિકળ્યો, ત્યારે મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે જ્યાંસુધી હું દેશની મુસાફરી કરી ઘેર આવી માતાપિતાનાં દર્શન ન કરૂં ત્યાંસુધી મ્હારે બ્રહ્મચર્યવ્રત પાળવું અને ભૂમિ ઉપર સૂવું." પતિનાં આવાં વચન સાંભળી રત્નવતીએ કહ્યું:-"સ્વામિનાથ! આપને ધન્ય છે, આપ ખરેખરા પુણ્યવંત છો કે જે તમારી માતા પિતાને વિષે આવી દૃઢભક્તિ છે." પછી રાજાએ કુમારને પૂછ્યું એટલે કુમારે પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું. તેથી રત્નપ્રભ રાજાએ પોતાની રત્નવતી પુત્રીસહિત સિંહલસિંહ કુમારને વિદાય કર્યો, અને તેમની સાથે પોતાના રૂદ્રદત્ત નામના પ્રધાનને મોકલ્યો. એક વહાણ તૈયાર કરી તેમાં સોનું, રત્ન વિગેરે ધન ભરી સિંહલસિંહ કુમાર પોતાની સ્ત્રી રત્નવતીસહિત બેઠો, સાથે રૂદ્રદત્ત પ્રધાન પણ બેઠો. પછી શુભ મુહુર્તે વહાણ સમુદ્રમાં ચાલ્યું.

એક દિવસ રૂદ્રદત્ત પ્રધાને વહાણમાં રત્નવતીને દીઠી, તેથી તે રાજ્યકન્યાનું સ્વરૂપ જોઈ રાગાંધ થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ એક પરદેશીને સમુદ્રમાં નાંખી હું રત્નવતીની સાથે વિષયસુખ ભોગવું." આ પ્રમાણે વિચાર કરી પ્રધાન રાજકુમારનાં છિદ્ર જોવા લાગ્યો. એક દિવસ રાત્રીએ વહાણનાં સૌ માણસો ઉંઘી ગયાં હતાં, તે વખત રાજકુમાર કાર્યચિંતા માટે વહાણની માંચી ઉપર બેઠો; તે વખતે દુષ્ટ સ્વભાવવાળો પ્રધાન જાગતો હતો તેથી તેણે માંચીનાં દોરડાં કાપી નાંખી સરલ સ્વભાવવાળા કુમારને સમુદ્રમાં પાડી દીધો અને પછી તેણે પોકાર કર્યો કે "હાય હાય! કુમાર સમુદ્રમાં પડી ગયો." માંચી ભાગી જવાથી પતિ સમુદ્રમાં પડયો, એવી વાત સાંભળી વિયોગથી વ્યાકુળ બની રત્નવતી વિલાપ

વખતે રૂપવતી તરસી થઈ, તેથી તેણે રાજકુમાર પાસે પાણી મ
ગ્યું. ત્યારે કુમાર પ્રિયાની પાસે ખારસી તથા ગોદડી મૂ
પાસેના કૂવામાંથી પાણી લેવા ગયો. હવે કુમારે જેટલામાં કૂ
ની અંદર દોરી નાંખી, તેટલામાં કૂવાની અંદર રહેલા કોઈએ
કહ્યું કે:-"હે ઉપગાર શિરોમણિ! મને કૂવામાંથી કહાડ." કુમા
આવાં વચન સાંભળી જેટલામાં કૂવાની અંદર જોયું તો તે
તેમાં માણસની ભાષા બોલતા એવા એક સાપને દીઠો. પછી
કુમારે પોતાનું લુગડું કૂવામાં નાંખી જેવો તેને બહાર કાઢ્યો
તેવો તે સાપે કુમારના હાથ ઉપર ડંશ માર્યો, તેથી કુમાર તુરત
*કુબ્જ બની ગયો. પછી કુમારે સાપને કહ્યું:-"હે સાપ! વાહ!
તેં બહુ સારો ઉપગાર કર્યો!" ત્યારે સાપે કહ્યું:-"હે કુમાર!
[illegible] સંકટમાં પડેલા તને હું ઉપગાર કરનારો થઈશ." એમ
કહી તે સાપ અદૃશ્ય થઈ ગયો. પછી કુમાર "આ શું?"
એમ વિસ્મય પામતો છતો પાણી લઈ રૂપવતી પાસે આવ્યો,
અને "હે સુંદરી! આ શીતળ પાણી પી." એમ કહી ઉભો
રહ્યો. રૂપવતીએ તેના રૂપને જોઈ "આ કોણ પુરૂષ આવ્યો?
એ મ્હારો પતિ ન હોય" એમ વિચારી તેના સામું પણ ન
જોયું. પછી રૂપવતીએ ત્યાંથી ઉઠી જઈ કોઈને પોતાના પતિની
શોધ કરી [illegible] મળ્યો નહીં, તેથી તે પણ ચિત્તમાં
[illegible] "જ્યાં સુધી પતિ મળે નહીં ત્યાં
સુધી ભોજન કરવાનું મારે ખાતું નહીં." એવો અભિગ્રહ
[illegible]

[illegible] રૂપવતી [illegible] ઓ બન્ને [illegible]
[illegible] ભોજન કરી અને [illegible]
[illegible] પછી [illegible]
કહ્યું કે [illegible] કરે છે, પરંતુ [illegible]
[illegible] નથી." ત્યારે [illegible]
[illegible] નહીં, [illegible]
[illegible] નહીં: તેથી [illegible]
[illegible] નિશ્ચયં [illegible]

ગીત પણ ગાય નહીં; તેથી પેલી ત્રણ કન્યાઓ ગીત ગાવા લાગી. હાથેવાળા વખતે કુબ્જે સાળા પાસે કાંઈ વસ્તુ માગી એટલે સાળાએ કહ્યું કે "માપ લે." ત્યારે કુબ્જે કહ્યું. "સાપ આપ." પછી સાળે સાપ લાવી આપ્યો. તે સાપે ડંશ દીધો તેથી તે પૃથ્વી ઉપર પડયો. તેવારે પેલી ત્રણ સ્ત્રીઓ વિચાર કરવા લાગી કે "જો આ પુરૂષ મરી જશે તો આપણને આપણા પતિની ખબર કોણ આપશે ?" આ પ્રમાણે વિચાર કરી તેઓ હાથમાં છરી લઇ જેટલામાં મરવા તૈયાર થઈ, તેટલામાં કુમાર દિવ્ય રૂપ ધરી ઉભો થયો. તે વખતે કોઇ દેવતાએ પ્રગટ થઈ સર્વની સમક્ષ સિંહલસિંહ કુમારનો પૂર્વભવ કહ્યો કે:—

હે કુમાર ! ધનપુર નગરને વિષે ધનંજય નામનો શેઠ રહેતો હતો, તેને ધનવતી નામે સ્ત્રી હતી, તે ધનવતીએ ધનદેવ અને ધનમિત્ર નામના બે પુણ્યવંત પુત્રોને જન્મ આપ્યો હતો. તેમાં મ્હોટો ભાઈ ધનદેવ ઉનાળાની ઋતુમાં સાકરસહિત દુધ સાધુને વહોરાવતો હતો, તે પુણ્યના પ્રભાવથી ધનદેવ તે પોતે હું મ્હોટો સમૃદ્ધિવંત દેવતા થયો, અને ન્હાનો ભાઇ ધનમિત્ર પ્રાશુક એવો શેરડીનો રસ સાધુને વહોરાવતો; પરંતુ તે ભાવ વિના આપતો, તેથી તે પુણ્યના પ્રભાવથી તું સિંહલસિંહ રાજકુમાર થયો; પણ મુનિદાનના પ્રભાવથી તને સમૃદ્ધિસહિત ચાર કન્યાઓ મળી. સાધુને શેરડીનો રસ વહોરવતાં વચ્ચે ભાવના ખંડન કરી તેથી તને સ્ત્રીઓનો વિયોગ થયો, અને ત્હારે સમુદ્રમા પડવુ પડયું. સમુદ્રમાં પડતી વખતે તને મેં ઉપાડીને તાપસના આશ્રમમાં મૂકયો. ત્હારા સાથે મ્હોટા બળવાન શત્રુ છે, તેથી મેંજ તને કુબ્જરૂપવાળો કર્યો છે; કારણ તેથી ત્હારા શત્રુઓ તને ઓળખે નહીં." દેવતા આ પ્રમાણે કહી આકાશમાં ચાલ્યો ગયો. સિંહલસિંહ કુમાર પણ દેવતાનાં આવાં વચન સાભળી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો.

પછી કુસુમપુરના રાજાએ મ્હોટા ઉત્સવથી પોતાની પુત્રી સિંહલસિંહ કુમાર સાથે પરણાવી, અને હાથી, ઘોડા, રથ વિગેરે આપ્યા, અને ક્રોધથી રૂદ્રદત્ત પ્રધાનને કાઢી મુકયો. પછી સિંહલસિંહ કુમાર પોતાની ચાર સ્ત્રીઓસહિત ખારસી

માં બેઠી આહારપાણી થઈ સિંહલદ્વીપને વિષે ચાલ્યો, ત્યાં તેને તેના પિતાએ રાજ્ય આપ્યું. પછી સિંહલસિંહ ભૂપતિએ ગુરૂના પ્રસાદથી સર્વ લોકોનાં દારિદ્ર દૂર કર્યાં અને જિનધર્મને પામી પછી અંતે સલેખના કરી તે સિંહલસિંહ રાજા મૃત્યુ પામી જ્યાં દેવલોકને વિષે દેવતા થયો. આવો મુનિદાનનો પ્રભાવ જાણી હે ભવ્યજનો! તમે મુનિઓને દાન આપો.

ઇતિ સિંહલસિંહ કુમારની કથા.

શ્રી જિનરાજના મુખથી આ પ્રમાણે ઉત્તમ ધર્મોપદેશ સાંભળી ચુલ્લશતક શ્રાવક પણ આનંદ શ્રાવકની પેઠે જિનધર્મ અંગિકાર કરી, નવતત્વનું સ્વરૂપ પૂછી અને તેના પરમાર્થ પ્રાપ્ત કરીને શ્રી જિનરાજને વંદના કરી પોતાના ઘરે આવ્યો. પછી જિનરાજે કહેલો ધર્મ પાળતાં ચૌદ વર્ષ ગયાં ત્યારે પંદરમે વર્ષે તે પોતાના મોટા પુત્રને ઘરનો ભાર સોંપી પડિમા વહેવા લાગ્યો. એક દિવસ રાત્રીએ હાથમાં તરવાર ધરી કોઇક દેવતાએ પ્રગટ થઈ ચુલ્લશતકને કહ્યું કે—"અરે! તું આ ધર્મને ત્યજી નહીં તો હું ત્હારા મોટા પુત્રને મારી નાંખી તેના માંસના સાત શૂલો કરી તેલની કડાઇમાં પકાવી ત્હારા શરીર ઉપર તેના માંસ અને લોહીનો લેપ કરીશ તેથી તું રૌદ્રધ્યાનમાં ચડેલો છતો અકાલે મૃત્યુ પામી દુર્ગતિ ભોગવીશ." આવાં ક્રૂર સરખાં દેવતાનાં વચન કાનને વિષે સાંભળ્યા છતાં પણ તે ચુલ્લશતક ક્ષોભ ન પામતાં સ્થિરચિત્તવાળો રહ્યો. દેવતાએ તેને સ્થિર ચિત્તવાળો જાણી ફરી એજ પ્રમાણે બે વખત કહ્યું. તોપણ ક્ષોભ પામ્યો નહીં; તેથી દેવતાએ પોકાર કરતા એવા તેના મોટા પુત્રને ત્યાં લાવી મારી નાંખ્યો, અને તેના માંસ શૂલો કરી તેમાં પકાવી ચુલ્લશતક શ્રાવકના શરીર ઉપર માંસ અને લોહીનો લેપ કર્યો; તેથી તે શ્રાવક વધારે ધર્મ ધ્યાનમાં દૃઢ થયો. પછી દેવતાએ તેના બીજા, ત્રીજા અને ચોથા પુત્રને મારી તેવોજ ઉપસર્ગ કર્યો તેથી પણ ચુલ્લશતક ચલ્યો નહીં. ત્યારે દેવતાએ તેને ફરી કહ્યું:—"હે શ્રાવક! અ-

* ચેકડી.

તેને ત્યજી દઇ ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવ, નહિં તો હું ત્હારૂં અઢાર ક્રોડ દ્રવ્ય આલંભિકા નગરીમાં જૂદે જૂદે ઠેકાણે ફેંકી દઇશ.” આ પ્રમાણે દેવતાએ બે ત્રણવાર કહ્યું એટલે તે ચુલ્લશતક વિચાર કરવા લાગ્યો કે “આ કોઇ દુષ્ટ બુદ્ધિવાળો દેવતા છે, કેમકે એણે મ્હારા ચાર પુત્રો મારી નાંખ્યા છે, અને હમણાં અઢાર ક્રોડ દ્રવ્ય પણ ફેંકી દેવાનું કહે છે; માટે એ દુષ્ટને પકડી લઉં.” આ પ્રમાણે જેટલામાં વિચાર કરતો હતો, તેટલામાં દેવતા તેના ઘરમાંથી અઢાર ક્રોડ દ્રવ્ય ત્યાં લાવ્યો. તેવારે ચુલ્લશતક શ્રાવક તેને પકડવા માટે દોડયો એટલે તે દેવતા વિજળીની પેઠે આકાશમાર્ગે ઉડી ગયો. પછી ચુલ્લશતક શ્રાવકે બહાર આવી મ્હોટા કોલાહલ કર્યો તે સાંભળી તેની બહુલા સ્ત્રીએ બહાર આવીને કહ્યું-“હે નાથ! તમે મ્હોટા શબ્દથી શામાટે કોલાહલ કરો છો?” ત્યારે ચુલ્લશતકે સર્વ વાત કહી; એટલે સ્ત્રીએ કહ્યું: “હે સ્વામી! કોઇ દેવ, દાનવ તમને ઉપસર્ગ કરતો હશે. તમારા પુત્રો અને ધન સુખે ઘરમાં છે, માટે અતિચારની આલોચના લો.” પછી ચુલ્લશતક શ્રાવક આલોચના કરી, શ્રાવકની [illegible] પ્રતિમા [illegible] શ્રાવક ધર્મ પાળી અંતે અનશનથી મૃત્યુ પામીને ચુલ્લશતક શ્રાવક સાૈધર્મ દેવલોકના અરૂણસિદ્ધ નામના વિમાનને વિષે ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવતા થયો.

આ ચુલ્લશતકનો [illegible] હે ભગવન્! ચુલ્લશતક શ્રાવક [illegible] સિદ્ધિ પામશે?” તેવારે ભગવાને કહ્યું [illegible] દેવલોકમાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં [illegible] સિદ્ધિપદ પામશે.”

ઇતિ શ્રી તપગચ્છાચાર્ય રત્નલાભસૂરીના શિષ્ય શ્રીજિન-
વિજયે રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનામાં ચુલ્લશ-
તક શ્રાવકને પ્રતિબોધ નામનો પાંચમો
ઉલ્લાસ સંપૂર્ણ થયો.

સકંપણું, દૌર્ભાગ્ય અને દુઃખોનો સમૂહ આવી મળે છે. જેણે મન, વચન અને કાયાથી પરસ્ત્રીને ત્યજી દીધી છે તે પુરૂષ આ ભવને વિષે અને પરભવને વિષે કુલધ્વજની પેઠે સુખ પામે છે. તે કુલધ્વજની કથા આ પ્રમાણે:—

શીલવ્રત ઉપર
કુલધ્વજની કથા.

આ દક્ષિણ ભરતક્ષેત્રને વિષે અયોધ્યા નામનું નગર છે, ત્યાં શંખ નામનો રાજા રાજ્ય કરે છે; તેને ધારણી નામની સ્ત્રી છે. તે ધારિણીને વિષે ઉત્પન્ન થએલો કુલધ્વજ નામનો કુમાર છે, તે કુલધ્વજ કુમાર સંપૂર્ણ કળાનો જાણ હોવાથી કળાને વિષે ધ્વજ સરખો હતો. એક દિવસ તે કુમાર વનને વિષે ક્રીડા કરવા ગયો હતો, ત્યાં તેણે એક ઝાડની નિચે અનેક સાધુઓના પરિવારસહિત બેઠેલા ભાનતુંગ નામના ગુરૂને દીઠા. પછી ગુરૂને જોઈ બહુ હર્ષ પામેલો રાજકુમાર ત્યાં જઈ ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી તથા વંદના કરી યોગ્યસ્થાનકે બેઠો. ત્યારે ગુરૂએ રાજકુમારને ધર્મદેશના આપી કે:—"હે ભવ્યજનો! સંસાર સમુદ્રને ઉતરવામાં વહાણસમાન, નરક અને તિર્યંચના દુઃખોને કાપી નાંખવામાં તરવાર સમાન અને કલ્યાણના મંદિર એવા શીલવ્રતને પાળો." ગુરૂના આવા ધર્મોપદેશ સાંભળી કુલધ્વજ કુમારે કહ્યું "હે ભગવન્! હું સર્વથા શીલ પાળવા સમર્થ નથી, તો પણ હું પરસ્ત્રીને તો ત્યજી દઉં છું. કારણ મ્હારે સ્વદારા સંતોષ છે." રાજકુમાર આ પ્રમાણે ચોથું વ્રત લઈ ગુરૂને વંદના કરી ઘર તરફ પાછો વળ્યો. રસ્તામાં તેણે બે સ્ત્રીઓને પરસ્પર ક્રોધથી વઢતા જોઈ; તેથી તેણે કહ્યું કે, "હે સ્ત્રીઓ! તમે શામાટે કોળાહલ વઢવાડ કરો છો!" આવી રીતે કુમારે બે સ્ત્રીઓને પુછ્યું એટલે એક સ્ત્રીએ કહ્યું "હે રાજપુત્ર! હું સુતારની સ્ત્રી છું. મ્હારૂં નામ ભાગ્યવંતી છે. હું કુવેથી પાણીનો ઘડો ભરી ભારથી થાકી ગઈ છતી ઘર જાઉં છું. આ વેળા આ સુતારની

અને સુતાર માંછલા ઉપરથી ઉતર્યા. પછી સુતારે ખીલી કાઢી નાંખી એટલે તેમાંથી મુક્તાફળો નિકળ્યાં. તેવારે રાજાએ વિસ્મય પામી સુતારને પુછયું. "આ માંછલું આવવું જવું શી રીતે કરે છે?" ત્યારે સુતારે કહ્યું. "મહારાજ! મેં સિદ્ધાયિકા દેવીનું આરાધન કર્યું છે, તેથી તે દેવીએ જવા આવવાના કારણરૂપ બે ખીલીઓ આપી છે. હે નાથ! તે ખીલીના યોગથી હું આકાશમાં જાઉં આવું છું. દેવોની શક્તિ ન ચિંતવી શકાય એવી હોય છે."

પછી સુતારે લાકડાનો ઘોડો તૈયાર કરી રાજાને દેખાડયો અને કહ્યું કે:-"હે નાથ! આ ઘોડા ઉપર આપ અથવા કુલધ્વજ કુમાર બેસો. તે વખતે કુમારે કહ્યું:-"મહારાજ! આપની આજ્ઞાથી આ ઘોડા ઉપર હું બેસી પૃથ્વીને જોઉં." ત્યારે રાજાએ કહ્યું. "તેમ કર." પછી સુતારે જવા આવવાના કારણરૂપ બે ખીલીઓ કુમારને સોંપી. કુમારે રાજાને નમસ્કાર કરી અને ઘોડા ઉપર ચડી બન્ને ખીલીઓ ઘોડાના પાછલા ભાગ ઉપર ઘાલી એટલે તે ઘોડો માણસોના જોતાં જોતાં આકાશમાં ઉછળી અદૃશ્ય થઇ ગયો. બહુવાર પૃથ્વીમાં ભમ્યા પછી તે ઘોડો એક નગરની પાસના બગીચામાં ઉતર્યો, ત્યાં કુલધ્વજ કુમારે બે ખીલીઓ કાઢી લીધી અને તેનાં લાકડાં જુદાં જુદાં કરી ભારો બાંધી તે ભારો પોતાને ઓસીકે મુકી તે એક ઝાડની છાયામાં સુતો. પછી બપોરનો વખત થયો તોપણ ઝાડની છાયા જેમ હતી તેમની તેમજ રહી, જરા પણ ખસી નહીં. આ વખતે બાગનો માળી ફરતો ફરતો ત્યાં આવ્યો, તેણે ઝાડની છાયા સ્થિર રહેલી જોઇને વિચાર કર્યો કે "નિશ્ચે આ સુતેલા પુરૂષનો પ્રભાવ છે." પછી માળીએ તે ઉંઘી ગયેલા રાજકુમારના પગનો અંગુઠો પકડયો એટલે કુલધ્વજ જાગી ઉઠયો. તેવારે માળીએ કહ્યું:-"હે સત્પુરૂષ! આજે મ્હારા ઘરના પરૂણા થાઓ." આવી રીતે તેણે બહુ આગ્રહ કર્યો એટલે કુમારે કબૂલ કર્યું. પછી માળી કુમારને સાથે લઇ પોતાને ઘેર આવ્યો અને ઘોડાના લાકડાનો ભારો એક બાજૂ ખુણામાં મૂકયો. માળીએ ઉત્તમ રીતે કુમારને

પછી કુલધ્વજ કુમાર માળીને ઘરે આવી લાકડાનો ઘોડો તૈયાર કરી રાત્રીએ ખીલીના પ્રયોગથી તુરત રાજકન્યા સુંદરીના મહેલમાં આવ્યો, અને તે કન્યાના પલંગ ઉપર ચારે તરફ અર્ધું ચાવેલું તંબોલ નાંખી જે માર્ગેથી આવ્યો હતો તેજ માર્ગેથી માળીને ઘેર ચાલ્યો ગયો. પછી જાગી ઉઠેલી કન્યા પોતાના પલંગ ઉપર ચારે તરફ તંબોળ પડેલું જોઇ વિચાર કરવા લાગી કે "અહિં કોઇ દેવ કે વિદ્યાધર આવ્યો હોય એમ દેખાય છે." આ વિચારમાં તે કન્યાને દિવસ વર્ષતુલ્ય થયો. પછી બીજી રાત્રીએ તે કન્યા કપટનિદ્રાથી સૂતી. કુલધ્વજકુમાર પણ લાકડાના ઘોડા ઉપર બેસી ત્યાં આવ્યો, અને જેટલામાં પલંગ ઉપર તંબોળ નાંખી પાછો વળ્યો, તેટલામાં રાજકુમારી સુંદરીએ બન્ને હાથવતી તેનું લુગડું પકડી લીધું. ત્યારે કુમારે કહ્યું: "હે કન્યા! હું પૃથ્વી ઉપર ફરનારો છું, છતાં આ લાકડાના ઘોડાથી આકાશમાં ફરનારો થયો છું." ત્યારે રાજકન્યાએ કહ્યું:–"હે સત્પુરુષ! મ્હારા મનોરથો ફળ્યા." પછી કુમાર દીવાને સાક્ષી રાખી રાજકન્યાની સાથે ગાંધર્વવિવાહથી પરણ્યો અને ત્યાંજ વિષયસુખો ભોગવવા લાગ્યો.

હવે કન્યાના સર્વ અંગ વૃદ્ધિ પામેલા જોઇ દાસીઓ ભય પામતી છતા વિચાર કરવા લાગી કે.–"અહો! આ કન્યાના અકાળે સર્વ અંગો વૃદ્ધિ કેમ પામ્યા!" પછી દાસીઓએ તે વાત જયમાળા રાણીને કહી. રાણીએ પણ કન્યાના સર્વ અંગ વૃદ્ધિ પામેલા જોઇ રાજાને કહ્યું કે, "હે પ્રાણનાથ! નિશ્ચય અહીં કોઇ પુરુષ તમારા મહેલમાં આવી તમારી પુત્રીને ભોગવે છે." ત્યારે રાજાએ કહ્યું. "હે દેવી! જેણે મ્હારા મહેલમાં આવી આવું અનેચ્છ કામ કર્યું તે પુરુષને હું યમરાજના ઘરે પહોંચતો કરીશ." પછી ક્રોધના વશથી ભ્રકુટી ચડાવેલો રાજા તે પુરુષની શોધ કરવાને ઇચ્છતો છતો સભામાં આવ્યો. આ વખતે સભામાં એક વેશ્યા આવી હતી, તેણે રાજાની આકૃતિ જોઇ પુછ્યું કે, "હે રાજન! આપને ચિંતાનું કારણ શું છે?" ત્યારે રાજાએ એકાંતમાં પુત્રીનું ચરિત્ર

કે "હે સુભટો ! જો તમે રજા આપો તો આ માળીને ઘરે મ્હારી કુલદેવી છે તેને હું નમસ્કાર કરી લઉં." ત્યારે સુભટોએ કહ્યું. "જા જઇ આવ." પછી કુમાર માળીના ઘરમાં જઈ લાકડાનો ઘોડો તૈયાર કરી તેના ઉપર બેસી સર્વે રાજપુરૂષો જોતાં જોતાં આકાશમાર્ગે થઈ રાજકન્યાના ઘરમાં ઉતર્યો; ત્યાં થી રાજકન્યાને ઘોડા ઉપર બેસારી ફરી આકાશમાર્ગે થઇ બહુ હર્ષ પામતો છતો મહાસમુદ્રને કાંઠે આવ્યો; ત્યાં ઘોડા ઉપરથી નિચે ઉતરી એક ઝાડની પાસે પાંદડાંની શય્યા કરી સુતો. આ વખતે કુમારને ભૂખ લાગી હતી. કુમારને ભૂખ લાગેલી જાણી રાજકન્યા સુંદરીએ કહ્યું:-"સ્વામીનાથ ! આપના વાસ્તે હું મ્હારા ઘરમાંથી લાડવા લઈ આવું ત્યાં સુધી ધીરજ રાખો." એમ કહી સુંદરી ઘોડા ઉપર બેસી આકાશમાર્ગે થઇ તુરત પો તાના ઘરમાં ઉતરી અને ઘોડાને ગોખમાં મૂકી પોતે જેટલામાં લાડવા લેવા માટે ઘરની અંદર ગઈ, તેટલામાં ઘોડો વાયુના જોરથી પૃથ્વી ઉપર પડી ભાગી ગયો. હવે રાજકન્યા લાડવા લઇ આવી ઘોડાને જોવા લાગી તો તેણે ઘોડાને પૃથ્વી ઉપર પડી ભાગી ગએલો દીઠો. તેથી શોક કરવા લાગી કે, "હાય હાય ! દૈવે મને છેતરી, મ્હારૂં પર્વનું કર્મ ઉદય આવ્યું, જ્યારે દૈવ અનુકુળ હોય ત્યારે દુઃખ આવી પડયા છતાં પણ પિતાની પેઠે રક્ષણ કરે છે અને દૈવ અનુકુળ ન હોય ત્યારે મા ર્ગમાં રહ્યા હોઇએ તોપણ દુઃખમાં નાંખી દેછે. પતિ સમુદ્રને કાંઠે રહ્યા અને અહિં ઘોડો ભાગી પાડયો, ખરેખર મ્હારે માથે દુઃખનો સમૂહ આવી પડયો" આવી રીતે શોક કરતી એવી સુંદરીએ એવો અભિગ્રહ લીધો કે "જ્યારે હું મ્હારા પતિને જોઇશ ત્યારેજ ભોજન કરીશ."

હવે અહિં સમુદ્રને કાંઠે રહેલા કુલધ્વજ કુમારે બહુ વાર થયા છતાં પોતાની સ્ત્રીને પાછી આવતી ન દીઠી, ત્યારે તે વિ ચાર કરવા લાગ્યો કે:-"તે હજુ સુધી કેમ પાછી ન આવી ! નિશ્ચે જતાં આવતાં તેને કોઈ વિદ્યાધર હરી ગયો હશે." આ પ્રમાણે કુમાર વિચાર કરતો હતો, એવામાં અપ્સરાસમાન દિ-

લાકડાનો ઘોડો ભાગી ગએલો અને તેથીજ રાજકન્યાને રોતી દીઠી. કુલધ્વજ કુમાર અને રાજકન્યા સુંદરી મળ્યાં તેથી તેમને બહુ હર્ષ થયો. હવે જળદેવીએ ફરી કહ્યું:-"હે પુત્ર! હમણાં હું ત્હારું શું કામ કરું તે કહે ?" ત્યારે કુમારે કહ્યું:-"હે માત ! આ લાકડાનો ઘોડો સાજો કરી આપો. પછી દેવી પોતાની દિવ્યશક્તિથી ઘોડાને સાજો કરી પોતાને સ્થાનકે ચાલી ગઈ. પછી દાસના મુખથી કુમારનું આવવું સાંભળી વિજયરાજા બહુ ક્રોધ પામ્યો, તેથી તેણે કુમારને મારવા માટે પોતાના સૈન્યને આજ્ઞા આપી. કુમારે લાકડાના ઘોડા ઉપર બેસી સર્વ સૈન્યને મારી નાંખ્યું. જેનું પુણ્ય જાગતું હોય છે તેને શું દુષ્કર હોય છે ? પછી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે "મેં આ શું અયોગ્ય કામ આરંભ્યું છે? કન્યા કોઇને આપવી તો પડશેજ. આવો વર ફરી ક્યાં મળશે ! " આ પ્રમાણે વિચાર કરી તેણે પ્રધાન પુરૂષોને મોકલી કુમારને બહુ માન આપ્યું અને પોતાની પુત્રી તેની સાથે પરણાવી. પછી કુલધ્વજ કુમાર તે વિજયરાજાની આજ્ઞા લઇ સ્ત્રીસહિત લાકડાના ઘોડા ઉપર બેસી પોતાના દેશ તરફ ચાલી નિકળ્યો.

અહિં અમરાવતી નગરમાં શંખ રાજાએ પુત્રના વિયોગથી [illegible] લાકડાનો ઘોડો બનાવનાર સુતારને મારી નાખવાની પોતાના સુભટોને આજ્ઞા આપી, અને નગરની બહાર સુતારને બાળી દેવા માટે મોટી ચિતા તૈયાર કરાવી. કહ્યું છે કે "[illegible] રાજા વગરજ મરેલો થાય છે, અને પ્રમાદ [illegible]." પછી રાજપુરૂષો સુતારને ચિતાની પાસે લઇ ગયા અને જેટલામાં તેને ઉપાડી ચિતામાં નાંખવાની તૈયારી કરે છે, તેટલામાં રાજાએ પોતાના પુત્રને [illegible] આકાશમાર્ગથી આવતો જોયો. રાજકુમાર [illegible] ઉતર્યો. પુત્રના આવવાથી રાજા બહુ હર્ષ પામ્યો. પછી રાજાએ કુમારને અને સુતારને વાજીંત્રોના શબ્દ [illegible] નગરમાં તેડી ગયો. અનુક્રમે શંખરાજા [illegible] પામ્યો અને તેના રાજ્યસિંહાસને કુલધ્વજ કુમાર બેઠો.

કર્મ કહ્યું છે. વીર્ય તે જીવ તથા શરીરનું બળ અને પુરુષાકાર તે પોતાનું કાર્ય કરવામાં પરાક્રમ. એ ચાર વિના જીવોના સર્વ કાર્ય સિદ્ધિ થાય છે, જેનાથી સર્વે ભાવો પોતાના સ્વરૂપમાં રહેલા છે. હે કુંડકોલિક! હવે પછી ત્હારે એમ ન કહેવું કે ઉત્થાનાદિકથીજ કાર્યસિદ્ધિ થાય છે. કહ્યું છે કે:—

> प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः,
> सोऽवश्यं भवति नृणां शुभोऽशुभोवा;
> भूतानां महति कृतेऽपि हि प्रयत्ने,
> ना भाव्यं भवति न भाविनोऽस्ति नाशः ॥

ભાવાર્થ:—પ્રારબ્ધના યોગથી માણસને જે કાંઈ સારૂં અથવા ખોટું થવાનું છે તે નિશ્ચે થાય છે. પ્રાણીઓ મ્હોટો ઉદ્યમ કરે તોપણ જે થવાનું નથી તે થતું નથી અને જે થવાનું છે તે થયા વિના રહેતું નથી.

> न हि भवति यन्न भाव्यं, भवति च भाव्यं विनापि यत्नेन ॥
> करतलगतमपि नश्यति, यस्य तु भवितव्यता नास्ति ॥

ભાવાર્થ.- જે થવાનું નથી તે થતું નથી અને જે થવાનું છે તે પ્રયાસ વિના પણ થાય છે. જે વસ્તુ રહેવાની નથી તે હાથમાં હોય તોપણ જતી રહે છે.

માટે મંખલીપુત્ર ગોશાળાનો ધર્મ સારો છે અને વર્દ્ધમાનનો કહેલો ધર્મ સારો નથી. કારણ મંખલીપુત્રના ધર્મને વિષે ઉત્થાન, પુરુષાકાર વિના પણ કાર્યસિદ્ધિ થાય છે, અને ભાવો અનિયત છે; માટે વર્દ્ધમાનનો ધર્મ સારો નથી.”

દેવતાનાં આવાં વચન સાંભળી જિનધર્મથી ભાવિત આત્માવાળા કુંડકોલિક શ્રાવકે દેવતાને કહ્યું: “હે દેવ! તેં જે મંખલીપુત્રનો ઉત્થાનાદિ ભાવવિનાનો ધર્મ સારો અને શ્રી વીર-જિનેશ્વરનો ઉત્થાનાદિ ભાવવાળો ધર્મ ખોટો એમ કહ્યું. તે યુક્તિવાળું દેખાતું નથી. ઉત્થાનાદિ વિના કાર્યસિદ્ધિ થતી નથી, અને જો પુરુષાકાર વિના કાર્યસિદ્ધિ થાય છે તો તેં દેવસમૃદ્ધિ શી રીતે મેળવી? જો સંયમાદિ વિના પણ દેવસમૃદ્ધિ મળે છે તો સંસારમાં રહેલા સર્વે જીવો દેવસમૃદ્ધિવાળા થવા જોઈએ!

ર્મનાં વખાણ કર્યાં. પછી તેં યુક્તિવડે દેવતાને બોલતો બંધ કરી દીધો અને જિનધર્મની સ્થાપના કરી તેથી તું કૃતાર્થ થયો છું. પુણ્યવંત થયો છું. તેં એક ગૃહસ્થે પણ મિથ્યાદૃષ્ટિ દેવતાને જીત્યો." આ પ્રમાણે તેનાં વખાણ કરી વીરજિનેશ્વરે સાધુ સાધ્વીઓને પોતાના પાસે બોલાવીને કહ્યું કે:-"હે મહાભાગો! ગૃહસ્થ એવા કુંડકોલિકે મિથ્યાદૃષ્ટિ એવા દેવતાને પ્રશ્નવડે કરીને બોલતો બંધ કરી દીધો; બાર અંગના જાણ સાધુઓ પ્રશ્નવડે પરતીર્થીઓને ઉત્તર આપી શકે નહીં તેવા કરી દેવામાં સમર્થ થાય છે." શ્રી વીરપ્રભુનાં તે વચનને પ્રમાણ કરી તપ સંયમને વિષે પ્રીતિવાળા તે સાધુઓએ વિહાર કર્યો અને કુંડકોલિક શ્રાવક પણ પ્રશ્નો પૂછી તથા તેનો શ્રી જિનરાજના મુખથી અર્થ વિચાર જાણી વંદના કરી પોતાને ઘેર આવ્યો. જિનેશ્વર પ્રભુએ પણ બીજે વિહાર કર્યો.

પછી કુંડકોલિક શ્રાવકે ચૌદ વર્ષ સુધી જિનધર્મની આરાધના કરી પંદરમે વર્ષે વૈરાગ્યવંત થએલા તેણે મોટા પુત્રને ઘરબાર સોંપી આનંદ શ્રાવકની પેઠે અનુક્રમે અગીયાર પડિમા વહી. છેવટ વીશ વર્ષ સુધી જિનધર્મ પાળી, આરાધના કરી, સર્વ જીવોને ખમાવી, શ્રી વીરપ્રભુનું સ્મરણ કરતા અને મુખથી પંચ પરમેષ્ઠિનો જપ કરતા એવા તે કુંડકોલિક શ્રાવકે એક માસના અનશનવડે કાળ કરી પહેલા દેવલોકને વિષે અરૂણપ્રભ વિમાનમાં ચાર પલ્યોપમ આયુષ્યવાળું દેવપદ પ્રાપ્ત કર્યું.

શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યું:-"હે ભગવન્! તે કુંડકોલિક શ્રાવક ત્યાંથી ચવીને ક્યાં જશે?" ત્યારે ભગવાને કહ્યું: "હે ગૌતમ! કુંડકોલિક શ્રાવક ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે." આ કુંડકોલિક શ્રાવકનું ચરિત્ર સાંભળી જંબૂસ્વામીએ શ્રી સુધર્માસ્વામીને નમસ્કાર કર્યો.

ઇતિ શ્રી વાચનાચાર્ય રત્નલાભગણીના શિષ્ય રાજ-
કીર્તિગણીએ રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનામાં
કુંડકોલિક શ્રાવકને પ્રતિબોધ નામનો
છઠ્ઠો ઉલ્લાસ સંપૂર્ણ થયો.

પછી સદ્દાલપુત્ર વિચાર કરવા લાગ્યો કે "સવારે ઉત્પન્ન થયું છે જ્ઞાન અને દર્શન જેમને એવા મ્હારા ગુરૂ આવશે, એટલે હું તેમની વંદના પૂજા કરી પાટ, પાટલા, શય્યા વિગેરે વહોરાવવાનું નિમંત્રણ કરીશ." આ પ્રમાણે તે વિચાર કરતો હતો એવામાં સવારે શ્રી વર્દ્ધમાનસ્વામી સમવસર્યા. રાજાદિ સર્વે લોકો તેમને વંદના કરવા ગયા. ત્યારે સદ્દાલપુત્ર પણ જિનેશ્વરને સમવસરેલા જાણી મનમાં વિચાર કરવા લાગ્યો:-"આ વીર જિનેશ્વર પાસે જઇ હું તેમને વંદના કરૂં." આ પ્રમાણે વિચાર કરી, સ્નાન કરી, પવિત્ર લુગડા પહેરી, પાલખીમાં બેસી મ્હોટી સમૃદ્ધિથી જિનેશ્વર પ્રભુ પાસે આવ્યો, અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી તેમની આગળ બેઠો. પછી પ્રભુએ મધુર વાણીથી ધર્મ ઉપદેશ આપ્યો કે:-"હે ભવ્યજનો! ધર્મને વિષે પ્રીતિ કરવી, વિષયોને ત્યાગ કરવો, કષાયને છોડી દેવા, ગુરૂને વિષે પ્રેમ રાખવો અને ધર્મક્રિયામાં પ્રમાદ ન કરવો; એ સર્વે ઉત્તમ ગતિના ઉપાય છે." ધર્મ ઉપદેશ પૂર્ણ થયા પછી જિનેશ્વરે સદ્દાલપુત્રને કહ્યું:-હે સદ્દાલપુત્ર! ગયા દિવસે ત્હારી પાસે કોઈ એક દેવતા એ પ્રગટ થઇ એમ કહ્યું કે "સવારે સર્વજ્ઞ એવા જિનેશ્વર અહિં આવશે, તે દેવ અને દાનવોને વંદના કરવા યોગ્ય છે, તેથી તું તેમની પાસે જઇ વંદના કરજે, નમસ્કાર કરજે, પાટ, પાટલા, શય્યા, સંથારો આપવાનું નિમંત્રણ કરજે." આ પ્રમાણે કહી દેવતા ગયો એટલે તું મનમાં વિચાર કરવા લાગ્યો કે "તેજ લક્ષણવાળા મ્હારા ધર્માચાર્ય ગોશાળક અહિં આવશે." વીર પ્રભુનાં આવાં વચન સાંભળી સદ્દાલપુત્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે "નિશ્ચે વર્દ્ધમાનસ્વામીજ સર્વજ્ઞ, અર્હત, જિન અને મહિમાવંત છે. દેવતાએ જે કહ્યા હતા તે સર્વે ગુણો આમને વિષે દેખાય છે, તો પુણ્યના હેતુ માટે એમને પાટ, પાટલો, શય્યા વિગેરે વહોરવાનું નિમંત્રણ કરૂં." આવી રીતે વિચાર કરી સદ્દાલપુત્રે વીરપ્રભુને નમસ્કાર કરીને વિનંતી કરી કે:-"હે ભગવન્! પોલ્લાસપુરમાં મ્હારા કુંભારનાં પાંચસેં હાટ છે, તો હે ભગવંત! પ્રાતિહાર્ય, પાદપીઠ, શય્યા

શ્રી વીરપ્રભુનાં આવાં વચન સાંભળી સત્યવાદી સદ્દાલપુત્રનો મિથ્યાત્વરૂપ મહા અંધકાર નાશ પામી ગયો, તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યોઃ-" પુરૂષાભિમાન અને પરાક્રમ વિના કાર્યસિદ્ધિ દેખાતી નથી. લોકમાં શ્રી વર્દ્ધમાને નિરૂપણ કરેલો ધર્મ સત્ય છે અને ગોશાળાએ કહેલો ધર્મ અસત્ય છે." પછી તેણે પ્રતિબોધ પામી જિનેશ્વરને કહ્યું કે:-" હે પરમેશ્વર! હું આપના મુખથી શુદ્ધ ધર્મ સાંભળવાની ઇચ્છા રાખું છું." તેવારે પ્રભુએ ધર્મ ઉપદેશ આપ્યો તે આ પ્રમાણેઃ—

પુરૂષને ધર્મ, અર્થ અને કામ એવા ત્રણ અર્થો હોય છે, તેમાં ધર્મથી અર્થ અને કામ પ્રાપ્ત થાય છે; માટે તે ત્રણમાં ધર્મ મુખ્ય છે. ધર્મથી માણસને સૌભાગ્ય, ઉત્તમ કુળમાં જન્મ, પરોપકાર બુદ્ધિ, નિર્મળ મતિ, ઉત્તમ ભોગો મળે છે. તે ધર્મ જિનેશ્વરોએ બે પ્રકારનો કહ્યો છે. એક સાધુ ધર્મ અને બીજો શ્રાવક ધર્મ. તેમાં તપરૂપ ધનવાળા અને બંધનથી મુક્ત થએલા એવા સાધુઓનો પંચમહાવ્રતરૂપ ધર્મ છે અને શ્રાવકોનો સમકીતમૂલ ધર્મ છે. તે ધર્મ પાંચ અણુંવ્રત અને સાત શિક્ષાવ્રત એવા ભેદથી બાર પ્રકારનો છે; એમ જિનેશ્વરોએ કહ્યું છે. એ બન્ને પ્રકારનો ધર્મ દુષ્ટ એવા આઠ પ્રકારના કર્મનો ક્ષય કરવાનું કારણ છે; એમ જિનેશ્વરોએ કહ્યું છે. તપ પણ બાહ્ય અને અભ્યંતર એવા ભેદથી બાર પ્રકારનું છે. જે માણસો ભાવથી થોડું પણ તપ કરે છે, તે દામન્નકની પેઠે બન્ને લોકમાં સર્વ પ્રકારની લક્ષ્મીનું પાત્ર થાય છે. તે દામન્નકની કથા આ પ્રમાણેઃ—

તપવ્રત ઉપર
દામન્નકની કથા.

આ ભરતક્ષેત્રના રાજપુર નામના નગરમાં એક કુળપુત્ર રહેતો હતો, તેને જિનદાસ નામનો શ્રાવક મિત્ર હતો. એક દિવસ જિનદાસ શ્રાવક કુલપુત્રને સાધુ પાસે લઇ ગયો, તે વખતે સાધુએ જિનપ્રણિત ધર્મઉપદેશ આપ્યો. કુલપુત્રે તે ધર્મ સાંભળી માંછલાના માસનું ગુરૂ પાસે પચ્ચખ્ખાણ લીધું. પછી

સાધુએ તે દામન્નકને જોઇ ન્હાના સાધુને કહ્યું કે, " આ બાળક આ શેઠના ઘરનો માલીક થશે. " મુનિનું આ વચન ઘરના માલીક સાગરશેઠે સાંભળ્યું, તેથી તે ખેદ પામી વિચાર કરવા લાગ્યો કે: " મ્હારો પુત્ર ગુણવાન અને વિદ્વાન છે છતાં આ બાળક મ્હારા ઘરનો માલીક શી રીતે થશે ? જો એ બાળક મ્હારા ઘરનો માલીક થયો તો મ્હારૂં મ્હોટું કુળ ગયું એમજ સમજવું; માટે આ બાળકને કોઈ પણ ઉપાયથી મારી નાંખું."

આ પ્રમાણે વિચાર કરી સાગરશેઠે એક ચાંડાલને બોલાવી તેને તે પુત્ર મારી નાખવા માટે સોંપ્યો. ચાંડાલ તેને વનમાં દૂર લઇ ગયો અને ઉત્તમ લક્ષણવાળા તે પુરૂષને જોઈ વિચાર કરવા લાગ્યો કે, " આ બાળકે તે શેઠનું શું બગાડયું હશે કે જે આને મરાવી નાંખે છે. ધિક્કાર છે ! ધિક્કાર છે !! તે શેઠને. હું આ બાળકને નહીં મારી નાખું. " આવી રીતે વિચાર કરી ચાંડાલે તે દામન્નકની ટચલી આંગળી કાપીને કહ્યું કે:-" હે બાળક ! અહિંથી નાસી જા, જો પાછો આવ્યો તો જીવથી મારી નાંખીશ. " પછી બાળક દામન્નક ભય પામી વનમાં નાસી ગયો. રસ્તામાં તેને કોઇ ગોવાળે દીઠો, તેથી તેણે તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, " ભય ન પામીશ. " એમ કહી પોતાની પાસે રાખ્યો અને શાંત કર્યો. ગોવાળ અપુત્ર હતો તેથી તેણે પુણ્યના વશથી દામન્નકને પુત્ર કરીને રાખ્યો. દામન્નક પણ સુખે તેના ઘરને વિષે રહી ગયો ચારતો અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો.

એક દિવસ સાગરશેઠ ગોકુળ જોવા માટે ગયો, ત્યાં તે દામન્નકને જોઈ વિસ્મય પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, " દેવના સરખુ રૂપ ધારણ કરનારો આ કોણ છે ? " પછી તેણે ગોકુળમાં રહેનારા માનુસને પૂછ્યું કે " આ કોનો છોકરો છે? " ત્યારે તે ગોવાળીઆઓએ કહ્યું:-" શેઠ! એ બાળક અનાથ અને એકલો અહિં આવ્યો હતો, અને તમારા ગોવાળે પુત્ર કરી રાખેલો છે. "

ગોવાળીયાનાં આવાં વચન સાંભળી સાગરશેઠે વિચાર્યું કે

જોવા ગયો હતો. અર્ધી રાત પછી તે પોતાને ઘેર આવ્યો તો બારણાં બંધ હતાં, તેથી તે બાર પરસાળમાં ખાટલામાં જાગતો સૂતો. હવે શેઠના સુભટો તેને ત્યાં સુતેલો જોઈ પરસ્પર કહેવા લાગ્યા કે "શેઠને પૂછીને એને મારી નાંખીએ." પછી તેઓ શેઠને પુછવા માટે ગયા અને ત્યાં જમાઈની હકીકત કહી. તેવારે શેઠે કહ્યું:-"હે સુભટો ! જઇ ત્યાં જઈ તેને મારી નાંખો." શેઠની રજા લઇ સુભટો હથીયાર લઇ જેટલામાં ત્યાં આવ્યા, તેટલામાં માંકડ કરડતા હોવાથી ઉંઘ ન આવવાને લીધે દામન્નક ત્યાંથી ઉઠી મિત્રને ઘેર જઇ સૂઈ રહ્યો અને તેની જગ્યાએ આભાગ્યના યોગથી શેઠનો પુત્ર નાટક જોઇ આવીને સુતો હતો. સુતેલા શેઠના પુત્રને સુભટોએ દામન્નક ધારી મારી નાંખ્યો અને પછી તેઓ પોતાને ઠેકાણે ચાલ્યા ગયા. સવારે લોકોએ સાગર શેઠના પુત્રને મારી નાંખેલો જોઈ "હાય હાય! કોઇએ સાગરદત્ત શેઠના પુત્રને મારી નાંખ્યો છે." એમ કહેવા લાગ્યા. આ વાત [illegible] જાણી તથા તે અને તેની સ્ત્રી બન્ને જણાં છાતી ફાટી જવાથી મૃત્યુ પામ્યા. પછી [illegible] દામન્નકને સાગરશેઠના ઘરનો માલિક કર્યો. [illegible] લાગ્યો.

એક દિવસ દામન્નક [illegible] ઉપર બેઠો હતો, [illegible] તેની પાસે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વ્યજનોને પ્રતિબોધ કરતા છતા દેવતાએ રચેલા નવ કમળો ઉપર પગ ધારણ કરતા બીજે સ્થળે વિહાર કરી ગયા. સદ્દાલપુત્ર પણ કુટુંબસહિત ભાવથી શ્રી વીરપ્રભુએ કહેલા ધર્મનું પાલન કરવા લાગ્યો અને ભાવથી સાધુઓની સેવા કરતો છતો રેહેવા લાગ્યો.

હવે ગોશાળે સાંભળ્યું કે "સદ્દાલપુત્રે આજીવિકાના ધર્મને ત્યાગ કરી વર્દ્ધમાનજિનનો ધર્મ ગ્રહણ કર્યો." તેથી તે ગોશાળો મનમાં વિચાર કરવા લાગ્યો કે, "હાય હાય! જે બહુ હર્ષથી અશન, પાન વિગેરે પદાર્થોથી અમારી ભક્તિ કરતો તે સદ્દાલપુત્રને પણ શ્રી વીરે પ્રતિબોધ પમાડી પોતાનો કર્યો; માટે હમણાંજ હું પોલાસપુરમાં જઇ યુક્તિવાળા દ્રષ્ટાંતથી તેમ બીજા હેતુઓ તે સદ્દાલપુત્રને પ્રતિબોધ પમાડી મ્હારા મતને વિષે સ્થાપન કરૂં." આવો વિચાર કરીને તે પોતાના શિષ્યોના પરિવારસહિત પોલાસપુરમાં આવી પોતાના સેવકોની વિશાળાઓમાં સમવસર્યો. પછી તે શાળામાં ઉપાધ્યાયાદિકને મૂકી શિષ્યના પરિવારસહિત યુક્તિના વિચાર કરતો તે ગોશાળો સદ્દાલપુત્રને ઘેર ગયો. સદ્દાલપુત્રે ગોશાળાને પોતાને ઘેર આવેલો જોઇ, તેના સામું પણ ન જોયું તો પછી નમસ્કાર અને ભક્તિ વિગેરેની તો વાતજ શી? સદ્દાલપુત્ર શ્રી મહાવીર પ્રભુની આપેલ પાટ, પાટલી, સંથારા વિગેરેનો હેતુ એવા [illegible] કીર્તન કરતા હતા. તે સ્વરૂપ જોઇ ગોશાળાએ તેને કહ્યું "હે સદ્દાલપુત્ર! અહિં મહામાહણ આવેલા છે." ત્યારે સદ્દાલપુત્રે પૂછયું. "મહામાહણ કોણ છે?" ગોશાળે કહ્યું. "આ મહાવીર જગતના મહામાહણ કહેવાય છે." પછી સદ્દાલપુત્રે પૂછયું. "મહાવીર મહામાહણ શી રીતે કહેવાય?" મંખલીપુત્રે કહ્યું. "ઉત્પન્ન થયેલા જ્ઞાનને લીધે ત્રણલોકમાં પૂજન કરવા યોગ્ય હોવાથી અરિહંત જિનને મહામાહણ કહેલા છે. વળી હે ભદ્ર! આ નગરને વિષે મહાગોપાળ આવેલા છે." સદ્દાલપુત્રે પૂછયું. "મહાગોપાળ કોણ કહેવાય છે?" મંખલીપુત્રે કહ્યું. "શ્રીજિન મહાગોપાળ કહેવાય છે." ત્યારે સદ્દાલપુત્રે પૂછયું:-

વીરજિનને મહાગોવાળ કેમ કહેવાય છે?" ગોશાળે કહ્યું. "જેમ ગોવાળ ગાયોના ટોળાંને વનમાં ચારે છે, આમ તેમ જ તા એવા તે ગાયોના ટોળાંને ઘેર લાવે છે, શિકારી પશુઓથી રક્ષણ કરે છે, સંધ્યા વખતે વાડીમાં પૂરે છે, તેવી રીતે જિન પણ દુ:ખી એવા ભવ્યજનોને ઝટ કલ્યાણરૂપ વાડામાં રાખે છે. તેજ શુદ્ધ દંડવડે જિનેશ્વર ગોવાળ કહેવાય છે. તેમ હે ભદ્ર! અહિં મહા સાર્થવાહ આવેલા છે." સદ્દાલપુત્રે પુછ્યું. "મહા સાર્થવાહ કોણ કહેવાય છે?" ગોશાળે કહ્યું "જિનચંદ્ર વર્દ્ધમાન મહા સાર્થવાહ કહેવાય છે." ત્યારે સદ્દાલપુત્રે પુછ્યું. "તે મહા સાર્થવાહ શી રીતે કહેવાય છે?" તેવારે ગોશાળે કહ્યું. "જેમ સાર્થવાહ સર્વ માણસોના સમૂહને પોતાના સાર્થને વિષે રક્ષણ કરે છે, ચોરની ધાડનો ભય દૂર કરે છે, માર્ગ દેખાડે છે, ઇષ્ટ નગરમાં લઈ જાય છે, તેમ વીર જિનેશ્વર પણ જઘન્ય એવા મિથ્યાત્વને દૂર કરી, સમકિતરૂપ રત્ન આપી, શુદ્ધ માર્ગથી કુમાર્ગને દૂર કરી મોક્ષનગર પ્રત્યે પહોંચાડે છે; માટે સાર્થવાહ એમ કહ્યું છે. હે ભદ્ર! આ નગરને વિષે નિર્યામક આવેલ છે." સદ્દાલપુત્રે પુછ્યું. "નિર્યામક કોણ કહેવાય છે?" ગોશાળે કહ્યું. "ત્રણ લોકમાં પૂજ્ય એવા ત્રિસલાપુત્ર નિર્યામક કહેવાય છે." પછી સદ્દાલપુત્રે પુછ્યું. "તે નિર્યામક શી રીતે કહેવાય?" મંખલીપુત્રે કહ્યું. "જેમ નિર્યામક (વહાણ ચલાવનારો) સર્વ માણસોને વહાણ ઉપર ચડાવી મગર વિગેરેથી ભયંકર એવા સમુદ્રના એવા તે માણસોનું રક્ષણ કરે છે; વળી વહાણવડે સર્વ માણસોને સમુદ્રને કાંઠે ઉતારે છે; તેવી રીતે શ્રી વીર જિનેશ્વર જન્મ મરણરૂપ કલ્લોલથી બુડતા એવા ભવ્ય પ્રાણીઓને ધર્મરૂપ વહાણથી મોક્ષનગરીમાં પહોંચાડે છે; માટે તે નિર્યામક કહેવાય છે. હે ભદ્ર! આ નગરને વિષે મહા ધર્મકથક (ધર્મ કહેનાર) આવ્યા છે." સદ્દાલપુત્રે પુછ્યું. "ધર્મકથક કોણ કહેવાય છે?" ગોશાળાએ કહ્યું. "ત્રણ જગતમાં પૂજ્ય અને સિદ્ધાર્થરાજાના પુત્ર ધર્મકથક કહેવાય છે." પછી સદ્દાલપુત્રે પુછ્યું. "તે ધર્મકથક શામાટે કહેવાય છે?" ત્યારે ગોશાળે કહ્યું. "દુરમદપ

મગરે ગળેલા, દુષ્ટ અને મહા પાપમાં આશક્ત એવા લોકને ધર્મકથા કહે છે; વળી જિનમાર્ગથી ભુલા પડી અવળે માર્ગે જનારા માણસોને ધર્મકથાથી નિસ્તારે છે." સદાલપુત્ર શ્રી વર્દ્ધમાનસ્વામીના આવા ગુણનું કીર્તન સાંભળી પ્રસન્ન થઈ બોલ્યો:-"હે ગોશાળ! તું સર્વ શાસ્ત્રના અર્થને જાણનારો છે, સર્વ કળામાં કુશળ છે, ચતુર છે, પંડીત છે, જાણ છે, ઉપદેશ આપવામાં ચતુર છે અને જગતમાં પ્રસિદ્ધ છે તો મ્હારા ધર્માચાર્યની સાથે વિવાદ કર. જો તું મ્હારા ધર્માચાર્યને વાદવિવાદથી નિરુત્તર કરે તો હું ત્હારા મનમાં આવીશ." તેવારે ગોશાળે કહ્યું:-"હે સદાલપુત્ર! તે જિનેશ્વર અનંત શક્તિવાળા છે અને હું થોડી શક્તિવાળો છું તેથી હું તેમની સાથે વાદવિવાદ કરવા સમર્થ નથી. જેમ કોઇ જુવાન પુરુષ એલને, કબુતરને, કુકડાને અથવા તેતરને પુછડે અથવા પગે પકડે ત્યારે તે જેમ નાસી જવા શક્તિવંત થાય નહીં તેમ શ્રી વીર પણ મને અર્થ, હેતુ, યુક્તિ કે પ્રશ્ન પુછે તે હું તેમને ઉત્તર આપવા સમર્થ થઇશ નહીં. કેવળજ્ઞાને કરીને સુર્યરૂપ શ્રી વીરપ્રભુ સર્વ પદાર્થોને પ્રકાશ કરે છે, તેથી તે મ્હારા ધર્માચાર્યની સાથે હું વિવાદ કરવા સમર્થ નથી. કળહંસના બાળ જેવી ચાલ ચાલે તેવી ચાલ બગલાનું બચ્ચું ચાલી શકે ખરૂં? તેમજ જેવી રીતે સૂર્ય જગતનો પ્રકાશ કરે તેવી રીતે દીવો કરે ખરો? અર્થાત્ નજ કરે." ગોશાળાનાં આવાં વચન સાંભળી સદ્દાલપુત્રે કહ્યું:-"હે મંખલીપુત્ર! તું શ્રી વીર પ્રભુના સત્ય ગુણોનું કીર્તન કરે છે, માટે હું તને પાટ, પાટલી, શય્યા, સંથારો વિગેરે આપું છું: ધર્મ નિમિત્ત આપતો નથી; કેવળ ત્હારા ગુણ સાંભળી આપું છું." પછી ગોશાળો તે સર્વ વસ્તુ લઇ તેની દુકાનોમાં રહ્યો; ત્યાં તે સદાલપુત્રને યુક્તિસહિત હેતુથી પોતાના મતનો ઉપદેશ આપતો પણ સદાલપુત્રનું મન જરા પણ ચળાવવાને સમર્થ થયો નહીં; તેથી સદાલપુત્રને જિનધર્મમાં પ્રીતિવાળો જાણી ગોશાળો બીજે સ્થાને ચાલ્યો ગયો.

હવે સદાલપુત્રને જિનધર્મનું આરાધન કરતાં ચૌદ વર્ષ

થઇ મૃત્યુ પામી દુર્ગતિ પામીશ." દેવતાનાં આવાં ભયંકર વચનથી પણ પુણ્યાત્મા સદ્દાલપુત્ર ધર્મથી ચળ્યો નહીં, તેથી દેવતાએ બીજીવાર ત્રીજીવાર કહ્યું. ત્યારે સદ્દાલપુત્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ પાપીએ મ્હારા પુત્રોને મારી તેમના લોહી અને માંસવડે મ્હારા શરીરે લેપ કર્યો છે અને હમણાં તે મ્હારી સ્ત્રીને મારી નાંખવાની ઇચ્છા કરે છે; માટે હું તેને પકડી શિક્ષા કરૂં." આમ વિચારી તે જેટલામાં દેવતાને પકડવા માટે દોડયો, તેટલામાં દેવતા વિજળીની પેઠે આકાશમાર્ગે ઉડી ગયો. તેવારે સદ્દાલપુત્રે કોલાહલ કર્યો, તે સાંભળી તેની સ્ત્રીએ બહાર આવીને કહ્યું:-"હે આર્યપુત્ર! તમે કોલાહલ શા માટે કરો છો? ત્યારે સદ્દાલપુત્રે તેની આગળ સર્વ વાત કહી; એટલે સ્ત્રીએ કહ્યું:-" હે નાથ! તમને કોઇ દેવતા ઉપસર્ગ કરે છે, તમારા પુત્રો તો ઘરમાં સુખે સૂતા છે, તમે વ્રતભંગ થયા, માટે ગુરૂપાસે જઇ આલોચના લઇ કરેલા પાપની નિંદા કરો." પછી સદ્દાલપુત્રે સ્ત્રીના કહેવા પ્રમાણે ગુરૂની પાસે જઇ આલોચના લીધી. અનુક્રમે વીસ વર્ષ સુધી શ્રી જિનધર્મની આરાધના કરી અંતે આલોચના લઇ, અનશન કરી તે સદ્દાલપુત્ર સૌધર્મ દેવલોકમાં અરૂણપ્રભ વિમાનને વિષે ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહા સમૃદ્ધિવાળો દેવતા થયો.

શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછયું:-"હે નાથ! તે સદ્દાલપુત્ર શ્રાવક ત્યાંથી ચવી કઈ ગતિ પામશે?" તેવારે શ્રી મહાવીર પ્રભુએ કહ્યું:-" હે ગૌતમ! સદ્દાલપુત્ર શ્રાવક મહાવિદેહક્ષેત્રમાં ચવી સર્વ દુઃખનો અંત કરી ત્યાંજ સિદ્ધિપદ પામશે." સદ્દાલપુત્રનું આવુ અદ્ભૂત ચરિત્ર સાંભળી ગૌતમ સ્વામી વૈરાગ્ય પામ્યા.

ઇતિ શ્રી વાચકરત્ન લાભગણીના શિષ્ય રાજકીર્ત્તિગણીએ રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનામાં સદ્દાલપુત્ર શ્રાવકને પ્રતિબોધ નામનો સાતમો ઉલ્લાસ સંપૂર્ણ થયો.

ઉલ્લાસ આઠમો.

મહાશતક શ્રાવકનું ચરિત્ર.

હવે શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીની આગળ આઠમા મહાશતક શ્રાવકનું ચરિત્ર કહે છે:—

આ ભરતક્ષેત્રમાં રાજગૃહ નામનું નગર છે, ત્યાં ગુણશિલ નામનું ચૈત્ય છે; તે રાજગૃહ નગરમાં જિનભક્ત શ્રેણિક મહારાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં મ્હોટો ધનવંત મહાશતક નામનો શ્રાવક રહેતો હતો; તેને વેપારમાં, વ્યાજે અને નિધાનરૂપે પૃથ્વીમાં સાત સાત ક્રોડ ધન હતું. તેમજ આઠ ગોકુળ હતાં; તેને શોભા વધારી તેમ રૂપે પોતાથી દેવાંગનાઓને પણ જીતનારી રેવતી વિગેરે તેર સ્ત્રીઓ હતી. રેવતી પોતાના પિતાને ઘરથી આઠ ક્રોડ દ્રવ્ય [illegible] ભરીને મહાશતકને ઘેર લાવી હતી. તેમ આઠ ગોકુળ લાવી હતી. બીજી બાર સ્ત્રીઓ પણ પોતપોતાના પિતાને ઘરથી એક એક ક્રોડ દ્રવ્ય અને એક એક ગોકુળ લાવી હતી. ઇત્યાદિ મહાશતકને ઘેર બહુ સમૃદ્ધિ હતી. મહાશતક શ્રાવક પોતાની તેર સ્ત્રીઓ સાથે વિવિધ પ્રકારનાં વિષયસુખ ભોગવતો હતો.

એક દિવસ દેવ અને દાનવોએ સેવેલા, આઠ પ્રાતિહાર્યથી સુશોભિત, [illegible] ઉત્તમ ચામરોથી વિંઝાતા, ત્રણ છત્રથી સુશોભિત બનેલા અને જેમની આગળ ધર્મચક્ર ચાલી રહ્યું છે એવા, ઇત્યાદિ સમૃદ્ધિથી મનોહર એવા શ્રી મહાવીર જિનેશ્વર ગુણશિલ નામના ચૈત્યમાં સમવસર્યા. તેથી રાજા શ્રેણિક પ્રભુને નમસ્કાર કરવા [illegible] પોતે અને [illegible] સહિત મ્હોટા આડંબરથી સાથે છત્ર ધારણ કરતો છતો પ્રભુને વંદના કરવા ગયો. આ વખતે [illegible] બેઠેલા મહાશતકે [illegible] એક માણસને પૂછ્યું [illegible] મહાશતક મ્હોટા

સમૃદ્ધિથી કયાં જાય છે?" ત્યારે તે માણસે કહ્યું. "અહિં શ્રી વીરપ્રભુ સમવસરેલા છે, તેમને વંદના કરવા જાય છે." તે માણસનાં આવાં વચન સાંભળી હર્ષ પામેલો મહાશતક સ્નાન કરી, પૂજા કરી, પવિત્ર લુગડાં પહેરી ત્યાં શ્રીસહિત સમવસરણમાં આવ્યો અને પ્રભુને પ્રદક્ષિણાસહિત વંદના કરી આગળ બેઠો.

પછી ઇચ્છિત ફળ આપવામાં કલ્પવૃક્ષસમાન અને ત્રણ વિશ્વનાસ્વામી એવા શ્રી વર્દ્ધમાનસ્વામીએ અમૃતવાણીથી ધર્મ ઉપદેશ આપ્યો કે: "હે ભવ્યલોકો! આ સંસારમાં સંયોગ, વિયોગ, આપત્તિ, સંપત્તિ, ભોગ, રોગ, સધન, નિર્ધન, સુખી, દુઃખ, યૌવનાવસ્થા અને વૃદ્ધાવસ્થા વિગેરેથી યુક્ત એવા આ સર્વ લોકને જાણી તેમજ આ લોકના સુખને અશાશ્વત જાણી શાશ્વત એવા સુખનું આરાધન કરો. ભાવથી આદરેલો ધર્મ મોક્ષ સુખ આપનારા થાય છે, અને ભાવ વિના કરેલો ધર્મ સંસારનું કારણ થાય છે. માટે ભાવનાએ ચડવામાં ભાવના નિરન્તર સમાન [illegible] છે. જે પુરુષ ભાવના ભાવે છે તે પુરુષ અસમમતની પેઠે સુખ પામે છે." તેવારે શ્રી ગૌતમસ્વામીએ કહ્યું "હે સ્વામી! તે અસમમત કોણ હતા? અને તેનું આ [illegible]" ત્યારે શ્રી જિનેશ્વર પ્રભુએ કહ્યું -

ભાવના ઉપર
અસમમતની કથા.

આ ભરતક્ષેત્રમાં વસન્તપુર નગરને વિષે અરિમર્દન નામનો રાજા રાજ્ય કરતા હતા. તેને સર્વ ગાત્રના [illegible] એવો લલિતાંગ નામના પુત્ર હતા. તે કુમાર વસન્તઋતુમાં કોઇએક દિવસ વનમાં ક્રીડા કરવા ગયા હતા. ત્યાં તેનું ક્રીડા કરતાં એક મંત્રીની સ્ત્રી ઉપર [illegible] તેના ચિત્તમાં પ્રીતિ ઉત્પન્ન થઇ. પછી તેનું એક મિત્ર [illegible] કહેવા લાગ્યું કે-"હે મારા ભાગ્યશાળી! આપનું શરીર કાંઇ [illegible] થયું?" તેવારે મંત્રીની સ્ત્રીએ હર્ષથી કહ્યું. "હે સુંદર! હું અત્યારથી બહાર નિકળતી નથી, કારણ મ્હારો

મુનિને કહ્યું:-"હે ભગવન્! સંસાર સમુદ્રમાં બૂડતા એવા મને પરમાર્થનો ઉપદેશ કરીને તારો." પછી મુનિરાજે સાધુધર્મનો ઉપદેશ કર્યો, તેથી વૈરાગ્ય પામેલા લલિતાંગ કુમારે દીક્ષા લીધી. પછી ઘોર તપ કરતા અને શુદ્ધ ક્રિયા પાળતા એવા તે લલિતાંગમુનિ ખેમપુર નગરના ઉપવનમાં આવ્યા; તે નગરમાં અસંમત નામનો એક નાસ્તિક રહેતો હતો, તે ફક્ત પંચભૂત શિવાય માતાને, પિતાને, ભાઈઓને, ગુરૂને, દેવને, જીવને, પુણ્યને, પાપને, નરકને, મુક્તિને કે પરલોકને કોઈને પણ માનતો નહોતો. વાચાલપણાથી દેવગુરુનું ઉત્થાપન કરતો, ને બહુ ગર્વ ધરતો હતો.

હવે જે ઉપવનમાં લલિતાંગ મુનિ રહેતા હતા, તે ઉપવનની પાસેની નદીમાં અકસ્માત્ બહુ પુર આવ્યું તેથી સર્વે ઝાડો બૂડી ગયાં, પણ તપના પ્રભાવથી તે લલિતાંગમુનિ બૂડયા નહીં. મુનિરાજને નહિં બૂડેલા જોઇ બહુ વિસ્મય પામેલા નગરલોકો પરસ્પર કહેવા લાગ્યા કે, "આ મુનિ પાણીમાં બૂડયા નહીં તે તેમના તપનો પ્રભાવ છે." પછી નગરવાસી સર્વે લોકો વંદના કરવા લાગ્યા, પૂજવા લાગ્યા, સેવા કરવા લાગ્યા, અને નગરમાં જે રોગી હતા તેઓ પણ પોતાના શરીરે મુનિના પગની રજ ચોળવા લાગ્યા, તેથી તેઓના સર્વ રોગ જવા લાગ્યા. આમ થવાથી મુનિનો પ્રભાવ ફેલાવા લાગ્યો.

હવે મુનિનો પ્રભાવ સાંભળી પેલો અસંમત પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, "લોકો આ મુનિ તપના પ્રભાવથી બૂડયા [illegible] વાત છે." આમ વિચાર કરી તે [illegible] સાંકળવડે બાંધ્યા અને લાકડાં [illegible]

પછી તે અસમ્મત મુનિની પાસે આવ્યો અને તેમના પગમાં વંદના કરી સાંકળના બંધનથી છોડી નાંખી વિચાર કરવા લાગ્યો કે, "આ મુનિ પાણીથી બુડયા નહીં તેમ અગ્નિથી દાઝયા નહીં તેથી તે મ્હારે સેવા કરવા યોગ્ય છે એમ હું માનું છું. તપથી વિઘ્નો દૂર થાય છે અને લોકમાં જેટલાં સુખો છે તેટલાં તપથી આવી મળે છે. જે માણસો પૂર્વભવે તપ કરતા નથી તેઓ આ ભવમાં દુઃખી થાય છે. જે જીવ આ ભવમાં નિર્મળ તપ કરે છે, તે જીવ પરભવે સ્વર્ગમાં જઇ દેવસુખ ભોગવે છે અને ફરી તે આ લોકમાં મનુષ્યભવ પામી ધર્મ કરી મુક્તિસુખ મેળવે છે." આવી રીતે તત્વનો વિચાર કરતો તે અસમ્મત શુક્લધ્યાને ચડયો, ઘાતિકર્મનો ક્ષય થવાથી તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેવારે દેવતાએ સાધુનો વેશ આપ્યો. પછી દેવતાએ રચેલા સોનાના કમળ ઉપર બેશી કેવળીએ ધર્મદેશના આપી; તે સાંભળી બહુ ભવ્યજીવો ધર્મને વિષે દઢચિત્તવાળા થયા. આવી રીતે જે માણસો ભાવના ભાવે છે. તેઓ સંસારસમુદ્ર તરી કેવળજ્ઞાન પામી મુક્તિસુખ મેળવે છે.

ઇતિ અસમતની કથા

શ્રી જિનેશ્વરના મુખથી આવો ધર્મોપદેશ સાંભળી [illegible] પામેલા મહાશતકે બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કર્યો. [illegible] આઠ ક્રોડ સોનાના મહોરો અને આઠ ગોકુળ [illegible] કરી [illegible]. તેમજ પોતાના ઘરમાં પોતાની તેર સ્ત્રીઓ વિના [illegible] બીજી પણ [illegible] ની [illegible] બહુ નિયમ [illegible] કર્યા.

મહાશતક શ્રાવક [illegible] નિયમ [illegible] અને [illegible] વર્ષ [illegible] [illegible] બહુ [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કર્યા.

[illegible]

મુનિને કહ્યું:-"હે ભગવન્! સંસાર સમુદ્રમાં બૂડતા એવા મને પરમાર્થનો ઉપદેશ કરીને તારો." પછી મુનિરાજે સાધુધર્મનો ઉપદેશ કર્યો, તેથી વૈરાગ્ય પામેલા લલિતાંગ કુમારે દીક્ષા લીધી. પછી ઘોર તપ કરતા અને શુદ્ધ ક્રિયા પાળતા એવા તે લલિતાંગમુનિ ખેમપુર નગરના ઉપવનમાં આવ્યા; તે નગરમાં અસંમત નામનો એક નાસ્તિક રહેતો હતો, તે ફક્ત પંચભૂત શિવાય માતાને, પિતાને, ભાઈઓને, ગુરૂને, દેવને, જીવને, પુણ્યને, પાપને, નરકને, મુક્તિને કે પરલોકને કોઈને પણ માનતો નહોતો. વાચાલપણાથી દેવગુરૂનું ઉત્થાપન કરતો, ને બહુ ગર્વ ધરતો હતો.

હવે જે ઉપવનમાં લલિતાંગ મુનિ રહેતા હતા, તે ઉપવનની પાસેની નદીમાં અકસ્માત્ બહુ પુર આવ્યું તેથી સર્વે ઝાડો બૂડી ગયાં, પણ તપના પ્રભાવથી તે લલિતાંગમુનિ બૂડયા નહીં. મુનિરાજને નહિં બૂડેલા જોઈ બહુ વિસ્મય પામેલા નગરલોકો પરસ્પર કહેવા લાગ્યા કે, "આ મુનિ પાણીમાં બૂડયા નહીં તે તેમના તપનો પ્રભાવ છે." પછી નગરવાસી સર્વે લોકો વંદના કરવા લાગ્યા, પૂજવા લાગ્યા, સેવા કરવા લાગ્યા, અને નગરમાં જે રોગી હતા તેઓ પણ પોતાના શરીરે મુનિના પગની રજ ચોળવા લાગ્યા, તેથી તેઓના સર્વ રોગ જવા લાગ્યા. આમ થવાથી મુનિનો પ્રભાવ ફેલાવા લાગ્યો.

હવે મુનિનો પ્રભાવ સાંભળી પેલો અસંમત નાસ્તિક પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, "લોકો કહે છે કે આ મુનિ તપના પ્રભાવથી બુડયા નહીં, તે વાત ખોટી જણાય છે." આમ વિચાર કરી તે દુષ્ટે રાત્રે ઉપવનમાં આવી મુનિને સાંકળવડે બાંધ્યા અને લાકડાં એકઠાં કરી મુનિને સળગાવવા માંડયા; પરન્તુ તે અગ્નિએ મુનિને પ્રદક્ષિણા કરી પાસેના બાગમાં રહેલાં ઝાડો બાળી નાંખ્યાં અને મુનિના એક રૂવાડા માત્રને બાળ્યું નહીં. પછી તે દુષ્ટ અસંમત, મુનિને ધ્યાનમાં રહેલા જોઈ મનમાં ચમત્કાર પામી વિચાર કરવા લાગ્યો કે, "આ મુનિ અગ્નિથી ન બળ્યા તે તેમના તપનો પ્રભાવ છે."

પછી તે અસંમત મુનિની પાસે આવ્યો અને તેમના પગમાં વંદના કરી સાંકળના બંધનથી છોડી નાંખી વિચાર કરવા લાગ્યો કે, "આ મુનિ પાણીથી બૂડયા નહીં તેમ અગ્નિથી દાઝ્યા નહીં તેથી તે મ્હારે સેવા કરવા યોગ્ય છે એમ હું માનું છું. તપથી વિઘ્નો દૂર થાય છે અને લોકમાં જેટલાં સુખો છે તેટલાં તપથી આવી મળે છે. જે માણસો પૂર્વભવે તપ કરતા નથી તેઓ આ ભવમાં દુઃખી થાય છે. જે જીવ આ ભવમાં નિર્મળ તપ કરે છે, તે જીવ પરભવે સ્વર્ગમાં જઇ દેવસુખ ભોગવે છે અને ફરી તે આ લોકમાં મનુષ્યભવ પામી ધર્મ કરી મુક્તિસુખ મેળવે છે." આવી રીતે તત્વનો વિચાર કરતો તે અસંમત શુક્લધ્યાને ચડયો, ઘાતિકર્મનો ક્ષય થવાથી તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેવારે દેવતાએ સાધુનો વેશ આપ્યો. પછી દેવતાએ રચેલા સોનાના કમળ ઉપર બેશી કેવળીએ ધર્મદેશના આપી; તે સાંભળી બહુ ભવ્યજીવો ધર્મને વિષે દૃઢચિત્તવાળા થયા. આવી રીતે જે માણસો ભાવના ભાવે છે, તેઓ સંસારસમુદ્ર તરી કેવળજ્ઞાન પામી મુક્તિસુખ મેળવે છે.

ઇતિ અસંમતની કથા

શ્રી જિનેશ્વરના મુખથી આવો ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામેલા મહાશતકે બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગિકાર કર્યો. તેણે વેપારમાં આઠ ક્રોડ સોના મ્હોરો અને આઠ ગોકુળ મોકળાં રાખ્યાં; તેમજ પાંચમા વ્રતમાં પોતાની તેર સ્ત્રીઓ વિના બીજી સ્ત્રીઓનું પચ્ચખ્ખાણ લીધું. બીજા પણ આણંદ શ્રાવકની પેઠે બહુ નિયમો ધારણ કર્યા.

મહાશતક શ્રાવક આ પ્રમાણે નિયમો લઇ અને દૃઢ ભાવથી જિનધર્મ ધારણ કરી તેમજ પ્રભુને બીજા બહુ પ્રશ્નો પૂછી અને વંદના કરી પોતાના આત્માને ધન્ય માનતો છતો પોતાને ઘેર આવ્યો. અને શ્રી વીરપ્રભુ ભવ્યજનોના હૃદયમાં ધર્મરૂપ વૃક્ષનું બીજ વાવી બીજે વિહાર કરી ગયા.

હવે મહાશતકની મ્હોટી સ્ત્રી રેવતી મનમાં વિચાર કરવા લાગી કે, "મ્હારૂં યૌવન વનના ફુલની પેઠે નિષ્ફળ જાય છે

કારણ કે હું પતિની સાથે વિષયસુખ તેરમે તેરમે દિવસે જ પામું છું. માટે જો હું કોઈ ઉપાયથી બાર શોકયોને મારી નાંખું તો મને પતિની સાથે બહુ વિષયસુખ મળે. અત્યારે મ્હારા હાથમાં એક ક્રોડ સોના મ્હોરો અને એક ગોકુળ છે, માટે કોઇ પણ ઉપાયથી શસ્ત્ર અથવા વિષનો પ્રયોગ કરી ધારેલું કામ પાર પાડું." આવી રીતે વિચાર કરી શોકયોનાં છિદ્રો જોતી એવી તે દુષ્ટાએ છ શોકયોને શસ્ત્ર પ્રયોગથી અને છ શોકયોને વિષપ્રયોગથી મારી નાંખી તેમની સર્વ સમૃદ્ધિ પોતે લઇ લીધી. અહો! વિષયમાં લાલચુ થએલા અને લોભથી આંધળા થએલા માણસોને ન કરી શકાય એવું કોઇ કુકૃત્ય કે પાપ નથી. કહ્યું છે કે—

अनृतं साहसं माया, मूर्खत्वमति लोभता ॥
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥

ભાવાર્થ:—જુઠું બોલવું, સાહસ કરવું, કપટ કરવું, મૂર્ખપણું રાખવું, અતિલોભીપણું કરવું, અપવિત્રપણું રાખવું અને નિર્દયપણું રાખવું એ સાત સ્ત્રીઓના સ્વભાવિક દોષો છે.

પછી પાપી, પાપ આચારવાળી, પાપ બુદ્ધિવાળી અને માંસ ખાવામાં લાલચુ એવી રેવતી નિરંતર માંસ ખાવા લાગી. આ વખતે શ્રી વર્દ્ધમાનસ્વામીના ભક્ત એવા શ્રેણિક રાજાએ એવો અમારી પડહ વગડાવ્યો કે, " હે લોકો! સાંભળો. જે માણસ જીવવધ કરશે તેને શ્રેણિકરાજા મ્હોટી શિક્ષા કરશે. " રેવતી આવો પડહ સાંભળી પોતાના માણસો મોકલી પોતાના ગોકુળમાંથી નિરંતર બે વાછરડાંને મારીને મગાવા લાગી, તે માણસો પણ તેની આજ્ઞા પ્રમાણે કરવા લાગ્યા. માંસ ખાવામાં લોભી થએલી, વિષયસુખ ભોગવવામાં આગ્રહવાળી બનેલી અને મદ્ય પીવામાં લંપટ થએલી એવી તે રેવતી નિરંતર આપતની સાથે [illegible] વીને [illegible] પાન કરતી; ત્યાર પછી તે [illegible] કાળ જતો હતો. [illegible] ચૌદ વર્ષ વીતી ગયાં. પ [illegible] ારિકા કરતા એવા

ભાવાર્થ:—સોળ વર્ષની સ્ત્રી અને પચીસ વર્ષના પુરૂષની જે પરસ્પર ગાઢ પ્રીતિ તેજ સ્વર્ગ કહેવાય છે.

માટે હે નાથ! આ વ્રત ત્યજી દઈ શ્રેષ્ઠ વિષયસુખ ભોગવો; કારણ વિષયસુખ લોકમાં દુર્લભ છે."

આ પ્રમાણે કહેતી, હસતી, હાવભાવ અને શૃંગાર વિગેરેથી કટાક્ષોને ફેંકતી એવી તે રેવતી પતિની આગળ ઉભી રહી. સ્ત્રીનાં વચનો સાંભળ્યા છતાં પણ મહાશતક નિશ્ચલ મનથી ધ્યાન કરતો હતો, તેથી રેવતી તેને બીજીવાર ત્રીજીવાર તેમનું તેમ કહેવા લાગી; પરંતુ તેથી મહાશતકનું મન જરા પણ વિકાર પામ્યું નહીં. કહ્યું છે કે:—

> जिणवयणमुवगयाणं न हरइ हिययाइं महिलियाकावि ॥
> णिर्थापि जामरूपा हविज्ज जहा जहन्नयवसाया ॥

ભાવાર્થ:—જિનેશ્વરના વચનને પ્રાપ્ત થએલા પુરૂષના હૃદયને કોઈ ઉત્તમ રૂપવાળી સ્ત્રી પણ હરણ કરી શકતી નથી.

પછી પતિને દૃઢ ચિત્તવાળો જાણી રેવતી પોતાને ઘેર ગઈ. મહાશતક પણ પડિમા વહેતો છતો શરીરે ક્ષીણ થઈ ગયો તેથી તેણે સંલેખના કરી આર્ત્ત રૌદ્રધ્યાન ત્યજી દઈ અનશન લીધું, અને શુભ ધ્યાન આરંભ્યું. પછી તેને આનંદ શ્રાવકની પેઠે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું તેથી તે મહાશતક ચારે દિશા તરફ એક હજાર યોજન ક્ષેત્ર જોવા લાગ્યો. પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશા તરફ લવણસમુદ્રમાં એક હજાર યોજન ક્ષેત્ર, ઉત્તર દિશામાં ચુલ્લ હિમવંત પર્વત. પૃથ્વીમાં રત્નપ્રભા નામની પૃથ્વીના લોલુક નામના નરકાવાસ જોવા લાગ્યો.

એક દિવસ મદ્યપાન કરી મદોન્મત્ત થએલી રેવતી મહાશતકની પાસે આવીને કામને ઉત્પન્ન કરે તેવાં વચનો કહેવા લાગી કે, "હે નાથ! અમારા મનુષ્યના હૃદયમાં રહેલા મારૂં મળ્યું આ તન આપને જ અર્પણ્યું છે! હે પ્રાણનાથ! તમારા પૂરો નાનો રમણનો તેમ ચિત્તવાળો છે; યુવાન અવસ્થાવાળી એવી મને કામ બહુ પીડા પમાડે છે; સ્ત્રીઓની પતિ વિના જરા પણ શોભા નથી; માટે હે નાથ! કૃપા કરી

તોપણ તે ધ્યાનથી ચળ્યો નહીં; તેથી સ્રીએ બે ત્રણવાર કહ્યું, એટલે ક્રોધ પામેલા મહાશતકે કહ્યું કે:-" હે દુષ્ટ પાપિણી! આજથી સાતમે દિવસે તું ઝાડાના રોગથી મૃત્યુ પામી રત્નપ્રભા પૃથ્વીને વિષે નારકી થઇશ." હે ગૌતમ! તેને આવું વચન બો લવું યોગ્ય નહોતું; કેમકે તે મહાશતકે સર્વ જીવોને ખમાવીને અનશન લીધું છે. જે વચન લોકમાં બીજાને પીડા કરનારૂં હોય તે સત્ય હોય તોપણ અસત્ય જાણવું, અને જે સર્વને હિ તકારી તથા અનુસરતું હોય તે સત્ય કહેવાય છે. કહ્યું છે કે:-

प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतवचनमुच्यते ॥
तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥

ભાવાર્થ:-જે પ્રિય, હિતકારી અને સત્ય હોય તેજ સત્ય વચન કહેવાય છે; પરંતુ જે અપ્રિય અને અહિતકારી સત્ય હોય તે સત્ય ન જાણવું. જે વચનથી બીજા જીવ સમૂહો દુ:ખ પામે તેવું વચન ધર્માર્થી પુરૂષોએ ન બોલવું. કહ્યું છે કે:—

जेण परो दुमिज्जइ पाणिवहो जेण भणिएण ॥
अप्पा पडइ किलेसे तं णहु जंपंति गीयत्था ॥

ભાવાર્થ:—જે વચનથી બીજાઓ દુ:ખ પામે છે, જે વચનથી પ્રાણીવધ થાય છે, તેમજ આત્મા કલેશ પામે છે, તેવું વચન ગીતાર્થ પુરૂષો કયારે પણ બોલતા નથી. વળી દશવૈકાલિકમાં કહ્યું છે કે:—

मुहुत्तदुःखाओ हवंति कंटया. आओमया तेउतओ सुउद्धरा॥
वाया दुरुत्ताणि दुरुद्धराणि वेराणुबंधामि महाभ्भयाणि ॥

ભાવાર્થ:—લોઢાના કાંટાઓ બે ઘડી દુ:ખ કરનારા તેમજ તેઓ સુખે કાઢી શકાય તેવા હોય છે; પરંતુ વચનરૂપી કાંટા તો દુ:ખે ઉદ્ધરી શકાય તેવા, વળી વેર બાંધનારા અને મહા ભયંકર હોય છે.

માટે હે ગૌતમ! તું ત્યાં જઈ તે શ્રમણોપાસક એવા મહાશતકને કહે કે "તું પાપની આલોચના કરી મિથ્યાદુષ્કૃત

શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુને પૂછ્યું:-"હે ભગવન્! તે મહાશતક શ્રાવક ત્યાંથી ચવી કઈ ગતિ પામશે?" ત્યારે શ્રી મહાવીર પ્રભુએ કહ્યું:-"હે ગૌતમ! મહાશતક શ્રાવક ત્યાંથી ચવી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યભવ પામી કેવળજ્ઞાન મેળવી મોક્ષ પામશે." શ્રી સુધર્માસ્વામીએ આ પ્રમાણે કહેલા મહાશતક શ્રાવકના ચરિત્રને સાંભળી જંબૂસ્વામી વૈરાગ્ય પામ્યા.



ઇતિ શ્રી વાચકરત્ન લાભગણીના શિષ્ય રાજકીર્તિગણીએ રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનામાં મહાશતક શ્રાવકને પ્રતિબોધ નામનો આઠમો ઉલ્લાસ સંપૂર્ણ થયો.



તો નથી, જે પુરૂષ પ્રાણી ઉપર દયા કરે છે તે ભીમકુમારની પેઠે દેવતાને બહુ માન આપવા યોગ્ય થાય છે." ત્યારે શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું:-"હે ભગવન્! તે ભીમકુમાર કોણ હતો? તેણે જીવદયા શીરીતે પાળી? અને તે દેવતાઓમાં માન પામવા યોગ્ય શી રીતે થયો?" ત્યારે પ્રભુએ કહ્યું:—

જીવદયા પાળવા ઉપર ભીમકુમારની કથા.

આ ભરતક્ષેત્રમાં કમલપુર નામે નગર છે, ત્યાં નરવાહન નામનો રાજા રાજ્ય કરે છે, તેને માલતી નામની સ્ત્રી છે, તેઓને ભીમ નામનો કુમાર છે. એક દિવસ વનમાં ક્રીડા કરવા ગયેલા ભીમકુમારે એક ઝાડની નિચે બેઠેલા સાધુને દીઠા, ભીમકુમાર તેમને વંદના કરી આગળ બેઠો; પછી સાધુએ ધર્મઉપદેશ આપ્યો એટલે તે સમકીતમૂલ શ્રાવકધર્મ અંગિકાર કરી પોતાને ઘર આવ્યો અને મુનિરાજે કહેલી રીતે ધર્મને પાળવા લાગ્યો.

એક દિવસ કોઈ એક કાપાલિક હાથમાં ફુલફળ લઇ ભીમકુમારની પાસે આવ્યો, અને તે વસ્તુની ભેટ મૂકી બોલ્યો કે "હે કુમાર! સત્પુરૂષો ક્યારે પણ પ્રાર્થનાનો ભંગ કરતા નથી, તેથી હું પણ ત્હારી પ્રાર્થના કરૂં છું કે, મેં બાર વર્ષસુધી વિદ્યાદેવીની આરાધના કરી છે, માટે આ ચાદશને દિવસે વિદ્યાની સાધના કરવાની ઇચ્છા રાખું છું. તું સર્વ પ્રાણીઓ ઉપર ઉપકાર કરે છે, માટે મ્હારી વિદ્યાસાધનમાં તું ઉત્તરસાધક થા." પરોપકાર કરવામાં પ્રીતિવાળા કુમારે તે કાપાલિકનું વચન કબૂલ કર્યું. પછી ચાદશનો દિવસ આવ્યો એટલે તેના મિત્ર પ્રધાનપુત્રે ના કહ્યા છતાં પણ ભીમકુમાર કાપાલિકની પાસે જવા માટે તૈયાર થયો અને પોતાની તરવાર હાથમાં લઈ એકલો સ્મશાનમાં ગયો. યોગી પણ મંડલ આલેખી, દેવતાની પૂજા કરી કુમારની શિખા (માથાના વાળ) બાંધવા ઉભો થયો. તેવારે કુમારે તેના દુષ્ટ અભિપ્રાય જાણીને કહ્યું: "હે કાપાલિક!

તે નથી, કે જે પુરૂષ પ્રાણી ઉપર દયા કરે છે તે ભીમકુમારની પેઠે દેવતાને પણ માન આપવા યોગ્ય થાય છે." ત્યારે શ્રી ગૌતમસ્વામીએ પુછ્યું: "હે ભગવન્! તે ભીમકુમાર કોણ હતો? તેણે જીવદયા શી રીતે પાળી? અને તે દેવતાઓમાં માન પામવા યોગ્ય શી રીતે થયો?" ત્યારે પ્રભુએ કહ્યું:—

જીવદયા પાળવા ઉપર ભીમકુમારની કથા.

આ ભરતક્ષેત્રમાં કમલપુર નામે નગર છે, ત્યાં નરવાહન નામનો રાજા રાજ્ય કરે છે, તેને [illegible] નામની રાણી છે, તેઓને ભીમ નામનો કુમાર છે. એક દિવસ વનમાં ક્રીડા કરવા ગયેલા ભીમકુમારે એક ઝાડની નિચે બેઠેલા સાધુને દીઠા, ભીમકુમાર તેમને વંદના કરી આગળ બેઠો; પછી સાધુએ ધર્મોપદેશ આપ્યો. એટલે તે [illegible] શ્રાવકધર્મ અંગિકાર કરી પોતાને ઘેર આવ્યો અને મુનિરાજે કહેલી રીતે ધર્મને પાળવા લાગ્યો.

એક દિવસ કોઈ એક કાપાલિક [illegible] ભીમકુમારની પાસે આવ્યો, અને તે વસ્તુની ભેટ મૂકી બેઠો. કે "હે કુમાર! [illegible] ત્યારે [illegible] પ્રાર્થનાનો ભંગ કરતા નથી, [illegible] કે, મેં બાર વર્ષસુધી [illegible] વિદ્યાની [illegible] ઉપર [illegible] કાપાલિકનું વચન [illegible] કાપાલિકની પાસે [illegible] [illegible] કાપાલિક!

नजातु कामः कामानामुपभोगेन शाम्यति ॥
हविषा कृष्णवर्त्मेव भूय एवा विवर्द्धते ॥

ભાવાર્થ:—કામ ભોગવવાથી ક્યારે પણ ઇચ્છા પૂર્ણ થતી નથી, પરંતુ ઘી હોમવાથી અગ્નિની પેઠે બહુ વૃદ્ધિ પામે છે.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोपमा ॥
कामे अपत्थिमाणाय आकामा जंति दुग्गइं ॥

ભાવાર્થ:—કામો શલ્યરૂપ છે, કામો વિષરૂપ છે અને કામો સાપના ઝેર જેવા છે. વળી કામની પ્રાર્થના કરનારા બહુ કામવાળા માણસો દુર્ગતિને પામે છે.

ભીમકુમારનાં આવાં વચન સાંભળીને હર્ષ પામેલી દેવીએ કહ્યું:-"હે કુમાર! તું ધન્ય અને પુણ્યવંત છે, કારણ કે તેં આવી યૌવનાવસ્થામાં પોતાના આત્માને વશ કર્યો છે; તેં મને યુક્તિથી પ્રતિબોધ પમાડી છે." પછી કુમારે ક્યાંઇથી સંભળાતા એવા મધુર અવાજને સાંભળી દેવીને પૂછયું. "આ શબ્દ કોનો સંભળાય છે?" ત્યારે દેવીએ કહ્યું. "આ પર્વત ઉપર ચાતુર્માસ રહેલા મુનિઓ સ્વાધ્યાય કરે છે, તેનો એ શબ્દ સંભળાય છે." દેવીનાં એવાં વચન સાંભળી કુમાર ત્યાં ગયો અને મુનિને વંદના કરી પૂછવા લાગ્યો. "તમે આ ઘોર અરણ્યમાં શામાટે રહ્યા છો?" આવી રીતે કુમાર જેટલામાં પૂછતો હતો તેટલામાં એક ભુજા (હાથ) ત્યાં આવી કુમારની તરવાર લઇ આકાશમાર્ગે જવા લાગી. તેવારે કુમાર પણ ધૈર્ય ધરી તે ભુજા ઉપર ચડી ગયો. પછી ભુજા કુમારસહિત કાલિકા દેવીના મંદિરને વિષે આવી, એટલે કુમાર ભુજા ઉપરથી ઉતરી મંદિરમાં ગયો; ત્યાં પેલો યોગી બેઠો હતો તેથી ભુજાએ યોગીના શરીરમાં પ્રવેશ કર્યો. અને કુમાર પણ એકાંતમાં સંતાઇ રહ્યો.

હવે કાપાલિકે પ્રથમથી કોઇ સારી આકૃતિવાળા માણસને પકડી રાખ્યો હતો, તેથી તેણે તે પુરૂષને કહ્યું કે "અરે! તુ ત્હારા ઇષ્ટદેવતાનું સ્મરણ કર અને કોઇનું શરણ લે. કારણ

પુરૂષે કહ્યું:-"મ્હારે વીતરાગ દેવનું શરણ થાઓ અને ભીમકુમાર શરણ થાઓ; કે જે ત્હારા સરખાથી ગાંજ્યા જાય તેવા નથી." તેવારે યોગીએ કહ્યું. "અરે મુર્ખ! તેવા કુપુરૂષનું શામાટે શરણ કરે છે, ભીમકુમાર તો મેં મારવા માંડ્યો તેથી કયાંઈ નાસી ગયો છે, હમણાં ત્હારા માથાથી હું દેવીની પુજા કરીશ." આવી રીતે યોગી કહેતો હતો એવામાં કુમારે પ્રગટ થઇને કહ્યું:-"અરે ચાંડાલ કાપાલિક! તું એને શામાટે મારે છે?" કુમારનાં આવાં વચન સાંભળી કાપાલિક તે પુરૂષને ત્યજી દઈ ભીમકુમારને મારવા માટે દોડ્યો, બન્ને જણાઓનું ઘોર યુદ્ધ થયું, છેવટ કુમારે કાપાલિકને પકડી પૃથ્વી ઉપર પાડી દીધો અને તેની છાતી ઉપર ચડીને કહ્યું:-"અરે ચાંડાલ! હમણાં તું જ ત્હારા ઈષ્ટદેવનું સ્મરણ કર." પછી કાલિકા દેવી કુમારના સત્વથી પ્રસન્ન થઇને કહેવા લાગી. "હે કુમાર! તું મ્હારા ભક્ત એવા તે યોગીને ન માર અને મ્હારી પાસેથી વરદાન માગ." તેવારે ભીમકુમારે કહ્યું. "હે દેવી! જો તું મ્હારા ઉપર પ્રસન્ન થઈ હોય તો જીવદયા પાળ; કારણ સર્વ પ્રાણીઓને પોતાનો જીવ વહાલો છે. કહ્યું છે કે:-

सुखार्थं दुःखसंतानं, मंगलार्थेऽप्यमंगलं ॥
जीवितार्थं ध्रुवंमृत्युं कृता हिंसा प्रयच्छति ॥

ભાવાર્થ:-સુખને અર્થે કરેલી હિંસા દુઃખનો સમૂહ આપે છે; મંગળને અર્થે કરેલી હિંસા અમંગળ આપે છે; જીવિતને અર્થે કરેલી હિંસા નિશ્ચે મૃત્યુ આપે છે.

म्रियस्वेत्युच्यमानोऽपि देही भवति दुःखितः ॥
मार्यमाणः प्रहरणै र्दारुणैः स कथं भवतु ॥

ભાવાર્થ:-"તું મરી જા." એમ કહ્યાથી પણ પ્રાણી દુઃખી થાય છે તો પછી દારૂણ પ્રહારવડે મારેલો તે પ્રાણી કેમ દુઃખી ન થાય?

કુમારનાં આવાં વચન સાંભળી કાળિકાએ કહ્યું.-"હે કુમાર! હું આજથી આરંભીને જીવવધ નહિં કરૂં." એમ કહી તે કાળિકા દેવી અદૃશ્ય થઇ ગયાં.

હવે કપાલિક જે પુરૂષને ત્યાં મારી નાંખવા માટે લાવ્યો હતો તે પ્રધાન પુત્ર હતો, તેથી કુમાર તેને ઓળખીને બોલી પડયો અને બોલ્યો કે: "હે મંત્રી! તમે જાણતા છતા આ દુષ્ટને વશ શામાટે પડયા?" ત્યારે મંત્રીપુત્રે કહ્યું:-"હે કુમાર! જ્યારે તમને કોઈએ ઘરમાં દીઠા નહીં ત્યારે રાજા, રાણી અને બીજા નગરલોકો બહુ શોક કરવા લાગ્યા; પછી એક દિવસ કુળદેવીએ કહ્યું. "હે રાજન્! શોક ન કર, થોડા દિવસમાં ત્હારો પુત્ર મોટી સમૃદ્ધિ સહિત આવશે." પછી હું તમારા સમાચાર જાણવા માટે ઘરની બહાર નિકળ્યો અને તે જાગી જેટલામાં પાછો વળ્યો તેટલામાં આ દુષ્ટ પુરૂષે મને પકડીને આ ઠેકાણે આણ્યો છે." મંત્રીપુત્રે આવી રીતે પોતાની વાત કહી અને યોગીએ પણ છોડવા માટે અંગિકાર કર્યો; પછી તેઓ પરસ્પર વાતો કરતા હતા એવામાં કોઈ એક મોટો હાથી ત્યાં આવી ભીમકુમારને અને મંત્રીપુત્રને સુંઢવડે પકડી પોતાની પીઠ ઉપર બેસાડી આકાશમાર્ગે ચાલ્યો ગયો અને કોઈ એક શૂન્ય નગરના દરવાજા આગળ તે બન્ને જણાને મૂકી ક્યાંઇ ચાલ્યો ગયો.

હવે ભીમકુમાર મંત્રીપુત્રને નગરની બહાર રાખી પોતે નગરમાં ગયો, ત્યાં તેણે નરસિંહરૂપવાળા કોઈએ એક સુંદર આકૃતિવાળા માનુષને પકડેલો દીઠો. તે માનુષ કરૂણસ્વરથી રોતો હતો, તે જોઇ ભીમકુમારને દયા ઉત્પન્ન થઇ તેથી તેણે કહ્યું. "હે નરસિંહ! તું એ દીન માનુષને મૂકી દે." ત્યારે નરસિંહે કહ્યું-"હે કુમાર! મને બહુ વખત થયાં ખાવાનું મળ્યું નથી તેથી હું ભુખ્યો છું, તો કહે હું તેને શીરીતે છોડું?" ત્યારે કુમારે કહ્યું. "ત્હારૂં શરીર તો પૈડીય દેખાય છે છતાં તું માનુષને શી રીતે ભક્ષણ કરીશ?" નરસિંહે કહ્યું. "હે કુમાર! ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ મ્હારૂં વચન સાંભળ. આ મ્હારો પૂર્વજન્મનો શત્રુ છે. માટે હું તેને નિશ્ચે મારી નાંખીશ. ત્યારે હું આ [illegible] સ્વજનને મારી નાંખીશ. [illegible] કોણ શાંત પામશે."

પછી ભીમકુમારે કહ્યું. [illegible] પરંતુ [illegible] [illegible] એ દીન માનુષને

ત્યજી દે." કુમારે આવી રીતે બહુ સમજાવ્યો, પરંતુ નરસિંહે જ્યારે તેને છોડી દીધો નહીં ત્યારે કુમારે નરસિંહના મુખથી તે પુરૂષને છોડાવ્યો, તેથી બન્ને જણાને પરસ્પર યુદ્ધ ચાલ્યું; તેમાં કુમારના પ્રહારથી દુઃખી થએલો નરસિંહ અદૃશ્ય થઇ ગયો. પછી નિર્ભય એવો ભીમકુમાર તે પુરૂષની સાથે રાજમંદિરે ગયો, ત્યાં રાજમંદિરમાં રહેલી પાંચ પુતળીઓ કુમારની સેવા કરવા લાગી. એક પાણીનો કળશ ભરી લાવી, બીજી તેના પગ ધોવા લાગી, એક સિંહાસન લઈ આવી, એકે આવીને તેના પગ ધોયા, અને એકે કહ્યું.—"હે કુમાર! વિધિથી ઝટ સ્નાન કરો." બીજીએ કહ્યું. "આ પુષ્પ લઇ જિનરાજની પૂજા કરો." એકે કહ્યું. "હે કુમાર! આ દિવ્ય ભોજન જમી લ્યો અને આ દિવ્ય ઘરેણાંવડે પોતાના શરીરને સુશોભિત કરો." પછી કુમાર તે પ્રમાણે કરી મનમાં વિસ્મય પામતો છતો જેટલામાં ઉભો રહ્યો તેટલામાં તેણે પોતાની પાસે ઉભેલા એક દેવતાને દીઠો. તે દેવતાએ કહ્યું.—"હે કુમાર! હું ત્હારા ઉપર પ્રસન્ન થયો છું માટે વરદાન માગ." તેવારે ભીમકુમારે કહ્યું. "હે દેવ! આ નગર શુન્ય કેમ થયું?" ત્યારે દેવતાએ કહ્યું. કુમાર! સાંભળ. આ કનકપુર નામનું નગર છે, તેમાં કનકરથ રાજા રાજ્ય [illegible]તો હતો. તે રાજાને સુદત્ત નામનો પુરોહિત હતો. તે સર્વ નગરવાસી લોકોને ઉદ્વેગ કરનારો થયો હતો. પછી કોઇ એક [illegible] આવીને રાજાને વિનંતી કરી કે, "હે રાજન્! તમારો પુરોહિત નિરંતર પરસ્ત્રીગમન કરે છે." પછી ક્રોધ પામેલા રાજાએ [illegible]હિતને વિટંબના પમાડ્યો; તે પુરોહિત મૃત્યુ પામી હું રાક્ષ[illegible] [illegible] [illegible] [illegible]

કરવા ગયા. ત્યાં ત્રણે જણાએ કેવળીને પ્રદક્ષિણા દઇ વંદના કરી ધર્મ સાંભળવા બેઠા, તે વખતે કોઈ હાથી સુંઢને ઉછાળતો છતો ત્યાં આવ્યો, તે હાથીને જોઇ સર્વે માણસો વ્યાકુળ થયાં, હાથી ભીમકુમારને જોઇ પ્રસન્ન થયો. તેવારે મુનીશ્વરે કહ્યું.-"હે જનો! આ ગજરાજ પોતે યક્ષ છે, તે ભીમકુમારને જાણી કાળિકાના મંદિરથી અહિં આવ્યો છે; પોતાના *પૌત્રની રક્ષા કરવા માટે એ યક્ષે પ્રથમથી ભીમકુમારને અહિં આણેલો છે અને પોતાના પૌત્રને રાક્ષસથી મૂકાવ્યો છે." ગુરૂએ આ પ્રમાણે કહ્યું. એટલે યક્ષ હાથીનું રૂપ ત્યજી દઈ કહેવા લાગ્યો.-"ગુરૂએ સત્ય કહ્યું છે." પછી કાળિકા દેવીએ કેવળી પાસે આવીને પ્રથમ ભીમકુમારને અને પછી કેવળીને વંદના કરી. તેવારે રાજાએ પુછયું.-"હે ભગવન્! દેવીએ પ્રથમ ભીમકુમારને અને પછી ત્રણલોકને પૂજવા યોગ્ય એવા આપને કેમ વંદના કરી?" તેવારે કેવળીએ કહ્યું. "હે રાજન્! એ ભીમકુમાર જિનધર્મના દાનથી કાળિકા દેવીનો ગુરૂ થએલો છે, તેથી દેવીએ તેને પહેલો નમસ્કાર કર્યો છે. પછી યક્ષે કહ્યું. "હે ભીમકુમાર! હારા માતા પિતા હારા વિયોગથી બહુ દુઃખી થયાં છે, માટે તું હારા નગરે જા." એટલું કહી યક્ષ મુનિને નમસ્કાર કરી વિમાનમાં બેસી ચાલ્યો ગયો. ભીમકુમારે પણ દેવીએ કરેલા મહોત્સવ સહિત પોતાના નગરમાં આવી માતા પિતાના પગમાં નમસ્કાર કર્યો, તેથી તેમને બહુ હર્ષ થયો.

પછી ભીમકુમારને શુભ મુહુર્તે રાજ્ય આપી હારવાહન રાજાએ દીક્ષા લીધી. તે રાજર્ષિ પૂર્વે કરેલા કર્મનો ક્ષય કરી મુક્તિ પામ્યા. ભીમકુમાર પણ બહુ કાળ સુધી રાજ્ય પાળી અને પછી પુત્રને રાજ્ય સોંપી પોતે દીક્ષા લઈ કર્મનો ક્ષય કરી મોક્ષ પામ્યો.

ઇતિ ભીમકુમારની કથા.

ઇત્યાદિ જિનેશ્વરના મુખથી ધર્મદેશના સાંભળી આણંદ શ્રાવકની પેઠે નંદિનીપ્રિય શ્રાવક પણ ગુહસ્થ ધર્મ અંગિકાર

*પૌત્ર—પુત્રનો પુત્ર.

ઉલ્લાસ દસમો.

તેતલીપિતા શ્રાવકનું ચરિત્ર.

હવે શ્રી સુધર્માસ્વામી ભવ્યજનોને પ્રતિબોધ કરવા માટે શ્રી જંબૂસ્વામીની આગળ દસમા તેતલીપિતા શ્રાવકનું ચરિત્ર કહે છે:—

આ ભરતક્ષેત્રમાં સાવત્થી નામની નગરી છે, તે નગરીની પાસે નાના પ્રકારના ઝાડોથી મનોહર એવું કુષ્ટક નામનું ચૈત્ય છે. સાવત્થી નગરીમાં જિતશત્રુ રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો, તે નગરીમાં તેતલીપિતા નામનો પ્રસિદ્ધ શ્રાવક રહેતો હતો, તેને ફલ્ગુની નામની સ્ત્રી હતી. તેતલીપિતા શ્રાવકને વ્યાજમાં, વેપારમાં અને નિધાનરૂપે પૃથ્વીમાં ચાર ચાર ક્રોડ સોના મ્હોરો હતી, તેને ચાર ગોકુળો હતાં, તેમજ બીજી પણ બહુ સમૃદ્ધિ હતી. વળી રાજાને માન્ય એવો તેતલીપિતા શ્રાવક મનુષ્યજાતિના ઉત્તમ ભોગો ભોગવતો હતો.

એક દિવસ શ્રી વર્દ્ધમાનસ્વામી પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા તે નગરીને વિષે સમવસર્યા. દેવતાઓએ સમવસરણ રચ્યું, તેવારે જિતશત્રુ રાજા વિગેરે નગરવાસી લોકો જિનેશ્વરને વંદના કરવા માટે સમવસરણમાં આવવા લાગ્યા. તેતલીપિતા પણ પ્રભુને સમવસરેલા જાણી બહુ હર્ષ પામ્યો અને સમવસરણમાં જઇ વંદના કરી ધર્મદેશના સાંભળવા બેઠો. પછી શ્રી વર્દ્ધમાનસ્વામીએ દેવ, મનુષ્ય અને તિર્યંચને સાધારણ એવી ધર્મદેશના આપી કે:—"હે ભવ્યજનો! આ મનુષ્યભવ દુર્લભ જાણી તમે દુર્ગતિ આપનારો આળસ્ય ન કરો. આ લોકનું સુખ સુલભ છે; સ્વર્ગનું સુખ અને સંપત્તિ પણ સુલભ છે; પરંતુ એકાંત સુખ આપનારો જિનપ્રણિત ધર્મ દુર્લભ છે. ધર્મથી ઉત્તમ કુળમાં જન્મ, દિવ્ય રૂપ, સંપત્તિ, કીર્તિ અને ઉત્તમસિદ્ધિ પ્રાપ્ત

થાય છે; માટે હે ભવ્યજનો! પ્રમાદ ત્યજી દઈ પ્રયત્નથી ધર્મ કરો. વળી ધર્મનું કારણ જ્ઞાન જાણી તે જ્ઞાનને વિષે આદર કરો. જ્ઞાનથી પુણ્ય, પાપ, ખાવા યોગ્ય, નહિં ખાવા યોગ્ય, પીવા યોગ્ય, નહિં પીવા યોગ્ય, તેમજ આલોક અને પરલોક, સ્વર્ગ અને મોક્ષ જાણી શકાય છે; જ્ઞાનથી કુગતિનું દુઃખ નાશ પામે છે; મોક્ષસુખ પ્રાપ્ત થાય છે; જ્ઞાન સર્વ ગુણોનું સ્થાન છે; જેમ સાગરચંદ્રને સર્વ આપત્તિ જ્ઞાનથી સંપત્તિરૂપ થઈ તેમ સર્વને થાય છે. " ત્યારે તેતલીપિતાએ કહ્યું:–"હે ભગવન્! સાગરચંદ્ર કોણ હતો? અને તેને આપત્તિ જ્ઞાનથી સંપત્તિરૂપ શી રીતે થઈ?" ત્યારે પ્રભુએ કહ્યું: "હે તેતલીપિતા! તું સાવધાન મનથી તે સાગરચંદ્રનું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળઃ—

જ્ઞાન ઉપર
સાગરચંદ્રની કથા.

આ ભરતક્ષેત્રને વિષે મલયપુર નગરમાં [illegible]

अप्पत्थियं चिय न ही एइ, दुहं तह सुहंपि जीवाणं ॥
ता नु चियत्तु संमोहं, धम्मे चिय कुणइं पडिवद्धं ॥

ભાવાર્થ.—જીવોને નહિં ઇચ્છેલું દુઃખ અને સુખ શું નથી આવી મળતું? માટે મોહને ત્યાગ કરી ધર્મને વિષે પ્રતિબંધ કરો.

પછી સાગરચંદ્ર કુમાર તે ગાથા લઈ તેનો અર્થ મનમાં વિચારતો છતો ઉદ્યાનમાં ગયો અને ત્યાં વિવિધ પ્રકારની ક્રીડાથી જેટલામાં રમવા લાગ્યો તેટલામાં કોઇએ તુરત તેને પકડીને સમુદ્રમાં ફેંકી દીધો; પણ સારા પુણ્યના યોગથી કુમારને હાથ પાટીયું આવ્યું તેથી તે નવમે દિવસે અમરદ્વીપ દેશે ઉતર્યો. પછી નાળીયેરનું પાણી શરીરે ચોપડી સારો થયો અને ગાથાનો અર્થ મનમાં સ્મરણ કરવાથી દુઃખને ન જાણતો છતો ફળ ફુલ વિગેરે ખાઇને પોતાની આજીવિકા કરવા લાગ્યો. કહ્યું છે કે, "સત્પુરૂષો અવસરને યોગ્ય એવું કાર્ય કરે છે." તે દેશમાં ફરતો એવો કુમાર કોઇએક ઠેકાણે રોતી એવી સ્ત્રીનો શબ્દ સાંભળી તેના તરફ ચાલ્યો, આગળ જતાં તેણે એવો શબ્દ સાંભળ્યો કે "સાગરચંદ્ર કુમાર આ ભવને વિષે મ્હારો પતિ થાઓ, તેમજ પરભવને વિષે પણ તેજ મ્હારો પતિ થજો." આ પ્રમાણે કહી તે કન્યા ગળામાં ફાંસો ઘાલી જેટલામાં મરવા તૈયાર થઇ તેટલામાં કુમારે ઝટ ત્યાં આવી તેના ગળાનો ફાંસો કાપી નાંખ્યો. આ વખતે કોઈ વિદ્યાધર ત્યાં આવ્યો, અને તે કન્યાની વાત કુમારને પછવા લાગ્યો. સાગરચંદ્ર કુમારે કન્યાની ગળે ફાંસો નાખવા સંબંધી સર્વ વાત કહી, એટલે વિદ્યાધરે કહ્યું. હે સત્પુરૂષ! તમે આ કન્યાને જીવાડી તેથી અમારો બહુ ઉપકાર કર્યો છે." પછી કુમારે પૂછયુ. "હે વિદ્યાધર! આ કોણ છે?" તેવારે વિદ્યાધરે કહ્યું.

હે કુમાર! આ દ્વીપમાં અમરપુર નામનું નગર છે, તેમાં ભવનભાનું નામનો રાજા રાજ્ય કરે છે, તેને ચંદ્રવદના નામની સ્રી છે, તેમને ચોસઠ કળામાં કુશળ એવી કમળમાળા નામની

પુત્રી છે, એ પુત્રીએ સાગરચંદ્ર કુમારના ગુણ સાંભળીને એ-
વી પ્રતિજ્ઞા કરી કે "આ ભવમાં મ્હારો પતિ સાગરચંદ્ર થા-
ઓ, નહિંતો મ્હારે અગ્નિજ શરણ છે." પછી ભવનભાનુ રા-
જાએ પોતાની પુત્રી કમળમાળાનો સંબંધ સાગરચંદ્ર કુમારની
સાથે કર્યો, એવામાં કમળમાળાના રૂપથી મોહ પામેલો સુરસેન
વિદ્યાધર જેટલામાં તે કન્યાનું હરણ કરી અહિં લાવ્યો, તેટલા
માં તે કન્યાનો મામો અમિતતેજ વિદ્યાધર અહિં આવ્યો હતો
તેણે પોતાની ભાણેજનો વિલાપ સાંભળી બહુ ક્રોધ પામી
સુરસેન વિદ્યાધરની સાથે યુદ્ધ કર્યું અને તે વિદ્યાધરને નસાડી
મૂક્યો. તેજ આ મ્હારી કમળમાળા નામની ભાણેજ અને હું
પોતેજ તેનો મામો અમિતતેજ વિદ્યાધર છું." આ વખતે અમિ
તતેજની મા વિદ્યુલ્લતા પોતાના પુત્રનું યુદ્ધ સાંભળી ત્યાં આ-
વી, તેણે સાગરચંદ્રને ઓળખ્યો, તેથી તે બહુ હર્ષ પામીને
બોલી કેઃ—

कः कल्पपादपो रत्न निधिः को वा सुधारसः ॥
अनंतफलदो लभ्यो, यागः सत्पुरुषैर्यदि ॥

ભાવાર્થઃ—જો સત્પુરૂષની સાથે અનંત ફળ આપનારો
ગ થયો તો પછી કલ્પવૃક્ષ, રત્નનિધિ અને અમૃતરસ તે શું?
ર્થાત્ કાંઈ નહીં.

પછી વિદ્યુલ્લતાએ પોતાના પુત્રને કહ્યું કેઃ "હે અમિતતેજ!
આનન્દચંદ્ર નામનો પુત્ર આનન્દ કુમાર છે, મેં નંદીશ્વર
જતા એને જોયા હતા." વિદ્યુલ્લતાનાં આવાં વચન સા
ી કમળમાળા બહુ હર્ષ પામી અને પોતાના મનમાં વિચાર
લાગી કે, "અહા! પુણ્યનું ફળ આશ્ચર્યકારી છે. ક્યાં
કુમાર! ક્યાં હું અને ક્યાં અમારો મેળાપ!" "અહો! દૈવ
ફળ હોય ત્યારે શું શું નથી થતું!"

પછી અમિતતેજ નામના કેટલાક મોટા ઉત્સવથી
ચંદ્ર કુમારની સાથે પોતાની પુત્રીનું લગ્ન કર્યું અને કુમા
પોતાના નગરે તેડી ગયો; ત્યાં તેનું મોટા ઉત્સવથી

ઇને નગરમાં પ્રવેશ કરાવ્યો. સાગરચંદ્ર કુમાર પણ ત્યાં ઉત્તમ મ્હેલમાં નિવાસ કરી વિવિધ પ્રકારનાં સુખો ભોગવવા લાગ્યો.

એક દિવસ સાગરચંદ્ર કુમાર રાત્રીએ પોતાની સ્ત્રીસહિત શય્યામાં સૂતો હતો, તે જ્યારે સવારે જાગી ઉઠયો ત્યારે તેણે પોતાને એક મ્હોટા પર્વતના શિખરને વિષે શિલા ઉપર જોયો; તેથી બહુ આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો કે, " તે ઘર ક્યાં? તે કમળમાળા પ્રિયા ક્યાં? અને તે શય્યા ક્યાં? તેમજ આ અરણ્ય ક્યાં? અને આ શિલા ક્યાં? આ પ્રમાણે થોડીવાર વિચાર કરી ગાથાનો અર્થ વિચારવા લાગ્યો, તેથી તેને ભુખ તરસ વિગેરેનું કાંઇ પણ દુઃખ લાગ્યું નહીં. પછી ભયંકર અરણ્યમાં ફરતા એવા તે નિર્ભય કુમારે કોઇએક ઠેકાણે અશોક વૃક્ષની નિચે કાયોત્સર્ગ કરીને રહેલા એક મુનિને દીઠા. તેથી વિવેકવંત કુમારે મુનિ પાસે જઇ વંદના કરીને પૂછયું કે:-" હે ભગવન્! જીવોને સુખ શાથી પ્રાપ્ત થાય? તેવારે મુનિએ તેને યોગ્ય પુરૂષ જાણી ધર્મલાભ આપી તેના હિતને માટે કહ્યું કે, "સર્વે સુખની ઇચ્છા કરનારો જીવ જિનધર્મ કરે છે. કારણ જિનધર્મ વિના ધર્મ, અર્થ અને કામ ક્યાંથી મળે? ધર્મરૂપ કલ્પવૃક્ષનું ફળ સમકિત છે; લોકમાં સમકિત વિના કરેલો ધર્મ નિષ્ફળ થાય છે, જે જીવ દેવ, ગુરૂ અને ધર્મરૂપ ત્રણ તત્વને સદ્દહે છે, તેને જિનેશ્વરોએ સમકિત કહ્યું છે; રાગ દ્વેષને જિતનાર, અઢાર દોષરહિત, યથાર્થ સત્ય કહેનાર, અને ત્રણલોકને પૂજ્ય એવા જે સર્વજ્ઞ તે દેવ કહેવાય છે; સમતાને વિષે રહેલા, પરિગ્રહરહિત, ધર્મના ઉપદેશ કહેવામાં તત્પર અને કષાયરહિતને ગુરૂઓ જાણવા; દુર્ગતિમાં પડતા જીવોનું જે રક્ષણ કરે તે ધર્મ કહેવાય છે; તે ધર્મ સંયમાદિ દસ ભેદવાળો છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે." આ પ્રમાણે સમકિતને તત્વ જાણી કુમારે સમકિત અંગિકાર કર્યું. પછી કુમાર જેટલામાં ફરીથી મુનિને કાંઈ પૂછવા તૈયાર થયો તેટલામાં તેણે મુનિને દીઠા નહીં. તેવારે મનમાં વિચાર કરવા લાગ્યો. "મ્હારા ધર્મગુરૂ ક્યાં ગયા?" પછી ગુરૂનો ઉપકાર મનમાં સંભારતો એવો તે કુમાર જેટલામાં વનને વિષે ફરતો હતો

નેટલામાં ઓચિંતી કોઈ સેનાએ આવી તેને ઘેરી લીધો અને "હે સુભટો! એ પાપી કુમારને મારી નાંખો." એમ કોઈ પામેલો સમરવિજય કુમાર કહેવા લાગ્યો. સાગરચંદ્ર કુમાર આવી કઠોર વાણી સાંભળતો છતો પણ ગાથાના અર્થને મનમાં સ્મરણ કરવાથી ભયને નહિં ગણતો કોઈ સુભટના હાથમાંથી શસ્ત્ર લઈ તે સેનાની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેમાં તેણે કેટલાક સુભટોને મારી નાંખ્યા અને કેટલાક તો તેને જોઈને નાસી ગયા. કુમારે ક્ષણમાત્રમાં સેનાને હતી નહોતી બનાવી દીધી. વધારે શું! પરંતુ જેમ સૂર્યનો ઉદય થવાથી અંધકાર નાસી જાય તેમ નાસી ગઈ. પછી પોતાની સેનાને ભાગી જતી જોઈ સમરવિજય કુમાર યુદ્ધ કરવા તૈયાર થયો. બન્ને કુમારો મદોન્મત્ત હાથીની પેઠે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા, તેથી વિજયલક્ષ્મીને પણ ક્ષણવાર વિચાર થઈ પડ્યો કે "હું કોને વરૂં?" પછી સાગરચંદ્ર કુમારે છળ કરી સમરવિજય કુમારને સુગની પેઠે બાંધી લીધો. તેથી તે કુમારે સાગરચંદ્રના [illegible] પોતાના અપરાધની માફી માગી. તેવારે સાગરચંદ્રે સમરવિજયને [illegible] લાગી. આ વખતે કોઈ સ્ત્રી ત્યાં આવી સાગરચંદ્ર કુમારને [illegible] લાગી કે:—

હે કુમાર! કમલવર્દ્ધન નામના નગરમાં કમલચંદ્ર નામનો [illegible] છે. તેને અમરતા નામની સ્ત્રી અને [illegible] એવા ભુવનતારા નામની કન્યા છે. તે ભુવનતારાએ [illegible] વખતે મ્હોટા [illegible] એવી પ્રતિજ્ઞા કરી કે "આ [illegible] મ્હારા [illegible] સાગરચંદ્ર છે, તે વિના બીજા સર્વે [illegible] તે [illegible] લીધા [illegible] આ પ્રમાણે પોતાની દૃઢ પ્રતિજ્ઞા [illegible] રત્નપુર નગરમાં સુદર્શન [illegible] છે. તેને સમરવિજય નામનો કુમાર છે [illegible] એક દિવસ સુદર્શન રાજાએ પોતાના [illegible] પોતાની પુત્રી સમરવિજય [illegible] આપી નહીં; તથા [illegible] સમરવિજય કુમાર [illegible] કમલવર્દ્ધન [illegible]

ઉદ્યાનમાં આવીને છાની રીતે રહ્યો અને ભુવનકાંતા રાજકુમારીને હરણ કરી ચાલ્યો ગયો. તે વખતે મોટુંથી કન્યાની પાછળ દોડતી એવી હું જેટલામાં અહિં આવી તેટલામાં મેં તને જોઇને ઓળખ્યો છે; માટે હે રાજકુમાર! તું કૃપા કરી આ સમરવિજય પાસેથી મ્હારી પુત્રીને મંગાવી તું લગ્ન કર." પછી સમરવિજય કુમારે ભુવનકાંતાને લાવી પાછી સોંપી, એટલે સાગરચંદ્ર કુમાર તેને પરણીને પોતાના સાસરાને મળવા માટે કુશળવર્દ્ધન નગર તરફ ચાલ્યો. રસ્તામાં તેણે વીણાના શબ્દસહિત ગીતગાન સાંભળ્યું, તેથી તે મનમાં વિસ્મય પામી વિચાર કરવા લાગ્યો કે, "અહિં શું થાય છે, ચાલ જઇને જોઉં." આવી રીતે વિચાર કરી તે સાગરચંદ્ર કુમાર રથસહિત કન્યાને ત્યાં મૂકી હાથમાં તરવાર લઇ બહુ દૂર ગયો, તો ત્યાં તેણે એક મ્હોટા અરણ્યમાં સાત ભૂમિકાથી સુશોભિત એવો એક મહેલ દીઠો. કુમાર તેના ઉપર થતા ગીતગાનના શબ્દ સાંભળી જેટલામાં સાતમે માળ ગયો, તેટલામાં તેણે ઉત્તમરૂપવાળી પાંચ કન્યાઓ દીઠી. તે ઉત્તમરૂપવાળી કન્યાઓને જોઇ બહુ વિસ્મય પામેલો કુમાર "આ ધન્ય કન્યાઓ અહિં ક્યાંથી?" એમ વિચાર કરતો હતો એટલામાં સર્વે કન્યાઓએ "તમે ભલે આવ્યા" એમ કહી ઉભા થઇ આસન આપ્યું. પછી કુમારે તે કન્યાઓને પૂછ્યું. "તમે કોણ છો? અને અહિં એકલી શામાટે રહો છો?" ત્યારે કન્યાઓએ કહ્યું:-"હે રાજકુમાર! અમારી વાત સાંભળો.

વૈતાઢય પર્વત ઉપર સર્વ વિદ્યાધરોનો મધ્યે ચક્રવર્તી એવો સિંહનાદ નામનો વિદ્યાધર રહે છે, તે રાજાની અમે પાંચ પુત્રીઓ છીએ. અમારાં કમળા, શ્રી, રંભા, વિમળા અને તારા એવાં નામ છે. એક દિવસ અમારા પિતાએ કોઇ નિમિત્તિયાને પૂછયું કે "આ પુત્રીઓનો વર કોણ થશે?" ત્યારે નિમિત્તિયાએ કહ્યું. "હે રાજન્! આ તમારી પાંચે પુત્રીઓનો વર ભૂચર (પૃથ્વી ઉપર ચાલનાર) એવા અમિતચંદ્ર રાજાનો પુત્ર સાગરચંદ્ર થશે, અને તમારી પુત્રીઓને તેનો મેળાપ ઘોરંધયાર વનમાં થશે." પછી અમારા પિતાએ નિમિત્તિયાને સંતોષ પમાડી રજા આપી અને

અમારા માટે આ ઘોરઘોર વનમાં સાત માળનો મહેલ ચણા
વી અહિં રાખી. અમારા પુણ્યથી નિમિતિયાના કહેવા પ્રમાણે
તમે અમને આવી મળ્યા છો, માટે હવે કૃપા કરી અમારી સા
થે લગ્ન કરો.” પછી કુમારે અતિ વિસ્મય પામી ગાથાનો અર્થ
સ્મરણ કરતાં તે કન્યાઓનો સાથે લગ્ન કર્યું અને જેટલામાં તે ત્યાં
નિશ્ચલ થઈને રહે છે તેટલામાં તે સાત માળનો મહેલ અને કન્યા
ઓ અદૃશ્ય થઇ ગઇ. તેવારે કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો
કે, “શું મને કોઇ મોહ પ્રગટ થયો છે કે ચિતભ્રમ થયું છે? અથવા
તો આ કોઇ દેવનો પ્રભાવ છે?” ફરી ગાથાના અર્થનું મનમાં
સ્મરણ કરતો એવો તે કુમાર જ્યાં રથ અને ભુવનકાંતાને મૂ
કયા હતા ત્યાં આવ્યો તો ત્યાં પણ ભુવનકાંતાને દીઠી નહીં;
તેથી બહુ ખેદ પામેલો કુમાર ગાથાના અર્થનું સ્મરણ કરતો
આગળ ચાલ્યો અને મ્હોટા અરણ્યમાં ફરતા એવા તેણે આ
[illegible] જતાં ઉંચાં તોરણોથી સુશોભિત એવું એક જિનમંદિર
દીઠું. કુમાર તે જિનમંદિરની અંદર જઇ રત્નમય જિનપ્રતિમાની
[illegible] કરી અને સ્તોત્ર પાઠથી સ્તુતિ કરી જેટલામાં ગાથાના
[illegible]નું મનમાં સ્મરણ કરતો છતો બેઠો. તેટલામાં તેના પિતાનો
[illegible] [illegible] નામે ત્યાં આવ્યો; તેણે જિનરાજની પૂજા કરી
[illegible] આનંદ કને [illegible] લો. તેથી તે બહુ હર્ષ પામ્યો.
[illegible] નામના સાથે તેની સુંદરી નામની પુત્રી જિનદેવને વ
[illegible] હતી. તે પણ આનંદ [illegible] બહુ હર્ષ પામી;
[illegible] નિમિતિયાએ કહ્યું હતું કે [illegible] પતિ સાગર
[illegible] જિનપ્રતિમાને વંદના કરી સ્તોત્રથી
[illegible] પુત્ર! તું [illegible]
[illegible] કુમારે કહ્યું. [illegible]
[illegible] અને તે [illegible]
[illegible] કહ્યું [illegible] પુત્ર [illegible]
[illegible] નામના [illegible]
[illegible]

બે પુત્રો છે. કમલ ત્હારી સ્ત્રી ભુવનકાંતાને રથમાંથી હરીને જઇ વૈતાઢ્ય પર્વત ઉપર લઇ ગયો છે, ત્યાં તે સ્ત્રી શીળ પાળતી છતી રહી છે, અને ઉત્પલાક્ષે પણ ત્હારી પાંચ કન્યાઓનું હરણ કર્યું, મહેલને અદૃશ્ય બનાવી દીધો, અને તને પૃથ્વી ઉપર મૂકયો. આ સર્વે મેં વિદ્યાના બળથી જાણી તે દુષ્ટ ઉત્પલાક્ષને મારી હું આ પાંચ કન્યાઓને અહિં લાવ્યો છું." સિંહનાદ ચક્રવર્તીનાં આવાં વચન સાંભળી ક્રોધ પામેલા સાગરચંદ્ર કુમારે તે પોતાના સાસરાને કહ્યું:-"હે તાત! મને જઇ વૈતાઢ્ય પર્વત ઉપર લઇ જાઓ કે જેથી હું તે દુષ્ટને મારી નાંખું." પછી સુધર્મ રાજાએ પોતાની પુત્રી સુંદરી સાગરચંદ્ર કુમારને ત્યાંજ પરણાવી. પછી સિંહનાદ ચક્રવર્તી સાગરચંદ્ર કુમારને વૈતાઢ્ય પર્વત ઉપર વિમલપુર નગરમાં લઇ ગયો, ત્યાં તેણે પાંચે પુત્રીઓ તેને પરણાવી અને બહુ રૂપ કરવા વિગેરેની વિદ્યા પણ શીખવાડી. પછી ભુજાબળ અને વિદ્યાબળથી યુક્ત એવા તેઓ ભુવનકાંતાને લેવા માટે જતા હતા, એવામાં અમિતતેજ વિદ્યાધરે ત્યાં આવી સાગરચંદ્ર કુમારને ભુવનકાંતા પાછી આપી અને પોતાના પુત્રના અપરાધની માફી માગી. વળી તે વિદ્યાધર સાગરચંદ્ર કુમારની પ્રથમની સ્ત્રી કમલમાળા પણ ત્યાં લાવી આપી. એરીતે કુમારને ત્યાં આઠે સ્ત્રીઓ આવી મળી. પછી વિદ્યાધરના મહારાજા સિંહનાદની રજા લઇ સાગરચંદ્ર કુમાર પોતાની આઠે સ્ત્રીઓસહિત અનેક વિદ્યાધરોથી પરવરેલો દિવ્ય વિમાનમાં બેઠો અનેક વાજીંત્રોના શબ્દસહિત આકાશમાર્ગે ચાલતો પોતાના મલયપુર નગરે આવ્યો. તેવારે પુત્રની મહોટી સમૃદ્ધિ જોઇ બહુ હર્ષ પામેલા અમિતચંદ્ર રાજાએ મહોત્સવથી પુત્રને નગરમાં પ્રવેશ કરાવ્યો. કુમાર પણ માતા પિતાના પગમાં નમીને પોતાના મહેલમાં ગયો. ત્યાં તે પોતાની આઠે સ્ત્રીઓની સાથે વિવિધ પ્રકારનાં સુખો ભોગવવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનને વિષે ભુવનાનંદ નામના કેવળી સમવસર્યા, તે જાણી રાજા અમિતચંદ્ર પુત્રસહિત તેમને વંદના કરવા માટે ગયા; ત્યાં તેણે ત્રણ પ્રદક્ષિણાસહિત વંદના

કરી ધર્મદેશના સાંભળી. દેશનાને અંતે રાજાએ પૂછ્યું:-"હે ભગવન્! સાગરચંદ્ર કુમારનું કોણે હરણ કર્યું હતું?" ત્યારે કેવળીએ કહ્યું:-"હે રાજન્! ત્હારા પુત્રનું ચરિત્ર સાંભળ.

મહાવિદેહ ક્ષેત્રને વિષે ધનવંત, ગુણવંત, વિવેકવંત અને વિષયમાં પ્રીતિવંત એવા બે ભાઇઓ રહેતા હતા, તેઓ જાતે વાણિયાના પુત્ર હતા; મ્હોટા ભાઇની વહુ પોતાના પતિ ઉપર બહુ સ્નેહરાગી હતી, તેમજ તે ધન, ધર્મ, કર્મ વિગેરે કરતી હતી. કોઈ એક દિવસ મ્હોટો ભાઇ પરદેશ ગયો એટલે ન્હાનો ભાઇ મ્હોટા ભાઇની સ્ત્રીની સાથે મશ્કરીથી વાતો કરતો કરતો બોલ્યો કે "ત્હારા ભાઇને માર્ગે જતાં દુષ્ટ ચોરોએ મારી નાંખ્યો. હાય હાય! એ શું થયું?" દીયરનાં આવાં વચન સાંભળી મ્હોટા ભાઇની વહુ સ્નેહને લીધે તુરત મૃત્યુ પામી, તેથી ન્હાનો ભાઈ પસ્તાવો કરતો છતો બહુ દુઃખી થયો.

કેટલેક દિવસે મ્હોટો ભાઈ ઘરે આવ્યો અને ન્હાના ભાઇએ કરેલી મશ્કરીથી પોતાની સ્ત્રીની મૃત્યુખબર સાંભળી બહુ દુઃખી થયો. ન્હાના ભાઇએ મ્હોટા ભાઇની ક્ષમા માગી, પરંતુ મ્હોટો ભાઇ ક્રોધ નહિ છોડતાં તાપસ થયો અને અજ્ઞાન તપ કરી ક્રોધસહિત મૃત્યુ પામી અસુરકુમાર દેવ થયો. ન્હાનાભાઇએ પણ જિનેંદ્રપ્રણિત ધર્મ સાંભળી [illegible] થઇ દીક્ષા લીધી અને શુદ્ધ ભાવથી ચારિત્રને પાળવાનો આરંભ કર્યો. મ્હોટો ભાઇ કે જે અસુરકુમાર દેવતા થયો હતો [illegible]

[illegible]

એ પુત્રો છે. કમલ ત્હારી સ્ત્રી ભુવનકાંતાને રથમાંથી હરીને જઢ વૈતાઢ્ય પર્વત ઉપર લઇ ગયો છે, ત્યાં તે સ્ત્રી શીલ પાળતી છતી રહી છે, અને ઉત્પલાક્ષે પણ ત્હારી પાંચ કન્યાઓનું હરણ કર્યું, મહેલને અદૃશ્ય બનાવી દીધો, અને તને પૃથ્વી ઉપર મૂકયો. આ સર્વ મેં વિદ્યાના બળથી જાણી તે દુષ્ટ ઉત્પલાક્ષને મારી હું આ પાંચ કન્યાઓને અહિં લાવ્યો છું." સિંહનાદ ચક્રવર્તીનાં આવાં વચન સાંભળી ક્રોધ પામેલા સાગરચંદ્ર કુમારે તે પોતાના સાસરાને કહ્યું:-"હે તાત! મને જઢ વૈતાઢ્ય પર્વત ઉપર લઇ જાઓ કે જેથી હું તે દુષ્ટને મારી નાંખું." પછી સુધર્મ રાજાએ પોતાની પુત્રી સુંદરી સાગરચંદ્ર કુમારને ત્યાંજ પરણાવી. પછી સિંહનાદ ચક્રવર્તી સાગરચંદ્ર કુમારને વૈતાઢ્ય પર્વત ઉપર વિમલપુર નગરમાં લઇ ગયો, ત્યાં તેણે પાંચે પુત્રીઓ તેને પરણાવી અને બહુ રૂપ કરવા વિગેરેની વિદ્યા પણ શીખવાડી. પછી ભુજબળ અને વિદ્યાબળથી યુક્ત એવા તેઓ ભુવનકાંતાને લેવા માટે જતા હતા, એવામાં અમિતતેજ વિદ્યાધરે ત્યાં આવી સાગરચંદ્ર કુમારને ભુવનકાંતા પાછી આપી અને પોતાના પુત્રના અપરાધની માફી માગી. વળી તે વિદ્યાધર સાગરચંદ્ર કુમારની પ્રથમની સ્ત્રી કમલમાળા પણ ત્યાં લાવી આપી. એરીતે કુમારને ત્યાં આઠે સ્ત્રીઓ આવી મળી. પછી વિદ્યાધરના મહારાજા સિંહનાદની રજા લઇ સાગરચંદ્ર કુમાર પોતાની આઠે સ્ત્રીઓસહિત અનેક વિદ્યાધરોથી પરવર્યો છતો દિવ્ય વિમાનમાં બેસી અનેક વાજીંત્રોના શબ્દસહિત આકાશમાર્ગે થઇને પોતાના મલયપુર નગરે આવ્યો. તેવારે પુત્રની મ્હોટી સમૃદ્ધિ જોઇ બહુ હર્ષ પામેલા અમિતચંદ્ર રાજાએ મહોત્સવથી પુત્રને નગરમાં પ્રવેશ કરાવ્યો. કુમાર પણ માતા પિતાના પગમાં નમીને પોતાના મહેલમાં ગયો, ત્યાં તે પોતાની આઠ સ્ત્રીઓની સાથે વિવિધ પ્રકારનાં સુખો ભોગવવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનને વિષે ભુવનાનંદ નામના કેવળી સમવસર્યા, તે વખતે રાજા અમિતચંદ્ર પુત્રસહિત તેમને વંદના કરવા માટે ગયો; ત્યાં તેણે ત્રણ પ્રદક્ષિણાસહિત વંદના

ફરી ધર્મદેશના સાંભળી. દેશનાને અંતે રાજાએ પૂછયું:-"હે ભગવન્! સાગરચંદ્ર કુમારનું કોણે હરણ કર્યું હતું?" ત્યારે કેવળીએ કહ્યું:-"હે રાજન્! મ્હારા પુત્રનું ચરિત્ર સાંભળ.

મહાવિદેહ ક્ષેત્રને વિષે ધનવંત, ગુણવંત, વિવેકવંત અને વિષયમાં પ્રીતિવંત એવા બે ભાઇઓ રહેતા હતા, તેઓ જાતે વાણિયાના પુત્ર હતા; મ્હોટા ભાઇની વહુ પોતાના પતિ ઉપર બહુ સ્નેહવાળી હતી, તેમજ તે મન, ધર્મ, કર્મ વિગેરે કરતી હતી. કોઇ એક દિવસ મ્હોટો ભાઇ પરદેશ ગયો એટલે ન્હાનો ભાઇ મ્હોટા ભાઇની સ્ત્રીની સાથે મશ્કરીથી વાતો કરતો કરતો બોલ્યો કે "મ્હારા ભાઇને માર્ગે જતાં દુષ્ટ ચોરોએ મારી નાંખ્યો. હાય હાય! એ શું થયું?" દીયરનાં આવાં વચન સાંભળી મ્હોટા ભાઇની વહુ સ્નેહને લીધે તુરત મૃત્યુ પામી, તેથી ન્હાનો ભાઈ પસ્તાવો કરતો છતો બહુ દુઃખી થયો.

કેટલેક દિવસે મ્હોટો ભાઈ ઘરે આવ્યો અને ન્હાના ભાઇએ કરેલા મશ્કરીથી પોતાની સ્ત્રીની મૃત્યુખબર સાંભળી બહુ દુઃખી થયો. ન્હાના ભાઇએ મ્હોટા ભાઇની ક્ષમા માગી, પરંતુ મ્હોટા ભા[illegible] નહિ છોડતાં તાપસ થયો અને અજ્ઞાન તપ [illegible] મૃત્યુ પામી [illegible] દેવ થયો. ન્હાનાભા[illegible] સાંભળી [illegible] થઇ દીક્ષા [illegible] આરંભ કર્યો. [illegible] આ ન્હાના [illegible] માર્ગ નાં- [illegible] દેવતા [illegible] ન્હાના [illegible] પુત્ર [illegible] કુમારને તે [illegible] પૂર્વના [illegible] [illegible]

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી સાગરચંદ્ર કુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તે વૈરાગ્યવંત થયો. પછી તેણે પોતાના પુત્રને રાજ્ય સોંપી પોતે માતા પિતા સહિત તેજ કેવળી પાસે દીક્ષા લઈ વિચાર કરવા લાગ્યો કે "એક ગાથા ભણવાથી મને આટલું બધું સુખ થયું છે, તો હવે હું સર્વ શ્રુતને ભણવાનો અભ્યાસ કરૂં." આવી રીતે વિચાર કરી તે સાગરચંદ્ર મુનિએ આદરથી અભ્યાસ કરવા માંડયો અને અનુક્રમે તે ચૌદપૂર્વ ભણ્યા; પછી ગુરૂએ તેમને આચાર્યપદે સ્થાપ્યા. અનુક્રમે ભવ્યજીવોને પ્રતિબોધ કરતા એવા તે સાગરચંદ્ર મુનિએ છેવટ અનશન લીધું. આ વખતે પૂર્વના વૈરી અસુરકુમારે પક્ષીનું રૂપ કરી તે મુનિનું શરીર તોડવા માંડયું; પછી સિંહ અને હાથીનાં રૂપ કરી મુનિને બહુ પીડા ઉપજાવી; પરંતુ તે મહાત્મા જરા પણ ક્ષોભ પામ્યા નહીં. પછી મુનિનો ધૈર્ય જોઈને ક્રોધી એવા પણ તે દેવતાએ પ્રતિબોધ પામી ત્યાં મહોટો ઉત્સવ કર્યો. સાગરચંદ્ર મુનિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મુક્તિપદ પામ્યા. અમિતચંદ્ર મુનિ વિગેરે કેટલાક સાધુ સાધ્વીઓ સ્વર્ગમાં ગયા અને કેટલાક મુક્તિ પામ્યા.

શ્રી મહાવીર પ્રભુ તેતલીપિતા વિગેરે ભવ્ય જીવોને કહે છે કે —"હે ભવ્યજનો ! જેવી રીતે સાગરચંદ્ર કુમારે જ્ઞાનથી [illegible] સમુદ્રના પાર પામી સમૃદ્ધિ મેળવી તેમ તમે પણ [illegible] જ્ઞાન જાણી તે જ્ઞાનને વિષે આદર કરો [illegible] મુક્તિનું પાત્ર થાઓ.

ઇતિ સાગરચંદ્રની કથા.

આ પ્રમાણે વર્દ્ધમાનદેશના સાંભળી તેતલીપિતા શ્રાવકે આનંદ શ્રાવકની [illegible] શ્રાવકધર્મ આદર્યો. અને પ્રભુને [illegible] નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો. પછી તે કુટુંબસહિત શુદ્ધ ભાવથી જિનધર્મ [illegible] વર્ષે તેને વિચાર થયો કે "[illegible] ઘણા દિવસ [illegible] ઉદ્ધાર કર્યો છે, હવે શ્રાવકની પ્રતિમા [illegible]." આવી રીતે વિચાર કરી પૌષધશાળામાં [illegible] ઉપર બેસી આનંદ

શ્રાવકની પેઠે અગીયાર પડિમાતપ કરવા લાગ્યો. બહુ ઉ[ગ્ર] પડિમા તપ કરવાથી તે તેતલીપિતા ક્ષીણ થયો. પછી સંલેખ[ણા] ના કરી, અનશન લઈ ભાવના ભાવતાં સર્વે જીવોને ખમાવી, વીસ વર્ષ સુધી શ્રાવકધર્મ પાળીને શુભ ધ્યાનથી પંચપરમે-ષ્ઠીનું સ્મરણ કરતાં મૃત્યુ પામી સૌધર્મ દેવલોકને વિષે અરુણ-પ્રભ વિમાનમાં ચાર પલ્યોપમની આયુષ્યવાળો દેવતા થયો.

શ્રી ગૌતમસ્વામીએ શ્રી વર્દ્ધમાનસ્વામીને પૂછ્યું:-"હે ભગવન્! તે તેતલીપિતા શ્રાવક ત્યાંથી ચવી ક્યાં જશે?" ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યું:-"હે ગૌતમ! તેતલીપિતા દેવભવ-થી ચવી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યભવ પામીને ત્યાંજ કર્મરૂપ ગાંઠને તોડી નાંખી મુક્તિ પામશે."

ઇતિ તેતલીપિતા પ્રતિબોધનામનો દસમો ઉલ્લાસ.

આ આણંદાદિ દસે શ્રાવકો શ્રી વીર જિનેશ્વરના શાસનને વિષે કહેલા છે; તેઓ સર્વે દેવ, દાનવ અને તિર્યંચોના ઉપસ-ર્ગથી પણ ક્ષોભ પામ્યા નથી; તેમજ સમકિતને વિષે દૃઢ રહેલા છે. સર્વે વીસ વર્ષ સુધી જિનધર્મ પાળી સૌધર્મ દેવલોકને વિષે દેવતા થયા છે. ત્યાંથી ચવી મનુષ્ય ભવ પામી કર્મનાં બંધનો નાશ કરી મોક્ષ પામશે.

શ્રી વર્દ્ધમાનદેશનાના ગુ[illegible] આ દશે શ્રાવકોનું ચરિત્રમાં [illegible] શ્રી [illegible] સ્વામી વગેરેમાં [illegible]

ઇતિ શ્રી મોટા ખરતરગચ્છનાં શ્રીજિનભદ્રસૂરિના અંતે-વાસી વાચનાચાર્ય શ્રી [illegible]ગણી. તેમના શિષ્ય મેરૂ-તિલકગણી. તેમના શિષ્ય દયાકમળગણી. તેમના શિ-ષ્ય અમરમાણિક્યગણી. તેમના શિષ્ય ક્ષમારંગગણી, તેમના શિષ્ય શ્રી વાચનાચાર્ય શ્રી રત્નલાભગણીના શિષ્ય શ્રી રાજકીર્ત્તિગણીએ રચેલી ગદ્યબંધ વર્દ્ધમાનદેશનાના ભાષાંતર સમાપ્ત.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૧	૪	પડે	પીડે
૨૫	૧૦	શીલ	સીલ
૨૭	૫	મિનમાં વચાર	મનમાં વિચાર
૩૬	૧૩	નંદને	નંદનને
૪૨	૧૧	પચ	પંચ
૪૨	૨૦	अन्नप्पभिइं	अन्नप्पभिइ
૪૨	૨૧	अन्नउत्पयपरिग्गाहि	अन्नउत्थियपरिग्गाहि
૪૨	૨૭	पुच्छणेणं	पुंछणेणं
૪૩	૮	રાજન સમૂહના	જનસમૂહના
૪૩	૯	તેનેજ	તેમજ
૪૩	૩૦	નંદ	નંદા
૪૪	૨		અને પછી પ
૪૪	૪	દશનના	દર્શનના
૪૬	૭	તારવામાં	તરવામાં
૪૬	૯	આભ્યંતર	અભ્યંતર
૪૭	૧૫	ગ્રહણ	ગ્રહણ
૪૮	૨૮	રહ્યા	રહ્યા
૪૯	૨	નિવિઘ્નપણે	નિર્વિઘ્નપણે
૬૨	૨૯	પ છા	પાછા
૬૩	૨૦	હા	હાથ
૭૬	૨૦	રત્નપભાદિ	રત્નપ્રભાદિ
૭૭	૧૮	संकप्पओ	संकप्पओअ
૭૭	૨૦	समणोवासएण,	समणोवासएण
૭૭	૨૧	वह	वहे

૮૦	૨	તીથયાત્રા	તીર્થયાત્રા
૮૧	૪	મુંડી	મુંડ
૮૨	૭	અનગારને	અણગારને
૮૨	૮	સકીશ ?	શકીશ ?
૮૫	૯	सेइमे	इमे
૮૫	૧૦	महस्मा	सहसा
૮૫	૧૧	मासोवएस	मोसुवएसे
૮૮	૩	સવ	સર્વ
૮૮	૮	તાક	ટાક
૮૮	૨૦	કલ્પવૃક્ષના	કલ્પવૃક્ષના
૯૨	૨૬	૨તેના	તેના
૯૨	૨૭	तक्करप्पओगे	२तक्करप्पओगे
૯૨	૨૭	विरुद्धरज्जाइक्कमे	विरुधरज्जाइक्कमे
૯૨	૨૭	नप	तप्प
૯૫	૫	पुव्वं	पुव्वं
૧૦૧	૨૧	मे अ	मे
૧૦૪	૧૫	ભગની	ભગની
૧૦૭	૫	અ·	આ·
૧૦૬	૬	અણુંનત્ર	અણુવ્રત
૧૦૭	૮	ग्गिमाणं	ग्गिमाणं वा
૧૦૭	૮	मे अ	मे
૧૧૪	૧૧	કરો છે કે	કરો છે કે
૧૧૫	૧૮	તેને	તેને
૧૧૬	૩૦	દશ્યનિગ્રાનવાળો	દશ્યનિગ્રાવાળો
૧૧૭	૧૦	વારાવણ	વારાપેણ
૧૦૭	૧૪	ચતુરિંદ્ર	ચતુરિંદ્ર
૧૦૭	૨૭	અનાગા	ખા
૧૦૮	૬	અનાગી	ખા

૧૨૮	૭	ધરોળી	ઘી
૧૨૮	૧૧	ધરોળી	ઘી
૧૩૧	૧૬	લોતુ	લોઇતુ
१३२	२४	उड्ढदिसपरिमाणं	उड्ढदिसापरिमाणे
१३२	२४	अहोदिस	अहोदिसा
१३२	२५	परिमाणं	परिमाणे
१३२	२५	तिरिअदिसपरिमाणं	तिरिअदिसापरिमाणे
१३२	२८	सइअंतद्वाणं	सइअंतद्धाणं
૧૩૬	૧૪	અ	અને
१३८	३०	पचरूखाइं	पचरूखाइ
१३९	१	भोअणओ	भोअणओए
१३९	५	कम्मउणं	कम्मओणं
१३९	५	इमाइ	इमाइं
१३९	५	कम्मदा-	कम्मादा-
१३९	६	जाणियवाइं	जाणियव्वाइं
१३९	६	समायरिव्वाइं	समायरियव्वाइं
१३९	१०	सरदहतलाव	सरदहतलाय
१४४	१४	चउविहे	चउव्विहे
१४४	१४	यरिय	यरिए
१४४	१५	हिंमपयाणे	हिंसप्पयाणे
१४४	१७	कुक्कईए	कुक्कुईए
૧૪૭	૨૦	અગુરૂ	અગર
૧૫૦	૧૧	અલોચના	આલોચના
૧૫૬	૨	મગળકારી	મંગળકારી
૧૫૬	૨૯	ખુમારાદિ	ખુમારાદિ
૧૫૭	૨૮	શેવે	સેવે
૧૯૦	૨૦	મ્હાડું	મ્હોડું
૨૦૯	૧૪	ચાલ્યો	ચળ્યો
૨૧૦	૧૯	સાશ્રત	સાશ્વત

૨૧૧	૨૬	ઘરામાં	ઝ માં
૨૧૪	૧૮	પામ્યે.	પામ્યો.
૨૧૪	૨૫	નેવારે	તેવારે
૨૧૬	૨૬	ઘર	ઘરે
૨૧૯	૨૩	શાસય	સંશય
૨૩૨	૨૪	રીને	રને
૨૪૧	૫	કાંક્યીવરે	કાંકસીવરે
૨૪૨	૧	ઘાસ	ઘાસના
૨૪૨	૯	ખરેખરે	ખરેખર
૨૪૪	૩૦	જવાન	જવાની
૨૪૬	૯	તેને	તને
૨૪૯	૫	સદ્દુણુ	સદ્દગુણ
૨૪૯	૬	સદ્દુણુ	સદ્દગુણ
૨૫૫	૫	પિતાનો	પતિનો
૨૫૯	૧૮	દી	દીધો
૨૬૦	૨૦	વહોરવતાં	વહોરાવતાં
૨૬૦	૨૧	સમુદ્રમાં	સમુદ્રમાં
૨૭૭	૨૮	પ્રત્ય	પ્રત્ય
૨૭૭	૩૦	અર્ત ધાન	અંતર્ધાન
૨૭૮	૯	કુનટા	કુનટાં
૨૭૯	૧૮	પહાંચે	પહાંચે
૨૭૯	૧૭	અનિદન	અનિયન
૨૮૦	૮	પધુમ્ન	પ્રધુમ્ન
૨૮૦	૩૨	સાભળ્યા	સાભળ્યા
૨૮૭	૩૦	ઉદેમદ્રપ	ઉમદ્રપ
[illegible]	૮	અમાનુ	તમાનુ
[illegible]	૧૦	પુ ર	પુ ર
૩૧[illegible]	૭	પેટાનના	પેટાનના

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં મુબારક નામ.

૧ મુનીમહારાજ માનવિજયજી સીહોરાવાળા
૧ શા. પોપટલાલ ઉમેદરામ
૧ ડેલાના અપાસરાખાતે હા. શા. ચુનીલાલ ડાહ્યાભાઈ
૧ શા. છોટાલાલ મોતીચંદ
૧ શા. બાપુભાઈ ઉમેદચંદ
૧ સમીના સંઘ તરફથી શા. મોહનલાલ વસ્તારામ
૧ મુનીરાજ અમરવિજયજી જૈન પાઠશાળાના સેક્રેટરી ભીખુશા તીલોકચંદ
૧ મુનીરાજ શ્રી કુતેવિજયજી જૈન વિદ્યાશાળા
૧ મુની ગુણવિજેજી
૧ મુની સાધીવિમળજી
૧ શા. મણીલાલ ત્રીકમદાસ
૧ શા. નાહાલચંદ માધવજી
૧ દોશી દેવચંદ ભગવાન
૧ શેઠ. લખમશીભાઈ માલશીભાઈ
૧ શા બ[illegible]ચંદ માવજીભાઈ
૧૦ શેઠ ગોરધનદાસ ટોનાચંદ
૧ શેઠ. કપુરચંદ ગોપાળજી
૧ શા. ફુલચંદ હેમચંદ
૧ શા. મણુના હેમરીમ[illegible]
૧ શ્રી સમ[illegible] જૈનશાળા હા. જીવન શેઠ
૧ શ્રી ઉમના વિદ્યાશાળા તરફથી શા. છગનલાલ ભાઈચંદ
૧ શા. પાનાચંદ વી. પ્રાગજીભાઈ
૧ શા. નાનચંદ ગુલાબચંદ
૧ શેઠ હેમચંદ ગેલચંદ
૧ શા. નાનચંદ ગુલાબચંદ
૧ મુની મહારાજ શ્રીફતેહવિજયજી
૧ મુની શ્રી નયવિજયજી
૧ શા. મેનજી ઓધવજી
૧ વકીલ ભગુભાઈ ડાહ્યાભાઈ
૧ શા. દીપચંદ ભીમાજી
૧ શા. પુનમચંદ કેશુરજી
૧ શા. નારણ રાજપાળ
૧ શા. હીરજી લધાભાઈ
૧ શા. પ્રેમચંદ જેચંદભાઈ
૧ શા. વર્જલાલભાઈ હરજીવનદાસ
૨ શા. પીતાંબરદાસ સાંતીદાસ
૧ મોદી. વજલાલ વી. જગજીવન ભાઈ
૧ મહેતા વાઘજીભાઈ પરસોતમદાસ
૧ મેતા. ન્યાલચંદ સોમચંદ
૧ મોદી. નરભેરામ રૂપનાથભાઈ
૧ મોદી કપુરચંદભાઈ ગોપાળજીભાઈ
૧ શા. મગનલાલ પોપટભાઈની કંપની
૧ શા. ગણુરી રાધાભાઈ

આ પુસ્તકના હેન્ડબીલ પુસ્તક તૈયાર થવા આવ્યા પછી બહાર પાડવામાં આવ્યાથી ગ્રાહકો તરફથી હેન્ડબીલ વેળાસર આવી નહીં પહોંચવાથી નામ દાખલ કરવામા આવ્યાં નથી.

વિજ્ઞપ્તિ.

સુજ્ઞ જૈનબંધુઓ! આ અસાર સંસારમાં સારભૂત એક જ્ઞાન અને જિનપ્રતિમા છે, તેમાં જિનપ્રતિમાને ઓળખાવનાર જ્ઞાન છે, અને તેના સાધન તરીકે હાલમાં અનેક પ્રકારની ચોપડીઓ છપાએલી છે, તેમાંની જે ચોપડીઓ અમારી જ્ઞાનપ્રકાશ ઓફીસમાં વેચાય છે, તેનું આ લીસ્ટ છે. તે ઉપરથી જે ચોપડી જોઇએ તે પરદેશવાળા મંગાવશે તો તરતજ ટપાલમાં મોકલી આપીશું. પરદેશવાળાએ મનીઓર્ડરથી અથવા અરધા આનાની ટીકીટોથી પૈસા મોકલાવવા, પરંતુ તે બને કરતાં વધારે સારૂં એ છે કે વેલ્યુપેબલથી બુકો મંગાવવી. જેથી રૂ10) સુધીની બુકોને માટે ટપાલ ખર્ચ ઉપરાંત માત્ર બે આનાજ વધારે બેસે છે, પરંતુ બુકો ગેરવલે પડતી નથી અને મનીઓર્ડરથી પૈસા મોકલવાની મેહેનત તથા ફી બને બચે છે. પત્રવ્યવહાર શા. મગનલાલ હઠીસંગ જ્ઞાનપ્રકાશના માલેકના નામથી ચલાવવો.

ચોપડીઓનું લીસ્ટ.

મહાવીરસ્વામિનું ચરિત્ર.

(સત્તાવીશ ભવના વર્ણન સાથે.)

કિંમત રૂ. ૦--૮--૦ ટપાલ ખર્ચ. ૧ આનો.

આ પુસ્તકના બે ખંડ પાડવામાં આવ્યા છે પેહેલા ખંડના પ્રકરણ પેહેલામાં શ્રી મહાવીરસ્વામિ સમકિત પામ્યા ત્યારથી એટલે પ્રથમ નયસારના ભવથી તે મહાવીરસ્વામિના ભવ સુધી છવીસ ભવનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલું છે. બીજા પ્રકરણમાં સત્તાવીસમા ભવે શ્રી મહાવીરસ્વામિનો જન્મ, ગર્ભની ફિ-રેફાર, પ્રભુનુ મેરૂ ઉપર જવું, પ્રભુની મુગ્ધી, પ્રભુનું લગ્ન, પ્ર-

પરચુરણ પુસ્તકો.	કીમંત.	ટપાલખર્ચ.
સજ્ઝાયમાળા ભાગ ૧ લો	૧—૧—૦	૦—૨—૦
સજ્ઝાયમાળા ભાગ ૨ જો	૧—૧—૦	૦—૨—૦
કુમારપાળ રાજાનો રાસ.	૧—૦—૦	૦—૨—૦
અજીતનાથનું ચરિત્ર.	૧—૪—૦	૦—૩—૦
ચરિત્રાવળી.	૧—૪—૦	૦—૨—૦
ઉપમીતિ ભવ પ્રપંચ ભાષાંતર.	૧—૦—૦	૦—૨—૦
સામાયકસૂત્ર (અર્થ સહિત) ૧૦૦ નકલના	૩—૦—૦	૦—૮—૦
” (છુટક નકલ ૧ના)	૦—૧—૦	૦—૦—૬
હીરસુરી મહારાજનું ચરિત્ર.	૦—૨—૦	૦—૦—૬
દીલખુસ સ્તવનાવળી.	૦—૨—૦	૦—૦—૬
સ્નાત્રપુજા વિધી સહીત.	૦—૧—૦	૦—૦—૬
પુન્ય પ્રકાશનું સ્તવન.	૦—૧—૦	૦—૦—૬
મહાવીરસ્વામીનાં સત્તાવીશ ભવનું સ્તવન.	૦—૧—૦	૦—૦—૬
ધનાશાળીભદ્રનો રાસ. (ગુજરાતી).	૦—૧૪—૦	૦—૨—૦
જંબુસ્વામીનું ચરિત્ર.	૦—૮—૦	૦—૨—૦
ધર્મપરિક્ષાનો રાસ (અર્થવાળો.)	૨—૦—૦	૦—૪—૦
જૈનસુબોધ પ્રકાશ ભાગ ૨ જો.	૦—૧૦—૦	૦—૧—૬
સંબોધ સત્તરી	૦—૨—૦	૦—૦—૬
દેવવંદનમાળા (વિદ્યાશાળાની છપાવેલી).	૧—૪—૦	૦—૨—૦
પાંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત)	૧—૪—૦	૦—૩—૦
બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત)	૦—૬—૦	૦—૧—૦

તે સિવાય મુંબાઇવાળા શા. ભીમસીંહ માણેકનાં છપાવેલાં ગુજરાતી તથા બાળબોધી સરવે જાતનાં પુસ્તકો, તથા નકશા વિગેરે સરવે અમારે ત્યાંથી મળશે. મંગાવવાની ઇચ્છા રાખનારે નિચેને સિરનામે કાગળ લખવો.

શા. મગનલાલ હઠીસંગ.
જ્ઞાનપ્રકાશના માલેક.
અમદાવાદ [illegible] પોળ.